

ઑપ આર્ટ · કલાકાર: પેટ ફિન્ને · અમેરિકાનું એક સાઇકેડેલિક પોસ્ટર (જુઓ આ અંકની કલાવાર્તા)

વર્ષ ૪૭ · અંક ૧૦ ◂ સંસ્થાપક · રવિશંકર રાવળ ▸ ઑક્ટોબર ૧૯૭૦

તંત્રી · બચુભાઈ રાવત

અંક ૫૬૨

કુમાર

ઑક્ટોબર ૧૯૭૦ • અંક ૫૬૨

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫.

રાગ સારણી : ભારતીય સંગીતની પ્રાચીનતા તો સર્વજ્ઞાત છે. કાલાનુક્રમે એમાં અનેક બાહ્ય અસરો ભળી. પણ મુસલમાનોના આગમન પછી તેમાં ઘણા ફેરફાર અને ઉમેરણ થઇને આજે જે પ્રચલિત છે તે સંગીતપદ્ધતિનું પ્રારંભિક સ્વરૂપ ઘડાયું જેમાં ગાયકના પારિવારિક પ્રભાવનું પ્રાબલ્ય વિશેષ રહેતું આવેલું. આ સંગીતને લિપિબદ્ધ કરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી તેમ જ ઘરાનાની લાક્ષણિકતાને ગોપિત રાખવાની સંકુચિત મનોવૃત્તિને કારણે આજ સુધી એમાં ઘણાં મતમતાંતરો પ્રવર્તતા રહ્યા છે. છતાં સ્વ૦ પં૦ ભાતખંડેજીએ જાતે દેશભરનો પ્રવાસ ખેડીને સંખ્યાબંધ ઉસ્તાદો પાસેથી જે જ્ઞાન અને માહિતી મેળવ્યાં તેના આધારે ભારતીય સંગીતમાં વ્યવસ્થા આણવા એમણે પ્રચલિત રાગરાગિણીઓને મુખ્ય દસ થાટમાં વર્ગીકૃત કરી, તેમની લાક્ષણિકતાઓને નિશ્ચિત સ્વરૂપ આપ્યું અને રાગસ્વરોને લિપિબદ્ધ કરવાની વ્યવસ્થા પણ યોજી. ('કુમાર'માં પ્રકટ થતા 'સંગીતસમજ'ના છેલ્લા લેખો પરથી વાચકોને આ થાટપદ્ધતિનો થોડો ખયાલ આવી શક્યો હશે.) આ બધા રાગો અને ગાનશૈલીઓ મુખ્યત્વે ઉત્તર ભારતમાં વધુ પ્રચલિત હોઈ એને 'ઉત્તર હિંદુસ્તાની સંગીતપદ્ધતિ'ના નામે ઓળખવામાં આવે છે. દક્ષિણ ભારતની 'કર્ણાટકી સંગીત પદ્ધતિ'થી એ ઘણી રીતે જુદી પડે છે. થાટપદ્ધતિ અનુસાર વર્ગીકૃત થયેલા રાગોની લાક્ષણિકતા તારવતી એક સારણી ઝવેરાતના જાણકાર શ્રી કનૈયાલાલ રામાનુજ 'પર્ણ'ના સ્વ. પિતાશ્રીના સંગ્રહમાંથી એમને મળેલી, તે 'કુમાર'ના વાચકોના લાભાર્થે એમણે અમને મોકલી હતી જે આભાર સાથે અહીં ક્રમશઃ આપીએ છીએ. એમાં વર્ણાનુક્રમે રાગનું નામ, થાટ, રાગની જાતિ, તેના વાદી-સંવાદી, કોમળ-તીવ્ર તથા વર્જ્ય સ્વરો, તેના આરોહાવરોહના સ્વરો અને ગાવાના સમય આપ્યાં છે. સંગીતના વિદ્યાર્થીઓ માટે એ એક ઉપયોગી સંદર્ભસાધન બની રહેશે. આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં પણ મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો કૌંસમાં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારવી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઇપોમાં લીધા છે. તાર ષડ્જ તથા તીવ્ર મધ્યમ ને તેની પાસે લોપકચિહ્ન મૂકીને દર્શાવ્યા છે. દા. ત. શુદ્ધ ઋષભ, ગાંધાર, ધૈવત, નિષાદ (રે ગ ધ નિ) આ રીતે અને કોમળ સ્વરો **રે ગ ધ નિ** આમ. શુદ્ધ મધ્યમ આમ (મ) અને તીવ્ર મધ્યમ તથા તાર ષડ્જ આ રીતે-(મ') અને (સા'). આવી જ રીતે અન્ય તાર સ્વરોની બાજુમાં પણ આ જ ચિહ્ન મૂક્યું છે. સ્વરની ઉપરનું મીંડું એ મંદ સપ્તકનો સ્વર સૂચવે છે.

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ–તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૧	અડાણા	આસાવરી	ષાડવ	સા	પ	ગ ધ બન્ને નિ	ગ	ધ	સારેપમ ધનિસા'	સા'ધનિપમ ગમ રેસા	રાત્રે ત્રીજો પ્રહર
૨	અલૈયા બિલાવલ	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	ધ	ગ	ક્વચિત નિ	મ	૦	સારેગપ ધનિસા'	સા'નિધપ મગરેસા	પ્રાતઃકાળ
૩	અરજ	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે અને મનિ બન્ને	૦	૦	સારેગ મપમપ ધનિસા'	સા'રે' સા'નિ ધપમગ રેસા	પ્રાતઃકાળ
૪	અહીર ભૈરવ	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે નિ	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	પ્રાતઃકાળ
૫	આભેરી	આસાવરી	ઔડવ સંપૂર્ણ	મ	નિ	રે ગ ધ નિ	રે ધ	૦	સા ગ મ પ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	પ્રાતઃકાળ
૬	આસા	બિલાવલ	ઔડવ સંપૂર્ણ	મ	સા	૦	ગ નિ	૦	સા રે મ પ ધ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	રાત્રે બીજો પ્રહર
૭	આસાવરી	આસાવરી	ઔડવ સંપૂર્ણ	ધ	ગ	ગ ધ નિ	ગ નિ	૦	સા રે મ પ ધ સા'	સા' નિ ધ પ મગ રેસા	દિવસે બીજો પ્રહર
૮	આનંદભૈરવ	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	પ્રાતઃકાળ
૯	આનંદભૈરવી	આસાવરી	સંપૂર્ણ	પ	સા	ગ નિ અને બંને ધ	(નિ)	૦	સા રે ગ મ પ ધ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	રાત્રે ત્રીજો પ્રહર
૧૦	આભોગી	કાફી	ઔડવ	સા	મ	ગ	પનિ	પનિ	સારેગ મધસા'	સા'ધ મગ રેસા	પ્રાતઃકાળ
૧૧	આભોગી કાનડા	કાફી	ઔડવ	મ	સા	ગ	પ નિ	પ નિ	સા રે ગ મ ધ સા'	સા' ધ મ ગ રે સા	મધ્ય રાત્રી
૧૨	ઉત્તરી ગુણકલી	ભૈરવી	સંપૂર્ણ	સા	મ	રે ગ ધ નિ	૦	૦	સારેગમ પધનિસા'	સા' નિ ધ પ મ ગ રે સા	પ્રાતઃકાળ
૧૩	કલાવતી	ખમાજ	ઔડવ	પ	સા	નિ	રે મ	રે મ	સાગપધ નિધપ ધસા'	સા'નિધપ ગપ ધપ ગસા	મધ્ય રાત્રી
૧૪	કમલરંજની	બિલાવલ	ઔડવ ષાડવ	ધ	ગ	બન્ને નિ	રે મ	રે	સા ગ પ ધ નિ સા'	સા'નિધ નિપમગ સા	પ્રાતઃકાળ
૧૫	કકુભ	બિલાવલ	સંપૂર્ણ	મ	સા	બન્ને નિ	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	પ્રાતઃકાળ
૧૬	કામોદ	કલ્યાણ	સંપૂર્ણ	પ	રે	બન્ને મ	૦	૦	સારેપ મ'પ ધપ નિધસા'	સા'નિધ પ મ'પધપ ગમરેસા	રાત્રે પ્રથમ પ્રહર
૧૭	કાફી	કાફી	સંપૂર્ણ	પ	સા	ગ નિ	૦	૦	સા રે ગ મ પ ધનિસા'	સા'નિધ પ મગ રેસા	મધ્ય રાત્રી
૧૮	કાળિંગડા	ભૈરવ	સંપૂર્ણ	પ	સા	રે ધ	૦	૦	સારેગમ પધ નિસા'	સા'નિધપ મગ રેસા	રાત્રે છેલ્લો પ્રહર
૧૯	કેદાર	કલ્યાણ	ઔડવ સંપૂર્ણ	સા	મ	બન્ને મ	રે ગ	(ગ)	સામ મપ ધપ નિધ સા'	સા' નિધ પ મપ ગમરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૨૦	કોમળ દેશી	આસાવરી	ઔડવ સંપૂર્ણ	પ	રે	બન્ને રે ગ ધ નિ	ગ ધ	૦	સારે મપ નિસા'	સા'નિધપ મગરે સા	દિવસે બીજો પ્રહર
૨૧	કૌંસી કાનડા	આસાવરી	સંપૂર્ણ	મ	સા	નિ ગ	૦	૦	સારેગમ પધનિસા'	સા'નિધપ મગરેસા	મધ્ય રાત્રી
૨૨	કૌંસી ભૈરવ	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે ધ બન્ને નિ	૦	૦	સામ ગમપમ નિધનિસા'	રે નિધપ મગ મરેસા	દિવસે પ્રથમ પ્રહર
૨૩	ખમાજ	ખમાજ	ષાડવ સંપૂર્ણ	ગ	નિ	બન્ને નિ	રે	૦	સા ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	રાત્રે બીજો પ્રહર
૨૪	ખંબાવતી	ખમાજ	સંપૂર્ણ ષાડવ	ગ	ધ	બન્ને નિ	૦	રે	સા રે ગ મ પ ધ નિ સા'	સા'નિધપ મગમસા	રાત્રે બીજો પ્રહર
૨૫	ખટ	આસાવરી	સંપૂર્ણ	ધ	ગ	ગ ધ બન્ને નિ	૦	૦	સારેગમ પ નિધનિસા'	સા નિધપ મગરેસા	દિવસે બીજો પ્રહર
૨૬	ખોકર	ખમાજ	સંપૂર્ણ	રે	પ	નિ બન્ને ગ	૦	૦	સારેપમ નિધપ મપધસા'	સા'નિધપ ધનિપ મગરેગરેસા	દિવસે બીજો પ્રહર
૨૭	ગાંધારી	અસાવરી	ષાડવ સંપૂર્ણ	ધ	ગ	ગ ધ બન્ને નિ રે	ગ	૦	સારેમપ ધનિસા'	સા'નિધપ મગરેસા	દિવસે બીજો પ્રહર
૨૮	ગારા	ખમાજ	સંપૂર્ણ	ગ	નિ	ગ નિ બન્ને	૦	૦	સારેગરે ગમપધ નિસા'	સા'નિધનિ પમગરે ગરેસા	દિવસે બીજો પ્રહર
૨૯	ગુણકરી	ભૈરવ	ઔડવ	ધ	રે	રે ધ	ગનિ	ગનિ	સારે મપ ધ સા'	સા' ધ પ મ રે સા	દિવસે પહેલો પ્રહર
૩૦	ગુણકલી	બિલાવલ	સંપૂર્ણ	સા	પ	૦	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ રે સા	દિવસે પ્રથમ પ્રહર
૩૧	ગુજરી તોડી	તોડી	ષાડવ	ધ	રે	રે મ' ગ	પ	પ	સા રે ગ મ' ધ નિ સા'	સા' નિ ધ મ' ગ રે ગ રે સા	દિવસે બીજો પ્રહર
૩૨	ગોપી વસંત	આસાવરી	ષાડવ	સા	પ	ગ નિ ધ	રે	રે	સા ગ મ પ ધ નિ સા'	સા' નિ ધ પ મ ગ સા	પ્રાતઃકાળ
૩૩	ગોરખ કલ્યાણ	ખમાજ	ષાડવ	મ	સા	નિ	ગ	ગ	સા રે મ ધ નિ ધ સા'	સા'નિ ધપમ રેસા	રાત્રે બીજો પ્રહર
૩૪	ગૌડ મલ્હાર	કાફી	સંપૂર્ણ	મ	સા	ગ નિ બન્ને	(ગનિ)	૦	સા રે મ પ ધ સા'	સા' નિપ મપગમ રેસા	વર્ષા ઋતુ
૩૫	ગૌડ સારંગ	કલ્યાણ	સંપૂર્ણ	ગ	ધ	મ બન્ને	૦	૦	સાગરેમગ પમ'ધપ નિધસા'	સા'ધનિપ ધમપગ મરે પરેસા	દિવસે બીજો પ્રહર
૩૬	ગૌરી (ભૈરવ)	ભૈરવ	ઔડવ સંપૂર્ણ	રે	પ	રે ધ	ગ ધ	૦	સા રે મ પ નિ સા'	સા'નિધપ મગરેસા	સાયંકાળ
૩૭	ગૌરી (પૂર્વી)	પૂર્વી	ઔડવ સંપૂર્ણ	રે	પ	રે ધ બન્ને મ	ગ ધ	૦	સારેપમ' પનિસા'	સા'નિધપ મ પગરે મગરેસા	સાયંકાળ
૩૮	ચંદ્રકાંત	કલ્યાણ	ષાડવ સંપૂર્ણ	ગ	નિ	મ	મ	૦	સા રે ગ પ ધ નિ સા'	સા'નિધપ મ'ગરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૩૯	ચંદ્રકૌંસ	કાફી	ઔડવ	મ	સા	ગ નિ	રે પ	રે પ	સાગ મધ નિસા'	સા'નિધમ ગ મગ સા	મધ્ય રાત્રી
૪૦	ચંદ્ર કલ્યાણ	પૂર્વી	ષાડવ	પ	સા	મ' ધ	ગ	ગ	સા' રે મ' પ નિ સા'	નિરે' નિધપ મ'ધપ મ'રેનિસા	સાયંકાળ
૪૧	ચંદ્રિકા	બિલાવલ	ષાડવ	પ	સા	૦	ગ(ધ)	(નિ)ગ	સારે મપ નિસા'	સા'ધપ મપધ પમરે નિસા	મધ્ય રાત્રી
૪૨	ચક્રધર	બિલાવલ	ષાડવ	મ	સા	૦	પ	પ	સા રેગમ ધનિસા'	સા નિધમગ રેસા	મધ્ય રાત્રી
૪૩	ચંપક	ખમાજ	ઔડવ સંપૂર્ણ	મ	સા	નિ	ગ નિ	૦	સા રે મ પ ધ સા'	સા' નિ પધ મપ ગરેસા	રાત્રે બીજો પ્રહર
૪૪	ચંપાકલી	ખમાજ	ઔડવ સંપૂર્ણ	સા	પ	મ' નિ	રે ધ	૦	સા ગ મ' પ નિ સા'	સા'નિધપ મ'પ મ'ગ રેસા	મધ્ય રાત્રી
૪૫	છાયાનટ	કલ્યાણ	સંપૂર્ણ	પ	રે	બન્ને મ	૦	૦	સા રે ગમપ નિધ સા'	સા'નિધપ મ'ધપ ગમરેસા	રાત્રે પ્રથમ પ્રહર
૪૬	જયરાજ	બિલાવલ	ષાડવ ઔડવ	મ	સા	૦	ગ	ગ નિ	સારેમપ મધનિસા'	સા'ધપમ ધપ મરેસા	મધ્ય રાત્રી
૪૭	જલધર કેદાર	બિલાવલ	ઔડવ	મ	સા	૦	ગ નિ	ગ નિ	સારે સામ મપ ધસ'	સા'ધપમ રેસા	રાત્રે બીજો પ્રહર
૪૮	જયજયવંતી	ખમાજ	સંપૂર્ણ	રે	પ	બન્ને ગ નિ	૦	૦	સા રે ગમપ નિસા'	સા નિધપ ધમ રગરેસા	રાત્રે બીજો પ્રહર
૪૯	જૈત	મારવા	ઔડવ	પ	સા	રે	ગ નિ	ગ નિ	સા રે ગપ ધપ સા'	સા'ધપ પગરેસા	સાયંકાળ
૫૦	જૈત કલ્યાણ	કલ્યાણ	ઔડવ	પ	સા	૦	ગ નિ	ગ નિ	સા રે ગ પ ધ સા'	રે'સા ધપ ગરેસા	રાત્રે પહેલો પ્રહર
૫૧	જૈતશ્રી	પૂર્વી	ઔડવ સંપૂર્ણ	ગ	નિ	રે મ' ધ	રે ધ	૦	સાગમ' પનિ સા'	સા' નિ ધપ મ'ગરેસા	સાયંકાળ
૫૨	જોગિયા	ભૈરવ	ઔડવ ષાડવ	મ	સા	રે ધ	ગ નિ	ગ	સારેમપ ધસા'	સા' નિ ધ પ ધ મ રે સા	પ્રાતઃકાળ
૫૩	જોનપુરી	આસાવરી	ષાડવ સંપૂર્ણ	ધ	ગ	ગ નિ ધ	ગ	૦	સા રેગ પધનિ સા'	સા' નિધ પમગરેસા	દિવસ બીજો પ્રહર
૫૪	જંગલા	આસાવરી	સંપૂર્ણ	સા	પ	ગ નિ ધ બન્ને	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા' નિધ પધ પમગરેસા	રાત્રે ત્રીજો પ્રહર
૫૫	ઝિંઝોટી	ખમાજ	સંપૂર્ણ	ગ	નિ	નિ	૦	૦	સારેગમ પ ધ નિ સા'	સા'નિધપ મગરેસા	રાત્રીનો બીજો પ્રહર
૫૬	ઝીલફ (ભૈરવ)	ભૈરવ	ઔડવ	ધ	ગ	ધ	રે નિ	રે નિ	સા ગ મ પ ધ સા'	સા' ધ પ મ ગ સા	પ્રાતઃકાળ
૫૭	ઝીલફ (આસાવરી)	આસાવરી	સંપૂર્ણ	ધ	ગ	ગ ધ નિ	૦	૦	સા રે ગ મ પ ધ નિ સા'	રે'સા' નિધપગ પ મ ગ રેસા	પ્રાતઃકાળ (ચાલુ)

ચિત્રકલાની વિવિધ નિરૂપણ-રીતિઓ



માયાનું સ્વપ્ન (સુધીર ખસ્તગીર)


આજથી પચ્ચીસ વર્ષ પહેલાંની ગુજરાતની ચિત્રકલાની નિરૂપણરીતિના એક નમૂનારૂપ ગયા અંકના મુખચિત્ર તરીકે આપેલા શબરીના ચિત્ર પછીની પા સદીના ગાળામાં જે વિવિધ નિરૂપણ શૈલીઓ પ્રકટતી આવી તેના થોડા નમૂના આ પૃષ્ઠ પર તેમ જ આ અંકના પૂઠા તેમ જ અન્ય ચિત્રતક્તીઓ પર જોવા મળશે. બંગાળ શૈલીના મધ્યાહ્ન કાળે જે શિષ્ય કક્ષામાં હતા તે સુધીર ખસ્તગીરનું 'માયાનું સ્વપ્ન' (ભગવાન બુદ્ધના જન્મધારણનો સંકેત) બંગરીતિની ઝીણવટની પરંપરા છોડતું લાગે છે, અને પશ્ચિમનું શિક્ષણ પામીને આવેલ માધવરાવ સાતવળેકરનાં (આ અંકની બીજી ચિત્રતક્તી પરનાં) મોટા લપેટા દ્વારા ભાવની સચોટતા લાવતાં ચિત્રો એ દિશાનાં સફળ પરિણામ દાખવે છે. એ જ બંગાળના પ્રથિતયશ કલાકાર યામિની રાયે ત્યાંનાં પરંપરાગત પટચિત્રો અને ભીંતચિત્રોની લોકશૈલીની રાહે પોતાની મૌલિક પ્રતિભા પ્રકટાવતી જે નિરૂપણરીતિ નિયોજી તેના એક ઉત્તમ નમૂનારૂપ–પીંછીના માત્ર તેર જ લસરકામાં હડપચીએ હાથ રાખી બેઠેલા નારીપાત્રનું–ચિત્ર જમણી બાજુ જોશો. એ જ રીતે બહુ ઓછા રંગપલટા વડે વાતાવરણ જમાવવાની આગવી શક્તિવાળા મુંબાઈના જહાંગીર સબાવાળાનું ચિત્ર–ઊંચાં સરુની વૃક્ષજ્યોત–વળી નિરાળી જ નિરૂપણરીતિનું દ્યોતક છે. અજંટા અને અન્ય ગુફાચિત્રો તેમજ પોથીચિત્રોની પ્રાચીન ભારતીય પરંપરામાંથી પ્રેરણા લઇને વિકસેલી ચિત્રકથાશૈલીના પણ બે નમૂના આ અંકમાં જોશો: એક, આ પૃષ્ઠની પાછળનું કુ. ઊર્મિ પરીખનું રંગચિત્ર, અને બીજું એ જ વિક્રમ-ઉર્વશીની નાટ્યકથાને ચિત્રિત કરતું શ્રી વાસુદેવ સ્માર્તનું ચિત્ર. વળી આ પાના પરનું શ્યામલ દત્તરાયનું ચિત્ર 'સીલ', પ્રાચીન રાજદરબારોની મહોરછાપની શૈલી–આકૃતિને પગલે આધુનિક કલાની ભાવનિરૂપણની સંદિગ્ધ રીતિદ્વારા આકર્ષક 'ડિઝાઈન પૅટર્ન' (ભાતસંયોજન) ની એક નવી જ નિરૂપણરીતિ રજૂ કરે છે. પૂઠાના તેમજ અન્ય ચિત્રો પરત્વે, (અગાઉ જેના નમૂના એક વાર અપાયા છે તે 'સાઇકેડેલિક કળા' વિષે) આ અંકની 'કલાવાર્તા'માં ટૂંકી નોંધ આપી છે.



વિસ્મય (યામિની રાય)



સીલ (શ્યામલ દત્તરાય)



વૃક્ષજ્યોત (જહાંગીર સબાવાળા)



વિક્રમ-ઉર્વશી

(કલાકાર: કુ. ઊર્મિ પરીખ)

રાજા પુરુરવા અને ઇન્દ્રની અપ્સરા ઉર્વશીની પ્રણયકથા (મત્સ્યપુરાણને આધારે) આલેખતું મહાકવિ કાલિદાસનું આ નાટક ચિત્રાત્મક પ્રસંગોથી ભરપૂર છે. વર્ષોવર્ષ ઉજ્જૈનમાં ઊજવાતા કાલિદાસ સમારોહમાં રજૂ થએલા આ ચિત્રના નાના ફલક પર ભારતીય ચિત્રકથા-આલેખનની શૈલીએ એ નાટકનું ઘટનાસંકલન કર્યું છે. (૧) સખીઓ વચ્ચેથી ઉર્વશીને રથમાં ઉપાડી જતા કેશી રાક્ષસ પાસેથી રાજા પુરુરવા (વિક્રમ) તેને છોડાવે છે અને એ પ્રથમ મિલને બંનેની સ્નેહગાંઠ બંધાય છે. (૧ નીચે ૨) ઉર્વશીને પૃથ્વી પરથી જવું નથી; તેની વેદના તે સખીને કહે છે. (૩) રાજા પણ વિહ્વળ છે, અને તેની રાણી ઔશીનરી આ સૌ જાણી જાય છે. (૪) વ્યાકુળ ઉર્વશી ઇન્દ્રના દરબારમાં નૃત્ય કરતાં ભૂલ કરે છે તેથી ભરતમુનિનો શાપ પામે છે. (૪ નીચે ૫) રાણી ઔશીનરી પતિને પ્રસન્ન કરવા ચંદ્રરોહિણી-વ્રત ઊજવે છે ત્યાં શાપિત થઈને પૃથ્વી પર ઊતરેલી ઉર્વશી આવે છે. (૬) ઉર્વશી સાથે ગંધમાદન વનમાં આનંદવિહાર કરતો રાજા કોઈ ગાંધર્વકન્યા પર મુગ્ધ થાય છે. (આથી રોષે ભરાએલી ઉર્વશી તેને તરછોડી ચાલી જાય છે. અને સંતાપમાં ભૂલથી કુમારવનમાં પ્રવેશતાં વેલીમાં પલટાઈ જાય છે.) (૭) વિરહના ઉન્માદમાં સુધબુધ ખોઈ બેઠેલો રાજા ઉર્વશીને શોધતો વાદળાં, મેઘધનુ, મોર, કોકિલા, રાજહંસ આદિને પૂછતો વનવન ભટકે છે. અંતે (૬ નીચે ૮) સહસા મળેલા સંગમનીય મણિ સાથે એક વેલીને ભેટતાં ઉર્વશી પ્રકટ થાય છે. (૯) એક વખત સ્નાન વેળા ગીધ એ મણિ ઉપાડી જાય છે (જે ઉર્વશીને રાજાથી થએલા અને ગોપિત રાખેલા પુત્ર દ્વારા પાછો મળે છે અને ત્યાં ભેદ ખૂલતાં સૌનું સુખી મિલન થાય છે. પણ એ મિલન વિરહનું કારણ બને છે, કેમ કે ભરતમુનિના શાપનું ઇન્દ્રે આપેલું નિવારણ એ હતું કે જે દિવસે ઉર્વશીના પુત્રનું મુખ રાજા જુએ તે દિવસે તેને સ્વર્ગમાં પાછા જવું પડે.) (૧૦) એવામાં દેવદાનવ યુદ્ધમાં રાજાની મદદની જરૂર પડતાં નારદમુનિ ત્યાં આવે છે ને સૌ સાથે રહે એવાં આશીર્વચન આપે છે.

(ડૉ. મધુસૂદન પારેખે રચેલો આ નાટકનો કથાસાર આ અંકમાં અન્યત્ર)

તારો ન પત્ર — / જયન્ત પાઠક

· વસંતતિલકા ·

તારો ન પત્ર, બસ આટલી કે સગાઈ!
થોડુંક અંતર અને નિતની જુદાઈ!
આંખોથી દૂર ઉરથી ય ગયાયું દૂર!
થોડીક તો હૃદય રાખવી'તી ભલાઈ!

તારો ન પત્ર, અહીં પ્રેમની વેલ સાથે
(એ તેં જ વાઈ તી પ્રિયે સુકુમાર હાથે)
ફૂટેલ પત્ર નવું રક્તટીપા શું લાલ
કાલે જ, તે ખરી પડયું; ઋતુ રે વસંત
આવી-ન-આવી તહીં ક્રૂર નિદાઘકાલ!

ભોળુંકડું ઉર કશી · કરી બેઠું ભૂલ?
તો હે ઉદાર, તવ અંતરમાં ક્ષમાની
કયાં ખોટ? ને પ્રણયમાં ભૂલનું શું મૂલ?!

તારો ન પત્ર, અહીં વેલ બળે અપત્ર;
તું, તું જ ફેરવી શકે પ્રિય હે દયાર્દ્ર
હતભાગીનું ભાગ્યચક્ર.

ભીંત / ઉશનસ્

· વસંત-મૃદંગ ·

હ્યો, પીપળો તરડમાં વળી કો ફૂટેલ!

હું કોઈ જીર્ણ ઘરની ખરતી બેવડ કોઈ ભીંત છું,
કંપી ઊઠું છું; નથી ખેતરનો હું ટિંબો,
કે રણઝણું નવલ કૂંપળ રોમહર્ષણે...
ના ભાઈ, ના; જીરણ લીલ-છવાઈ ભીંત છું.

હું આભ એ નથી જ કે ઘનઘોર કોઈ
ગોરંભતો વડ મથે નિજ વીજ-મૂળિયાં
સંસ્થાપવા મુજ મહીં, પડતી તિરાડ જે
તે તો જતી તરત બીજી ક્ષણે પુરાઈ;
—ને પીંપળો ભીંત વિષે કયમ વિસ્તરે તે...
તેની મને ખબર; વીજળીના જ નકૂશે
પાડે તિરાડ, પછી અજગર જેમ માંહીથી
આવે ઊગી વીંટઈ – પીંખત કોઈ પંજો
જાણે જળો સરિખ – આંતરડે ય આંટી લે...

રીસ / જયન્ત પાઠક

· શિખરિણી ·

તમે આવ્યા મારે નગર, ઘરને આંગણ પિયા,
અને મેં મૂર્ખીએ રીસની રગમાં શબ્દ સરખો
કહ્યો ના પ્રીતિનો, ખબર સહુની જેમ જ પૂછી;
તમે ચાલ્યા, સૌની જયમ દઈ દીધી મેં પણ વિદા.

ક્ષમા, વ્હાલા મારી રીસનું કંઈ યે કારણ ન'તું,
સ્વભાવે તીખી તે જરી જરીકમાં વાંકું પડતું;
હવે આ હૈયું તે નથી વશ મને—સાચું કહું છું.

છતાં વ્હાલા, મારા મનની કહી દૌં વાત તમને?
તમે પાસે આવી રીસનું હત જો કારણ પૂછયું;
બધાંથી સંતાડયું નયનનીર જો હોત જ લૂછયું
તમારા રૂમાલે, લગીર ભજી એકાન્ત, ટપલી
ધીમે મારી ગાલે કહ્યું હત: અરે વ્હાલ પગલી
હું લેવા આવ્યો છું, નીકળ ઝટ છોડી ઘર-ગલી—
સજીને બેઠી'તી, તરત પડી હું હોત નીકળી.

પ્રતિપદા / ધીરુ પરીખ

· વસંત-મૃદંગ ·

આકાશ સ્વચ્છ લસતું રહિતાભ્ર શારદી,
જેવી તરે સમદરે સઢ-રેખ બાંકી
તેવી સરે પ્રતિપદા ઉર-આભ કેવી
આછી જરી લલિત બંકિમ દષ્ટિ નાખી!

મોઘું થતાં મિલન છેલ છકી ગયો કૈં;
ભીડી રહ્યો તરલ ગાર પ્રિયા જ કેફે.
ભૂલી બધું ય નભનો અટકી ગયો શો
વ્હેતો હતો મરુત શ્વાસ સમો ઘડી બે.

ત્યાં તો થયું કશું ય જે છટકી છબીલી;
દીસે ન કયાંય અવ તો, થઈ વ્યોમ ગ્લાન
શોચે: ગઈ ઘડીક સંગ કરી દઈ દગો
લૂંટી મિરાત મનની...
થોડી જ વાર ઝગવી હિયમાં પ્રકાશને
અંધાર દીર્ઘ મુજ આ ઉરમાં ભરી ગઈ!

કવિલોક

નવાં ફેરફેરવર અને રૂપરંગમાં માત્ર બે જ અંક બહાર પડતાંમાં તો કવિતા-ચાહકોનું પ્રેમભાજન બની રહેલું ગુજરાતી કવિતાનું ઋતુપત્ર. ત્રીજા અંકમાં: નરસિંહરાવની રંગીન તસવીર સાથે એમના હસ્તાક્ષરમાં કાવ્ય; રોબર્ટ ફ્રોસ્ટના જાણીતા કાવ્યનો નિરંજન ભગતે કરાવેલો આસ્વાદ; ફ્રોસ્ટ સાથે ઉમાશંકર જોશીની મુલાકાત; ઉપરાંત કાવ્યો, લેખો, ચિત્રો વગેરે.

દર્પણ કન્યાનું ગીત / રમેશ પારેખ

તકતાને આંગળીઓ ફૂટી!
પાસે આવીને સ્હેજ ઊભી રહું કે મને ચપ્પ્ રે દઇને ભરે ચૂંટી,
રાતુંચટ્ટાક ચડે ચૂંટીનું ઝેર, ચડે ભમ્મરિયા ફેર, જાણે દોરથી પતંગ પડી છૂટી.
તડકા સિવાય કોઈ સંગાથી હોય નહિ એવા વૈશાખની બપોરે,
અતલસના કંચવાનું લીલુંછમ પોત જોઈ સુક્કાતું ઝાડવું ય સ્હોરે,
હરણાંનો ઊછળાટ બાંધીબાંધીને મારાં શમણાંની પાળ ગઈ તૂટી—તકતાને૦
રહી રહીને મારામાં ઝળવું થવું રે કોઈ ફાગણના ખાખરાની શાખનું,
આવું તેવું તો બધું એણે કર્યું છે અને આવ્યું છે નામ મારી આંખનું.
લાજી મરાય એવી વાત છે કે જાણું આ ઠાકરિયા ઝેરનીય બુટ્ટી—તકતાને૦
પાસે આવીને સ્હેજ ઊભી રહું કે મને ચપ્પ્ રે દઈને ભરે ચૂંટી,
રાતુંચટ્ટાક ચડે ચૂંટીનું ઝેર, ચડે ભમ્મરિયા ફેર, જાણે દોરથી પતંગ પડી છૂટી.

ડુંગર / ઇન્દુકુમાર ત્રિવેદી

જોગંદર શો અડોલ ડુંગર!

સોનલ કાય સવારે ડુંગર,
ધૂમાડીઓ બપોરે ડુંગર,
ભભૂત ચોળે સાંજે ડુંગર,
તેજે ન્હાતો પૂનમ-ડુંગર,
ગાયબ કાળી રાતે ડુંગર,

ખરેખરો તો આખો ડુંગર,
છૂપ્યો તરણા ઓથે ડુંગર.

આપણે / મૌન બલોલી

·કટાવ·

આપણી પાસે સાઇકલ, મોટર, સબમરીનો, એરોપ્લેનો,
મનને વળી વળગેલા છે બમણા સૂરજ-ઘોડા,
આપણે તો પણ પડતા મોડા.

આપણી પાસે ચંદ્ર ઉપર પગલાં પાડી
જીવતો પાછો ફરેલ આર્મસ્ટ્રૉંગ;
આપણી પાસે પગલું એકે પાડીએ ના, ને
કેટલું યે થા...કયાનો છતાં ઢોંગ;
યુગયુગોથી નાગાપૂગા, દરિયાકાંઠે તો પણ કોરામોરા,
બળતા પગે ચાલીએ જાણે ડંખની બીકે પ્હેરીએ નહિ આપણે નવા જોડા;

કાળનાં ગીધો શ્વાસનાં મડાં ઘરના ખૂણે ફોલે,
કોઈ ટકોરા મારતું તો યે કોક ભરાયું ભીતરે એવું બારણાં નહિ ખોલે;
સુગંધને ઓળખીએ ક્યાંથી રંગના ખીલે આપણે જડ્યા ડોળા,
કાંઠાની માછલીઓ આપણ
જાણીએ ક્યાંથી દરિયા હશે કેટલા લાંબા–પ્હોળા......

વાસ્યાં કમાડ / 'સલિલ'

·ગાન·

ધસમસતાં ધોધમાર પાણીના સમ: તમે વાસ્યાં કમાડ હવે ખોલો.
હૈયાની હેલમાં અમરત અંઘોળ:
તમે આવ્યા'તા એક દિ' નેણે,
ઝાકળથી મંદમંદ નીતરતા ફૂલ
સમો વેર્યો ઉઘાડ ભીના વેણે,
લીલાછમ ફળિયામાં ઝૉળી'તી લીમડી: છાયાના સમ તમે બોલો.
ચૈતરનું આભ સાવ કોરુંકટ્ટાક
અને બળતા બપ્પોરનું રોવું,
વસમું કોરે છે હવે ઝાંઝવાંની પ્રીત–
ખાલી જીવી રહ્યામાં મન પ્રોવું!
કે આપણા અબોલાની ઊગેલી ટેકરીના ઝરણાના સમ તમે બોલો.
ધસમસતાં ધોધમાર પાણીના સમ: તમે વાસ્યાં કમાડ હવે ખોલો.

ગામ / મનોહર ત્રિવેદી

·ચોપાઈ·

ચૂંગીની ગળચટ્ટી ગંધ,
ધૂમાડે ઘૂંટ્યો સંબંધ
પળમાં છલકી કાળુભાર,
ડેલીનાં ઊઘડતાં દ્વાર.
પગ હેઠે સળવળતી પોળ,
આઘેનો ટળવળતો મૉલ.
ઝૉળી ઊઠ્યા મારા શ્વાસ,
જાણે ખેતરશેઢે ઘાસ.
હથેળીઉમાં ઊગ્યો ચાંદ*
હોઠે ફરક્યાં લીલાં પાંદ.[1]
પૂછતો આવ્યો ઘરનો પંથ,
જુગજૂનો ઋણાનુબંધ
ખાલીખમ નગરીમાં રામ,
ભરચક આવી પ્હોંચ્યું ગામ.

*પ્રિયજનનો ચહેરો; [1]સ્મિતનાં

સજા મને / સૈયદ 'રાઝ'

·ગઝલ·

શંકાભરી નજરથી જુએ છે બધા મને,
આ તે કયા ગુનાની મળી છે સજા મને!

તમને ભૂલી જવામાં તો નિષ્ફળ ગયો છું હું,
યત્નો કરી જુઓ તમે ભૂલી જવા મને.

પાછો જીવાડશે તું કયામતમાં ઓ ખુદા?
અહીં પૂરતી મળી છે જીવનની સજા મને!

કરતો રહું છું એથી સતત તારી ઝંખના,
લોકો શી રીતે ઓળખે તારા વિના મને!

કે'વાય છે કે સ્વર્ગમાં સુખ વિણ કશું નથી,
માફક શી રીતે આવશે ત્યાંની હવા મને?

છે યાદ રાખવા સમો અચૂક આ ફેરફાર.
આપે છે તેઓ 'રાઝ' ઊઠીને જગા મને.

ભાર / હેમન્ત દેસાઈ

·ગઝલ·

આમ જોઈએ તો કશું ગમતું નથી,
ને હૃદયમાં રંગ ભારોભાર છે!

પથ્થરો પણ ઝરમરી વ્હેતા થશે,
આ હવાનો એટલો ઝમકાર છે!

કોઈ આંખોથી ઢળી ગઈ ચાંદની
કોઈનો ઊછળી રહ્યો મઝધાર છે!

આભની આછી ઉદાસી ક્યાં જશે?
–સાંજ પડવા પર બધો આધાર છે.

કોણ એ ચાલ્યું જવું છલનાભર્યું?
રાતને આ કોનો ઇન્તેઝાર છે?

પાનીઓ પર જેમની ઝરણાં રમે
તેમને શો ઝાંઝવાંનો પ્યાર છે!

ફૂલની ફોરમ થકી હળવો છતાં
કાંઈ કરવાનું નથી એ ભાર છે!

આંસુઓને ના'વવું તો શું કરું?!
– આંખ જેવાં સાવ ખુલ્લાં દ્વાર છે!

ક્યાં? / ખામોશ

·ગઝલ·

સૂર્યનો વિસ્તાર છે, અજવાસ ક્યાં?
વાયુનું વાતાવરણ, પણ શ્વાસ ક્યાં?

બુદબુદાની હોત વસ્તી, પણ હવે
જળમહીં થોડીઘણી ભીનાશ ક્યાં?

હોત નભ રંગે મઢ્યું, વરસાદમાં
બુંદને વાગી કિરણની ફાંસ ક્યાં?

હું હવાની ભીંત તોડી શું કરું?
ભ્રમ થયાનો પણ હવે અવકાશ ક્યાં?

શ્વાસ ચોર્યાની પછી કરજે સજા,
તેં હજી મારા ગણ્યા ઉચ્છ્વાસ ક્યાં?

જખ્મો / ઘનશ્યામ ઠક્કર

·ગઝલ·

જખ્મો હવે એવી રીતે અંકાય છે;
પડઘા પડે ને ભીંત જયમ ગોબાય છે.

ગીતો તમારા દેશમાં હું ગાઉં શું?
શબ્દો અહીં તો સૂરથી ધોવાય છે.

એ કોણ ઉઝરડે હથેળી રાત-દિન,
કે ભાગ્યરેખા રોજ મુજ બદલાય છે?

બાકી બધું તો ચિત્રમાં સોહ્યા કરે,
રંગો ફકત ચહેરા તણા ચહેરાય છે!

નયનો ડૂબી ગ્યાં ક્યારના મઝધાર પર,
દૃષ્ટિ કિનારે એકલી અટવાય છે!

પર્વત થવાના કોડ પૂરા યે જશે,
ચારે તરફ મુજ ખાઈઓ ખોદાય છે!

'આજે આપણે વિદ્યાસાગરને કેવળ વિદ્યા ને દયાના સાગર તરીકે ઓળખીએ છીએ, પણ વિચિત્ર શૌર્ય, વીર્ય અને મહત્તાનો જેમજેમ આપણને પ્રત્યક્ષ પરિચય થતો જશે તેમતેમ આપણા અંતરમાં અનુભવતા જઈશું કે દયા નહિ, વિદ્યા નહિ, પરંતુ ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરના જીવનમાં પ્રધાન ગૌરવની વસ્તુ તે તેમનું અજેય પૌરુષ છે, તેમનું અક્ષય મનુષ્યત્વ છે.'



વિદ્યાર્થી તરીકે અભ્યાસનિષ્ઠ, પરિશ્રમી ને વિનયશીલ

માતૃ-પિતૃભક્ત અને કુટુંબવત્સલ પરિવારપુરુષ

નિર્ભય ન્યાયપ્રિય ને નિખાલસ વ્યાવહારિક વ્યક્તિ

અડગ દક્ષ અને સમભાવી વહીવટકર્તા

સુમધુર અર્વાચીન બંગાળી ભાષાના આદ્ય ઘડવૈયા

આત્મનિર્ભર અને અવિચલ પ્રકૃતિને બળે ગમે તેવા

ઝંઝાવાતો સામે અડીખમ ઊભા રહેનાર જીવનવીર

પરમાર્થમાં જ પરમોચ્ચ આનંદ માનનાર

સર્વાત્મભોગી સંસારસુધારક અને લોકહિતચિંતક

માનવતાપ્રેમી મનીષી અને દૃઢ ચારિત્ર્યનિષ્ઠ નરરત્ન

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

જેમની દોઢસોમી જયંતી ગયા મહિને ઊજવાઈ

પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ


'તમારા વંશમાં એક શક્તિશાળી અદ્ભુતકર્મા સંતાન અવતરશે. એ ઉત્તરકાળે કુળદીપક નીવડશે અને તેના કાર્યકલાપથી દેશની ગૌરવવૃદ્ધિ થશે. તે દયાનો અવતાર થઈને તમારે ત્યાં જન્મશે.'

રામજય તર્કભૂષણ નામના એક ધર્મરત પુરુષ ગૃહત્યાગ કરી તીર્થાટન કરી રહ્યા હતા ત્યારે એક રાત્રે આવું સ્વપ્ન એમણે જોયું. એક ધન્ય દિવસે આ સ્વપ્ન સાચું પણ પડ્યું. રામજયના વંશમાં 'અદ્ભુતકર્મા સંતાન'નો પ્રાદુર્ભાવ થયો. એ સંતાન તે જ ઇશ્વરચંદ્ર; એ મંગલ દિવસ તે ૧૮૭૭ના આશ્વિન માસની સુદ દ્વાદશી ને મંગળવાર, ૨૬મી સપ્ટેમ્બર ઈ. ૧૮૨૦; એ ગૌરવશાળી ગામ તે બંગાળનું વીરસિંહ; એ બડભાગી માતા-પિતા તે ભગવતીદેવી અને ઠાકુરદાસ. રામજય તર્કભૂષણ તે આ ઈશ્વરચંદ્રના પિતામહ. ગરીબ પણ સંસ્કારસંપન્ન બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા પૌત્રને અમૂલ્ય ચારિત્ર્યસંપત્તિ આ પિતામહ તરફથી પ્રાપ્ત થઈ. પિતા તરફથી દૃઢતા, ન્યાયપ્રિયતા, શ્રમશીલતા, આત્મનિર્ભરતા ને અભય આદિ ગુણો ગળથૂથીમાં સાંપડ્યા. માતા તરફથી અપાર કરુણા ને મૈત્રી માનવતા મળી. આવું સંતાન 'કુળદીપક' ન નીવડે તો જ નવાઈ!

ઇશ્વરચંદ્રના દાદા રામજય તર્કભૂષણ પણ અસાધારણ વ્યક્તિ હતા. મેદિનીપુર જિલ્લાના વનમાલીપુર ગામમાં તેમનું બાપદાદાનું ઘર હતું પણ પિતાના મૃત્યુ પછી માલમિલકતની બાબતમાં ભાઈઓ સાથે મતભેદ થતાં સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા. ઘણાં વરસ પછી પાછા આવીને જુએ છે તો પત્ની દુર્ગાદેવી, જેઠ અને દિયરો તરફથી જાકારો મળતાં, શરૂમાં તો પોતાને પિયર (વીરસિંહ ગામમાં) જઈને રહી, પણ પછી ત્યાં પણ ભાઈ-ભાભીનાં મેણાં ખાવાનું થતાં, વૃદ્ધ પિતાની મદદથી, બાપના ઘરની પાસે એક ઝૂંપડીમાં રહેતી ને રેંટિયો ચલાવી, બે પુત્ર તથા ચાર કન્યાઓની સાથે જેમતેમ કરીને દિવસો પૂરા કરતી. તર્કભૂષણ આવીને પોતાના ભાઈઓના ખરાબ વર્તાવની વાત જાણતાં પોતાનો ભાગ અને ભાઈઓના સંબંધ છોડી દઈ જુદા ગામમાં ગરીબાઈ ધારણ કરીને રહ્યા. પરંતુ જેના સ્વભાવમાં જ મહત્તા છે તે ગરીબાઈથી ગરીબ થતો નથી.

તેઓ ખૂબ જ તેજસ્વી હતા. કોઈ પણ બાબતમાં કોઈની પણ આગળ તેઓ નીચી મૂંડી રાખી શકતા નહિ. તેનું એક ઉદાહરણ આપી શકાય. વીરસિંહ ગામના જમીનદારે તેમનાં નવાં ઘરબાર તેમને દાનમાં આપવાનો વિચાર કર્યો ત્યારે રામજયે (ગામના માણસોના આગ્રહ અને સલાહને નકારીને પણ) ચોખ્ખી ના પાડી. આવા માણસ માટે ગરીબાઈ પણ મહા ઐશ્વર્ય હોય છે. એથી તેમની સ્વાભાવિક સંપત્તિ વધુ જાજ્વલ્યમાન બને છે. આવા એ દરિદ્ર બ્રાહ્મણ પોતાના પૌત્રને બીજી કોઈ જ સંપત્તિ વારસામાં આપી ગયા ન હતા, પરંતુ જે અ-ક્ષર સંપત્તિ વારસામાં આપવાનું કેવળ એક ભગવાનના જ હાથમાં છે તે સંપત્તિ—તે અખંડ ચરિત્રમત્તા તે પોતાના મોટા પૌત્રના ભાગમાં મૂકી ગયા હતા.

અને ઈશ્વરચંદ્રના પિતા ઠાકુરદાસ વંદ્યોપાધ્યાય પણ સાધારણ માણસ ન હતા. તેમની ચૌદ-પંદર વરસની વયે માતા દુર્ગાદેવી સૂતર કાંતીને એકલે હાથે છ સંતાનોનું ભરણપોષણ કરતી હતી ત્યારે ઠાકુરદાસ કમાવા માટે કલકત્તા ઊપડી ગયા હતા. ત્યાં શરૂમાં તો પોતાના એક સગાને ત્યાં રહી, અંગ્રેજી શીખું તો અંગ્રેજ વેપારીઓને ત્યાં કામ મળી જાય એમ સમજી, રોજ સાંજે એક વહાણના કારકુનને ત્યાં અંગ્રેજી શીખવા જતા; અને મોડેથી ઘેર આવતા. સગાનાં ઘરનાં બધાં જમી પરવારી બેઠાં હોય એથી રાત્રે ભૂખ્યા જ સૂઈ રહેતા. આવા અનેક દિવસો ભૂખ અને દુઃખમાં કાઢીને થોડું અંગ્રેજી શીખ્યા પછી ઠાકુરદાસ




પિતા માતા

પિતા ઠાકુરદાસ વંદ્યોપાધ્યાય સાધારણ માણસ ન હતા. ચૌદ-પંદર વરસની ઉંમરે પોતાની માતા દુર્ગાદેવીને રેંટિયો કાંતી સાત જણનું કુટુંબ પોષવા માટે કાળી મજૂરી કરતી જોઇને તે કલકત્તા ચાલ્યા ગયા, અને સંસ્કૃતના પંડિત થવાની મહેચ્છા દાબી દઇને જેમાંથી જલદી નોકરી મળી શકે તે અંગ્રેજી શિક્ષણ લેવા માંડ્યું ને તે માટે દિવસોના દિવસો સુધી ભૂખ્યા રહીને ભયંકર ગરીબીની યાતના વેઠી પોતાનો સંકલ્પ પાર પાડ્યો. **માતા ભગવતીદેવી** પણ અસાધારણ સ્ત્રી હતી. તેની અખંડ દયા તેના ગામ, ફળિયા અને પડોશને સતત ભીંજવ્યા કરતી. ભૂખ્યાંને અન્નદાન અને દુ:ખીનાં દુ:ખમાં સહાનુભૂતિ એ એમનું રોજનું કામ હતું. ગામનું ઘર આગમાં બળી જતાં પુત્રે એમને કલકત્તે લઈ જવા કહ્યું ત્યારે ઉત્તર દીધો: 'કેટલા યે ગરીબ છોકરાઓ આપણે ત્યાં ખાઇને શાળામાં ભણે છે. હું અહીંથી જતી રહું તો એ લોકો શું ખાઇને નિશાળે જશે?'

પહેલાં મહિને બે રૂપિયા, અને તે પછી બેત્રણ વરસે માસિક પાંચ રૂપિયે પહોંચ્યા બાદ જ્યારે દુર્ગાદેવીએ જાણ્યું કે પગાર હવે આઠ રૂપિયાનો થયો છે ત્યારે એમણે ગોઘાટનિવાસી રમાકાન્ત તર્કવાગીશની બીજી પુત્રી ભગવતીદેવી સાથે ઠાકુરદાસનાં લગ્ન કર્યાં. એ વખતે ઠાકુરદાસની ઉંમર બાવીસ-ત્રેવીસ વરસની હતી.

આવા કમેડ પિતા ઠાકુરદાસ અને કરુણામૂર્તિ માતા ભગવતીદેવીના સ્નેહાળ સાન્નિધ્યમાં ભાવિ પ્રતાપી પુત્રનું બાળપણ વીરસિંહમાં પાંગરવા લાગ્યું. પુત્રનાં નિરંકુશ તોફાનમસ્તીને નાથવા પાંચમે વર્ષે માતાએ એને કાલિકાન્ત ચટ્ટોપાધ્યાયની ગામઠી શાળામાં ભણવા મૂક્યો. બાળપણમાં તે એટલો તોફાની ને જિદ્દી હતો કે પિતાનું કહ્યું માનવાની વાત તો દૂર રહી, પણ પિતા કહે તેથી બરાબર ઊંધું જ કરતો. તેનો આ સ્વભાવ સમજી ગએલા પિતા તે પ્રમાણે જ વર્તતા. જે દિવસે ધોએલું કપડું ન હોય તે દિવસે કહેતા 'આજ તારે સારાં કપડાં પહેરીને નિશાળે જવાનું છે.' એટલે તરત સામો ઉત્તર મળે, 'નહિ, હું તો મેલાં પહેરીને જઈશ.'

ત્યાં એકાદ વર્ષમાં તો ઈશ્વરચંદ્રની તબિયત બગડી અને એક વર્ષ સુધી ઘેર આરામ કરવો પડ્યો. સાજા થતાં કાલિકાન્તની શાળામાં પુન: વિદ્યારંભ કર્યો. પિતાના કહેવાની વિરુદ્ધ કરવાની એમની ભયાનક જિદ હવે ભણવાગણવામાં ઊલટી જ પરિણમી. પ્રતિકૂળ સંજોગો સામે તેની આ જિદ હવે મંડાઈને રહી, અને આઠ વર્ષની ઉંમર થતાંમાં તો એ શાળાનો સઘળો અભ્યાસક્રમ એણે પૂરો કરી નાખ્યો! શિષ્યની અજોડ મેધા અને અદ્ભુત સ્મરણશક્તિને લઈને ગુરુ કાલિકાન્તના એના પર ચાર હાથ હતા. આ તોફાની પણ તેજસ્વી વિદ્યાર્થીનું હીર પારખીને ગુરુએ એને કલકત્તા લઈ જઈ આગળ અભ્યાસ કરાવવાની સલાહ આપી. ઉચ્ચ અભ્યાસ કરી આગળ આવવાનાં ગરીબાઇને લીધે અધૂરાં રહેલાં પોતાનાં અરમાન પુત્રમાં ફલીભૂત કરવાની આ સલાહ પિતા ઠાકુરદાસને ગળે ઊતરી ગઈ. પુત્રને એઓ કલકત્તા લઈ ચાલ્યા. માર્ગમાં જ પુત્રની અદ્ભુત સ્મરણશક્તિની પિતાને પ્રતીતિ થઈ ગઈ. રેલવે માર્ગ પર આવતા માઈલ સ્ટોન્સ (માર્ગસૂચક પથ્થરો) પરના અંગ્રેજી આંકડા એણે જોયા તેવા જ આત્મસાત્ કરી લીધા. આગળ જતાં પિતાએ આવા એક પથ્થર પરના આંકડા ઓળખવા કહેતાં એણે તરત જ એ ઓળખી બતાવ્યા.

કલકત્તે પહોંચી અભ્યાસ શરૂ કર્યો ત્યાં ફરી માંદગી આવી. વળી હવાફેર માટે ચાર માસ વતનમાં ગાળ્યા. ફરી પિતા અભ્યાસ માટે કલકત્તા લઇ ગયા. આ વખતે સહુએ અંગ્રેજી શાળામાં દાખલ કરવાની સલાહ આપી, પણ ઠાકુરદાસે તો પુત્રને સંસ્કૃત કૉલેજમાં જ દાખલ કર્યો.

જેમને ત્યાં રહીને એ અભ્યાસ કરતા તે જગદ્દુર્લભસિંહની સૌથી નાનીબહેન રાઇમણિના ભાવપૂર્ણ ભગિનીસ્નેહે તેને આ અજાણ્યા સ્થળે માતૃમમતાની ઊણપ સાલવા દીધી નહિ. માતાની મમતા અને આ ધર્મભગિનીના ભાવે બાળક ઇશ્વરચંદ્રના દિલમાં સ્ત્રીજાતિ વિષે હમેશને માટે ઊંડા આદરની લાગણી અંકિત કરી દીધી. આનું જ ઋણ એમણે પાછળથી સ્ત્રીવર્ગના ઉદ્ધારની પ્રવૃત્તિથી જાણે ચૂકવવા માંડ્યું હતું!

રાઇમણિની સ્નેહભરી હૂંફમાં અને પિતાના વાત્સલ્યભર્યા કડપમાં ઇશ્વરચંદ્રનો વિદ્યાભ્યાસ આગળ વધવા લાગ્યો. સંસ્કૃત કૉલેજમાં દાખલ થયા પછી છ માસ બાદ પરીક્ષા લેવાઈ તેમાં તે પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. હવે તો પ્રતિમાસ પાંચ રૂપિયાની શિષ્યવૃત્તિ મળવા લાગી. પિતાએ પુત્રના અભ્યાસમાં વધુ ને વધુ ઊંડો રસ લેવા માંડ્યો. શાળામાં જે કંઈ ચાલ્યું હોય તે ઘેરે પિતાજી પાસે કડકડાટ બોલી જવાનું. ત્રણ વર્ષ આમ વ્યાકરણશ્રેણીમાં અભ્યાસ કર્યો, તેમાં પ્રથમ બંને વર્ષ એ પહેલે નંબરે ઉત્તીર્ણ થયા, પરંતુ ત્રીજા વર્ષની પરીક્ષામાં બીજે નંબર આવતાં નાસીપાસ થઈ વતન ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. છેવટે એમના શિક્ષકે એમને ખૂબ સમજાવ્યા ત્યારે જ ઇશ્વરચંદ્ર કલકત્તા રોકાઇ ગયા.

વ્યાકરણશ્રેણીનો અભ્યાસ પૂરો કરી જ્યારે સાહિત્યશ્રેણીમાં પ્રવેશ કર્યો ત્યારે એમની અગિયાર વર્ષની નાની ઉંમર જોઈ અધ્યાપક તર્કાલંકારે એમના પ્રવેશ સામે વાંધો લીધો. આત્માભિમાની ઇશ્વરચંદ્રે પરીક્ષા લેવા કહ્યું. એ પ્રમાણે એમને 'ભટ્ટીકાવ્ય'માંથી કેટલાક શ્લોકોનો અનુવાદ પુછાયો. આત્મવિશ્વાસુ વિદ્યાર્થીએ સહજમાં એ અનુવાદ કરી આપ્યો અને અધ્યાપકનું ચિત્ત હરી લીધું. પહેલે જ વર્ષે એ સાહિત્યશ્રેણીમાં પ્રથમ નંબર મેળવી તેઓ પુરસ્કાર પામ્યા. બીજે વર્ષે પણ એમણે એ સ્થાન જાળવી રાખ્યું. 'કાદમ્બરી', 'મેઘદૂત', 'શાકુન્તલ' આદિ ગ્રંથો એમણે કંઠસ્થ કર્યા અને ગીર્વાણગિરા સંસ્કૃતમાં વાતચીત કરવા જેટલું સામર્થ્ય મેળવી લીધું. ૧૫મે વર્ષે એમણે સાહિત્યશ્રેણીનો અભ્યાસ પૂરો કરી અલંકારશ્રેણીનો અભ્યાસ આરંભ્યો. એક જ વર્ષમાં 'સાહિત્યદર્પણ', 'કાવ્યપ્રકાશ', 'રસગંગાધાર' વગેરે અલંકારગ્રંથોનું અધ્યયન કરી પહેલા જ વર્ષની પરીક્ષામાં તે પ્રથમ નંબરે પાસ થયા.

સંસ્કૃત કૉલેજના નિયમાનુસાર વિદ્યાર્થીએ અલંકાર, ન્યાય ને વેદાંતનો અભ્યાસ પૂરો કર્યા પછી જ સ્મૃતિશાસ્ત્રનું અધ્યયન કરવાનું રહેતું. પરંતુ ઇશ્વરચંદ્ર ખાસ અનુમતિ મેળવી, છ જ માસમાં દુર્બોધ સ્મૃતિશાસ્ત્ર તૈયાર કરી ઉચ્ચ નંબરે પરીક્ષામાં સફળતા મેળવી પોતાની અજોડ મેધાનો પરિચય કરાવી આપ્યો. ત્યારે એમનું વય માત્ર સત્તરનું.

સ્મૃતિશાસ્ત્ર પાસ કરનારની એ વખતે ન્યાયાધીશ બનવાની લાયકાત ગણાતી. ભાગ્યવશાત્ એ જ વર્ષે ત્રિપુરાના જજનું સ્થાન ખાલી પડ્યું. અરજીઓ મંગવાઈ. સત્તર વર્ષના ઈશ્વરચંદ્રે પણ અરજી કરી. પસંદગી પણ થઈ ગઈ; પરંતુ પિતાની નામરજીને લઇને એમણે એ હોદ્દો સ્વીકાર્યો નહિ. એમની પિતૃભક્તિનું આ કંઈ નાનુંસૂનું ઉદાહરણ નથી!




યુવાવસ્થામાં




મધ્ય વયે



ઉત્તર જીવનમાં



બંગાળી અને અંગ્રેજીમાં સહી
ઇશ્વરચંદ્ર શર્મા



'પોતાના ખોરાક અને પહેરવેશમાં વિદ્યાસાગરની એક અચળ સરળતા હતી. એ કલકત્તામાં અભ્યાસ કરતા ત્યારે ગરીબ માતા રેંટિયા પર સૂતર કાંતી જાડું કપડું તૈયાર કરી મોકલતી એ જાડું કપડું, માતૃપ્રેમથી શોભતું એ દારિદ્ર તેમણે સદાકાળ ગૌરવપૂર્વક શરીર પર ધારણ કર્યું હતું. તેમના મિત્ર બંગાળના લેફ્. ગવર્નર હૅલિડેએ એમને રાજદરબારને યોગ્ય પોશાક પહેરીને આવવા એક વખત આગ્રહ કર્યો ત્યારે મિત્રના બોલ ખાતર એકબે દિવસ ચોગા-ચપકન પહેરીને ત્યાં ગયા હતા, પરંતુ પછી કહી દીધું: 'મારે જો આમ જ આવવાનું હોય તો હવેથી નહિ આવું.' અને હૅલિડેએ તેમને રોજના પોશાકમાં આવવાની રજા આપી. બ્રાહ્મણ પંડિત જે પોશાકમાં સર્વત્ર સન્માન પામે છે તેનો રાજદરબારમાં પણ ત્યાગ કરવાની વિદ્યાસાગરને જરૂર લાગી નહિ. સાદું ધોતિયું ને સાદી ચાદરને વિદ્યાસાગરે જેવું ગૌરવ આપ્યું છે તે વર્તમાન છદ્મવેશ પહેરીને આપણે આપી શકતા નથી.'

હવે એમણે વેદાંતશ્રેણીમાં પ્રવેશ કર્યો. એમની પ્રતિભા એવી કે ગુરુ પણ વેદાંતની સંદેહયુક્ત બાબતોમાં શિષ્ય સાથે ચર્ચાવિચારણા કરે! આખરે વેદાંતની પરીક્ષા પસાર કરી ગદ્યમાં રૂ. ૧૦૦નું પ્રથમ અને પદ્યરચનામાં દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત કર્યું. ત્યાર પછી ન્યાયદર્શન શ્રેણીનો અભ્યાસ એક વર્ષમાં પૂરો કરી ઉચ્ચ નંબરે પાસ થઈ રૂપિયા ૧૦૦નું ઈનામ મેળવ્યું. એ પછી દર્શનશાસ્ત્રમાં ઉત્તીર્ણ થતાં રૂ. ૧૦૦ સર્વોત્કૃષ્ટ પદ્યરચના માટે, રૂ. ૧૦૦ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થવા માટે, રૂ. ૨૫ કાયદાની પરીક્ષા પસાર કરવા માટે તથા રૂ. ૮ સુંદર હસ્તાક્ષર માટે એમ કુલ ૩૩૩ રૂપિયા એમને મળેલા, તે બધા પિતાને કરજ ચૂકવવા આપી દીધેલા.


ચાર વર્ષ બાદ ષડ્દર્શનનો અભ્યાસ કરી ઉત્તીર્ણ થયા ત્યારે એમના શિક્ષક જયનારાયણ તર્કપંચાનને કહેલું: 'આવો મેધાવી અને અદ્ભુતકર્મા વિદ્યાર્થી મેં કદી જોયો નથી. એને ભણાવતી વખતે દર્શનશાસ્ત્રમાં મારે વિશેષ દૃષ્ટિ રાખવી પડતી. તે વખતે મને એમ લાગતું કે જાણે એ સર્વ શાસ્ત્રો અગાઉથી જ ભણી ચૂક્યો છે!' આ પ્રમાણે સંસ્કૃત કૉલેજની બધી જ શ્રેણી ઉચ્ચ કક્ષામાં પસાર કરી સર્વ અધ્યાપકોનું પ્રશંસાપત્ર પ્રાપ્ત કરી ૨૧ વર્ષની નાની વયે એમણે 'વિદ્યાસાગર'ની ઉપાધિ મેળવી. હવે એઓ ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર બન્યા.

આ બધાં વર્ષો એટલે એક તપસ્વી વિદ્યાર્થીનો વિદ્યાકાળ. ગરીબાઈને લીધે કલકત્તાના ગંદા લત્તામાં એક ભાડૂતી નાના મકાનમાં એમનો નિવાસ. સવારમાં નદીએ સ્નાન કરી પાછા ફરતાં શાકભાજી લેતા આવે, ત્યાર બાદ રસોઈ કરી. પિતા અને ભાઈઓ (નાના બે ભાઈઓ પણ અભ્યાસ માટે ત્યારે એમની સાથે જ રહેતા હતા)ને જમાડી, વાસણ માંજી, ઘરકામ આટોપી એ નિશાળે જાય. ઘરમાં રસોઈ કરતાં ને નિશાળે જતાં રસ્તામાં કેટલાક પાઠ મોઢે કરી લે. નિશાળેથી આવ્યા બાદ પણ રસોઈનું કામ તો ઊભું જ હોય! 'મનભર' તો એક બાજુ રહ્યું પણ ક્યારેક તો 'પેટભર' ખાવાનું ય ન મળે. છતાં ય ઇશ્વરચન્દ્રે વિદ્યાભ્યાસમાંથી કદાપિ પાછી પાની કરી નહોતી. રાત્રે દસ વાગ્યે એ સૂઈ જાય, ને બાર વાગ્યે ઊઠી લગભગ આખી રાત અભ્યાસ કરે. આવી પ્રતિકૂળતાઓની સામે જાણે એમની વિદ્યાપિપાસાએ પડકાર ફેંક્યો હતો.

પરંતુ પરિશ્રમને સહારે વીતાવી કાઢેલી એ દારિદ્ર્યજન્ય દારુણ દશામાં પણ એમણે મનની મોકળાશ ત્યજી નહોતી. ઘંટ વાગતાં પાણી પીવા જતા ત્યારે છોકરાઓને તે ખવડાવતા. શિષ્યવૃત્તિમાં મળતી રકમમાંથી એ ખર્ચ થતું. લાયક ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવા પટાવાળા પાસેથી પણ ઉછીના પૈસા લેતા અને શિષ્યવૃત્તિ આવતાં ભરપાઈ કરતા. એ જ રકમમાંથી એમણે અમૂલ્ય સંસ્કૃત ગ્રંથો પણ ખરીદેલા. શિષ્યવૃત્તિનો કેવો સદ્ઉપયોગ! આવા કઠોર તપશ્ચર્યામય વિદ્યાર્થી જીવને એમને ભાવિ વ્યવહારજીવન માટે સમભાવ અને સહિષ્ણુતાનું પાથેય પૂરું પાડ્યું હતું. એક આદર્શ વિદ્યાર્થી તરીકેનાં એમનાં ખંત, શ્રમ, સહિષ્ણુતા, સહાનુભૂતિ, નિષ્ઠા અને અનન્ય વિદ્યાપ્રીતિ કોઈ પણ સમયના સાચા 'વિદ્યા-અર્થી' ને માટે અનુકરણીય છે.

આ વિદ્યાર્થીજીવન દરમિયાન જ એમની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ હતી. પરિણામે અનેક સ્થળેથી એમને માટે વિવાહનાં માગાં આવવા લાગ્યાં. એટલી નાની ઉંમરે સંસાર માંડવાની એમની ઇચ્છા ન હતી. એમને તો આખું જીવન પઠનપાઠન કરવાની, દેશહિતનાં કાર્યો કરવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની તથા રોગીઓની સેવામાં ગાળવાની મહેચ્છા હતી. પણ પિતાને દુઃખી ન કરવા ખાતર એમની આજ્ઞા માથે ચડાવી એ લગ્નબંધનમાં બંધાયા: ક્ષીરપાઈ ગામના એક ધનાઢ્ય શત્રુઘ્ન ભટ્ટાચાર્યની સ્વરૂપવતી કન્યા દીનમયી સાથે એમણે લગ્ન કર્યું. એ વખતે એમની ઉંમર ચૌદ વર્ષની ને પત્નીની આઠ વર્ષની.

એક વખત જે ચણા ને પતાસાં ખાઈને જીવ્યો હતો તે આ બ્રાહ્મણ કુમારે જન્મદારિદ્રય અને બધી જાતની પ્રતિકૂળતાઓની વચ્ચેથી એકમાત્ર પોતાનાં વિપુલ બલ અને બુદ્ધિ વડે પોતાને સહેલાઈથી આવો ટટ્ટાર, આવો પ્રબલ, આવો ઉન્નત, આવો પ્રતિભાસંપન્ન બનાવી દીધો.



વિધવાવિવાહનો કાયદો પસાર કરાવવા સરકારને ત્રીસેક હજાર સહીઓવાળી જે અરજી મોકલેલી તેના આ એક ભાગમાં અન્ય અંગ્રેજી-બંગાળી આદિ સહીઓ સાથે ગુજરાતીની સહીઓ પણ છે.

વિદ્યાભ્યાસ પૂરો કરી થોડા દિવસો એમણે વીરસિંહ ગ્રામમાં ગાળ્યા. ત્યાં તો ફૉર્ટ વિલિયમ કૉલેજના મુખ્ય શિક્ષક મધુસૂદન તર્કાલંકારનો દેહાંત થતાં એ જગ્યા ખાલી પડી. ઘણા વિદ્વાનો એ સ્થાન માટે પ્રયત્ન કરી રહ્યા હતા; પરંતુ અધ્યક્ષ માર્શલની આંખ તો વિદ્યાસાગર પર જ ઠરી. ઈ. સ. ૧૮૪૧ના અંતમાં માર્શલની ઇચ્છાનુસાર યુવાન વિદ્યાસાગરને એ સ્થાને માસિક રૂ. પચાસના પગારથી નિયુક્ત કરવામાં આવ્યા. આ વ્યવસાય દરમિયાન જ એમણે અંગ્રેજી અને હિંદી ભાષાઓ શીખવા માંડી, અને થોડી મુદતમાં એ શીખી પણ લીધી. એ વખતે અંગ્રેજ અફસરોને દેશી ભાષા શીખવી પરીક્ષા લેવાની જવાબદારી વિદ્યાસાગરને સોંપવામાં આવી. એમની પરીક્ષા પદ્ધતિ તો કડક. અધ્યક્ષ માર્શલે થોડા ઉદાર થવાનું સૂચન કર્યું. પરંતુ વિદ્યાસાગરે તો જણાવી દીધું કે હું તો પરીક્ષાની બાબતમાં ન્યાયપૂર્ણ રીતે જ વર્તીશ. માર્શલે આથી નારાજ નહિ થતાં વિદ્યાસાગરની નીડરતાની પ્રશંસા કરી. આમ કોઈની પણ શેહમાં આવ્યા વગર સ્વતંત્ર બુદ્ધિથી નીડરપણે અને ન્યાયપુરઃસર કાર્ય કરવાની એમની પ્રકૃતિએ એમના વ્યક્તિત્વનો ઉત્તરોત્તર વિકાસ કર્યો હતો.

વ્યવસાયમાં જોડાયા પછી પિતૃભક્ત વિદ્યાસાગરે સર્વપ્રથમ તો પોતાના પિતાને પરિશ્રમવાળી નોકરીમાંથી નિવૃત્ત કર્યા. કુટુંબમાં સહુથી મોટા હોઈ કુટુંબનો બધો જ બોજો એમણે ઉપાડી લીધો. એમની આ સદ્ભાવનાએ જ એમના જીવનને પ્રગતિપથ પર લાવી મૂક્યું હતું.

ઈ. સ. ૧૮૪૬ના એપ્રિલ માસમાં સંસ્કૃત કૉલેજના મદદનીશ મંત્રીની જવાબદારીભરી જગ્યા પર એ જ પગારથી એમને મૂકવામાં આવ્યા. એમણે આ હોદ્દો સંભાળ્યો ત્યારે ત્યાંના શિક્ષકો બેજવાબદાર બની ગયા હતા. ગમે ત્યારે તેઓ આવતા, ગમે ત્યારે જતા; ભણાવવાની પણ કોઈ નિયમિતતા નહિ. વિદ્યાસાગરે આવીને આ પ્રમાદ અને અનિયમિતતા દૂર કર્યાં, શિસ્ત દાખલ કરી સ્વેચ્છાચાર દૂર કર્યો. આ રીતે એક દક્ષ, આગ્રહી વહીવટકર્તા તરીકેની છાપ ઊભી કરવાની સાથેસાથે સ્વતંત્ર વિચારસરણીયુક્ત શિક્ષણશાસ્ત્રી તરીકેની પોતાની પ્રતિભાનો પણ પરિચય આપવા માંડ્યો. એ વખતે શીખવાતાં પાઠ્યપુસ્તકોમાંથી અશ્લીલ શ્લોકો એમણે રદ કર્યા. શિક્ષણપદ્ધતિ અને પરીક્ષાપદ્ધતિમાં પણ ફેરફારો કર્યા. વ્યાકરણનું ભારણ સરળ કરી નાખ્યું.

એક વાર રામકૃષ્ણ બંદોપાધ્યાય નામે સમવયસ્ક મિત્ર એમની પાસે સંસ્કૃત શીખવા આવ્યો. એમને થયું કે મોટી ઉંમરનાને શીખવવા માટે કંઈક જુદી પદ્ધતિ રાખવી જોઈએ. આથી પેલા મિત્રને એક દિવસની રાહ જોવા કહ્યું. એ રાત્રે જ એમણે ખૂબ વિચારને અંતે વર્ણમાળાથી માંડીને આખું ય વ્યાકરણ નવી સુગમરીતે રચી નાખ્યું. આ જ પુસ્તક પાછળથી 'ઉપક્રમણિકા' નામે પ્રસિદ્ધ થએલું. એમની મૌલિક સર્જશક્તિનાં આવાં અનેક ઉદાહરણો એમના જીવનમાંથી મળી આવે છે.

એવામાં કૉલેજની કારવાઈ સંબંધમાં મંત્રી સાથે મતભેદ પડતાં આ સ્વતંત્ર મિજાજના આત્માભિમાની પુરુષે કૉલેજની નોકરી છોડી દીધી. શિક્ષણ સમિતિના અધ્યક્ષ અને એમના મિત્ર મૉયેટ સાહેબે ખૂબ આગ્રહ કરવા છતાં પણ એ પોતાના નિરધારમાંથી ચળ્યા નહિ. સંબંધીઓ ને મિત્રોએ પૂછ્યું કે હવે તમારો વ્યવહાર શી રીતે ચાલશે ત્યારે તેમણે કહ્યું કે 'શાક-તરકારી વેચીને કે મોદીની દુકાન કાઢીને ચલાવીશ.' એ દિવસોમાં તે પોતાને ઘેર વીસેક છોકરાઓને અન્નવસ્ત્ર આપીને ભણાવતા હતા. તેમાંના કોઈને પણ તેમણે રજા આપી નહિ. પિતાને ખર્ચ માટે મહિને પચાસ રૂપિયા દેવું કરીને પણ મોકલવા માંડયા. એ જ સમયનો એક પ્રસંગ એવો છે કે અધ્યક્ષ મૉયેટ સાહેબના ખાસ આગ્રહથી કૅપ્ટન બૅન્ક નામના એક અંગ્રેજને તેઓ કેટલાક માસથી બંગાળી ને હિંદી શીખવતા હતા. કૅ. બૅંકે એમને માસિક રૂ. ૫૦ લેખે પગાર આપવા માંડયો ત્યારે વિદ્યાસાગર બોલ્યા: 'આપ મૉયેટના મિત્ર છો, ને મૉયેટ મારા મિત્ર છે; એટલે આપની પાસેથી હું પગાર નહિ લઉં.'

ઈ. સ. ૧૮૪૯ની આખર સુધી તેઓ આમ નોકરી વગર જ રહ્યા. એવામાં ફૉર્ટ વિલિયમ કૉલેજના હેડ રાઈટરના અવસાનથી તે જગ્યા ખાલી પડતાં રૂ. એંશીના દરમાયાથી તેઓ ત્યાં જોડાયા. તે પછી બીજે વર્ષે ઈ.સ. ૧૮૫૦માં સંસ્કૃત કૉલેજમાં સાહિત્યના અધ્યાપકપદે નિમાયા અને ૧૮૫૧ના જાન્યુઆરી માસમાં તો રૂ. ૧૫૦ના પગારથી એ જ કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે એમની પસંદગી થઈ. આ સ્થાન પર આવ્યા પછી એમણે મુખ્યત્વે ત્રણ સુધારા દાખલ કર્યા: એક, શિક્ષણને પદ્ધતિસર બનાવ્યું; બીજો, બ્રાહ્મણ સિવાય અન્ય જ્ઞાતિ-જાતિના વિદ્યાર્થીઓ માટે કૉલેજનો પ્રવેશ ખુલ્લો મૂક્યો; ત્રીજો સુધારો તે સંસ્કૃત કૉલેજમાં ફરજિયાત અંગ્રેજી દાખલ કર્યું. તેઓ કહેતા કે થોડા ચાંદીના ટુકડા માટે આપણા પંડિતો ખ્રિસ્તી અંગ્રેજોને સંસ્કૃત શીખવી શકતા હોય તો ભારતની અન્ય જાતિઓને કેમ નહિ? આ જ વખતે એમણે બંગાળીમાં સંસ્કૃત વ્યાકરણ રચ્યું કે જેથી સંસ્કૃતનું જ્ઞાન પંડિતો પૂરતું જ બંધાઈ ન રહેતાં બહુજનસમાજને ઉપલબ્ધ થાય.

પશ્ચિમના જ્ઞાનનો આદર કરવા માટે આ દેશમાં અંગ્રેજી શિક્ષણને ટેકો આપનાર રામમોહનરાયે હિંદુ સમાજની બહાર રહી જે કામ કર્યું તેવું જ મહત્ત્વનું કામ વિદ્યાસાગરે ગઢની અંદર રહીને કર્યું. તે સ્પષ્ટ કહેતા કે વિદ્યાર્થીઓને સાંખ્ય ને વેદાંતની સાથોસાથ મિલનું લૉજિક પણ શીખવવું જરૂરી છે. વિદ્યાસાગરની આ કામગીરીની કદરરૂપે એમનો પગાર રૂ. ૩૦૦નો કરી આપવામાં આવ્યો. આ ઉપરાંત નદિયા, હુગલી, વર્ધમાન ને મેદિનીપુર જિલ્લાઓમાં શાળાઓ સ્થાપવા ને તેની દેખરેખ રાખવા એક વધારાના ઇન્સ્પેક્ટર તરીકે રૂ. ૨૦૦ના વધુ વેતનથી એમને નિયુક્ત કર્યા. વળી ૧૮૫૭માં કલકત્તા યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે તેના ૩૯ સભાસદોમાંના ૬ દેશી સભ્યોમાં વિદ્યાસાગર એક હતા.

અજેય પૌરુષ, અક્ષય મનુષ્યત્વ

વિદ્યાસાગરની હૃદયવૃત્તિમાં જે બળ દેખાય છે તેનો પૂરો પ્રભાવ તેમની બુદ્ધિવૃત્તિમાં પણ દેખાય છે. આ ભાન જો ન હોત તો એક વખત ચણા ને પતાસાં ખાઈને જે ભણ્યો હતો તે નિર્ભય બની, નોકરી છોડી દઈ, સ્વતંત્ર આજીવિકાનો આશ્રય લઈ જીવનમાં અરધે રસ્તે સાધન-સંપન્ન થઈ શકત નહિ. નવાઈની વાત તો એ છે કે દયાને વશ થઈ જેમણે ભારે ભારે સ્વાર્થત્યાગ કર્યા હતા, અને જેમણે સ્વાર્થને વશ થઈ પોતાના ઉન્નત સ્વમાનને એક પળવાર પણ જરા સરખું યે નમવા દીધું નહોતું, જેમણે પોતાના ન્યાયસંકલ્પની સીધી રેખાથી ગમે તેવા દુ:ખમાં, ગમે તેવાં પ્રલોભનમાં યે તલપુર પણ આઘાપાછા થવાનું વિચાર્યું નહોતું તેઓ કેવી રીતે ઉદાર બુદ્ધિ અને દૃઢ પ્રતિજ્ઞાના બળે કરીને સાધનસંપન્ન થયા અને હજારોના આશ્રયદાતા બન્યા! ગિરિશૃંગ પર ઊભેલું દેવદારુવૃક્ષ જેમ શુષ્ક પથ્થરમાંથી ફૂટીને, પ્રાણઘાતક હિમનો વરસાદ માથા પર ઝીલીને, પોતાની આંતરિક કઠિન શક્તિ દ્વારા પોતાને સરસ શાખા-પલ્લવથી સંપન્ન અને ટટાર મહિમાથી ગગનભેદી બનાવી દે છે, તેમ આ બ્રાહ્મણકુમારે જન્મદારિદ્રય અને બધી જાતની પ્રતિકૂળતાઓની વચમાં પણ એક માત્ર પોતાની સ્વાભાવિક વિપુલ બળબુદ્ધિ વડે પોતાને સહેલાઈથી આવો ટટાર, આવો પ્રબલ, આવો ઉન્નત અને આવો સર્વસંપત્તિમાન બનાવી દીધો હતો.

વિદ્યાસાગર આ દેશમાં એક જ હતા. જાણે અહીં તેઓ પોતાને લાયક સમોવડિયાના અભાવે મરણપર્યંત નિર્વાસન ભોગવી ગયા છે. પોતાની અંદર જે અકૃત્રિમ મનુષ્યત્વનો સદાસર્વદા અનુભવ કરતા તેનો આભાસ તેમને ચારે તરફની જનમંડળીમાં ક્યાંય દેખાવા મળ્યો નથી. ઉપકારના બદલામાં તેમને કૃતઘ્નતા છે. કામ વખતે મદદ મળી નથી. તેમણે હમેશાં એ જોયું છે કે આપણે આરંભ કરીએ છીએ, પૂરું કરતા નથી; આડંબર કરીએ છીએ, કામ કરતા નથી; જેનું અનુષ્ઠાન કરીએ છીએ તેને માનતા નથી; જેને માની-એ છીએ તેનું પાલન કરતા નથી; લાંબી જીભાજોડી કરી શકીએ છીએ, પણ તલપૂર આત્મત્યાગ કરી શકતા નથી; આપણે અહંકાર દેખાડીને ધરાઈ જઈએ છીએ, યોગ્યતા મેળવવાનો પ્રયત્ન કરતા નથી; આપણે હરેક કામમાં પારકાની આશા રાખીએ છીએ, છતાં પારકાની ભૂલ જણાઈ તો આકાશ ફાડી નાખીએ છીએ;—પારકાનું અનુકરણ કરવામાં આપણે ગર્વ માનીએ છીએ, પારકાના અનુગ્રહમાં આપણે સન્માન માનીએ છીએ, પારકાની આંખોમાં ધૂળ નાખવી એ આપણું પૉલિટિક્સ છે, અને પોતાનું વાક્ચાતુર્ય જોઈ પોતાની ઉપર ભક્તિવિહ્વળ બની જવું એ જ આપણા જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. એ દુર્બળ, ક્ષુદ્ર, હૃદયહીન, કર્તવ્યહીન, દંભી, દલીલબાજ પ્રજા તરફ વિદ્યાસાગરને ખૂબ ઊંડો અભાવ હતો. કારણ કે તેઓ બધી જ બાબતમાં એનાથી ઊલટા હતા.

વિશાળ વૃક્ષ જેમ ક્ષુદ્ર જંગલના અરણ્યમાંથી નીકળીને ધીમેધીમે અફાટ આકાશમાં માથું ઊંચું કરે તેવી રીતે વિદ્યાસાગર ઉંમરના વધવા સાથે આપણા સમાજની બધી રોગિષ્ઠ ક્ષુદ્રતાજાળમાંથી નીકળીને ધીમેધીમે શબ્દહીન સુદૂર નિર્જનતામાં ઊંચે ચડયા હતા. ત્યાંથી તેઓ તપેલાંને છાયા અને ભૂખ્યાંને ફળદાન આપતા. પોતાના મહત્ચરિત્રનો જે અક્ષયવટ તેઓ આ ભૂમિમાં રોપી ગયા છે, તેની નીચેની ભૂમિ આખી પ્રજાનું તીર્થસ્થાન બની ગયું છે. આપણે ત્યાં જઈને આપણી ક્ષુદ્રતા, તુચ્છતા તથા મિથ્યા-ડંબર ભૂલી, સૂક્ષ્મ તર્કજાળ ને સ્થૂળ જડતાને છેદી નાખી, સબળ, અટલ મહત્તાનું શિક્ષણ મેળવીશું. આજે આપણે વિદ્યાસાગરને કેવળ વિદ્યા અને દયાના સાગર તરીકે ઓળખીએ છીએ, પરંતુ આ વિરાટ પૃથ્વીના સંસર્ગમાં આવીને જેમ જેમ આપણે માણસ થતા જઈશું તેમ તેમ આપણે આ પુરુષની પેઠે દુર્ગમ ને વિશાળ કર્મક્ષેત્રમાં આગળ વધીશું; વિચિત્ર શૌર્ય, વીર્ય અને મહત્ત્વના જેમ જેમ આપણને પ્રત્યક્ષ અને ગાઢ પરિચય થતો જશે તેમ તેમ આપણાં અંતરમાં અનુભવ કરતા જઈશું કે દયા નહિ, વિદ્યા નહિ, પણ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવનમાં પ્રધાન ગૌરવની વસ્તુ તેમનું અજેય પૌરુષ છે, તેમનું અક્ષય મનુષ્યત્વ છે.

રવીન્દ્રનાથ ઠાકુર

પણ બીજે જ વર્ષે ૧૮૫૮માં તો રાજીનામું આપી કુલ રૂ. ૫૦૦ની એ નોકરી છોડી દેવાનો પ્રસંગ ઊભો થયો. કૉલેજના નવા નિમાએલા અધ્યક્ષ ડબ્લ્યુ. ગૉર્ડન યંગ સાથે એમને વારંવાર મતભેદ પડવા લાગ્યા હતા. એવામાં ઇ. ૧૮૫૮ના નવેમ્બરમાં ઇશ્વરચંદ્રે પરીક્ષા લીધા પછી તેનો રીપોર્ટ તૈયાર કરી ડાયરેક્ટર યંગને બતાવ્યો. તેણે રીપોર્ટ વાંચી કહ્યું કે આને સારી રીતે શણગારી દો કે જેથી આપણા ખાતાનું કામ શ્રેષ્ઠ રીતે ચાલે છે એવી સત્તાવાળાઓમાં છાપ પડે. વિદ્યાસાગરે એમ કરવાની ના પાડતાં યંગે દુરાગ્રહ કરવા માંડયો ને તેમાંથી વાત વધી પડી. એટલે વિદ્યાસાગરે ત્યાંથી ઊઠી ઘેર જઈ નોકરીનું રાજીનામું મોકલી આપ્યું. તેમના હિતસ્વી મિ. હૅલિડે તથા બીજા અનેકે તેમને નોકરી નહિ છોડવા ખૂબ સમજાવ્યા પણ તે પોતાના નિરધારમાં અડગ રહ્યા અને કહ્યું: 'આ મારી છેલ્લી નોકરી હતી. હવે શેષ જીવન દેશવાસીઓના જ્ઞાનની ઉન્નતિ અર્થે વિદ્યાપ્રચારમાં જ ગાળીશ. અને એ વ્રતનું મારા જીવનના અંતિમ દિવસે મારી ચિતાની ભસ્મમાં જ ઉદ્યાપન થશે.'

બંગાળી સાહિત્યના ઇતિહાસમાં વિદ્યાસાગરે એક સીમાચિહ્ન જેવું સ્થાન અંકિત કર્યું છે. એમણે જ લલિત અને સરળ બંગ ભાષાની જોરદાર હિમાયત કરેલી. આજની મધુર બંગાળીના એ અગ્રેસર. એમની ભાષા સરળ, સુંદર અને સુમધુર છે. બંગાળી ગદ્યમાં કલાકૌશલ્ય એમણે ઉતાર્યું છે. આથી જ કવિવર રવીન્દ્રનાથે એમના વિષે કહ્યું છે: 'ગ્રામ્ય પાંડિત્ય અને ગ્રામ્ય બર્બરતા, બંનેના હાથમાંથી બચાવી તેઓ એને દુનિયાની ભદ્ર સભાને શોભે એવી આર્યભાષા રૂપે ઘડી ગયા છે.'

એમની ગ્રંથસૃષ્ટિ પણ મૂલ્યવાન છે. એમનો પ્રથમ ગ્રંથ 'વાસુદેવ ચરિત' અપ્રકટ રહ્યો છે. ઈ. ૧૮૪૭માં એમણે 'વેતાલ પંચવિંશતિ' (વેતાલ પચ્ચીસી)નું સંસ્કૃતમાંથી બંગાળીમાં ભાષાંતર કર્યું. ૧૮૪૮માં માર્શમૅન કૃત અંગ્રેજી ઇતિહાસને આધારે 'બંગાળનો ઇતિહાસ-ભાગ ૨' પુસ્તક રચ્યું જેમાં એમણે અંગ્રેજી રાજ્યની શરૂઆતથી તે ગવર્નર જનરલ સુધીની હકૂમતનો સરલ મનોહર ભાષામાં ચિતાર આપ્યો છે. ઈ. ૧૮૫૦માં 'ચેમ્બર્સ બાયોગ્રાફીઝ'ના ભાષાંતર રૂપે 'જીવન-ચરિત' નામક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. અને ૧૮૫૧માં 'ચેમ્બર્સ રૂડીમેન્ટ્સ ઑવ નૉલેજ'ની છાયા લઈ બાલોપયોગી પુસ્તક 'બોધોદય' પ્રકટ કર્યું હતું. ૧૮૫૫માં કાલિદાસની અમર કૃતિ 'અભિજ્ઞાન શાકુન્તલ' પરથી

કથા લઈ 'શકુન્તલા' બહાર પાડયું, જેનાં પદમાધુર્ય અને કૃતિચાતુર્ય ધ્યાનપાત્ર છે. આ જ અરસામાં બંગ સમાજમાં ભારે ઊહાપોહ મચાવનાર પુસ્તક 'વિધવાવિવાહ' બહાર પડયું અને તે પછી 'વર્ણ પરિચય ભાગ ૧-૨', 'કથામાળા' અને 'ચરિતાવલી' નામક પુસ્તકો પણ એ જ વર્ષે પ્રસિદ્ધ કર્યા. ત્યાર બાદ 'સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્ય વિષયક ભૂમિકા' નામક લખેલો પોતાનો મૂળ નિબંધ પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યો. ૧૮૬૨માં 'સીતા વનવાસ', ૧૮૬૪માં 'આખ્યાન મંજરી' અને ૧૮૬૯માં 'વ્યાકરણ કૌમુદીનો ઉત્તરાર્ધ' પ્રસિદ્ધ થયાં હતાં. આ ઉપરાંત ૧૮૭૦માં 'સટીક મેઘદૂત' અને છેક પાછલી ઉંમરે 'ભ્રાન્તિવિલાસ' નામક ગ્રંથ એમણે આપ્યા હતા. બંગાળી લેખનમાં વિરામચિહ્નોનો ઉપયોગ પ્રથમ તેમણે જ શરૂ કર્યો હતો તે નોંધપાત્ર હકીકત છે. આ ગ્રંથસૂચિ એમની નિરંતર ચાલેલી સર્જનપ્રવૃત્તિની પ્રતીતિ કરાવી આપે છે.

સમાજસુધારણા અને લોકસેવાની પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાસાગર આગળ પડતા પુરુષ હતા. સ્ત્રીશિક્ષણની દિશામાં એમના પ્રયાસો અવિસ્મરણીય અને અમૂલ્ય હતા. આશરે સો જેટલી સ્ત્રીકેળવણીની સંસ્થાઓ એમણે સ્થાપેલી અને સરકાર તરફથી પૈસા મળતાં વિલંબ થવાને કારણે પોતે જ તેના પૈસા ઊભા કરેલા. પાછળથી ઉપર્યુક્ત અધ્યક્ષ ચંગે આ સંસ્થાઓનું ખર્ચ અમાન્ય કરતાં વિદ્યાસાગરે દેવું કરીને પોતે જ એ નાણાં ભરપાઈ કર્યાં હતાં એ એમની લગનીનું જેવુંતેવું પ્રમાણ નથી.

વિધવાવિવાહના પ્રકરણમાં પણ એમની પહેલ પ્રશંસાપાત્ર છે. બાળવિધવાના સામાજિક અનિષ્ટ સામેના ઉગ્ર રોષના મૂળમાં એમના વિદ્યાર્થીકાળનો એક પ્રસંગ પડેલો છે. ત્યારે એમના એક વૃદ્ધ ગુરુએ એક કિશોરી સાથે પોતે લગ્ન કરવા માગતા હતા એ અંગે પોતાના આ પ્રિય શિષ્ય વિદ્યાસાગરનો અભિપ્રાય પૂછયો. શિષ્યે સ્પષ્ટ રીતે પોતાની અસંમતિ દર્શાવી; પરંતુ ગુરુ તો એ કિશોરી સાથે પરણ્યા તે પરણ્યા જ. નજીકના જ ભવિષ્યમાં વિદ્યાસાગરે કલ્પ્યું હતું તેમજ બન્યું: એ ગુરુપત્ની વિધવા બની, ત્યારથી વિધવાવિવાહની ઝુંબેશ ઉપાડવાનાં મૂળ વિદ્યાસાગરની મનોભૂમિમાં રોપાએલાં. મોટપણે એક દિવસ વીરસિંહ ભવનના ચંડીમંડપમાં બેસી ઇશ્વરચંદ્ર પોતાના પિતા સાથે વીરસિંહની નિશાળ વિષે વાતચીત કરતા હતા ત્યાં એમનાં માતાએ આવી રોતાં રોતાં એક બાલિકા વિધવા થયાની વાત કરીને બોલ્યાં: 'તું આટઆટલાં શાસ્ત્ર ભણ્યો તેમાં વિધવાનો કોઇ ઉપાય બતાવેલો નથી!' અને માતાનો પુત્ર ઉપાય શોધવા મંડી પડયો.

પણ શાસ્ત્રોનું મંથન કરીને અનુકૂળ સમર્થન શોધી કાઢવાનું કામ સરળ ન હતું. જૂનાં શાસ્ત્રો ફેંદવામાં એમણે જે ધીરજ, પરિશ્રમ અને સહનશીલતા દાખવ્યાં તેની આજે કલ્પના આવે તેમ નથી. એ દિવસોમાં તે કોઈ મિત્રને ત્યાં વહેલા જમી આવ્યા પછી જમતા જ નહિ. કૉલેજનું કામ પતાવી સાંજથી લગભગ આખી રાત સુધી સંસ્કૃત કૉલેજની લાયબ્રેરીના વિવિધ ગ્રંથોના સંશોધનમાં ઊધઈની પેઠે પાનેપાને પ્રવેશ કરતા એ 'કાર્યસાધન કે દેહપાતન'ના સંકલ્પપૂર્વક તે પોતાના કાર્યમાં રત રહ્યા અને તેમને સમર્થનના શ્લોકો મળી ગયા. એ બધાં શાસ્ત્રવચનોનો સંગ્રહ કરી તથા તેનો અર્થનિર્ણય કરીને તેમણે બુદ્ધિ અને તર્કનો ઉપયોગ કરી વિધવાવિવાહ ઉપર જાણીતો ગ્રંથ રચ્યો.

બીજી બાજુ તેમણે સમાજમાં વિધવાના પુનર્લગ્નની જોરદાર હિલચાલ ઉપાડી. કેટલાક વિધવાવિવાહ કરાવી આપવા ધનનું ખર્ચ પણ એમણે પોતાને માથે વહોરી લીધું. આ આંદોલન શરૂ કરવા માટે સ્થિતિચુસ્ત લોકોએ વિદ્યાસાગરનો જીવ લેવાના પ્રયત્નો કર્યા [એક વખત કૉલેજમાંથી મોડી રાત્રે ઘેર પાછા ફરતાં રસ્તામાં દસબાર હથિયારધારીઓએ તેમને ઘેરી લીધા. પણ તેમનો નોકર સંપત મોટી ડાંગ સાથે તેમની જોડે જ રહેતો તેણે તેમનો હલ્લો નિષ્ફળ બનાવ્યો.] અને પંડિતવર્ગે તો શાસ્ત્રોનું મંથન કરી ખોટી દલીલો અને કડવાં વચનો શોધીશોધી વિદ્યાસાગરના માથા પર વરસાવવા માંડયાં. આખા દેશમાં સંસ્કૃત શ્લોકો અને બંગાળી ગાળોનો બનેલો ભીષણ કોલાહલ ઊભો થયો. શાસ્ત્રો અને ગાળોના એ મૂશળધાર વરસાદમાં આ બ્રાહ્મણવીરે વિજયી બની વિધવાવિવાહને શાસ્ત્રસંમત સિદ્ધ કર્યો અને સરકારી કાનૂનથી સ્વીકારાવ્યો. આ સાથે એમણે બાળલગ્નો તેમજ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવા સામે પણ સખત વિરોધ ઉઠાવ્યો હતો. મદ્યપાન-નિષેધની ઝુંબેશનો આરંભ પણ એમણે જ કર્યો હતો.

શિક્ષણક્ષેત્રમાં પણ એમનું કાર્ય ગૌરવવંતું છે. સંસ્કૃત કૉલેજની ઉક્ત કારકિર્દી તો એક ઉજ્જ્વળ પ્રકરણ છે જ. એ ઉપરાંત પોતાના વતનમાં એમણે એ જમાનામાં એક કન્યાશાળા અને એક અંગ્રેજી શાળા સ્થાપી હતી. બહારગામથી આવનાર છાત્રોનાં ભોજન તેમજ પુસ્તકની વ્યવસ્થા પણ પોતે જ કરતા. ગામના ખેડૂતો, શ્રમજીવીઓ ને એમનાં બાળકોને અક્ષરજ્ઞાન આપવા એમણે એક રાત્રીશાળા પણ સ્થાપેલી અને જ્ઞાનવિસ્તાર સારુ પુસ્તકો સુલભ થઈ રહે તેટલા માટે એમણે રૂપિયા ૬૦૦નું દેવું કરીને 'સંસ્કૃત યંત્ર' નામે એક છાપખાનું પણ શરૂ કરેલું.

પણ સર્વ કરતાં સૌથી મહત્ત્વનું પ્રદાન તો છે એમણે સ્થાપેલું 'મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યુશન'. અતિ શ્રમ અને શ્રદ્ધાથી એઓ આ સંસ્થાનું સંચાલન કરતા. દેવું કરીને એમણે સંસ્થાનું મકાન પણ ઊભું કર્યું. એ દેવા પેટે એમણે પોતાની સર્વ સ્થાવર જંગમ મિલકત લખી આપી હતી! વસ્તુતઃ એ સંસ્થા એમના પ્રાણ સમાન બની ગઈ હતી. કવિવર ટાગોરે લખ્યું છે: 'બંગાળીના પોતાના પ્રયત્નથી અને તેના પોતાના જ કબજા હેઠળ ઉચ્ચ શિક્ષણ માટેની કોઈ કૉલેજ સ્થપાઈ હોય તો તે આ પહેલી. દેશમાં અંગ્રેજી શિક્ષણને સ્વતંત્રપણે સ્થાપી કરવાના પાયામાં આ પહેલો પથ્થર વિદ્યાસાગરના હાથે નંખાયો. જે પોતે દરિદ્ર હતા તે દેશના મુખ્ય દાતા બન્યા. જેણે લોકાચારનું રક્ષણ કરવા બ્રાહ્મણ પંડિતના ઘરમાં જન્મ લીધો હતો તેણે લોકાચારના એક મજબૂત બંધનમાંથી સમાજને મુક્ત કરવા ભયાનક સંગ્રામ ખેડયો. અને સંસ્કૃત શિક્ષણમાં જેના અધિકારને સીમા નહોતી તે જ પુરુષ અંગ્રેજી શિક્ષણનાં ઊંડાં મૂળ સ્વદેશની ધરતીમાં રોપી ગયો."

લોકસેવામાં પણ વિદ્યાસાગર કદી પાછા પડયા નહોતા. ઈ.સ. ૧૮૬૭માં બંગાળમાં અનાવૃષ્ટિ થઈ ત્યારે એમણે પોતાના વતન વીરસિંહમાં સાર્વજનિક રસોડું ખોલ્યું હતું. રાત અને દિવસ રસોઈ થતી રહે અને ૪૦૦થી પણ વધુ અસરગ્રસ્ત લોકો ત્યાં ભોજન લે. સહુને એ જાત દેખરેખ નીચે પેટ ભરીને ખવડાવતા. આથી જ લોકોએ એમને 'દયાસાગર'ના બિરુદથી નવાજેલા ને! ઈ. સ. ૧૮૬૯માં વર્ધમાન જિલ્લામાં મલેરિયા ફાટી નીકળેલો. અનેક પડોશી મુસલમાનો આ રોગનો ભોગ થઈ પડેલા ત્યારે વિદ્યાસાગરે એ રોગીઓની જાતે સારવાર કરેલી એટલું જ નહિ, પણ ઔષધ અને રોકડ રકમની યે મદદ કરેલી. દીન-દુખિયાં-દેવાદારોને એઓ નાતજાત કે ઊંચનીચના ભેદભાવ વગર અર્થ, ઔષધ અને આશ્વાસન આપતા. ઈ. ૧૮૬૩-૬૪માં માઈકલ મધુસૂદન દત્ત નામક કવિ યુરોપના પ્રવાસે જતાં વચ્ચે દ્રવ્યાભાવે મુશ્કેલીમાં મુકાઈ ગયા. કોઇએ એમને મદદ ન કરી ત્યારે એક ઇશ્વરચંદ્રે જ દેવું કરીને રૂપિયા ચાર હજારની માતબર રકમની મદદ કરી અને એમનો બૅરિસ્ટરીનો અભ્યાસ પૂરો કરાવ્યો. પણ આમાં વિશેષ આશ્ચર્યની વાત તો એ છે કે એ વખતે તો પોતે નોકરી વગરના અને દેવાદાર હતા જ! એમની માનવતાનું આથી વિશેષ ઉત્કૃષ્ટ ઉદાહરણ જડવું દુર્લભ છે. આ રીતે એઓ તન, મન અને ધનથી લોકોની સેવા કરી છૂટવામાં પોતાના જીવનનું સાફલ્ય માનતા.

આવા પરોપકારના બદલામાં એમને તો જોકે સદા પરિતાપ જ સાંપડેલો. છતાંય એ ઉદારચરિત પુરુષે પોતાની દેવી (અનુસંધાન પૃ. ૪૨૯)

કાકાસાહેબ કાલેલકરનાં
કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૨ નવી દુનિયાનો સાક્ષાત્કાર

નાનપણથી મેં અનેક મ્યૂઝિયમ (સંગ્રહાલયો) જોયાં હતાં. દેશી રાજાઓની રાજધાનીમાં એકાદ સરસ સંગ્રહાલય હોવાનું જ. મને એમાં ખૂબ રસ પડતો. સામાન્ય જ્ઞાનને માટે, વિવિધ વસ્તુઓના સંગ્રહો પ્રેરક હતા જ. ઉપરાંત સ્થાનિક કલા-કૌશલ્યનું એકત્ર દર્શન પણ કેળવણીની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું. મેં પહેલવહેલું મ્યૂઝિયમ જોયું સાવંતવાડીનું અંદર જતાંવેંત, જાણે એક વ્યવસ્થાપક પોતાનું કાર્યાલય રૉફભેર ચલાવતો હોય એવી જાતનું એક પૂતળું ઊભું કરેલું હતું. માએ એને સાચો માણસ માની એની આગળ જતાં પોતાની સાડી ઠીકઠાક કરીને તરત સંભ્રમ બતાવ્યો અને પાછળથી જ્યારે જોયું કે આ તો માણસનું પૂતળું છે ત્યારે હસી પડી. એ ચિત્ર આજે પણ નજર આગળ મ્યૂઝિયમના બાવલા જેટલું જ સ્પષ્ટ અને તાજું છે. સાવંતવાડી એટલે લાકડા ઉપર રંગબેરંગી લાખનું કામ કરી સુંદર સુંદર વસ્તુઓ તૈયાર કરવાનું કેન્દ્ર. ત્યાં એ કામ ઘણું જોયું.

એવી જ રીતે મિરજ, સાંગલી, રામદુર્ગ, જત, મુધોળ આદિ ઠેકાણે દરબારી સંગ્રહાલયો જોએલાં, એટલે મુંબાઈમાં એક મોટું પ્રદર્શન ભરાયું હતું તે જોવા જતાં ત્યાં શું શું જોવા મળશે એની કાંઈક તો અપેક્ષા હતી જ. મુંબાઈ શહેર મારે માટે નવું હતું. એનો વિસ્તાર, એનો વૈભવ એ બધું ચકિત કરે એવાં હતાં. પણ પ્રદર્શન આવડું મોટું વિસ્તીર્ણ હશે અને એમાં સંસ્કૃતિની દૃષ્ટિએ અને પરદેશથી આવતા પદાર્થોની વિવિધતાની દૃષ્ટિએ જોવાની આટલી બધી વિપુલતા હશે એની કલ્પના નહિ. કેશુ અને હું પ્રદર્શનમાં ખૂબ ફર્યા. ત્યાં જ જે કાંઈ મળતું હતું તે લઈને ખાધું. અને મને થયું કે ખરેખર 'સૃષ્ટિચી વિવિધતા પાહું' એ સંકલ્પ આજે પૂરો થયો.

ઈ. ૧૯૦૩ના એ પ્રદર્શનમાં સ્વદેશી ઉદ્યોગહુન્નરને ખાસ પ્રોત્સાહન આપવાની દૃષ્ટિ હતી નહિ. સ્વદેશી કે વિદેશી કશા ભેદ વગર જીવનનાં અસંખ્ય ક્ષેત્રોમાંથી આકર્ષક વસ્તુઓ વીણીવીણીને ત્યાં ગોઠવી હતી. અને આજે એનું સ્મરણ કરું છું ત્યારે લાગે છે કે એ પ્રદર્શનના વિદેશી કંપનીઓએ ઘણો લાભ લીધો હશે. આપણે ત્યાંના વેપારીઓ કિસમ-કિસમના વિદેશી માલ મંગાવી મોટીમોટી દુકાનો ચલાવતા હતા. એમને માટે આ પ્રદર્શન ઘણું જ પ્રેરક અને પ્રોત્સાહક હતું.

બજારમાંથી જાતજાતની વસ્તુઓ ખરીદીને વગર સંકોચે ખાવાનો મારે માટે આ પહેલો જ પ્રસંગ હતો. મને આવી બજારુ વસ્તુ ખાતાં નાનપણથી જ ઘણો સંકોચ અને મારા મોટા ભાઈ કેશુને એનો ઘણો ઉત્સાહ; એટલે તે દિવસે કેશુને માટે મોટી ઉજાણી અને મારે માટે ભ્રષ્ટ થયાનો કાંઈક પસ્તાવો. (છતાં અમે ન ખવાય એવી માંસ જેવી કોઈ વસ્તુઓ ખાધી ન હતી. મને ખયાલ છે ત્યાં સુધી પ્રદર્શનમાં માંસાહારની કોઈ વસ્તુઓ મુકાએલી પણ ન હતી.)

ચાર વર્ષ પછી દેશમાં સ્વદેશીનું વાતાવરણ જોશભેર ફેલાયું. ત્યાર પછીનાં પ્રદર્શનો સાવ નોખાં. એ પ્રદર્શનો જોઈ દેશની કારીગરી કેટલી બધી તૂટી ગઈ છે અને જૂના વખતમાં આપણે ત્યાં કેટલી બધી કારીગરી ખીલેલી હતી એનું ચિંતન મનમાં ચાલતું. ઈ. ૧૯૦૩ના અંતમાં ભરાએલા આ મુંબાઈના પ્રદર્શનમાં એવા ચિંતનને અવકાશ જ ન હતો. કળાયુક્ત વસ્તુઓનું આકર્ષણ અને એમની વિવિધતાનો ચમત્કાર એટલું જ આ પ્રદર્શનમાં જોયું. મનોમંથનની દૃષ્ટિએ સ્વદેશીની જે પ્રેરણા મળવાની હતી તેનો અહીં ઉદય પણ થયો ન હતો. રાજાઓની રાજધાનીઓમાં જૂના વખતનાં લડાઈનાં હથિયારો જોવા મળતાં. એવાં હથિયારો અહીં જોયાનું સ્મરણમાં નથી. આજે અનુમાન કરું છું કે એ પ્રદર્શન ગોઠવ્યું હશે મુંબાઈના નેતાઓએ જ, પણ એની પાછળ પ્રેરણા હશે વિદેશી વેપારીઓની અને સરકારી અમલદારોની.

૩ ક્લબ જીવનનો પ્રારંભ

એ જમાનામાં કૉલેજો તો મુંબાઈ અને પૂનામાં જ હતી. બેલગામ કે સાંગલીમાં હાઇસ્કૂલથી આગળ કેળવણીનો ફેલાવો થયો જ ન હતો. મરાઠી બીજી તો હું પૂનામાં જ ભણેલો, એટલે પૂનાની શેરીઓ, પૂનાની મંડઈ (બજાર), મૂળા-મૂઠા નદીના સંગમ, બુધવાર ચોક, ફરાસખાના વગેરે સ્થાનોની કલ્પના મને હતી. પાર્વતીનું મંદિર જોયાનું પણ સ્મરણ હતું.

પણ મૅટ્રિક થઈ કૉલેજની હોસ્ટેલમાં જઈને રહેવાનો અનુભવ સાવ નવો. કેશુ તે વખતે મારી સાથે કેમ ન હતો તે યાદ નથી આવતું. કૉલેજ શરૂ થવાને આઠદસ દિવસની વાર હશે. હોસ્ટેલમાં અમુક ક્લબો જેમ-તેમ ચાલતી. એક રસોઇયો, એક નોકર, બેત્રણ સભ્યો. હું દાખલ થયો ત્યારે સેક્રેટરીએ કહ્યું કે તમને ક્લબના મેમ્બર તરીકે દાખલ કર્યા છે એટલે ખાધાખર્ચ દરેકને ભાગે આવે તે તમારે આપવાનો રહેશે. મેં હા પાડી. એની પાછળ ચાલબાજી છે એ તે વખતે મારા ધ્યાનમાં ન આવ્યું.

ન્યાતના ભેદનો અનુભવ મને હતો. મારા પિતાશ્રી અંગ્રેજ સરકારના પ્રતિનિધિ થઈ દેશી રાજ્યોમાં ફરતા તેથી અમારી પ્રતિષ્ઠા વધારે. એટલે ન્યાતજાતનાં અપમાન તે ઠેકાણે અમને નડતાં ન હતાં. જોકે મિરજમાં સરકારી ઉતારામાં માનીતા મહેમાન તરીકે રહેવા ગએલા ત્યારે થએલું અપમાન મેં એક ઠેકાણે લખી રાખ્યું છે.

ક્લબમાં જમવા ગયો ત્યાં મેં ધીમે રહીને એક ભાઈને કહ્યું: 'હું ન્યાતે સારસ્વત બ્રાહ્મણ છું. કોંકણસ્થ અને દેશસ્થ બ્રાહ્મણો અમને પોતાની પડખે બેસવા દેતા નથી. અલગ બેસવું પડે છે. એવો નિયમ અહીં તો નથી ને?' એણે ઉત્સાહમાં આવીને કહ્યું: 'ના રે, આ તો કૉલેજ છે. અહીં ન્યાતજાતના ભેદ નથી.' મને થયું કેટલો ઉદારવૃત્તિનો માણસ છે! પણ પાછળથી ખબર પડી કે એ ભાઈ ન્યાતે કાયસ્થ પ્રભુ હતા, બ્રાહ્મણ નહિ. એના કરતાં હું ચડિયાતો હતો. ત્યારે એના જવાબનો જોશ હું સમજી શક્યો.

થોડા જ દિવસમાં ક્લબના જૂના સભ્યો આવવા લાગ્યા. પછી ખાધા-ખર્ચના પૈસા ફાળે પડતા બહુ ઓછા થયા. એટલે ક્લબના સેક્રેટરી મને કહે: 'ક્લબનું કામ હવે રીતસરનું શરૂ થયું છે. તમે હવે ક્લબના મેમ્બર નથી! બહારના મહેમાનો પાસેથી અમે દિવસના અમુક ઊચક પૈસા લઈએ છીએ. એ પ્રમાણે તમારે આપવા પડશે!' આમ મારે વધારે પૈસા આપવાના થયા. સેક્રેટરીની ચાલબાજી હું સમજી ગયો. કૉલેજમાં દાખલ થએલો નવો વિદ્યાર્થી ફરિયાદ કોને કરે? મેં વિચાર કર્યો: જવા દો ધૂળપાપ. કૉલેજમાં ભણતા સંસ્કારી લોકોમાં કેટલી સંકુચિતતા હોય છે એનો અનુભવ આપણે ખરીદ્યો, એમ માનીને મેં પૈસા આપી દીધા.

કૉલેજની ક્લબમાં ન્યાતજાતના ભેદ નથી એ તો હું સમજ્યો હતો; પણ પાંચે ક્લબ ચાલુ થઈ ત્યારે જેમાં હું જમતો હતો એના સેક્રેટરીએ મને કહ્યું: 'તમારે આવતી કાલથી ત્રીજી ક્લબમાં દાખલ થવાનું રહેશે. તમે બેલગામના છો એટલે કર્ણાટકી છો, અમારી ક્લબ મહારાષ્ટ્રી છે.' હું એની સાથે મરાઠીમાં બોલતો હતો. મને કાનડી બોલતાં આવડતું ન હતું. ત્રીજી ક્લબમાં કાનડી લોકો વચ્ચે મને ફાવે એમ ન હતું. પણ મારી એ બધી દલીલો સાંભળે કોણ? મારે ત્રીજી ક્લબમાં જવું પડ્યું. (આ

બિના જો આજે મહારાષ્ટ્ર-કર્ણાટકનાં છાપાંઓમાં છપાય તો કર્ણાટકના લોકો રાજી થવાના કે ૧૯૦૩માં મહારાષ્ટ્રીઓ માનતા હતા કે બેલગામ કર્ણાટકમાં છે; અને મહારાષ્ટ્રીઓ મારા ઉપર ચિડાવાના કે તમે મહારાષ્ટ્રી છો છતાં અમારી સામેની આ જૂની વાત આજે કેમ છાપી?)

આગળ જતાં મારી ઓળખાણ અને દોસ્તી બધી જ ક્લબોના અમુક અમુક લોકો સાથે થઈ ગઈ. અને બીજી ક્લબના લોકોએ મને માનભેર આમંત્રણ આપ્યું કે તમે મહારાષ્ટ્રી છો, અમારી ક્લબમાં આવો. ત્રીજી ક્લબમાં મારા દોસ્તો ન હતા એમ નહિ, છતાં એમણે મને ખુશીથી બીજી ક્લબમાં જવા દીધો. એ જમાનામાં પ્રાંતીય કે પ્રાદેશિક લાભહાનિનો સવાલ ન હતો. ફક્ત બોલવા-ચાલવાની સગવડનો જ સવાલ હતો.

એ દિવસોમાં બીજી ક્લબની પ્રતિષ્ઠા વધારે હતી. એને ઍરિસ્ટૉક્રૅટિક ક્લબ કહેતા. પણ અમે નવા લોકોએ એની એ પ્રતિષ્ઠા તોડી પાડીને એને ડેમૉક્રૅટિક બનાવી.

૪ बुद्धिर् यस्य बलं तस्य

કૉલેજનાં ચાર વર્ષની આઠ ટર્મ્સ ગણાય. દર ટર્મ વખતે ઓરડીઓની નવી વહેંચણી થાય. એ પ્રમાણે હું કઈ કઈ ઓરડીઓમાં રહ્યો હતો એ પણ યાદ છે. અને ઓરડીઓમાં સાથી તરીકે કેવા કેવા વિદ્યાર્થી દોસ્તો મળ્યા હતા એ પણ યાદ છે.

આજે ફરગ્યુસન કૉલેજ માટે કેટલી યે હોસ્ટેલો થઈ ગઈ છે. અમારા વખતમાં એક જ હોસ્ટેલ હતી. એમાં બધા વિદ્યાર્થીઓ સમાય નહિ એટલે એ હોસ્ટેલના દક્ષિણ-પશ્ચિમ ખૂણા પાસે નાની મોટી ઓરડીઓવાળું એકમજલું છાત્રાલય બાંધ્યું હતું. પ્રિન્સિપલ પરાંજપેને નામે એને રઘુનાથ ક્વાર્ટર્સ કહેતા હતા. એમાં પણ હું એક વર્ષ રહ્યો હતો. દરેક વખતની ઓરડીનું વાતાવરણ નોખું. એનાં સંસ્મરણો મઝાનાં. પણ એ બધું તે કેટલુંક લખાય. એક વાર ઉત્તર વિભાગમાં ઉપલે મેડે અમે રહેલા. હવાની દૃષ્ટિએ ઉનાળામાં અને શિયાળામાં એ વિભાગ સુખદાયક હતો. એટલે એને નૉર્થ વિંગ એરિસ્ટૉક્રેસી કહેતા.

સામાન્ય રીતે હું જરા યે તોફાની નહિ, કોઈ પણ કુથલીમાં ભળું નહિ, એટલે મારી પ્રતિષ્ઠા સારી. પણ કોઈ હેરાન કરે તો થોડું વેઠ્યા પછી વેર વાળવાની તૈયારી પણ ખરી. એક વખતે દક્ષિણ બાજુની નીચલી ઓરડીમાં રહેતો હતો. નવા વિદ્યાર્થીઓને નીચલી ઓરડીઓ જ મળે. મારી ઓરડીને મથાળે જે ઓરડી હતી એમાં બે જણ તોફાની હતા. પણ એમની પ્રતિષ્ઠા સારી. કૉલજના ફેલો સાથે એમની દોસ્તી. રાત્રે મારી ઓરડીમાં હું વાંચવા બેસું એ જ વખતે ઉપરના લોકોને તોફાન સૂઝે. ઉપરની ઓરડીની જમીન લાકડાનાં પાટિયાંની, એટલે એ લોકોનો નાચવા-કૂદવાનો અવાજ મને વાંચવામાં નડે.

એક વાર ફેલો પાસે જઈ મેં સાદા શબ્દોમાં ફરિયાદ કરી. મને ભોળો સમજી એમણે કૃત્રિમ સહાનુભૂતિ બતાવી અને મારી ફરિયાદ નોંધી લીધી. એના અવાજમાં, એની આંખોમાં ટીખળ, મશ્કરી અને અનાદરની છટા હું સમજી ગયો. જોયું તો મારી ફરિયાદની કશી અસર થઈ ન હતી. પેલા લોકોનું તોફાન રીતસર ચાલુ જ રહ્યું. એટલે મારી ઓરડીના સાથીને મેં વાત કરી. એ પણ અકળાયો હતો. એ કહે: 'પણ આપણે તો નવા વિદ્યાર્થી. ફરિયાદ કોઈ સાંભળે જ નહિ તો એનો ઇલાજ શો? આટલી નાની બાબત માટે પ્રોફેસર પાસે કેમ જવાય?' મેં કહ્યું: 'હું પણ પ્રોફેસર પાસે જવા માગતો નથી. અને પ્રોફેસર પણ ફેલો જેવા નીવડ્યા તો ઇલાજ શો? यद् यद् आत्मवशम् सुखम् ।'

કૉલેજના તાલીમખાનામાં વિદ્યાર્થીઓને રમવા માટે stilts રાખ્યા હતા. એમાં બે વાંસમાં જમીનથી બે ફૂટ ઊંચે બે પગાં બેસાડેલાં હોય છે. એના પર પગ રાખી એ બાંબુ વડે ચાલવાની એ રમત હોય છે. એવા બે સ્ટિલ્ટ મેં મારી ઓરડીમાં આણીને રાખ્યા. અને જ્યારે ઉપરના છોકરાઓએ આઠ વાગ્યા પછી તોફાન ચલાવ્યું ત્યારે મેં અમારી ઓરડીની છત ઉપર (એટલે તોફાની લોકોની જમીન ઉપર) પેલા બાંબુના છેડા વડે ફટાક ફટાક પ્રહાર કરવા માંડ્યા. પેલા ગભરાઈ ગયા. જે ફેલો આગળ મેં ફરિયાદ કરી હતી એ પણ ઉપરના તોફાનમાં શામિલ હતો. (એની મને પાછળથી ખબર પડી.) મેં જોરજોરથી દસત્રીસ પ્રહાર કર્યા એટલે તોફાન શાંત થઈ ગયું. મેં માન્યું હતું કે બીજે દિવસે મારી સામે ફરિયાદ થશે, અમારી ઓરડીના બંને જણનો દંડ થશે, અને મારો સાથી જો કહે કે મેં કશું કર્યું નથી તો બેવડો દંડ મારે આપવો પડશે. આ બધાંની મેં તૈયારી રાખી હતી. દંડ કરતાં પહેલાં એ લોકો મને પ્રોફેસર પાસે લઈ જાત એમાં મને વાંધો ન હતો. મારે મન એ ઇષ્ટ જ હતું.

બીજે દિવસે ક્લબમાં જમવા જતી વખતે ઉપરના છોકરાઓ મારા મોં પરનો રોફ જોઈ શક્યા. ફેલોએ સમય વર્તી જઈ નક્કી કર્યું કે બધું ગળી જવામાં જ ડહાપણ છે, એટલે એણે દોસ્તોને શાંત પાડ્યા. ત્યાર પછી કોઈ તક્લીફ થઈ નહિ. મેં જો પ્રથમ ફેલો આગળ રીતસર ફરિયાદ કરી ન હોત તો હું વાંકમાં આવત. પણ ટીખળ કરનાર ફેલો જાણતો હતો કે વાંક એ લોકોનો છે. એક-બે દિવસ પછી એ ટોળીના એક ભાઈ મારી પાસે આવ્યા. ડાવકું મોં રાખી એણે મારાં વખાણ કર્યા અને મને કહ્યું: 'ખાત્રી રાખજો કે હવે પછી આવું તોફાન નહિ થાય. મૂંગે મોઢે સહન ન કરનાર વિષે અમારા મનમાં આદર છે.' 'થૅંક યૂ' કહીને મેં વાત પતાવી દીધી.

આ વાત પૂરી કરવા માટે બે વર્ષ પછી જ્યારે હું નૉર્થ વિંગમાં ઉપલી ઓરડીમાં રહેતો હતો ત્યારની એક વાત પણ નોંધી લઉં. ત્યારે કૃપલાની આવીને કોક વાર મારી ઓરડીમાં તોફાન કરે. નીચલી ઓરડીમાંના એક ભાઇએ મારી પાસે આવી સૌમ્યપણે એની ફરિયાદ કરી. મેં એને કહ્યું: 'તમારી અકળામણ હું સમજી શકું છું. મેં એવો અનુભવ લીધો છે.' અને મેં અજમાવેલો ઇલાજ પણ એને કહ્યો. અમે બંને હસી પડ્યા. અને પછી મેં કહ્યું: 'ગુનેગારને હું સમજાવી શકીશ. તમે નચિંત રહેજો.' (ચાલુ)

લાશ

મેં સામે જોયું. એક ચહેરો ઊપસ્યો. કદાચ એ એક લાશનો ચહેરો હતો. નિર્જીવ. કોઈએ એનું હાસ્ય છીનવી લીધું હતું, જીવન ચોરી લીધું હતું.

એના વાળ વસિષ્ઠ જેવા હતા એટલે કદાચ આમ બન્યું હોય!

...એની જીભના ટેરવા પર ગીતાના અક્ષરો ડોકાતા હતા એટલે કદાચ આમ બન્યું હોય!...એની આંખોમાં દેવોએ છુપાવેલું અમૃત હતું તેથી કદાચ આમ બન્યું હોય!...એના ઓષ્ઠ પર વેદનું ઋત આવીને બેસી ગયું હતું તેથી કદાચ આમ બન્યું હોય!...એનો ચહેરો પાંડવો જેવા કર્મની ચાડી ખાતો હતો: એટલે કદાચ આમ બન્યું હોય!

પણ એ હતો લાશનો ચહેરો. બધાએ એનો આનંદ આંચકી લીધો હતો; ઇર્ષ્યાના અગ્નિમાં એને શેક્યો હતો; એના સુખની બધાએ ઉજાણી કરી હતી; જીવન ચોરીને શેષમાં આકાર રહેવા દીધો હતો.

મેં સામે જોયું. સામેના આયનામાં જોયું. એક ચહેરો ઊપસ્યો. કદાચ એ એક લાશનો ચહેરો હતો. કદાચ એ મારો ચહેરો હતો.—કદાચ એ તમારો પણ હોય,—કે પછી કોઈ બીજાનો પણ હોઈ શકે...

લલિતકુમાર શાસ્ત્રી

શેક્સપીઅરનાં નાટકોને પગલે સંસ્કૃત સાહિત્યની શિષ્ટમાન્ય કૃતિઓની વાર્તાંતરમાળા-૪

વિક્રમોર્વશી



ચિ. સંગમનીય મણિ હાથમાં આવતાં જ રાજાને કોઈ અકળ રોમાંચ થયો. સામે પુષ્પવિહીન લતાને જોતાં તેને ઉર્વશીનાં સ્મરણો જાગ્યાં, ને તે ભેટી પડ્યો. એ આનંદસમાધિમાં લતામાં જીવનના ધબકાર લાગતાં આંખ ખોલી તો લતાને સ્થાને તેણે ઉર્વશીને જોઈ! (આ પ્રસંગના આ અંકમાં અન્યત્ર આપેલા શ્રી વાસુદેવ સ્માર્તના ચિત્રનો મૂળ સ્કેચ.)

પ્રો૦ ડૉ. મધુસૂદન પારેખ

'બચાવો, બચાવો! કોઈ બચાવો!'

વાતાવરણમાં ભયની તીણી ચીસો વ્યાપી ગઈ. સૂર્યની પૂજા કરી નગરમાં પાછા ફરી રહેલા રાજા પુરુરવાએ આ આર્તનાદ સાંભળ્યો. તે ચમક્યો ને મદદ માટે અવાજની દિશામાં ધસી ગયો. કેટલીક અપ્સરાઓ હાહાકાર કરી રહી હતી. રાજાએ તેમને ભયનું કારણ પૂછ્યું. એ અપ્સરાઓની પ્રિય સખી ઉર્વશી કુબેરભવનથી પાછી ફરતી હતી ત્યાં કેશી નામના અસુરે અવકાશમાં તેની સખી ચિત્રલેખા સાથે તેનું અપહરણ કર્યું હતું. પુરુરવાએ તત્કાળ કેશી રાક્ષસનો પીછો કર્યો. ઉર્વશીને ઉગારી. ભયથી એ બેશુદ્ધ બની ગઈ હતી. પુરુરવાની મૃદુ માવજતથી અને સખીઓની આસનાવાસનાથી ઉર્વશી ભાનમાં આવી. તેનાં વિશાળ નેત્રો ઊઘડ્યાં અને સામે બેઠેલા પુરુરવાના સશક્ત આકર્ષક દેહ પર જડાઈ ગયાં. ઉર્વશીની સખી ચિત્રલેખાએ તેને દિલાસો દેતાં કહ્યું: 'સખી, બીશ મા. રાજર્ષિ પુરુરવાએ રાક્ષસના પંજામાંથી આપણને ઉગાર્યાં છે.'

ઉર્વશી આ તારણહાર પર મોહ પામી ગઈ. એના પૌરુષભર્યા દેહ એના હૃદયમાં અંકાઈ ગયો. એનું હૃદય પ્રસન્નતાના ઉદ્ગાર કરી રહ્યું: 'દાનવોએ તો મારું અપહરણ કરીને મારા પર મોટો ઉપકાર કર્યો!'

રાજા પણ ઉર્વશીના રૂપથી ચંચલ બની રહ્યો. ઉર્વશીની લજ્જાએ તેના અનુરાગને ઉત્કટ કરી મેલ્યો. પણ સુખની આ ક્ષણો જોતજોતાંમાં વીતી ગઈ. ગંધર્વોનો રાજા ચિત્રરથ ત્યાં આવી રહ્યો. ઉર્વશી ઇન્દ્રની માનીતી અપ્સરા હતી. પુરુરવાએ અસુરથી તેને ઉગારીને ઇન્દ્ર પર ઉપકાર કર્યો હતો. ચિત્રરથે ઇન્દ્રદેવ વતી રાજા પુરુરવા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરી અને ઉર્વશી તેમજ અન્ય અપ્સરાઓને ઇન્દ્ર પાસે લઈ જવાની રજા માગી—અને અપ્સરાવૃંદને લઈને તે ત્યાંથી નીકળ્યો.

ઉર્વશી વિકળ બની ગઈ. વળીવળીને એનાં નેણ પુરુરવાનું પુનઃદર્શન કરી રહ્યાં. અચાનક એની વૈજયન્તીમાળા લતાની ડાળમાં ભરાઈ! એણે ચિત્રલેખાને રોકી: 'સખી ચિત્રલેખા, જરાક મને મદદ કર—આમાંથી મુક્ત કર.' ઉર્વશીના મનોભાવ પામી ચૂકેલી ચિત્રલેખાએ સસ્મિત ટકોર કરી: 'ખરી લપટાઈ છે; હવે કેવી રીતે મુક્ત કરું?'

પુરુરવા માટે આ ક્ષણો પ્રેરણારૂપ બની રહી. બંનેનું તારામૈત્રક રૂડી પેરે સધાઈ ગયું. હૃદય હૃદયને પામી ગયું.

ઉર્વશી ગઈ ત્યારથી પુરુરવાનો પરિતાપ વધી ગયો. એનાં રોમેરોમ ઉર્વશીને ઝંખી રહ્યાં. મનસિજની પીડા ઓછી કરવા માટે તેણે આ પ્રેમની વિશ્રમ્ભકથા અંગત મિત્ર આર્ય માણવકને કહી. એ રાજાનો આશ્રિત અને અલ્પ મતિનો હતો. પુરુરવા-ઉર્વશીની વિશ્રમ્ભકથા તેના હૃદયમાં ઉછાળા મારી રહી. સૂર્યપૂજા કરીને પાછા ફરેલા રાજાનો અજંપો તેની ચતુર રાણી ઔશીનરીથી અજાણ્યો ન રહ્યો. કોઈકનું કામણ એ જ કારણ છે એ રહસ્ય તે તરત પામી ગઈ. પરંતુ એ કામણગારી કામિની કોણ હશે! ઔશીનરીએ એનો તાગ પામવાનો નિશ્ચય કર્યો. આર્ય માણવક છીછરો હતો, રાજાનો સર્વેસર્વા હતો. પતિના હૃદય-ભેદની ચાવી એની પાસેથી ન મળે તો બીજે ક્યાંથી મળે! તેણે નિકટની એક સેવિકા નિપુણિકાને સાધી. તે માણવકને મળી. નિપુણિકાને જોતાં જ રાજાની રહસ્યકથા તેના અંતરમાં ઊછળવા માંડી. નિપુણિકાએ તક સાધીને તેને માર્મિક પ્રશ્ન કર્યો: 'આર્ય, આ રાજાજીને થયું છે શું? જે સ્ત્રીએ તેમને ઉત્કંઠ કર્યા છે તે સ્ત્રીનું નામ દઈને તેમણે રાણીજીને સંબોધ્યા!'

આર્ય માણવકના હૈયાની વાત ઊછળી આવી: 'અરે! શું તેમણે ઉર્વશીના નામથી રાણીજીને બોલાવ્યાં! રાજાજી સાચે જ કામાતુર બની ગયા છે. એ અપ્સરાએ તેમના ચિત્તને કેવું વિહ્વળ બનાવી મૂક્યું છે!'

મિત્ર માણવકની સાથે ઉર્વશીના રૂપની સ્તુતિ કરતો પુરુરવા પ્રમદવનના ઉદ્યાનમાં વિશ્રામ લેતો હતો. ઉર્વશીનો યેનકેન પ્રકારે પુનઃ મેળાપ કરાવી આપવા કોઈક યુક્તિ વિચારવાની તેને વિનંતી કરતો હતો. એ સમયે જ અવકાશમાં અદૃશ્ય રૂપે ઉર્વશી અને ચિત્રલેખા ઉપસ્થિત થયાં. પુરુરવા ઉર્વશી વિના તરફડતો હતો. ઉર્વશીનો જીવ તેના વિના ઝૂરતો હતો. ચિત્રલેખા એની ગત પામી ગઈ હતી. એથી તે સખીને પૂછી રહી: 'પુરુરવા પાસે અભિસારે જવા નીકળી છે?' ફિક્કું સ્મિત કરતી તે કહી રહી: 'એ નિર્લજ્જ વ્યવસાય કરી રહી છું, બીજું શું?'

'પહેલાં કોઈ સંદેશાવાહક મોકલ્યો હતો?' 'હૃદયદૂત.'

'ત્યારે સાહસ કરતાં પહેલાં બરાબર વિચાર કર, આવા કાર્યમાં અધીરાઈ ઉચિત નહિ.'

'કામદેવ પ્રેરી રહ્યો છે—બીજો વિચાર શો કરું?'

ચિત્રલેખા આ ઉત્તર સાંભળી મૌન થઈ ગઈ. એના સાથમાં પ્રિયતમ પુરુરવાને શોધતી ઉર્વશી પ્રમદવનમાં આવી પહોંચી. ચિત્રલેખાની દૃષ્ટિ

રાજા પર પડી : 'અરે, જો જો ! ચંદ્ર કૌમુદીની જ પ્રતીક્ષા કરી રહ્યો છે ને શું !'

ઉર્વશી પુરુરવાના દર્શને મોહિત બની ગઈ: 'સખી, પ્રથમ દર્શન કરતાં પણ આ દર્શન વિશેષ રમણીય લાગે છે.' બંને સખી 'તિરસ્કરિણી' કળાથી અદૃશ્ય રહીને પુરુરવાના મનોભાવ જાણવા ઉત્સુક બની રહી.

આર્ય માણવક સહસા બોલી રહ્યો: 'જડ્યો, જડ્યો, તમારી પ્રેમિકા સાથે તમારો સમાગમ થાય તેવો ઇલાજ જડ્યો!'

રાજા આતુરતાથી બોલી ઊઠ્યો : 'સત્વરે બોલ...મિત્ર!'

મિત્ર કહે : 'નિદ્રાનું સેવન કરો એટલે સ્વપ્નમાં સમાગમ થશે; યા તો એવી એ ઉર્વશીનું ચિત્ર દોરી તમારાં નયનોને તૃપ્ત કરો.'

રાજાનો આવેગ નરમ પડી ગયો : 'મિત્ર, એકે ઉપાય ઉચિત નથી. કામદેવના બાણથી ઘાયલ હૃદય નિદ્રાસુખ ક્યારે પામવાનું હતું? અને પ્રિયાનું ચિત્ર આલેખતાં જ મારાં નયન અશ્રુભીનાં થશે ત્યાં હું એ ચિત્ર નીરખવાનો લહાવો પણ શી રીતે માણવાનો? ઓહ! ઉર્વશી મારી આ તીવ્ર વિરહવેદના જાણતી નથી; અથવા તો જાણ્યા છતાં મારી ઉપેક્ષા નહિ કરતી હોય?' આ સાંભળતાં, ઉર્વશીને અંતરમાં ચીરો પડ્યો. 'અરેરે, મારી વેદના હું કેમ વ્યક્ત કરું? પ્રકટ થવાનું સામર્થ્ય નથી... પરંતુ આ ભૂર્જપત્ર પર મારું હૃદય આલેખું...'

ભૂર્જપત્રમાં બિડાએલું ઉર્વશીનું અંતર રાજાએ ઉકેલ્યું : 'હે સ્વામિન્, તમે મને જોયા-જાણ્યા વિના કઠોર કલ્પી અન્યાય કરશો? પારિજાતની શય્યામાં નન્દનવનનો પવન પણ મને પીડાકારી થયો છે.'

પુરુરવા પ્રિયાનો પત્ર વાંચી પરિતૃપ્ત થયો : 'હાશ, હવે સમાગમનો આહ્લાદક અનુભવ થયો!' આર્ય માણવકે તરત ટકોર કરી. 'અરે મિત્ર, આ તો માત્ર પુષ્પદર્શન થયું; ફળ ક્યાં?'

અને તે સાથે જ ઉર્વશીના સંકેતથી 'તિરસ્કરિણી' દૂર કરીને ચિત્રલેખા પ્રકટ થઈ. રાજા ઉલ્લાસિત થયો. પણ સખી વિનાની એને એકલી જોઈ તે થોડો નિરાશ થયો : 'આ તો અધૂરું દર્શન!'

ચિત્રલેખાએ તરત મર્મવાણી ઉચ્ચારી : 'મહારાજ, પહેલાં મેઘ-સમૂહ, પછી વિદ્યુત-રેખા!' ને તેણે ઉર્વશીના પ્રેમાતુર હૃદયને રાજા સમક્ષ પ્રકટ કરવા માંડ્યું : 'મહારાજ, અસુરના ત્રાસમાંથી આપે તેની રક્ષા કરી; હવે ફરી વાર તે આપના શરણે છે.'

પુરુરવા આતુરપણે ઉચ્ચારી રહ્યો : 'તારી સખી પ્રેમજળ વિના તરફડે છે, પરંતુ મારી કામવેદના હું કોને કહું? ઉર્વશી માટે મારું પ્રાણ-પંખી કેવું તલસે છે તેની તું જ સાક્ષી થજે. બંને હૈયાં અન્યોન્ય ક્યારે ગૂંથાશે?' ચિત્રલેખા રાજાની વિકળ વાણીથી વિગલિત થઈ ગઈ અને સહસા તેણે ઉર્વશીને રાજા સમક્ષ પ્રકટ કરી દીધી. સખીની આ ધૃષ્ટતાથી ઉર્વશી કંપી, લજવાઈ ગઈ, રાજાએ પ્રેમપૂર્વક તેનો હસ્ત ગ્રહ્યો. ઉર્વશી પુરુરવાના સાન્નિધ્યની ક્ષણો મનભર માણી રહી.

પરંતુ ઉર્વશીને ઇન્દ્રના દરબારમાં નૃત્ય માટે જવાનું હતું તેની ચિત્રલેખાએ યાદ આપી. ઉર્વશીને વિયોગ વસમો લાગ્યો. પરંતુ દેવાજ્ઞાનો લોપ કેમ થાય? ભારે હૈયે તે વિદાય થઈ, પુરુરવાના પગ તળેથી ધરતી સરી ગઈ!

માણવકના હાથમાંથી ભૂર્જપત્ર સરકીને ક્યાંક ઊડી ગયું. રાજા મિત્રની આવી બેદરકારીથી ખિન્ન બની ગયો. ઉર્વશીના વિયોગમાં એ ભૂર્જપત્ર જ તેના હૃદયનો વિસામો હતો, તે પણ ગયો. રાજા શોકાતુર હતો તે સમયે નિપુણિકા સાથે તેની રાણી તેને શોધતી પ્રમદવનમાં આવી રહી હતી. નિપુણિકાએ તેને પુરુરવાના એક અપ્સરા સાથેના પ્રેમની વાત કહી ત્યારથી તે સચિંત અને શંકાશીલ બની હતી. પતિને શોધતી તે ઉદ્યાનમાં પ્રવેશી ત્યાં માણવકના હાથમાંથી સરકેલું ભૂર્જપત્ર તેનાં ચરણમાં અટવાયું. નિપુણિકાએ તેમાં કંઈક રચના જોઈ. તેને શંકા થઈ. તેણે ભૂર્જપત્ર ઉપાડ્યું અને ઔશીનરીની આજ્ઞાથી તેમાં કરેલી રચના વાંચી. પતિના પરકીય પ્રેમ વિષે હવે ઔશીનરીને શંકા જ ન રહી. રાજા અને તેનો મિત્ર માણવક એ પ્રેમપત્રની શોધ કરી રહ્યા હતા, ત્યાં જ તેણે પતિ પાસે સહસા પ્રગટ થઈને કહ્યું : 'આર્યપુત્ર, શોકાતુર ન બનશો. આ રહ્યું તમારું ભૂર્જપત્ર!'

રાજા છોભીલો પડી ગયો : 'દેવી, અમે એ પત્ર શોધતા નથી... રાણીને ખૂબ રોષ ચડ્યો : 'કશો વાંધો નહિ, આપનો અપરાધ નથી હું જ અપરાધિની છું કે આપને અણગમતી છતાં આવીને ઊભી છું!

રાણી આમ ક્રોધ કરી તેની સખી નિપુણિકાને લઇને ચાલી ગઈ. રાજા રંજિત થઈ ગયો. માણવકને મજાક સૂઝી : 'મિત્ર, ડહોળાએલી નદી જેવાં અપ્રસન્ન થઇને રાણી વહી ગયાં!'

ઉર્વશી નૃત્ય માટે ઇન્દ્ર સમક્ષ ઉપસ્થિત થઈ, પરંતુ તેનું હૃદય શૂન્ય-વત્ બની ગયું હતું. પુરુરવાનું જ રટણ તેના રોમરોમમાં ચાલી રહ્યું હતું. ઉર્વશી લક્ષ્મીનું પાત્ર ભજવી રહી હતી. પરંતુ તેની દૃષ્ટિ સમક્ષ સોહામણો પ્રેમી પુરુરવા તરવરી રહ્યો હતો. નાટક ચાલતું હતું, ઉર્વશી અભિનય કરતી હતી, પણ તેનું ચિત્ત ડામાડોળ હતું. અપ્સરા મેનકા વારુણીનું પાત્ર ભજવતી હતી. તેણે સખીભાવે ઉર્વશીને પૂછ્યું : 'સખી, વિષ્ણુ તથા અન્ય દેવો એકત્ર થયા છે... તારો પ્રેમભાવ કોના પર ઢળ્યો છે...?'

ઉર્વશીના હૈયામાં જે પુરુષ હતો તેનું નામ અનાયાસે જ હોઠ પર આવી ગયું. તે બોલી ઊઠી : 'પુરુરવા!'

'પુરુષોત્તમ'ને બદલે 'પુરુરવા'નો નામોચ્ચાર સાંભળી નાટ્યાચાર્ય કોપી ઊઠ્યા. નાટકની રંગત આ નટીએ બગાડી મેલી. તેમણે ઉર્વશીને શાપ દીધો : 'સ્વર્ગમાંથી સરીને પૃથ્વી પર પડજે—તું એને જ પાત્ર છે.'

પરંતુ ઇન્દ્ર ઉર્વશીનું અંતર ઓળખી ગયા. પુરુરવાએ પોતાના પર કરેલો ઉપકાર ઇન્દ્રના સ્મરણમાં જ હતો. તેમણે શાપનું મારણ શોધ્યું અને ઉર્વશીને કહ્યું : 'તારો પ્રેમ જ્યાં બંધાયો છે ત્યાં તું જજે... અને તારા પુત્રનું પુરુરવા મુખદર્શન કરે ત્યાં સુધી તારો પૃથ્વી પર વાસ થશે.'

રાણી ઔશીનરી પુરુરવા પાસેથી ક્રોધ કરીને ચાલી ગઈ, પરંતુ તેના કુલીન સ્વભાવને પાછળથી કષ્ટ થવા માંડ્યું. પતિને પ્રસન્ન કરવા તેણે રોહિણીના સંગમાં ચંદ્રદર્શનનું વ્રત કર્યું અને એ નિમિત્તે પતિને મહેલ-ની અગાશીમાં નિમંત્ર્યા. પુરુરવા અગાશીમાં મિત્ર માણવક સાથે ઉર્વશી વિષેની તીવ્ર પ્રેમોર્મિ પ્રકટ કરી રહ્યો હતો તે જ વખતે સ્વર્ગમાંથી શાપિત બનેલી ઉર્વશી એની સખી ચિત્રલેખા સાથે 'તિરસ્કરિણી'થી અ-પ્રકટપણે ત્યાં ઉપસ્થિત હતી. રાણી ઔશીનરી ત્યાં આવી પહોંચી. વ્રતને કારણે એનું ચિત્ત પ્રસન્ન હતું. પતિ માટે તેના અંતરમાં ઉમળકો પ્રકટ્યો હતો. આકાશમાં રોહિણી અને ચંદ્રનો સમાગમ રચાયો હતો. આકાશિકામાં (અગાશીમાં) રાણી અને પુરુરવાનો મધુર મેળાપ રચાયો હતો. પુરુરવાએ ઔશીનરીનો હસ્ત ગ્રહી તેને પોતાની સમીપ બેસાડી. ઉર્વશી રાણીનું રૂપ જોઈ રહી; ચિત્રલેખા સમક્ષ ઉચ્ચરી રહી : 'ઇન્દ્રાણી કરતાં ય વિશેષ રૂપાળી રાણી છે...'

પુરુરવાએ પ્રેમથી રાણીને પૂછ્યું : 'દેવી, આ વ્રતનું નામ શું?'

રાણી સંકોચ પામી; પરંતુ નિપુણિકાએ તરત ઉત્તર આપી દીધો : 'મહારાજ, "પ્રિય-અનુપ્રસાદન"–એ નામનું વ્રત છે.'

પુરુરવા રાણીને નીરખી રહ્યો. તેના પ્રત્યે તેનામાં પ્રેમનો ઉમળકો ઊછળ્યો : 'હે કલ્યાણી, આ કઠોર વ્રત કરીને દેહને કષ્ટ આપવાનું કંઈ કારણ? હું સદાય તારે માટે જ ઉત્સુક, તારો જ કૃપાકાંક્ષી, તેને પ્રસન્ન કરવા માટે વળી તારે વ્રત આચરવાનું હોય?'

ઉર્વશીની લાગણી આ ઉદ્ગારોથી જરા ઘવાઈ. મરડમાં તે ચિત્ર-લેખાને કહી રહી : 'રાજાને મારા પ્રત્યે ખૂબ આદર છે એ દેખાઈ આવે છે!'

ચિત્રલેખાએ સ્મિત કરી માર્મિક ઉત્તર દીધો : 'અરે ભોળી, પુરુષ બીજી સ્ત્રીના પ્રેમમાં હોય ત્યારે પોતાની પત્ની સમક્ષ વધુ વિવેકી બનતો હોય છે. એ જ એમની ચતુરાઈ!'

ગમે તેમ પણ પતિનાં પ્રેમાળ વચનોથી સરળ કુલીન ઔશીનરી પ્રસન્ન થઈ ગઈ. રાજા રીઝ્યો તેમાં તેને વ્રતનો જ પ્રભાવ દેખાયો. તેણે પ્રેમપૂર્વક ચંદ્રકિરણોની પૂજા કરી, રાજાનું પૂજન કર્યું અને નમન કરી તેણે સંકલ્પ વ્યક્ત કર્યો: 'આજે રોહિણી તથા ચંદ્રના દિવ્ય યુગલની સાક્ષીએ હું આર્યપુત્રને રીઝવું છું. તેમના હૃદયમાં જે પ્રેયસી વસી છે તેની સાથે હું સદાય પ્રેમભાવથી વર્તીશ.'

રાજાનો મિત્ર માણવક મનમાં મલકી રહ્યો-બબડી રહ્યો: 'માછલું છટક્યું એટલે માછીમાર કહે છે-ચાલો પુણ્ય થયું!'

વ્રતવિધિ પૂરો કરીને રાણી વિદાય થઈ. ઉર્વશી સહજ વ્યથિત થઈ: 'રાજાને તો રાણી વહાલી છે. પરંતુ મારું હૃદય પરવશ પડ્યું છે, શું કરું?'

અંતે તેણે સાહસ કર્યું જ. કોમળ કર વડે તેણે પાછળથી રાજાનાં નયન દાબ્યાં. રાજા આ પરિચિત પ્રેમલ સ્પર્શથી રોમાંચ અનુભવી રહ્યો. તેની ધન્યતાનો પાર ન રહ્યો. ઉર્વશી અને પુરુરવાને પ્રેમાલાપ કરતાં મૂકી ચિત્રલેખા છટકી ગઈ.

ઉર્વશીના સાન્નિધ્યમાં પુરુરવા રાજ્યકારભાર સદંતર વીસરી ગયો. તેની સાથેના વિહારમાં જ એનો સમય વ્યતીત થવા માંડ્યો. જગતનું ભાન ભૂલીને તે ઉર્વશીમય બની ગયો.

એક દિવસ ગંધમાદન વનમાં આનંદવિહાર કરતાં પુરુરવાની દૃષ્ટિ કોઈ ગાંધર્વની કન્યા પર પડી. એના લાવણ્યને તે મુગ્ધ બની નીરખી રહ્યો. તેનું સમગ્ર હૃદય એ કન્યાના સૌંદર્ય પર એકાગ્ર બની ગયું. પુરુરવાનું આ ચાંચલ્ય નીરખી રહેલી ઉર્વશીને ભારે ખટકો લાગ્યો. એના સ્વમાનને તીવ્ર આઘાત લાગ્યો. રોષે ભરાએલી તે રમણી રાજાનો તિરસ્કાર કરી ત્યાંથી ચાલી નીકળી. રાજાને સહસા પોતાની ભૂલ સમજાઈ; તે ઉર્વશીને વીનવતો તેની પાછળ ધસ્યો: પરંતુ ક્રોધ ને સંતાપથી મૂઢ બની ગએલી ઉર્વશી તેની વિનંતીઓને અવગણી કુમારવનમાં અદૃશ્ય થઈ ગઈ.

પુરુરવા ઉર્વશીએ કરેલા તિરસ્કારથી વ્યાકુળ બની ગયો; એના વિરહથી ઉન્માદમાં આવી ગયો. એના હૈયા પર વિયોગની તીવ્ર ચોટ લાગી અને ચિત્ત ઉપરનો અંકુશ તે ગુમાવી બેઠો. ઉર્વશીનું રટણ કરતો, તેને વીનવતો, વિલપતો તે વનવનમાં ભ્રમણ કરી રહ્યો. ઉર્વશી વિષેની વિવિધ ભ્રમણાઓ તેને પજવવા લાગી, મૂંઝવવા લાગી. તે ઉન્મત્ત બની ગયો, સ્થળ-સમયની સુધબુધ ખોઈ બેઠો. બાવરી નજરે ઉર્વશીને શોધી રહેલો પુરુરવા ભ્રમણાની સૃષ્ટિમાં ભટકવા લાગ્યો. સહસા તેની દૃષ્ટિ એક રાક્ષસ પર પડી. એ ઉર્વશીનું અપહરણ કરી નાસતો હતો! 'અરે દુરાત્મા, ઊભો રહે ઊભો રહે' એમ પોકારતો તે ઉન્મત્ત વેગે પર્વતોની દિશામાં દોડવા લાગ્યો. વળી નિરાશ થઈ પૃથ્વી પર પછડાયો. વનમાં મોરને મનપણે નૃત્ય કરતો જોઈ તેનો ઉન્માદ વધ્યો. ઉર્વશીના સમાચાર પૂછવા તે મોરની સમીપ પહોંચ્યો; પરંતુ પ્રિયતમાને નર્તનથી રીઝવવામાં નિમગ્ન બનેલા મોરને રાજાના પ્રશ્નોની શી તમા? મોરનો ગર્વ રાજા જોઈ રહ્યો. દૂરથી કોયલ મધુર ટહુકી. જાંબુડાની ડાળે ઝૂલતી એ પ્રેમની દૂતિકાને ઘેલો પુરુરવા ઉર્વશીના સમાચાર પૂછી રહ્યો. પરંતુ જાંબુના રસ ચૂસતી મદઘેલી કોયલ રાજાના વિરહદુ:ખ પ્રત્યે સમભાવી નીવડી નહિ. સહસા તેની દૃષ્ટિ રાજહંસ પર ઠરી. એ ત્યાં ઉન્માદપૂર્વક ધસી ગયો. ઊંચી ડોકે રાજહંસો રાજવીને નીરખી રહ્યા, પરંતુ રાજાની પ્રેયસીનો પત્તો તેમની પાસે નહોતો. ચક્રવાકયુગલ પણ ચૂપ હતું. ભ્રમરો ભોગમાં લીન હતા, ગજેન્દ્રો જલક્રીડામાં મસ્તાન હતા. પુરુરવાના પ્રશ્નોનો કોઈ પાસે ઉત્તર નહોતો. ઉર્વશીની શોધમાં ઉન્માદમાં પ્રલાપ કરતો, ભ્રમણ કરતો પુરુરવા નદીતટે આવ્યો. નદીને નીરખતાં તેના મનમાં રોમાંચ થયો. તેના હૈયાને કશીક તૃપ્તિ મળી. તેના હૃદયમાં આ તરંગિણીએ તરંગ પ્રેર્યા: 'આ જ મારી પ્રિયા ઉર્વશી તો નહિ? આ તરંગિણીના તરંગ-એ જ મારી પ્રિયાની ભમ્મર! અરે આ જલતરંગ પર ઝૂલતી વિહગમાળા એ જ તો મારી પ્રેયસીની કટિમેખલા! વાંકીચૂંકી વહેતી આ સરિતા, મારા પ્રત્યે વંકાઇને વહી ગએલી મારી પ્રિયતમા ઉર્વશી જ છે.' પુરુરવા ઘૂંટણિયે પડી બે હાથ જોડી નમ્રભાવે પોતાની ભૂલ માટે તેની ક્ષમાયાચના કરી રહ્યો. પરંતુ નદી પાસેથી પણ નિરાશા પામતાં રાજા દિશાશૂન્ય બની ગયો. મૃગલીને ધાવતાં નાનાં મૃગલાંને જોતાં રાજાના મનમાં ચિત્રવિચિત્ર ભાવ જાગ્રત થયા. સમસ્ત પ્રકૃતિ પ્રેમવિભોર હતી, પુરુરવા એકલો જ હૈયાસૂનો હતો.

હતાશ બનેલો તે આગળ ચાલ્યો. ત્યાં પથ્થરની એક ચીરાડમાં સૂર્યના પ્રકાશમાં ઝબકારા મારતો લાલ રંગનો મણિ તેની નજરે પડ્યો. કોઈ અગમ્ય પ્રેરણાથી તેણે તે મણિ ઉપાડ્યો. મણિ તેના હાથમાં આવતાં જ કોઈક અનેરો સુખદ રોમાંચ તેને થવા માંડ્યો. એના ચિત્તમાં આનંદતરંગો ઊછળવા માંડ્યા. એને જીવનની દિશા મળી હોય તેમ તે ઉત્સાહી બની ગયો. સામે પુષ્પવિહીન લતાને જોતાં તેના હૃદયમાં ઉમળકો જાગ્યો. એ લતાએ તેના ચિત્તમાં ઉર્વશીનાં સ્મરણો જગાવ્યાં અને આવેગથી તે લતાને ભેટ્યો... આનંદસમાધિમાં તેણે આંખ મીંચી. લતામાં જીવનનો ધબકાર સાંભળી તેણે નેત્ર ઉઘાડ્યાં—ને લતાને સ્થાને ઉર્વશી ઊભેલી તેણે જોઈ! કદાચ આ સ્વપ્ન સરી જાય એ ભયે તેણે ફરી નેત્રો જોરથી મીંચી દીધાં. પરંતુ ઉર્વશીના દેહનો કંપ તેના અણુઅણુમાં વિદ્યુત પ્રસારી રહ્યો. અશ્રુ સારતી ઉર્વશી ગદ્‌ગદ સ્વરે ઉચ્ચરી રહી હતી. 'મહારાજ, જય હો!'

રાજા ઉર્વશીના પુનર્મિલનનો સ્વર્ગીય આનંદ અનુભવી રહ્યો. ઉર્વશી સમક્ષ પોતાની તીવ્ર પ્રેમોર્મિ પ્રકટ કરતો કહે: 'મૃતને ચેતન, તેમ તું મને પ્રાપ્ત થઈ.' ઉર્વશીએ પોતાનો વૃત્તાન્ત કહ્યો: 'મહારાજ, ક્રોધથી મૂઢ થએલી હું સારાસારનો વિવેક ચૂકી અને કુમારવનમાં મેં પ્રવેશ કર્યો. અને હું લતામાં પલટાઈ ગઈ.'

ચકિત થએલો પુરુરવા બોલી ઊઠ્યો: 'એ શી રીતે?'

ઉર્વશી કહે: 'મહારાજ, ભગવાન કાર્તિકેયે શાશ્વત બ્રહ્મચર્ય સ્વીકારી ગંધમાદન પરના પ્રદેશમાં નિવાસ કર્યો ત્યારથી આ પ્રદેશ સ્ત્રીઓના પ્રવેશ માટે નિષિદ્ધ છે. જે સ્ત્રી એમાં પ્રવેશે તે લતારૂપ બની જાય એવો એમનો શાપ છે. હું મૂઢ બનેલી શાપનો ભોગ બની ગઈ.'

પુરુરવા: 'ત્યારે અસલ રૂપ કોના પ્રતાપે પ્રગટ્યું?'

ઉર્વશી: 'પાર્વતીના ચરણના લાક્ષારંગમાંથી ઉદ્‌ભવેલા મણિ વિના મારું પૂર્વરૂપ પ્રગટે નહિ.' પુરુરવાને હવે રહસ્ય સમજાઈ ગયું. એ આનંદ અને આશ્ચર્યથી ઉદ્‌ગાર કરી ઊઠ્યો: 'ત્યારે આ રક્ત મણિએ જ તારો ને મારો બંનેનો ઉદ્ધાર કર્યો!'

ઉર્વશી અને પુરુરવાના આનંદવિહાર પૂર્વવત્ શરૂ થઈ ગયા. પરંતુ એક પર્વ પ્રસંગે અંત:પુરનો કોઈક સેવક રેશમી વસ્ત્રમાં પેલો મણિ છાબમાં રાખી નદીતટે જતો હતો તે સમયે આકાશમાં ચક્કર લગાવતા ગીધ પંખીએ મણિને માંસનો ટુકડો માનીને ઝડપી લીધો.

રાજાને આ સમાચાર મળતાં જ તે ધનુષ લઇને ગીધનો સંહાર કરવા આવી પહોંચ્યો. લટકતી સોનાની દોરીવાળા મણિને ચાંચમાં ગ્રહીને ગીધ હજુ વર્તુલાકારે અવકાશમાં ઘૂમતું હતું. રાજા મણિના પ્રકાશથી વ્યોમમાં રચાતું તેજવર્તુલ જોઈ રહ્યો, ત્યાં ગીધ તેની દૃષ્ટિમર્યાદાથી દૂર નીકળી ગયું. રાજાનું મન ખિન્ન બની ગયું. આ સંગમનીય મણિએ તો તેની ઉર્વશીની પુન:પ્રાપ્તિ કરાવી આપી હતી. એ મણિ રાજાનો મુકુટમણિ હતો. રાજા શોકમાં ગરકાવ હતો ત્યાં ફરફર ગીધપંખી આકાશમાંથી મુકુટમણિની સાથે પૃથ્વી પર પટકાયું. રાજા ચકિત થઈ ગયો. 'આ કોનું પરાક્રમ? કોના બાણથી વિંધાયું આ પંખી?' કંચુકી તીર લાવ્યો. તેના પર અક્ષરો કોતરેલા હતા: 'ઉર્વશી-પુરુરવાનો પુત્ર આયુષકુમાર!'

પુરુરવાના આશ્ચર્યની સીમા ન રહી. 'ઉર્વશીનો પુત્ર? ક્યાં? ક્યારે?'

લઘુકથા

ઉષા રડી નહિ

રમેશ ત્રિવેદી

ગાડીની વેળા થવા આવી એટલે કલ્યાણીની બાએ હૈયાને કાઠું કરીને કહ્યું: 'લો ઊઠો, નઈ તો મોડું થશે!'

અને ઘરમાં ભરાએલું બૈરામંડળ ઊઠ્યું. સૌ બારણા બહાર નીકળ્યાં. કલ્યાણી લગ્ન પછી પહેલી જ વાર દિવાળી-આણે સાસરે જઈ રહી હતી. પોળમાં રમતી કુમારિકાના શુકન લીધા પછી એણે સૌની સાથે ભારે હૈયે ધીમાં ડગલાં ભરવા માંડયાં. થોડુક ચાલ્યા પછી એણે આજુબાજુ ચાલતાં મોટીબા, બા, કાકી, પડોશમાં રહેતાં મંગળાકાકી, લીનાભાભી સામે જોઈ લીધું. એની આંખો ઉષાને શોધી રહી. ઉષા એની એકમાત્ર સહેલી હતી—બહેનની ખોટ પૂરે એવી. બંને સાથે ઢીંગલા-ઢીંગલી રમી હતી. સાથે ભણી હતી.

પોળનું નાકું આવ્યું. સૌ ઊભાં રહ્યાં. કલ્યાણીએ બાની ભીની આંખો સામે જોયું. એની આંખો પણ ઉભરાઈ ગઈ. એકાએક એની નજર મોટીબાની પાછળ ઊભેલી ઉષા પર પડી. એણે ભીના કંઠે કહ્યું: 'ઉષા!'

ઉષા સહેજ મલકાઈને આગળ આવી. કલ્યાણી દોડીને એને વીંટળાઈ વળી. એના હોઠ ધ્રૂજ્યા: 'ઉષા!...'

'કલ્યાણી!' ઉષાના ગળામાં કંપ વર્તાયો. બંને એકબીજા સામે તાકી રહી. કલ્યાણીની નજર ઉષાના ભાવશૂન્ય બની રહેલા ચહેરા પરથી સરીને એના શ્વેતરંગી સાળુના પાલવમાં ઢંકાએલા બે હાથ પર આવીને ઠરી ગઈ. ને કલ્યાણીના મોંમાંથી માંડ માંડ રોકી રાખેલું એક ડૂસકું નીકળી પડયું.

ઉષા રડી નહિ. એ પૂતળીની જેમ મૌન, સ્થિર ઊભી રહી. □

મિત્ર માણવકે મીઠી ટકોર કરી: 'સંતાનપ્રાપ્તિ માટે અભિનંદન!'

રાજા આનંદથી ચકિત બની રહ્યો. એના મનમાં રમણીય મૂંઝવણ જગવતો પ્રશ્ન ટમક ટમક થતો હતો. 'ઉર્વશીનો ભાગ્યે જ વિયોગ થયો છે, તો પછી આ પુત્ર!'

ત્યાં કંચુકી સંદેશો લાવ્યો: 'મહારાજનો જય. ચ્યવનઋષિના આશ્રમમાંથી કોઈ તાપસી પધાર્યાં છે; સાથે કુમાર છે.'

રાજાનું ચિત્ત અનેક આશાતરંગોથી ઊછળી રહ્યું. રાજાના પ્રશ્નોના ઉત્તરમાં તાપસીએ ઘટસ્ફોટ કર્યો: 'મહારાજ, આ તમારો ચિ. આયુષકુમાર. જન્મતાં વાર કોઇક પ્રયોજને ઉર્વશીએ તેની સોંપણી મને કરી હતી. ચ્યવન ઋષિએ તેને સંસ્કાર સિંચ્યા છે. પરંતુ આજે આ કુમારે એક ગીધને તીરથી વીંધીને આશ્રમધર્મ વિરુદ્ધ આચરણ કર્યું, એટલે ભગવાન ચ્યવનની આજ્ઞાથી આ બાળ તમને પાછો સોંપવા આવી છું.'

ત્યાં જ ઉર્વશી આવી રહી. તાપસીની સંગે રહેલા પુત્ર આયુષને તે અણસારામાં ઓળખી ગઈ. ઉર્વશી-પુરુરવાના સંસારમાં આયુષની વૃદ્ધિ થવાથી બંને કૃતાર્થ થયાં. પરંતુ ઉર્વશીનો આનંદ ઝાઝો ટક્યો નહિ. એની આંખમાં અશ્રુમોતી જોતાં રાજા ઝાંખો પડી ગયો. ઉર્વશી ઉદ્વેગથી કહી રહી: 'મહારાજ, આજે મારો પૃથ્વીવાસ પૂરો થયો. હું શાપિત બનીને પૃથ્વી પર આવી ત્યારે ભગવાન ઇન્દ્રનો આદેશ હતો કે તારા પુત્રનું મુખ પતિ જોશે ત્યારે તારો શાપિત પૃથ્વીવાસ પૂરો થશે,' અને—એમ બોલતાં તેની આંખોમાં આંસુ ઊભરાયાં. ડૂસકાં ભરતી તે મહાપ્રયાસે બોલી: 'મહારાજ, આપણો સહવાસ આજથી પૂરો.'

અને એ ફરી ડૂસકે ચડી ગઈ. રાજાના મુખ પરથી નૂર ઊડી ગયું. તે ઓશિયાળો બની ગયો. તેણે નિશ્વાસ નાખ્યો: 'સુખ અને ભાગ્યની શત્રુતા પણ કેવી છે!' ઉર્વશીનું મ્લાન વદન તે નીરખી રહ્યો. તે આવેગમાં બોલી ઊઠ્યો: 'ભલે તારો ને મારો વિયોગ ભાગ્યવિધાતાએ રચ્યો. તું તારા ઇન્દ્રદેવની આજ્ઞાને અનુસરજે, હું તારી પાછળ વાનપ્રસ્થ ધારણ કરીશ હવે નથી ભોગવવો આ સંસાર!'

ઉર્વશી અને પુરુરવા વચ્ચે વિયોગની ઘડી આવી રહી હતી ત્યાં નારદમુનિ આવી રહ્યા. ઉર્વશી ઉમંગથી તેમને વંદી રહી. નારદે આશીર્વચન ઉચ્ચાર્યાં: 'તમારું યુગલ અખંડ રહો!' રાજા સ્વગત ઉચ્ચરી ઊઠ્યો: 'એવું સદ્ભાગ્ય ક્યાંથી?' પુરુરવાએ નારદમુનિનું અભિવાદન કર્યું. નારદ બોલ્યા: 'ઇન્દ્રનો સંદેશો લઇને આવ્યો છું.'

પુરુરવા શ્રવણોત્સુર બની રહ્યો. ઉર્વશીની તીવ્ર જિજ્ઞાસા આંખોમાં પ્રકટી રહી. નારદે કહ્યું: 'ત્રિકાળદર્શી મુનિઓએ ભવિષ્ય ભાખ્યું છે કે દેવ અને દાનવોનો સંગ્રામ થશે. તમે અમારા સહાયક છો માટે તમે શસ્ત્રત્યાગ ન કરશો. અને આ ઉર્વશી તમારી શાશ્વત સહધર્મચારિણી બની રહો.'

ઉર્વશી અને પુરુરવા બંનેનું પળભર તારામૈત્રક રચાયું ને બંને નારદમુનિનાં ચરણોમાં નમી રહ્યાં. □

સિદ્દીકી (અનુ. પૃ. ૪૦૦થી) લે તો એ વિચારથી જ મેં અગાઉથી આ પ્રમાણે કરી રાખ્યું હતું, પછી તો મેં મારું સ્વેટર જાતે જ ફાડી નાખ્યું. એક નાનું સ્ટેશન આવવાનું થયું કે મેં સાંકળ ખેંચી ગાડી ઊભી રખાવી. પછી જે કાંઈ બન્યું એ તો તમે જાણો જ છો.'

'સ્માર્ટ!' મેં એની પીઠ થાબડી અભિનંદન આપ્યાં.

સિદ્દીકીએ વાંકા વળીને બૂટમાં છુપાવેલા પૈસા કાઢયા અને બોલ્યો: 'આ પોર્ટુગીઝ હરામખોરોનું વેર વાળવા આવી કઈક યુક્તિઓ લડાવવી પડે છે. અહીં તો તેઓનું જ રાજ ચાલે છે ને!'

'એક ડોંસો ખાધો એમાં કાંઇ નહિ, પણ બાર પાઉંડ તો મેળવ્યાને!'

'અરે! બાર પાઉન્ડ તો મારે મન કાંઈ હિસાબમાં નથી.' ફરી પાછો હાથીદાંતનો વેપારી બની એ બોલ્યો: 'તેઓને એક પાઠ શીખવ્યો એ મારે મન મોટી સિદ્ધિ છે. વારુ એ જવા દો. હું તો મારી પેટીઓ તથા તમારી રજા લેવા આવ્યો છું. આગલા સ્ટેશને મારે ઊતરવાનું છે.'

એ બોલી રહ્યો કે ગાડી સ્ટેશનમાં પ્રવેશી.

'સારું ત્યારે, ક્યારેક પાછા મળીશું; ગુડ બાય.' બે પેટીઓ લઈ એ ત્યાંથી દૂર થઈ ગયો.

તો એ બનાવની પાછળ બીઅરની બાટલી ઉપરાંત એક ગોરી હબસણ પણ હતી ખરી! હું એ યાદ કરી ઊંઘવા માટે ફરી બર્થ પર ચડી ગયો.

બીજે દિવસે સવારે પોર્ટુગીઝ સરહદ વટાવી, ગાડી ન્યાસાલૅન્ડના પહેલા સ્ટેશન પોર્ટ હેરલ્ડમાં જઈ પહોંચી. જકાત અધિકારીઓની તપાસણી માટે દરેક મુસાફરે પોતાના સામાન સાથે ત્યાં ઊતરવું જ પડતું.

આદેશ મળતાં અમે સૌ અમારી પેટીઓ લઇને ઊભા રહ્યા.

સૂજી ગએલા હોઠો તથા દબાએલા નાકનું પ્રદર્શન કરતો માડાગાસ્કરવાસી પણ બર્થ પરથી નીચે ઊતરી પોતાની પેટીઓ શોધવા લાગ્યો ને અંતે બદામી રંગની ચામડાની એક સૂટકેસ ખોળી કાઢીને એને આગળ કરી ઉઘાડવાની કોશિશ કરી. ચાવી લગાડી જોઈ પણ લાગી જ નહિ. એને શંકા જતાં પેટી તરફ ધ્યાન દઈને જોયું.

'ઓહ! આ મારી સૂટકેસ નથી.' એટલું કહેતા એ બેબાકળો થઈ આખા કંપાર્ટમેન્ટ ફરીફરીને જોવા લાગ્યો. એ જાતની પેટી બીજા કોઈની પાસે નહોતી.

'હાય રે! મારી પૈસાની પેટી ગઈ!' માડાગાસ્કરવાસીએ કપાળ કૂટતાં ચીસ પાડી: 'આવી જ સૂટકેસ હતી. પરંતુ આ સૂટકેસ મારી નથી.'

એણે પેટી ઊંચકીને ખખડાવી જોઈ. 'આ તો સાવ ખાલી લાગે છે, મારા પ્રભુ! મારી પેટીમાં પૈસા અને ઘરેણાં હતાં.'

સિદ્દીકી હમેશાં જુદીજુદી જાતની છ પેટીઓ સાથે લઈને ફરતો હોવાનું ખરું રહસ્ય મને હવે સમજાયું. □

શ્રદ્ધા

ફાધર વાલેસ

'જે બીજાઓના પ્રેમમાં માનતો નથી એ ભગવાનના પ્રેમમાં શી રીતે માનશે?'

એક આધુનિક ચિંતકનો એ પડકાર છે. ને એમાં આધુનિક માનવીની અશાંતિ ને નિરાશાનું એક વ્યાપક કારણ એણે ખુલ્લું કર્યું છે. માણસ માણસમાં જ માનતો નથી, પછી ભગવાનમાં કેવી રીતે માને? બીજા માણસો એના ઉપર પ્રેમ કરે છે એ તે સ્વીકારવા તૈયાર નથી, પછી ભગવાન એના ઉપર પ્રેમ કરે છે એ કેવી રીતે સ્વીકારશે? જેણે પોતાના જીવનમાં સાચો પ્રેમ જોયો ન હોય, અનુભવ્યો ન હોય એ સૃષ્ટિનો ઉત્કૃષ્ટ પ્રેમસંબંધ સમજવા ને સ્વીકારવા કેમ તૈયાર થઈ શકશે?

પ્રેમ સ્વીકારવામાં આપણને સંકોચ લાગે; વહેમ સુધ્ધાં જાય. કોઈ આપણા ઉપર ઉપકાર કરે તો એની કદર તો કરીએ છીએ, પણ ઊંડે ઊંડે શંકા રહે છે કે એણે મારા પર આ ઉપકાર કર્યો તે શા માટે કર્યો? શું મારી પાસેથી એને કંઈક જોઈતું હશે ને એ મેળવવા અગાઉથી આ ફી ભરી હશે? શુદ્ધ પ્રેમથી કોઈ એવું ઉપકારક કામ કરતું હશે? કોઈ ને કોઈ સ્વાર્થ એમાં છુપાએલો હોવો જોઈએ. અને એ અવિશ્વાસને લીધે આપણે બને તેમ જલદી એ ઉપકારમાંથી નીકળવા માગીએ છીએ. પ્રસંગ શોધીને ઉપકાર કરનાર ઉપર સામો ઉપકાર કરીએ છીએ કે જેથી હિસાબ ચોખ્ખો! મારા લગ્ન પ્રસંગે એણે મને સારી ભેટ આપી એટલે મનમાં નોંધીને ને યાદ રાખીને એનાં લગ્ન આવે ત્યારે હું એને એવી જ ભેટ આપીશ ને ઉપકારનો ભાર માથા ઉપરથી ઉતારી દઈશ. પ્રેમનો સવાલ ન હતો: આબરૂનો હતો; ખરું કહેતાં સલામતીનો જ હતો, મનની સલામતીનો પ્રશ્ન હતો. આપણા ઉપર કોઇનો અધિકાર જામવા દેવો નથી માટે ભેટની સામે ભેટ આપ્યા વગર ચેન પડતું નથી. આપણે કોઈના ઉપકારમાં રહેવું નથી કારણ કે કોઈના પ્રેમનો વિશ્વાસ નથી.

હજી ઊંડે ઊતરીએ. એ અવિશ્વાસનું કારણ મારા દિલમાં જ છે. હું બીજાઓ ઉપર પ્રેમ કરવા જાઉં, લાગણી બતાવું, મદદ-સેવા કરું ત્યારે મનમાં ને મનમાં કોઈ સ્વાર્થની વૃત્તિ રહે જ છે. એ મારો અનુભવ છે, મારી લાચારી છે. મદદ કરું કારણ કે મારે મદદ જોઈએ, વખાણ કરું કારણ કે મારે વખાણ જોઈએ, લાગણી બતાવું કારણ કે મારે સામી લાગણી જોઈએ. અને સ્વાર્થની ભીંસ મારા હૃદય પર અનુભવ્યા પછી એ બધે જ જોઉં છું. દુનિયામાં સ્વાર્થનું સામ્રાજ્ય જોઉં છું. હું શુદ્ધ પ્રેમ કરી શકતો નથી એટલે દુનિયામાં શુદ્ધ પ્રેમ નથી એમ માનતો થયો છું. કોઈનો નહિ; ભગવાનનો પણ નહિ. એટલે ભગવાન જ નથી એ ધૃષ્ટ દલીલ થઈ. ને એ વણબોલેલી દલીલથી ઘણાના મનમાં વ્યવહારુ નાસ્તિકતા બંધાઈ છે.

જરા વિચાર કરીએ.

મારામાં શુદ્ધ પ્રેમ નથી-એટલે એ ક્યાંય નથી એવી દલીલ થઈ. પણ એ કંઈ ચાલે? મારામાં તાકાત નથી એટલે તાકાત ક્યાંય નથી; મારામાં બુદ્ધિ નથી એટલે બુદ્ધિ ક્યાંય નથી! ખરું માપ વાપર્યું! દરજીના ગજથી બ્રહ્માંડ માપ્યું. સોનીના વજનથી ખગોળ તોળ્યો. મારામાં નથી એટલે ક્યાંય નથી! એક વખતનો વહેમ એટલે કાયમનો અવિશ્વાસ. મારા ઉપર જ વિશ્વાસ નથી એટલે બીજાઓ પર વિશ્વાસ નથી એટલે ભગવાન પર વિશ્વાસ નથી!

વિષચક્ર છે. એ તોડવા એના મૂળમાં જ ઘા કરવો જોઈએ. પોતાના દિલમાં ને જીવનમાં પ્રેમનો અનુભવ કરવો જોઈએ, વિશ્વાસની હૂંફ મેળવવી જોઈએ. આત્મવિશ્વાસ ઉપર ધર્મવિશ્વાસ બંધાશે. પ્રણયની ગોષ્ઠિ ઉપરથી ભક્તિનાં ભજન રચાશે.

એક જાણીતા અસ્તિત્વવાદી વિચારક પ્રખર નાસ્તિક, અજ્ઞેયવાદી હતા. ઈશ્વરના અસ્તિત્વ વિરુદ્ધ તેઓ ઘણું બોલતા, લખતા, જાહેર ચર્ચાઓ ચલાવતા. ચર્ચા તો કરી શકાય, અભિપ્રાય ને સિદ્ધાંત સમજાવી શકાય. પણ આટલી ઉગ્રતાથી તેઓ એ કેમ કરતા એ તેમના પ્રશંસકોને પણ સમજાતું નહોતું. વર્ષો પછી એમણે પોતાની આત્મકથા લખી એમાં સાચો ખુલાસો મળ્યો. નાનપણમાં પોતાને ઘેર એમણે પ્રેમ જોયો નહોતો. પિતા ગયા. માતા અસ્થિર મનની. દાદા સ્વાર્થની મૂર્તિ. એ વર્ષોનો ઇતિહાસ જાણે ઝેરમાં કલમ બોળીને એમણે લખ્યો હતો. પ્રેમ નહિ. હૂંફ નહિ, શાંતિ યે નહિ. પોતાની માતાનો એ તિરસ્કાર કરે (વાંચીને ઘૃણા થાય એવો). અવળા સંસ્કારો હતા. સ્વાર્થનો સાક્ષાત્કાર હતો. પછી એ પ્રેમમાં કેમ માને? ને પ્રેમમાં ન માને તો ભગવાનમાં કેમ માને?

એ તો એક વિકૃત અનુભવ થયો. દુનિયામાં દુઃખ છે અને સ્વાર્થ છે એની ના નથી. પણ દુનિયામાં અને કુટુંબમાં અને નાનપણમાં વાત્સલ્ય છે, બલિદાન છે, ઉત્કૃષ્ટ પ્રેમ છે એની પણ ના નથી. અને એના ધન્ય અનુભવથી, એની નિખાલસ પ્રાપ્તિથી દિલમાં જીવન માટે શ્રદ્ધા બંધાય, હિંમત આવે, વિશ્વાસ બેસે.

એક ભક્ત પૂછે છે: 'મારી ભક્તિની કસોટી શી? મારા ભગવાન ઉપર હું ખરેખર પ્રેમ કરું છું, સાચો પ્રેમ કરું છું, પૂરા દિલથી પ્રેમ કરું છું એની ખાતરી શી?' એને જવાબ મળે છે: 'તું બીજા માણસો પર પ્રેમ કરીશ, સાચો પ્રેમ કરીશ, પૂરા દિલથી કરીશ તો ભગવાન ઉપર કર્યો સમજ; બીજાઓ ઉપરના પ્રેમનું માપ એ ભગવાન ઉપરના પ્રેમનું માપ છે.' પછી ભક્ત આગળ પૂછે છે, પોતાના દિલને સતાવે છે, એ ખરો પ્રશ્ન પૂછે છે: ભગવાન ઉપર મારો પ્રેમ છે એ તો જાણ્યું; આખરે એ મારી સાધના છે, મારો પ્રયત્ન છે, મારી અનુભૂતિ છે; પણ મારો જે પ્રાણપ્રશ્ન છે, જીવનનો કોયડો છે, હૃદયની અદમ્ય જિજ્ઞાસા છે તે એ કે એ મારો ભગવાન મારા ઉપર ખરેખર પ્રેમ કરે છે કે કેમ? અને પાછો જવાબ મળે છે: બીજા માણસો તારા પર પ્રેમ કરે તો જાણજે કે તારો ભગવાન તારા ઉપર પ્રેમ કરે છે. તારા પરનો બીજાનો પ્રેમ એ તારા ઉપરના ભગવાનના પ્રેમનું માપ છે. સંકેત છે.

સાર્થક સંકેત છે. જે પ્રમાણમાં હું મારી દુનિયામાં, મારા કુટુંબમાં ને મારા મિત્રોમાં, મારા સમાજમાં ને મારા પડોશમાં પ્રેમ જગાડી શકું, જે પ્રમાણમાં હું શુદ્ધ રીતે, આદર્શ રીતે, સરળ રીતે બીજાઓનું પ્રેમલક્ષ્ય બની શકું, બીજાઓના દિલમાં પ્રવેશી શકું. એ પ્રમાણમાં, અલબત્ત, કોટિ કોટિ વારના ગુણાકારમાં મને ભગવાનનો અનુગ્રહ મળ્યાની ખાતરી થશે, પ્રતીતિ થશે. સસ્તી લોકપ્રિયતાનો સવાલ નથી, હલકી વાસનાની વાત જ નથી: સહજ ને દૃઢ, દિવ્ય ને પાર્થિવ, હજુ, કાચો પણ સાચો, ઉમદા ને વાસ્તવિક માનવપ્રેમ જ એનો અનુભવ છે, એની સાધના છે.

હા, બીજાઓનો પ્રેમ એ ભગવાનના પ્રેમનો સંકેત છે. અને તેથી જ એણે કાળજી રાખી છે, વ્યવસ્થા કરી છે કે કોઈ ને કોઈનો પ્રેમ આપણને મળતો રહે. કંઈ નહિ તો આપણી માતા આપણા ઉપર પ્રેમ કરે છે એ ભગવાનના પ્રેમનો ઉત્તમ સાક્ષી નથી શું!

પ્રેમ પામતાં પામતાં દિલના ઘા રુઝાશે, જીવન સાથે સમાધાન થશે. હિંમત પાછું આવશે, નજર ઊંચી જશે —અને બીજી દિવ્ય, અનુપમ, આહ્લાદક પ્રેમ જોવા. સમજવા અનુભવવા તૈયાર થશે.

માણસોદ્વારા જ ભગવાનના સંબંધ બંધાશે. સંસારમાં થઈને જ મુક્તિના ધામમાં જવાશે. પ્રેમની દીક્ષા લઈને જ ભક્તિનો અધિકાર મેળવાશે. માનવધર્મ પાળીને વિશ્વધર્મ પળાશે.



વાત્યું

ભારતી ગણાત્રા

પેલું વિક્ટોરિયા ગાર્ડનનું મોહક વૃક્ષ, કે જેને મારી એકલીની સાથે વાતો કરવી ગમે છે, તેનું નામ મેં આજે જાણ્યું....

પહેલે શિયાળે જ્યારે હું એ બાગમાં ગઈ ત્યારે એ વૃક્ષે પોતાના ગાંભીર્યથી મારું ધ્યાન ખેંચ્યું હતું. તેની અસંખ્ય શિંગો દાદાજીની દાઢીની જેમ ડાળીએ લટકતી હતી અને પાંદડાંથી લમઝમ એ વૃક્ષ દાઢી અને ખુલ્લી જટાના ભારથી ઢંકાએલા જોગી જેવું લાગતું હતું. 'આનું નામ શું હશે?' મેં ત્યારે વિચારેલું.

ઋતુ બદલી.........એક નાના ઝાડ પર પાંદડાંનો ભાર ઓછો થઈ ગયો હતો. એમ તો એનાં આસપાસનાં પડોશીઓની પણ એ જ હાલત હતી. એ એવી ઋતુ હતી, જ્યારે શોભા-મોભાના ઠઠારા ખેરવી વૃક્ષો અકિંચન બનીને ઊભાં છે. લાંબી અણિયાળી આંગળીઓ ગગન ભણી લંબાઈ જાય છે. તેઓ કહે છે: 'અમે ઊર્ધ્વીકરણ માટે તપ કરી રહ્યાં છીએ.' તો કોઈ બેઠા ઘાટે વિસ્તરેલું મહાકાય વૃક્ષ કહે છે: 'આવી રહેલી કિલ્લોલતી સમૃદ્ધિ માટે અહીં સાફસૂફી ચાલે છે: વસંતના માંડવા પડશે ને? કંઇ જ જૂનું નહિ ચાલે—પછી બધું જ નવું!'

ત્યાં એકાદ ડાળી ઊંચે જોઈ, હસીને બોલી ઊઠે છે: 'મોટા ઘરની વાત છે ને ભઇ?' ને નાનકડું એક ઝાડનું સ્હેજ પડેલું મોં લઇને કહે છે: 'મારાં ય રૂપાળાં વસ્ત્રો ગયાં—ફરી મળશે તો ખરાં ને?'

પણ અહીં આને જુઓ. એ તો અત્યારે પણ પોતાનાપણાને ખીલવવામાં મગન છે. માણે છે મળેલા અસ્તિત્વને! જાણે કોઈ સુંદર ઝુમ્મરની રચના કરી હોય તેવું પોતાનામાં ગોઠવાઇને એ બેઠું હતું.

'આ ઝાડ કેવું સરસ ઝુમ્મર જેવું લાગે છે, નહિ?' મેં કહ્યું. કોઇએ ખાસ જવાબ ન આપ્યો: 'હં...હંમ...' એટલે મેં એકલાંએકલાં જ જોયા કર્યું.

ત્યાં તો પેલી ગોઠવાએલી શિંગો હસીને બોલી: 'અમને ન ઓળખી કે?' મને જૂના સ્નેહીને નવા રૂપમાં મળતાં ખૂબ આનંદ થઈ આવ્યો: 'આહા, રે...ઓળખી...ઓળખી...! પણ તમારું ના...મ?'

ત્યાં જ અદેખું ગુલમહોર વચ્ચે ટપકી પડ્યું: 'મને દેખ...મને દેખ...' એ પોતાનાં વખાણ કરાવવા એટલું ટેવાઈ ગયું છે કે કોઈ બીજી બાજુ જુએ તો જલી ઊઠે છે એનાં રાતાં ફૂલો! તમારે જોવાં જ પડે. અને ભૂખરું શિંગોવાળું ઝાડ ચૂપ થઈ ગયું. અમે આગળ ચાલ્યાં ગયાં.

રસ્તામાં એનાં ઘણાં જ્ઞાતિબંધુઓ આવ્યાં, પણ એ બધાં એટલાં દેખાવડાં અને સુગ્રથિત નહોતાં.—તો ય મજાનાં હતાં.

વસંત આવી અને જવાની તૈયારીઓ કરવા લાગી ત્યારે ગ્રીષ્મ પૂરબહારે બેસી ગયો હતો. બાગમાં હું ઘણી વખતે આવી હતી. વૃક્ષોનાં લીલાં વૃંદ જામ્યાં હતાં. વચ્ચે એક પીળાં વસ્ત્રો ઓઢીને ઊભેલું નાનકડું તરુ દૂરથી દેખાયું. ગગનગતો ઘોડો કુદાવતા જનરલ આઉટ્રામના સ્ટેચ્યુની આસપાસ લાલ, જાંબલી, વાયોલેટ છાંટણાંવાળાં વૃક્ષો હતાં જ. પણ આથે આ પીત-બહાર અનોખી ભાત પાડતી હતી. 'ઘણું જ ચિત્રાત્મક સ્પૉટ છે આ'. અમારી સાથેની આર્ટિસ્ટે કહ્યું.

બધું તો જાણે સમજ્યાં, પણ પેલી પીત-બહારમાં ચૉકલેટી લીટીઓ તાણેલી દેખાતી હતી, ને એમાં મને કો'કની અણસાર પડતી હતી તેનું શું? જાડાંજાડાં થડો વચ્ચે એ લટકાળી નારીની જેમ પાતળા થડે ઊભું હતું—માથે ગૌરવભર્યો જાજરમાન ભાર લઈને. પાસે જતાંજતાં હું સહેજ અસ્વસ્થ થઈ ગઈ. ઓળખાણ પડતી હતી ને નહોતી પડતી. સ્વમાન ઘવાયું હોય તેવી રૂપવતીની જેમ તેણે શિંગનાં કુંડળ ડોલાવ્યાં.

'ઓ...રે...! તું જ છે?!' હું સાનંદાશ્ચર્ય જોઈ રહી. મારા મોંના ભાવ જ તેના રૂપને અંજલિ જેવા લાગ્યા હશે, તે રોષ ઉતારી એ હવામાં હસી રહ્યું. આ વખતે તેનામાં નવયૌવના જેવો આત્મવિશ્વાસ વર્તાતો હતો અને સાથેનાંઓને પણ 'ઇટ'સ બ્યૂટીફૂલ!' કહેવાની તસ્દી લેવી પડી. અમે બંને રાજી થયાં.

પણ ખરી ખૂબી તો એણે અંતર ઉઘાડ્યું ત્યારે કરી. અમે દરરોજ અહીં આવીએ છીએ ને હવે હું દરરોજ નજર ભરીભરીને એને અંજલિ આપતી જાઉં છું. એક દિવસ મેં અહાને કહ્યું: 'અહા, આ ઝાડને સુગંધ છે.'

'ના રે ના! એને કોઈ ગંધ નથી. કેવાં પીળાં પાંદડાં જેવાં તો એનાં ફૂલ છે. એમાં સુગંધ ક્યાં?' મારા કહેવાથી એમણે ઊંચેથી એની એક પીળી ડાંખળી મને તોડી આપી. મેં ફરીફરીને સૂંઘીને એની ઊંડે વસેલી સુગંધ નક્કી કરી,—ફરી હવામાંથી લઈ જોઈ.

...પણ બસ, એને એક જ વરસાદની જરૂર હતી. થોડાં ફોરાં જ પડ્યાં કે એ આત્મવિશ્વાસી નવયૌવના અંગેઅંગ મ્હેકી ઊઠી. આખા વાતાવરણમાં પેલી સુગંધ વ્યાપી જતી. હવે તો પાસેથી નીકળું, ને ધ્યાન ન હોય તો તરત જ એની ફોરમ કહેતી: 'એ...ય! અહીં જો!' અને એ મહારાણીની જેમ પોતાનો હક્ક જ હોય તેમ પ્રશંસા ઝીલી લેતી. હવે મેં ભારપૂર્વક જણાવી દીધું: 'કહો ન કહો, આ સુગંધ એની જ છે! એના એકએક ફૂલમાં એટલી મસ્ત સુગંધ નથી જેટલી આખા તરુના ઠંડા ઉચ્છ્વાસમાં છે.' મારી કોઇ કોઇ કૉમેન્ટ્સનું પુનરાવર્તન થતાં મંડળીનાં સૌનું ધ્યાન હવે એના તરફ દોરાવા લાગ્યું. પણ હવામાં આવતી સુગંધ એની જ છે એમ એણે મારા સિવાય કોઇને કહ્યું નહોતું. અને મારા જેટલી પ્રીત પણ એને કોણે કરી હતી તે?

એકદિવસ મેં તળાવની ધારે એની બે બે શિંગો લઇને બેઠેલા માળીને પૂછ્યું: એનું નામ શું છે? એણે પોતાનું અજ્ઞાન છુપાવવા અંતિમ અરસિકતા બતાવી ને કહ્યું: 'બાંદર ગાછ!' હું એના મોં સામે બે ઘડી જોઈ રહી ને પાછી વળી ગઈ. મેં એ નામ સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખ્યું હતું.

મને લોકહૃદયના કાવ્ય પર ધાર્યા કરતાં વધુ શ્રદ્ધા હતી અને એટલે જ કદાચ આજે ફરી એક બાંદર જેવા મોંવાળા વાતોડિયા માળીને પૂછ્યું 'પેલાં શિંગોવાળા સુગંધી વૃક્ષનું નામ શું છે?'

'કયા ઝાડની વાત કરો છો, બહેન?'

'ચાલ તને બતાવું.'—બાગ ખૂંદીને એને બતાવવા ગઇ ત્યારે પોતાનો વૈભવ પગ પાસે ખેરવી, તેનું આછેરું આસન કરીને એ બેઠું હતું. માળી તેને જોતાં જ બોલી ઉઠ્યો: 'ઓહો! આનું નામ? આનું નામ સુનહારી! પણ સુગંધ આને ન હોય!'

આવી નિસ્તેજ હાલતમાં ય, પૂર્વજીવનમાં બહુ કીર્તિ જેણે માણી છે એવી પ્રતિમાની જેમ, ગૌરવથી તે મારી સામે હસ્યું ને જૂની ઓળખાણને નાતે ધીમેથી કાનમાં બોલ્યું: 'મ્હેકની વાત્યું કોઈ શું જાણે તને તો મેં કહી છે ને?' આનંદસહ મેં એ પ્રીવીલેજ સ્વીકારી લીધો.

વાતોડિયો માળી એની શિંગોના ફાયદા, એની દુષ્પ્રાપ્યતા વગેરે જણાવતો મને ફરીફરીને કહેતો હતો: 'એનું નામ તો સુનહારી....'



વિક્રમ-ઉર્વશીનું પુનર્મિલન · ચિત્રકાર: વાસુદેવ સ્માર્ત

રાજા (બંધ આંખે લતાને ભેટતાં): અરે! મારા શરીરને એવું સુખ મળી રહ્યું છે જાણે ઉર્વશી જ મને ભેટી પડી હોય! છતાં યે વિશ્વાસ નથી થતો. કેમ કે-

समर्थये यत्प्रथमं प्रियां प्रति क्षणेन, तन्मे परिवर्ततेऽन्यथा ।
अतो विनिद्रे सहसाविलोचने करोमि न स्पर्शविभावितप्रियः ॥७०॥


જે જે વસ્તુને હું મારી પ્રિયતમા રૂપ સમજી બેસું છું એ જ પળ ભરમાં બદલાઈ જાય છે! હવે આ લતાને સ્પર્શી હું મારી પ્રિયતમાના આલિંગનનું સુખ અનુભવી રહ્યો છું. એટલે હું મારી આંખો જ ખોલીશ નહિ'। ૭૦।

અને પછી ઉર્વશીના સાક્ષાત્કાર થતાં રાજા આશ્ચર્ય અને હર્ષાવેશથી મૂર્છિત બની પડી જાય છે. ઉર્વશી એને મધુર વચનોથી જગાડે છે. જાગૃત રાજા કહે છે: 'તારા દર્શનથી જ મારો અંતરાત્મા અને બાહ્યેન્દ્રિયો બધું પ્રસન્ન થઈ ગયું છે. પણ એ તો કહે કે આટલા દિવસો સુધી તું મારા વિના રહી કેમ શકી? કહે તો

मोरा परहुअ हंस रहंग अलि अग पव्वअ सरिअ कुरंगम ।
तुज्झह कारणे रएणभमन्ते को ण हु पुच्छीअ मइँ रोअंते ॥७२॥
(मयूरः परभृता, हंसो रथाङ्गः अलिर्गजः पर्वतः सरित्कुरङ्गमः ।
तव कारणेनारण्ये भ्रमता को न खलु पृष्टो मया रुदता ॥)

મોર, કોયલ, હંસ, ચક્રવાક, ભમરો, હાથી, પહાડ, નદી, કિરણમાંથી કોણ એવું રહી ગયું છે કે જેને મેં વનમાં આથડી આથડીને તારા વિષે પૂછ્યું નથી? (૭૨)

(જુઓ આ અંકમાં 'વિક્રમોર્વશી'નું વાર્તાંતર)



નવધાન્ય

ચિત્રકાર · રસિકલાલ પરીખ



પુરુલિયાનાં મહોરાંવાળાં છાઉ નૃત્યો

લેખક · સુનીલ કોઠારી
ફોટો · સુબોધચન્દ્ર

ચૈતરના ધોમ ધખે! માથાફાટ ગરમી પડે. ઊનોઊનો પવન વાય અને તરસે ગળાં સુકાય. એવા ચેતરમાં પૂર્ણિમાના દિવસે–બંગાળી નૂતન વરસના દિવસે, ચૈત્ર-ઉત્સવ દરમિયાન બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં છાઉ નૃત્યો ભજવાય. પૂર્વે ઓરિસ્સાના જ (અને હવે બિહારના) એક ભાગ સડાઈકેલા(સરાઇકેલા)નાં છાઉ નૃત્યો હવે તો જગમશહૂર થયાં છે. બારીપદા (મયૂરભંજ)નાં મહોરાં વિનાનાં છાઉ નૃત્યો વિષે પણ હવે ઘણી હો હા થઈ છે. તેમાં અચિંતાના પુરુલિયાનાં છાઉ નૃત્યોની ભાળ લાગ્યાનું જાણ્યું ત્યારે ભારે ચટપટી થઈ.


જુલાઈ '૬૯માં લંડનમાં નૃત્યકાર રામગોપાલ મળેલા. વાત કહેતાં ઉત્સાહ માય નહિ. દિલ્હીમાં જૂનમાં તેની રજૂઆત જોઇને એ આવેલા અને મેં 'માર્ગ'ના છાઉ નૃત્ય વિશેષાંકનું સંપાદન કરેલું, પણ સરાઇકેલાથી ફક્ત સાઠ-સિત્તેર માઈલ દૂર આવેલા પુરુલિયાનાં છાઉ વિષે કાંઈ જાણું નહિ! ઑગસ્ટમાં પારી(સ)માં દિલીપ પડગાંવકરને ત્યાં જમવા બેઠેલો ને ટપાલી ટાઇમ્સ નાખી ગયો. દિલીપ ઉતાવળે તેના પર નજર નાખીને કહે: 'ઓ રીસર્ચ સ્કૉલર! લો વાંચો આ તમે છાઉ માઉની ચર્ચા કરો છો તે. સાંભળ્યું છે પુરુલિયાનું નામ? ક્યાં આવ્યું? દીઠાં છે ત્યાંનાં છાઉ નૃત્યો?' ક્યાંથી દીઠાં હોય જે? અમે મોં વીલાં કરી બેઠા ને કહ્યું કે ભાઈ, બાપુ, અમારાં તપ ઓછાં! અમારું અજ્ઞાન કબૂલ! પણ ભારત પહોંચીને પહેલી તપાસ એની આદરીશું. ભારત પાછા ફર્યા પછી ડિસેંબરમાં કલકત્તે ડૉ. આશુતોષ ભટ્ટાચાર્યને પત્ર લખી બધી માહિતી મગાવી. એપ્રિલની ૧૩, ૧૪ પુરુલિયા ગામથી સાઠ માઈલ દૂર માઠા ગામે છાઉ નૃત્યોના મહોત્સવના આયોજનની તેમણે વાત ભણી. અને અમે તક ટાંપીને બેઠા. સુબોધચન્દ્રને કહ્યું કે તૈયાર રહેજો. કૅમેરા, ફ્લૅશગન ને ફિલમ બિલમ બધું તૈયાર રાખજો. ૧૩મી એપ્રિલે માઠા ગામે ફૉરેસ્ટ-ડિવિઝનમાં પહોંચવાનું છે. સુબોધચન્દ્ર કહે: 'કબૂલ મંજૂર!'

બારમી એપ્રિલે વહેલી સવારે જમશેદપુર પહોંચ્યા. ત્યાંથી પુરુલિયા જતી બસમાં ડોંસા. ગોદા મારી, હોહા કરી ઘૂસ્યા. ભીડનો પાર નહિ. સામાન દરદાગીના હદ સે જ્યાદા. જેમ તેમ ફૉરેસ્ટ બંગલે પહોંચ્યા. ડૉ. ભટ્ટાચાર્યે એમના એક વિદ્યાર્થીને અમને રીસીવ કરવા આગોતર મોકલેલો. તેણે રહેવા-કરવાની વ્યવસ્થા કરી આપી, કૉફી-બિસ્કિટની સોઈ કરી આપી ને, જ્યાં હાશ કરી આડા પડવા જઇએ છીએ ત્યાં જ એક અંગ્રેજ દંપતી તેમનાં ચાર લઘરવઘર લટૂરિયાં ભટૂરિયાં બાળકોને લઇને પ્રવેશ્યું. ચોગાનમાં સ્ટેશન વૅગન પાર્ક કરી કૉફી-બિસ્કિટમાં જોડાઈ ગયાં. તેય પુરૂલિયાનાં છાઉ નૃત્યો જોવા આવવાનાં હતાં. પુરુષના હાલહવાલ થઈ ગએલા. છોકરાંવ નર્યા માંકડાં! માત્ર બાઈ ભલી. આમ અચિંતાના ધરી આવવા બદલ કંઈક સંકોચ પણ અનુભવતી અને છોકરાંવને વારતી. પણ પેલાં બંગાળથી જ આવેલ તે બિસ્કિટ-નાસ્તા બધાંનો ભૂકો બોલાવી ગયાં! અમે જંગલ વચાળ રહેવાનાં હતાં એટલે સુબોધચન્દ્રે એક દુકાન મંડાય તેટલાં બિસ્કિટ-પાંઉ લીધેલાં અને અહીં બધું સફાચટ! એટલે હું બળેલો-ખીજેલો રાડો પાડવા લાગ્યો કે ચાલો બજાર જઈ ખરીદી કરી લાવીએ ને સાંજ લગણમાં પહોંચીએ તો થોડો 'સ્ટડી' પણ થાય. માઠા જતી બસનાં ઠેકાણાં નહિ. ભલી અંગ્રેજ બાઇએ બીતાંબીતાં પોતાની લૅન્ડરોવરમાં લિફ્ટ આપવાનો પ્રસ્તાવ મૂક્યો એટલે પેલો અંગ્રેજ બચ્ચો બગડ્યો! પણ ખરો ખેલદિલ! જાણ્યું કે અમે સ્કૉલર ફૉલર છીએ એટલે વળી જ્ઞાનપિપાસુ એણે ખાસ્સી નમ્રતા બતાવી સુખેથી બેસાડયા. ને સવારી ઉપાડી માઠા ગામ. રસ્તે વાંક વળાંકે અનેક ઠેકાણે ક્લાકાર પાર્ટીઓને મહોરાં (mask) લઈ જતી જોઈ. ઢોલ, નગારાં, શરણાઈ દીઠાં. ડૉ. ભટ્ટાચાર્યનો વિદ્યાર્થી સુભાષ કહે: 'આમ આ પગપાળા બધાં ગામોગામ જશે અને નાચશે.' અમે તો બીજે દિવસે રાત્રે જોવાના હતા એટલે એક પાર્ટીના નાયકને બોલાવી પૂછ્યું કે આજ રાત્રે ક્યાંય ભજવવાના હો તો કહેજો. પેલો કહે: 'એકડા ગામે ખેલ છે. ત્યાં આવજો.' સુભાષને કહ્યું કે, આ અંગ્રેજ બચ્ચાની ગાડી છે તે બધું સમજી લો. રાત્રે જવું જ જવું!

માઠા પહોંચ્યા એટલે ડાકબંગલામાં વ્યવસ્થા થઈ ગઈ. લૅન્ડરોવરમાં યુરોપથી નીકળેલાં એટલે તંબૂ, પાથરણાં, ફરતું રસોડું ને ઘર એમ બધો અસબાબ. થોડી વારે બાઈ બિસ્કિટ, પાંઉ, માખણ, કૉફી લઈ હાજર. કહે: 'તમારું બધું આ વાંદરાંવે ખુટાડયું છે, પણ છોકરાં કોને કહે? ચાલો ઊઠો! બધાં ચા-કૉફી પી તાજામાજા થઇએ.' ત્યારે સારું લાગ્યું ને ભલી બાઈની કુનેહ જોઈ થયું કે માળાં આ ગોરાં માથે તો નહિ જ પડે.

અલકમલકની વાતો ચાલતી હતી. આ બાજુ નકસલાઈટવાળાનું ભારે ચાલે! દંપતીને તેમાંય રસ. જમીનદારો અને ખેડૂતો બધાંનાં સંબંધોની ચર્ચા. પછી ચર્ચાનો ચોતરો ત્યાંથી રંગભૂમિ વિષે ખીલ્યો. અમે યુરોપમાં લિવિંગ થીએટર અને બ્રેડ ઍન્ડ પપેટ થીએટરના ખેલ દીઠેલા, મોરિસ બેજારનાં 'બાલે' માણેલાં ને સ્લોનસ્ક્વેરમાં પણ લંડન ખાતે નાટક દીઠેલાં એટલે બાઇને થઈ ભારે ચટપટ. એવામાં એનાં ભટૂરિયાં જૂનાં 'વીક્લી' અને 'લાઈફ' મૅગૅઝીન લઈ આવ્યાં. ઑાડેન ઑાડેન નામ કહે અને રાઉન્ડહાઉસ થીએટર, સ્લોન સ્ક્વેરનું રૉયલ થીએટર, બધું ભરડયે રાખે ને હું માથું ખજવાળું! આ ચહેરો ક્યાંક દીઠો છે. આનું કયું નાટક વાંચ્યાનું સ્મરણ છે? ને ઓત્તારી! ઝબક દીવો થાય એમ ઓળખી કાઢ્યો. Serjeant Musgrave's Dance અને Live like Pigsના લેખક

મથાળાનાં ચિત્રો: પુરુલિયાનાં છાઉ નૃત્યોમાં વપરાતાં કેટલાંક મહોરાં–ડાબેથી અનુક્રમે પરશુરામ, શિવ, કાર્તિકેય અને વનવાસિકની.



વિષ્ણુભક્ત, મહિષાસુર, હનુમાન અને સિંહનાં મહોરાં. કાગળને પલાળી તેના માવાનાં બનાવેલાં આ મહોરાં એના પર રંગ ચડાવ્યા પછી કોઈ ઓર અસર ઉપજાવે છે. વજનમાં તદ્દન હળવાં હોઈ નૃત્યકારને એનો ભાર સહેજ પણ ન લાગતાં એ મુક્તપણે નર્તન કરી શકે છે. બહુ સાદાઈથી સર્જેલાં છતાં પાત્રની લાક્ષણિકતાને સચોટતાથી વ્યક્ત કરતાં આ મહોરાં પણ પુરુલિયાના નર્તકોની એક આગવી કળા કહી શકાય. નીચે : રાત્રે નૃત્યપ્રયોગ જોવા આવતાં પ્રેક્ષકોમાં સ્ત્રીબાળકોને માટે માચડા પર ખાટલા બાંધીને કરેલી બેસવાની ખાસ વ્યવસ્થા.

નાટ્યકાર જ્હૉન આર્ડેન! તાજેતરમાં જ એમનું લૉર્ડ નેલ્સનના જીવનને વર્ણવતું સંગીતપ્રધાન નાટક 'ટ્રફાલ્ગર' લંડનમાં છાપે ચડેલું. પણ ભારતમાં છ મહિનાથી ગાડીમાં રખડીરખડી કમળો, મરડો, ભોગવી ચહેરો ને હાલ તો એવા થએલા કે કોઈ દેદાર જોઈ માને કે કહે નહિ કે ભાઈ કીર્તિસંપન્ન નાટ્યકાર હશે! આમ તો જ્યારે સ્ટડી કરવા નીકળું ત્યારે આવાં લપસીંદર મને પસંદ નથી, એટલે સવાલો પૂછી માથું કાણું ન કરે તો ભેગું રહ્યા કામનું એમ ગોખ્યા કરું. સારે નસીબે એ ભલાં ને સમજુ નીકળ્યાં. કેવળ ચાર દીકરા (છથી તે દસ વરસની વયના) ભારે તોફાની. તેમની હેરાનગતિ બાદ કરતાં દંપતીનો સહવાસ સારો ને મદદરૂપ નીવડેલો.

ફૉરેસ્ટ ઑફિસર મુખરજી મશાયે આવી ભલી મહેમાનગતિ કરી. પણ રાત્રે એકડા ગામે જવાની વાત મૂકી કે એકના બે ન થાય. કહે 'તમે જાણતા નથી. આ બધી ટ્રાઈબલ પ્રજા! દારૂ ઢીંચી ધારિયાં લઈ નાચેકૂદે. કોકને ક્યાંક કોણી વાગી કે કોકે ક્યાંક આંખ ઉલાળી તો એક ઘા ને બે કટકા! જીવનું જોખમ! મેલોને લપ કોઠારીબાબુ! તેમાં આ ગોરાં! કંઈ થયું તો માસ્ટર મોશાયને શું મોં દેખાડીશ?' ડૉ. ભટ્ટાચાર્યના તે ય વિદ્યાર્થી હતા. પણ અમારી જિદ્દ અને ધગશ જોઈ અંતે 'એ ય રાખાલ! એ શંભુ!' કહી ઘાંટા પાડી બે રખેવાળને બોલાવી ગાડીમાં ભેગા વળાવ્યા. અધરાતે મધરાતે ખેતરો વટાવી અંદાજે રાખાલ-શંભુના ચીંધ્યા એકડા ગામે પહોંચ્યા ત્યારે ઢોલના ધડ્સ ધડ્સ ધડ્સ અવાજે આશા ફળી અને



જ્યાં નાચ થવાનો તે ફળિયે પહોંચ્યાં. લોક તો હકડેઠઠ! માય નહિ. ઘરડાંવ, જુવાનિયાં, બૈરાંછોકરાં! પૅટ્રોમૅક્સની બત્તીઓ. એક ચોગાન જેવી જગ્યામાં ચારે પા માચડા બાંધેલા. તેના પર ખાટલા નાખેલા. બૈરાંછોકરાં ત્યાંથી જુએ. સામેનાં ઘરોને છાપરે ને છત પર ટોળાંનાં ટોળાં! ચારે બાજુ ઉત્સાહ, હોહા, ઘોંઘાટ.

ત્યાં તો 'ધડીક ધડીક તીકે ઘે ઘે ઘે ઘે'ના મોટા ઢમસા પર દાંડી પીટી, એ જ બોલ મોંએથી બોલતા ત્રણ નગારચી આવ્યા. ચોથો સૂત્રધાર ફાટેલા તરડેલા પંચમ સૂરમાં ગણપતિ સ્તુતિ, શિવસ્તુતિ લલકારે. ઓડિયા, બિહારી, બંગાળી લોકબોલીમાં થનાર પ્રસંગની વાત માંડે, અને ત્યાં તો લોકો જે 'હુળીલી' (હુ લુ લુ લુ લુ એવા ધ્વનિ-હુલુ-ધ્વનિ) કાઢે છે કે છલાંગ મારી ગણપતિના મહોરાવાળો બાલ કલાકાર ચોક ભંકિગ (ભંગિ)માં ઉન્નત મસ્તક ઊંડે છાતી કાઢીને પટાંગણમાં આવીને ઊભો રહે છે ને જે જાદુ ફેલાય છે તેની તે શી વાત લખીએ? નગારચી આગળ વળે. ને પાછળ વળે જાણે આહ્વાન દેતા હોય તેમ. અને જે વીરત્વભર્યા જોશીલાં, વેગીલાં સ્ફુર્તિલાં પગલાં ભરી ગણપતિનૃત્ય કરે! કંઈ કેટલીક કથાઓ છે. શિવજીને મળવા પરશુરામ આવવાના હતા. કાર્તિકેય અને ગણપતિને ખબર નહિ કે પરશુરામ મોટા મા'ત્મા છે. ગણપતિએ તો રોક્યા. પછી તો જે પરશુરામ ફરસી લઈ ધૂંગ્યા છે! કાર્તિક અને ગણપતિ કાંઈ ગાંજ્યા જાય? ધાંધલ, હોહા જોઈ પાર્વતી ધસી આવ્યાં. એમનાં બાળકોને કોક જટાધારી બાવો આહ્વાન ફેંકી યુદ્ધમાં પડકારે, તે ય ખીજ્યાં અને જ્યાં પૈંતરા લઈ ત્રણે ય સામસામાં આથડવા જાય છે કે હો હો હો હો કરતા, બધું વારતા શિવજી ધસી આવ્યા અને પરશુરામને વાર્યા, ને દુર્ગાને રીઝવ્યાં, ને બધાં આનંદભેર ગેરસમજ ટાળી મળ્યાં. આટલો પ્રસંગ. પણ શું છટા ને શું ચાલ! કાર્તિકેયના મયૂરપિચ્છના કલાપવાળો દોમભર્યો ઉઠાવ-મહોરાંની મોટી મોટી આંખો, જરી, તોઈ, મોતી, પેપરમાશે રંગરોગાનવાળા મુકુટ ને જામા ઝભ્ભા! દુર્ગાનો 'યુદ્ધસ્વ' પ્રતાપ, પરશુરામનો શીઘ્ર કોપ, શિવજીનું ત્વરિત આવવું—દસેક મિનિટમાં તો સમગ્ર પ્રેક્ષકગણને એ મુકાબલાની વીજળીવેગી, ઉત્સાહ-પ્રપંચ-ઝડઝમક આવેગપૂર્ણ નૃત્યસંયોજનામાં રસતરબોળ કરી, પાત્રો પાછાં પ્રેક્ષકગણ વટાવી નેપથ્યે સરી ગયાં.

સરાઈકેલાનાં લાલિત્યપૂર્ણ, કાવ્યમય, ઋજુ નૃત્યોને મુકાબલે પુરુલિયાનાં તો આ નર્યાં તાણ્ડવ કહી શકાય તેવાં નૃત્યો. બારીપદાનાં છાઉનૃત્યોમાં મહોરાં નહિ અને છલાંગ, ઉત્પ્લવન, ચાલી, વાંક, મરોડ, વળોટ બધું વીરત્વવાળું, અને જુઓ કે જકડી રાખે તેવું. જ્યારે અહીં તો પાત્રપ્રવેશ સાથે જ મોહિનીમાં ફસાવાનું. ઢોલ ધડ્સે ઘે ઘે ઘેના; પાત્રો હવામાં છલાંગ મારી એક રતિમાત્ર તાલ ચૂક્યા વિના ટપ તાલની થાપ સાથે








પુરુલિયાના નૃત્યના 'કાયદા'ની એક ચાલ 'ઉત્પ્લવન'. ખાસ કરીને દેવ-અસુર યુદ્ધ જેવા પ્રસંગમાં પાત્ર જ્યારે આમ અધ્ધર કૂદકો લગાવે ત્યારે એક વાર તો પ્રેક્ષકોને પણ એ જોઈ શૂર ચડી જાય. અહીં ચિત્રમાં ઉત્પ્લવન કરતા કલાકાર ત્રૈલોક્યકુમાર કાર્તિકેયની ભૂમિકા માટે બહુ ખ્યાત છે. ઉપર વચ્ચેના ચિત્રમાં તેઓ એ ભૂમિકા માટે લગભગ તૈયાર થઈ ગએલા છે...અને પછી મહોરું ચડાવી જ્યારે તેઓ રંગપ્રવેશ કરે છે (ત્રીજું ચિત્ર; ત્યારે શરીરમાં હર્ષની લહેરખી પ્રસરતી દર્શાવતા તેઓ જે વિશિષ્ટ અંગવિન્યાસ કરે છે તેને પ્રેક્ષકો મોટો 'હુલુધ્વનિ'—'હુળુલી' ધ્વનિ કરી અચૂક બિરદાવે છે. જેને વધુ હુલુધ્વનિ મળે એ મોટો કલાકાર.

ભોંયે ઝપ્પ દઇને ખાબકે. હવામાં બે ચક્કર લે ને ગોઠણભેર ભોંયે આવીને પડે. એ જોઇએ તો આપણાં મોં ઉઘાડાં રહી જાય! ગોઠણ છોલાઈ જાય કે લોહીની ધાર થાય-એ લોકોને શી પરવા? ઝમાઝમ અને ઝપાઝપ; પહોળી, અવકાશમાં વિસ્તરતી ગતિ (મૂવમેન્ટ્સ), અને અચૂક સામસામા દાવપેંતરા, મુકાબલા! અસત પર સતનો જય, દૈત્યનો સંહાર, દાનવોનો વિનાશ, દેવોનો જય, પાપનો ક્ષય, પુણ્યનો વિજય એ સૂત્ર. દેવદાનવોની સાઠમારી-દુર્ગા મહિષાસુરને હણે; શુંભ-નિશુંભ આવે, શંખચૂડ અને ચિકૂરાસુર—કંઈ પાર વિનાના દૈત્યો. બધાને દુર્ગા હણે. અહીં લાસ્યને સ્થાન નહિ. પાર્વતી દુર્ગારૂપે એટલે શક્તિમંત સ્ફૂર્તિલાં ચલનો. સ્ત્રીવેશ, ઉત્પ્લવન અને ચાલમાં વીરત્વ, જે પાત્રકથાનુરૂપ. કૃત્તિવાસ રામાયણમાંથી અનેક પ્રસંગ લેવાય છે. અને પ્રજાને તેની ગળથૂથીમાંથી જાણ. એટલે જેવાં પરિચિત પાત્રો આવે કે લોકો ઉત્સાહથી હુળુલી દ્વારા વધાવે!

પુરુલિયા બિહારની સરહદ પર, પશ્ચિમ બંગાળની સરહદે બાંકુરા જતાં આવે. ડુંગરાળ પ્રદેશનું ગામ. ક્યાંક ક્યાંક ગાઢ જંગલો; ક્યાંક ખેતી થાય. વરસાદ ઝાઝો નહિ એટલે વસવાટ કઠણ. વસતિ આદિવાસી કે પછી થોડાંક ગામઠી ને શહેરના પરિચયમાં આવેલાં તેથી બોલી પશ્ચિમ બંગાળી કુર્માલી બોલે. લોકો કુર્મી કહેવાય ને ભાષા કુર્માલી.

સૂર્યપૂજા નિમિત્તે, મુખ્યત્વે પૂજાનાં અંગ તરીકે, વિધિનૃત્યો થાય. વરસાદ પડે કે ખેતી શરૂ. ત્યાં લગી લગભગ બે કે ત્રણ માસ લગી ઠેરઠેર છાઉ નૃત્યો થાય. નૃત્યોના પ્રસંગો રામાયણ-મહાભારત-પુરાણમાંથી. આમાં બધાં જ નૃત્યો નાટ્યાત્મક, અને ચાર કે છ પાત્રો તેમાં ભાગ લે. સોલો ડાન્સ નહિ. ને ખુલ્લામાં જ ભજવાય. પ્રકાર તાણ્ડવનો. યુદ્ધ-પ્રસંગોની ભરમાર. મૂળે આદિવાસી પ્રજા અરસપરસ ઝઘડતી હશે તેમાંથી એ યુદ્ધના રંગો ઝીલીને આ નૃત્યનું સ્વરૂપ ઘડાયું હશે એવું મનાય છે. પછી એ આદિવાસીઓમાંથી કોક સ્થાનિક નાયક રાજા બન્યો. ધીમેધીમે હિંદુધર્મનાં દેવીદેવતાને પ્રજા માનતી થઈ, અને એવું માનવામાં આવે છે કે તેવા કોક રાજવીએ આ બધી કથાઓનો પ્રસાર નૃત્યોમાં કર્યો. છેલ્લા ત્રણેક દાયકાથી બાગમુંડીના રાજવી કુટુંબનો આશ્રય જતાં આ કળાને ભારે શોષવું પડ્યું છે. પણ કલાકારોએ વિધિનૃત્યો તરીકે તે જીવતાં રાખ્યાં છે, અને કોઈના ય આશ્રય વિના પૂજાના અંગ તરીકે તે નૃત્યો રજૂ થતાં હોવાથી હજી તેમાં મૂળનાં જોમ, જોશ, સ્ફૂર્તિ ઇત્યાદિ તત્ત્વો અકબંધ જળવાઈ રહ્યાં છે.

આ નૃત્યોનું વિશેષ અંગ તે મહોરાં. માઠા ગામથી આઠદસ માઈલ દૂર ચરીડાહ ગામે મહોરાં બનાવવાનો હસ્ત-ઉદ્યોગ વર્ષોથી ચાલે છે. લગભગ ચાળીસ કુટુંબોનું જ ગામ છે. તે બધાં જ ઘરમાં તરેહતરેહનાં ને ભાતભાતનાં મહોરાં બનાવવામાં આવે છે. આ કુટુંબો સૂત્રધાર નામે ઓળખાય છે. સરસ્વતીપૂજા પૂરી થયા પછી માગશરમાં બનાવવાનું શરૂ કરે તે રથજાત્રા લગી—જૂન મહિનાના અંત લગી બનાવે. તેમાં વયોવૃદ્ધ દુર્ગાચરણ-બાસઠેક વરસનું તેમનું વય હશે-ઉત્તમ કલાકાર છે. સુચાંદ સૂત્રધારની ખ્યાતિ પણ બંગાળમાં ઘણી પ્રસરી છે. ઈ. ૧૯૬૩માં સ્ટેટ



મહિષાસુરનો વધ કરવા રણાંગણે ચડેલી ચંડી. એની દસ ભુજા દર્શાવવા પીઠે લાકડાની અન્ય આઠ ભુજા બાંધવામાં આવે છે.

સેવલ પર યોજાએલી હસ્ત-ઉદ્યોગ સ્પર્ધામાં કલકત્તા ખાતે તેમને બીજું ઈનામ મળેલું. તેમની પાંચ પેઢીથી બધાં આ કળામાં પારંગત છે. બે દીકરા છે: રામ અને કાર્તિકેય. બન્ને મહોરાં બનાવે છે. રામ તો કાલીની ભૂમિકામાં ભારે પ્રવીણ છે. બીજા બે બાળકો તે મનબોધ ને દીજનચંદ્ર. તેમાં દીજનચંદ્ર છાઉ નૃત્ય ગંભીરસિંહ મારા પાસે શીખે છે.

પુરુલિયા છાઉ જોડે આ ગંભીરસિંહ મારા અને ક્લેવરકુમારનાં નામો યાદગાર રહેવાનાં, કારણ એ બે નૃત્યકારોની તોલે બીજાં આવે નહિ. શો પ્રભાવ ને શું કૌશલ! શરીર તો સળેકડાં, ને તેમાંય ગંભીરસિંહને હવે કાને બહેરાશ આવવા માંડી છે. પણ જ્યારે મહોરું પહેરી નૃત્યાંગણમાં પ્રવેશે ત્યારે સમસ્ત મેદની જે હુળુલી કરે તેના ઘનગંભીર નાદે પરખાઈ આવે કે આ માત્ર ગંભીરસિંહનો જ પ્રવેશ હોઈ શકે. કાર્તિકેયની ભૂમિકામાં એ પ્રવેશે, મોરપિચ્છનો કલાપ પ્રસારે ને જે રોમહર્ષણ આનંદ લેરખી તેની દેહયષ્ટિમાંથી દોડાવે તે જોઈએ ત્યારે નૃત્યના કેફની ઝાંખી થાય. અને દુર્ગાની ભૂમિકામાં ક્લેવરકુમારને જોઈએ ત્યારે જ કલ્પના ને સત્ય સાકાર થએલાં જણાય. શી છટા! ને શી ચાલ!

પાત્રોની ભરમાર: ભરત, રામલક્ષ્મણ, કાર્તિકેય, ગણેશ, શિવ, પરશુરામ, દુર્ગા, દુર્યોધન, દુઃશાસન, દ્રોણ, અભિમન્યુ, શકુનિ, જાંબવત, શંખચૂડ, શુંભ-નિશુંભ, શૂર્પણખા, વિશ્વામિત્ર, મહિષાસુર, દધિબલ અને નરાંતક, બલિ, સુગ્રીવ, કૃષ્ણ અને બલરામ—એક જુઓ ને બીજું ભૂલો! બાગમુંડી વિસ્તારની છાઉ પાર્ટીનો વાવટો ઊંચો ઊડે. ૧૯૬૨માં ડૉ. આશુતોષ ભટ્ટાચાર્ય પોતાના લોકકલાના સંશોધનાર્થે નીમડી ગામે પ્રવાસ કરતા હતા ને તેમણે છાઉ નૃત્યો દીઠાં, જોયાં ને સ્તબ્ધ થઈ ગયા! આ કળા વર્ષોવર્ષ પરંપરાથી ભજવાય ને અત્યાર લગણ તેની કશી માહિતી જ નહિ? એટલે મંડી પડ્યા! પ્રવાસો ઉપરાંત સંપર્ક સાધી ગામોગામ રખડ્યા. અંતે ૬ વરસે બધું સર્વેક્ષણ પતાવી ઉત્તમ પાર્ટીઓની વરણી કરી ને '૬૯ના જૂનમાં દિલ્હી સંગીત-નાટક અકાદમીના આશ્રયે પુરુલિયાનાં છાઉ નૃત્યો પહેલપ્રથમ ગામડાં બહાર શહેરમાં રજૂ કર્યાં, અને લોકોનું ધ્યાન આ વારસા તરફ આકૃષ્ટ કર્યું.

માઠા ગામે બીજે દા'ડે રાત્રે હું અભિમન્યુવધનો પ્રસંગ જોતો હતો. ત્યારે બાજુમાં આવીને ગુપચુપ કો'ક બેઠું. હું જોવામાં તલ્લીન. દુર્યોધન, દુઃશાસન ને બધાં આવીને અભિમન્યુને ઘેરે છે. વ્યૂહ મંડાય છે. આમથી ને તેમથી, ચોપાસથી બધાં તેને ઘેરી વળે છે! પછી નિર્દયરીતે તેનો વધ કરે છે. ઢોલ ધડૂસે છે, હવામાં ઊંચે છલાંગ મારી અભિમન્યુ ચક્રાવામાં ચક્કર ઉપર ચક્કર લે છે. દુઃશાસન, દુર્યોધન, પેંતરા ભરે છે અને બીજાં પાત્રો ધમસાણ મચાવે છે. અંતે અભિમન્યુ પડે છે. ત્યાં દૂર પ્રેક્ષકોની મેદની વટાવી બીજે છેડે નેપથ્ય તરફથી ભીમ ધસી આવે છે. તે નૃત્યાંગણ લગી પ્રવેશતો નથી, પણ નિઃસહાય અભિમન્યુની ધા સાંભળી તે ધસે છે. પણ બધું પતી ગયું છે. ને હવે તેનું આવવું વૃથા છે.-આ રીતે આ પ્રસંગ ભજવાય છે: એ આખાય પ્રસંગમાં અભિમન્યુ પડે છે ત્યારે આમ તો બધાંનાં સમાન મહોરાંવાળી આકૃતિ છતાં નૃત્ય દ્વારા આંગિકાભિનયની વાણીથી જે ભાવસંક્રાંતિ આ કળાકારો સાધે છે તે અદ્ભુત છે. બાજુમાં ગુપચુપ આવી બેઠેલા યુવકે મારે ખભે હાથ મૂકી કહ્યું: 'સુનીલ! ખૂબ ભાલો!' મેં ચમકીને જોયું તો રાજકુમાર જુગભાનુસિંહદેવ! મેં આશ્ચર્ય અને આનંદથી રાજી થઈ કહ્યું: 'જુગભાનુજી! તમે આવ્યા ને જોયું તે બહુ સારું થયું!' જુગભાનુ છાઉ નૃત્યોના સરસ કળાકાર છે. સરાઈકેલાના તિલકાયતજીના પુત્ર. માંડ પચાસ-સાઠ માઈલ દૂર સરાઈકેલા. તે ગામનાં નૃત્યો યુગોસ્લાવિયા અને રૂમાનિયામાં ભજવાયાં છે. ૧૯૩૮માં લંડન ખાતે ભજવાએલાં અને ૧૯૬૩માં મુંબાઈ ખાતે. પણ પુરુલિયા ને સરાઈકેલા આડે ચાર જ ડુંગરા છતાં એ બે કળાધામમાંથી સરાઈકેલાના જુગભાનુ સુધ્ધાં યે આજે જ પહેલીવાર પુરુલિયાનાં નૃત્યો જોયાં તે હકીકત ઘણી સૂચક છે. આ ત્રણે શૈલીના કલાકારો અરસપરસથી ઘણા અનભિજ્ઞ છે—અજાણ છે. એ અંતરાય તૂટે તે જરૂરનું છે.

આ તો કેવળ બાગમુંડાઈ વિસ્તારનાં જ છાઉ દીઠાં. બીજા ત્રણ વિસ્તારમાં પણ વિવિધ છટાથી તે ભજવાય છે. ઉપરવાસમાં તો કૃત્તિવાસનું પૂરું રામાયણ ભજવાય છે. ડૉ. ભટ્ટાચાર્ય તેનું આયોજન કરવાના છે. પારી(સ)થી મિલેના સાલ્વિની યુનેસ્કો તરફથી તપાસ કરવા આવેલી. પારી(સ)માં મને મળેલી અને 'માર્ગ'નો મેં સંપાદિત કરેલો છાઉ-નૃત્ય વિશેષાંક જોએલો. તે કહે 'આ નૃત્યો પર વધુ કામ થવું જોઈએ, ને જો સરકાર મદદ કરે તો આ અભિમન્યુ વધ સાંઝેલીઝેના થીએટરમાં પારી(સ)માં રજૂ કરીએ.' ત્યાં તો થાય ત્યારે ખરાં, પણ જો પુરુલિયા વટાવી કલકત્તા, મુંબાઈ, મદ્રાસ જેવાં શહેરોમાં ભજવાય તો પણ ઊજળાં ભાગ્ય! આ પરંપરા અને વારસાને પ્રજા જાણે અને પોતાની આધુનિક ચેતનામાં તેનો આવિષ્કાર નૃત્ય-નાટ્ય આદિમાં કરે તેટલું જરૂરી છે.

સાંભળ્યું છે કે જાણીતા બંગાળી દિગ્દર્શક ઋત્વિક ઘટકે પુરુલિયા છાઉ નૃત્યોની નાની ફિલ્મ તૈયાર કરી છે. તેમના દૃષ્ટિકોણ અને કલાકારની તેમની નિજી વિભાવના અનુસાર તેમણે સાંપ્રત ઘટનાઓના નિદર્શનરૂપે અસત પર સતના જયવાળા પ્રસંગોનું કલાત્મક અર્થઘટન કરેલું છે. આ સજગતા આવકાર્ય છે. છાઉ નૃત્યોનાં નૃત્યચલનોનો સજાગ નૃત્યકારોએ બૅલે નૃત્ય-નાટ્યો આદિમાં વિનિયોગ કરવા જોઈએ. આ તબક્કે તે નૃત્યો અન્ય શહેરોમાં રજૂ કરી પ્રજાને તેની જાણ કરવી જરૂરી છે. આંતરરાજ્ય સાંસ્કૃતિક યોજના દ્વારા તે થઈ શકે. પ્રાદેશિક સંગીત-નાટક અકાદમીઓ પણ તેમાં મદદ કરી શકે. ડૉ. ભટ્ટાચાર્યે છાઉ ડાન્સ ટ્રેઈનિંગ સેન્ટર (પુરુલિયા) સંસ્થા દ્વારા આ નૃત્યની યોગ્ય તાલીમનો બંદોબસ્ત કરવાનો પુરુષાર્થ ખેડ્યો છે. આશા રાખીએ કે આ બધા પ્રયત્નોના પરિણામે આ નૃત્યો અને પરંપરા વિષે આપણે વધુ જાણીએ અને તેને આધુનિક પ્રયોગોમાં પ્રાચીન પરંપરાને પુરસ્કારી શકીએ. □

અનુસંધાન] **દસ થાટમાં રાગોની વહેંચણી** [પૃષ્ઠ ૪૧૧થી

(૭) કાફી	સા રે ગ મ પ ધ નિ
(૮) આસાવરી	સા રે ગ મ પ ધ નિ
(૯) ભૈરવી	સા રે ગ મ પ ધ નિ
(૧૦) તોડી	સા રે ગ મં પ ધ નિ

આ દસ આપણી પ્રચલિત 'ઉત્તર હિંદુસ્તાની સંગીતપદ્ધતિ'ના મુખ્ય થાટ છે અને તેમાંથી હાલના પ્રચલિત અપ્રચલિત રાગોની રચના થઈ છે તેવું એમણે સ્થાપિત કર્યું છે. જો કે તેમાં મતમતાંતર છે અને ઘણાં રાગરૂપો તે તે થાટોમાં બંધબેસતાં આવતાં નથી તેવી પણ માન્યતા છે. છતાં આપણે માનીશું કે સિદ્ધાન્તને અપવાદ પણ હોય છે, પરંતુ તેથી સિદ્ધાન્તના પ્રતિપાદનમાં વાંધો આવતો નથી.

આ દસ થાટમાંથી દસ મુખ્ય રાગ—જેમને 'જનક રાગ' કહે છે—તેની રચના થઈ છે. તેમનાં નામ (થાટ પ્રમાણે ક્રમવાર) નીચે મુજબ છે: (૧) યમન અથવા યમન કલ્યાણ (૨) બિલાવલ કે અલ્હૈયા બિલાવલ (૩) ઝિંઝોટી (૪) ભૈરવ (૫) પૂર્વી (૬) મારવા (૭) કાફી (૮) આસાવરી (૯) ભૈરવી (૧૦) તોડી. આ દસ રાગોમાંથી તેમના વર્ગના બીજા અનેક રાગો રચાયા છે અને તેમાં, આપણે ઉપર જોયું તે મુજબના ૧) ઋષભ, ધૈવત, કોમળ, ૨) રે ગ ધ, શુદ્ધ અને ૩) ગ, નિ કોમળવાળા ત્રણ પ્રકારના સ્વરોના વિભાજનથી ઉત્પન્ન થતા રાગોનો સમાવેશ થઈ જાય છે. (ચાલુ)

ચંદ્રવદન મહેતાની
અંતરગઠરી-૩૪

વિન્ડી સિટીની નાટ્યસૃષ્ટિ

લોકો શિકાગો શહેરને અંગ્રેજીમાં 'વિન્ડી સિટી' કહે છે. અને એમ કહેવામાં કંઈક તથ્ય પણ છે. હિમાલયના કેટલાક ભાગોમાં ત્યાંનાં શિખરો પોતાની આગવી ભૌગોલિક પરિસ્થિતિ સરજે છે એવું શિખરિણીઓએ લખ્યું છે. ખાસ કરીને કંચનજંઘા ગિરિમાળામાં પર્વતરાજ ધારે ત્યારે વાદળોની હેરફેર કરી એમને નચાવે, થનગનાવે, ને કદીક એકબીજા સામે ઝીંકી વીજળીની વર્ષા પણ કરી શકે. 'કિન્ચૅાન જૅાંઘ'નો અર્થ જ 'ગોડ ઑાવ ધ સ્ટૉર્મ' થાય છે એવું કેટલાક કહે છે. લેઈક મિશિગન નામનું સરોવર, આસપાસ ઉપર વળી એવાં બીજાં સરોવરો, પણ મિશિગન તો સાગરની ગરજ સારે: મોજાંના ફૂંફાટા ઉડાવે, ગમે ત્યારે વરસાદ વરસાવે એ તો ઠીક, વાદળાં ફેરવે એ પણ સમજ્યા; પરંતુ પવનની ઝડીઓ પેદા કરી એને કરતાલની માફક ઝમઝમાવે. સૂસવાટા તો બહુ નાનો શબ્દ લાગે, વાવંટોળ પણ બરાબર બેસે નહિ, અને જ્યારે પવન પોતાના સપાટાની રાડ્ય બોલાવવી શરૂ કરે ત્યારે લોલક જેવા ઉત્તર દખ્ખણ વિસ્તરતા આ સરોવરને બંને કાંઠે વસેલું શિકાગો શહેર હચમચી ઊઠે. શિયાળે તો વળી હિમવર્ષા પણ કરે. નહિ તો નાહકના પણ વાયરા વીંઝી રહેવાસીઓને સરવા કરી દે. એ એની એક ખાસિયત. સરોવરના કયા ભાગમાં, પાણીની નીચે યા કાંઠે એવી બખોલ છે કે ત્યાં વાયુદેવતા અને વરુણદેવતા પોતાના અડ્ડા જમાવી બેઠા છે, એની કોઈ કાળા માથાના માનવીને ખબર નથી; પણ બહાર નીકળ્યા અને વિફર્યા તો જુઓ ધરતી અને ગગન વચ્ચે જે હાહાકાર મચાવી દે છે તે! અને એ ખાસિયત ત્યાંના ઉત્તર વિભાગમાં વસનારાં નિગ્રો ભાઈબહેનોના સ્વભાવમાં પણ જોવા મળે. છરો હુલાવવો, કે રિવૉલ્વર તાકવી, એ તો બચ્ચાંના ખેલ; વાંક કે વાત કે બહાના ટાણાની જરૂર જ નહિ. એમની વાતો સાંભળવી છે? લ્યો સાંભળો—વાંચો.

'સેન્ટ શુલો ડાઉન હેપ્પી ગાઈ'; 'હૅન્ડવિન્ડ હિમ'; 'સીઝલ ગ્ર કપલ ઑાવ પિલ્સ ગ્ર ધ ચેસ્ટ.' ઓર 'ડ્રેઈન આઉટ બ્લડ ઑાફ ધ કૉપ, ઍન્ડ કિક ધ બ્રટ ઑાન બક્સ', 'મેઈક હિમ ફુલ ડલ', 'ટુ રીટર્ન ટુ પરમેનન્ટ ડસ્ટ.' 'નેવર ટુ ગેટ અપ.' ધ્યાનથી વાંચશો તો અર્થ પકડાશે. પણ આ તો સુધારી-મઠારીને લખેલી ભાષા, પરંતુ પેલા ગઠિયા બોલવા બેસે ત્યારે સ્વર છે કે વ્યંજન એ બેને છૂટા પાડવા જતાં આપણી ખોપરી ચગડોળે ચડે. અને વળી કિયો માઈનો પૂત એનો અનુવાદ કરવા હામ ભીડે? 'ભભૂકિયાને ભોંય ભેગો ડોક્રો દો', નહિ તો 'છાતીની ભીંતોમાંથી દસ-બાર લખોટીઓ સોંસરી કાઢી દો કે પડ્યો ભોંયભેર', 'કનોરું ઠંડું', 'ઢગરામાં પગની બેપાંચ લાતઝાપટ' કે 'ધૂળને મિજબાની', 'એ છે ને ધૂળ છે.'

એ ભાષા પાછી એકધારી નથી. શહેરે શહેરની જુદી: અવનવા લહેકા, ગરમાગરમ ગાળો, નવો શબ્દસંભાર, બારોબાર તીખાશ, વ્યાકરણની એસીતેસી, ભલભલાં નામો અને વિશેષણોને ક્રિયાપદની પંગતમાં બેસાડીને નાતરાં કરાવી દે. કદીક સીસા જેવી ભારે, કદીક પથ્થરના માર જેવી જીવલેણ. ક્યાં યે કુમળાં કે મુલાયમ વાક્યો ભાગ્યે જ સાંભળવા મળે. શિકાગોનું નિગ્રો કૉલોની ઘણું તેજીલું છે. સીધા ઊતર્યા તો સારેસારું, અને વંકાયા તો સાત પેઢીનાં વેર. રંગભેદનો સવાલ અહીં ઉત્કટ. ક્યારે ય ક્યાંક ઝપાઝપી થતાં વાર જ નહિ.

અને અહીં વળી એક નહિ ત્રણ યુનિવર્સિટીઓ છે. જાતજાતના વિષયો શીખવાડે. એમાં સંસ્કૃત પણ ખરું. અહીં અમે વારંવાર ઊતરી પડતા. મિશિગનનું જાણે પાદર. લગભગ મધ્યમાં જાણે કૉન્ફરન્સ હૉલ, લાંસિંગથી હવાઈ માર્ગે અરધોપોણો કલાક; તો મોટરમાં ત્રણચાર કલાક થાય. સાગર જેવા સરોવરની દક્ષિણે બંને બાજુ વિસ્તરેલું શહેર. ત્યાંના મોટા હૉલમાં અમારા ઉતારા હોય, કારણ હિલ્ટન, શૅરૅટન જેવી હોટલોમાં એકાદ બે મજલામાં રહેવા-કરવાની ગોઠવણ નહિ, પણ ચારપાંચ મસલતો કરવાના ઓરડા, બે ત્રણ મોટા ખંડ, એકાદ બે દફતરખાનાં ગોઠવવાની લૉબી, એક નહિ પણ બબ્બે મોટી આઠઆઠ દિવસની કૉન્ફરન્સો ગોઠવવી હોય તો યે કશી અડચણ ન પડે એવી વ્યવસ્થાવાળી જગ્યા. ખાવાપીવા માટે પણ નીચે તેમજ અહીં ત્રણચાર જમવાના ઓરડા એટલે અમને ત્યાં ઠીક ફાવતું. ઘણા જણ મળતા, એને લઈને શહેરમાં ફરવાની પણ મઝા આવતી.

'તદ્દન નીચેના આલીશાન બૉલ રૂમમાં એક દિવસ સવારે નવને શુમારે હજારેક કિશોર-કિશોરીઓને વ્યવસ્થિત રીતે કસરત કરતાં જોઈ અમે છક થઈ ગયા. કસરત નાટકની. વચમાં એક બાઈ ઊભી રહી સૂચના-હુકમો આપ્યા કરે: 'બે સાથે ઊભા રહો. આઘા ખસો. સામસામે આવો. કિશોરકિશોરી સામસામાં ખડે હો જાઓ. હવે કિશોરે ધારવું તે કિશોરી છે, કિશોરીએ ધારવું કે તે કિશોર છે. એ પ્રમાણે પોતપોતાના ચહેરા-મોઢાં બનાવો. કલ્પો, માનો કે તમે દસેક ફીટ હવામાં અધ્ધર ઊડો છો, ઊડો. તે સમયની તમારી લાગણી મોઢા ઉપર બતાવો. એકેક ફૂટ વચગાળે ગાળો કાઢી આઘા હટો. હવે કિશોરે પોતાના હાથ થકી કિશોરીની આકૃતિ કેવી છે તેની હવામાં રેખાઓ દોરવી. આંખો બંધ રાખો. કરી રહ્યા હો તો આંખો ઉઘાડો. હવે જોઈને સામાના શરીરની બાહ્ય રેખા હવામાં ઊપસાવો. વન ટુ થ્રી.'

આ મેળો જોઈ હું તો દંગ થઈ ગયો: અમારા ફાર્લી રિચમંડને લઈ અમે એક ખૂણામાં નજીકથી આ ક્રિયાકાંડ જોતા ઊભા. ત્યાં અમારી એક ઓળખીતી બાઈ, આન એલ્ડ્રિચ મળી અને બધો ખેલ પૂરો થતાં એ અમને ઘસડીને પેલી નાયિકાબાઈ પાસે લઈ ગઈ. એ બાઈનું નામ વાયોલા સ્પૉલિન. એનાં પુસ્તકો પણ પ્રગટ થયાં છે. સાઠેકની ઉમર, પણ કદાવર છતાં મુલાયમ શરીર; આંખમાં તાજગી, અને ઉમરમાં નાની લાગે. રમતિયાળ, બાલિશ, જિદ્દી, હોંસીલી, સજાગ, સજીવન અને અવનવું જાણવાની અને અવનવું કરવાની હોંસવાળી આ બાઈ સાથે તરત જ સારી ઓળખાણ થઈ ગઈ. બપોરે લંચ માટે સાથે ઘસડતી ગઈ.



શ્રી ચંદ્રવદન મહેતા અને (ત્રણ બાઇઓમાં વચ્ચે) મિસ આન એલ્ડ્રિચ

અલકમલકની વાતો કરી. શિકાગોમાં એક 'ગેઈમ થીએટર' ચલાવે. પોતાનો જ અડ્ડો, પોતાની જ વ્યવસ્થા, જોવા બેસનારાં માટે સિત્તેર-એંશી બેઠકો. સો પ્રેક્ષકોથી વધારે તો જગ્યા જ ન મળે. નાનકડો હૉલ. બાજુમાં પીણાં-સૅન્ડવિચનું બાર. વચગાળે આમતેમ થોડું ફર્નિચર અને આજુબાજુ ભીંત. ખૂણામાં જરા ઊંચી બનાવેલી જગ્યામાં યે ચારેકોર ખુરશીઓ ઘુસાડી ગોઠવેલી હોય, એ પ્રેક્ષકોની જગ્યા. ન ઑરકેસ્ટ્રા કે ન પિટ; બધી એક જ ભાવની ટિકિટ. બહુબહુ તો બે ડૉલર. ભલે નટોના મિત્રો કે શહેરના ખુદ મેયર સાહેબ હોય, કોઈ મફતિયું નહિ. ત્યાં પોલીસ-દાદા કે સરકારી કર્મચારીઓ પોતાના રઘવાયા કુટુંબકબીલાને લઈને હોય જ શાના? અને કોઈ મફતિયું ત્યાં ઘૂસી ગયું હોય તો, આ બાઈની ટોળીના નટો નાટક શરૂ કરતાં પહેલાં જ એનાં છોતરાં એવાં તો સંગોળે ચગાવે કે એ ભાઈ બારની બાજુના કાઉન્ટર પર જઈ ટિકિટ લઈ આવે.

પણ નાટક શરૂ થાય શી રીતે, યા ક્યારે એ જ તો સવાલ છે. ગેઈમ એટલે રમત. બધા નટો પાનાં રમવા પણ બેસી જાય, ચા પણ પીવી શરૂ કરે, અને જોતજોતાંમાં પોતાનાં નામો બદલી પાત્રોનાં નામમાં સરકી પડે, 'તેં પૅમિલા! પેલા માણસને દગો દીધો?' 'ના, ના, કોણે કહ્યું?' એમ કરતાં જીભાજોડી ઉપર ઊતરી પડે ને જે નાટક નક્કી હોય તે શરૂ થઈ જાય! નાટક જાણીતી કૃતિ જ લે. અને પરદા વિના, મોટે ભાગે સંગીત વિના—હા પ્રકાશયોજના કાબૂમાં ખરી–એમ એ લોકો જાતજાતનાં નાટકો કરે. ગેઈમ થીએટરની કીર્તિ છે. વાયોલા સ્પૉલિનનું નામ છે. 'પ્લે ઈન્ટરપ્રિટેશન' નામની એની ચોપડીની માગ છે. આમાં આન એલ્ડ્રિચે શિકાગોના એક નાનકડા ખૂણાની ઓળખાણ કરાવી. કહે છે કે આ ટોળી, અહીં એ મહોલ્લામાં 'હૅપનિંગ' પણ કરે. પોલીસની રજા લઈ બે કલાક રસ્તો કબજે કરી બેસે. આસપાસનાં રેસ્ટોરાંવાળાઓનો સાથ લે અને શેરીને રાજારાણી, ગઠિયા, નાયક-નાયિકાઓથી ભરપૂર કરી નાટક કરે. જતાંઆવતાં લોકો, ઉપરાંત જેમણે જાહેરખબરો વાંચી હોય તે આસપાસનાં મકાનોમાં ચડી નાટક જુએ, છેવટે નટો ટોપી ફેરવે. એમાં બેપાંચ ડૉલરની નોટ નાખે. મોટા ભાગના વધારે જ નાખે.

અને આ આન એલ્ડ્રિચ—હવે તો એ બિલ વાઈમૉકને હિન્દુ વિધિ પ્રમાણે પરણી ગઈ-તે પણ મૂળ જીવતી નાટકશાળામાં નટી. પછી ઓરીએન્ટલ વિષયો ભણવાનું—એમાં વળી બંગાળી ભણવાનું શરૂ કર્યું, અને હવે તો સંસ્કૃતનો પણ અભ્યાસ કરે છે. પોતે લગ્ન કર્યા તે પણ ભારતીય ઢબે. પતિપત્ની અમેરિકન છે, છતાં એવો જ એમનો શૉખ. અને ઘણાં બંગાળી કુટુંબ સાથે એમનો પરિચય પણ છે.

આનંએ શિકાગોની નાટ્યસૃષ્ટિનો સારો પરિચય કરાવ્યો. શિકાગો જવાનું થાય ત્યારે એને મળું જ; અને નાટકો જોવાના પ્રસંગો સાંપડે. આપણે ફ્રાન્સના પેલા ગંડુ આરતૃડનું 'થીએટર ઑવ ક્રૂઅલ્ટી'–ત્રાસવાદની નાટકશાળા તો જોઈ ગયા; પણ શિકાગોમાં એ થકી યે આગળ વધનારું એક નાટક જોઈને તો મારા જેવા ઘડાએલા પ્રેક્ષકને પણ પહેલા અંક બાદ બહાર જઈ બેસવાનું મન થયું. મૂળ કથા તો ફ્રાન્સની. એ ઉપરથી નાટક અને ફિલ્મ બંને થયાં છે. પણ આ પ્રકારનાં નાટકોને શું નામ આપવું તે કંઈ મગજમાં બેસતું નથી. ઈ. ૧૭૪૦માં જન્મેલો એક 'ફ્રાન્સ્વા દ સાદ' નામનો મોટા ઉમરાવજાદો થઈ ગયો. એના જીવન ઉપરથી રચાએલું આ નાટક 'માર્કવિસ ઑવ સાદ'—એસ એ ડી ઈ. સેડ પણ કહી શકો. પરંતુ અંગ્રેજીમાં સાડિસ્ટિક શબ્દ છે. તમે માર ખાઓ તો એ માર ખાવામાં મજા પડે, અથવા તમે કોઈને ફટકારો અને એ ચીસાચીસ પાડે એ જોવા-સાંભળવામાં પણ મજા પડે! નેપોલિયને આ વ્યક્તિને જેલમાં પણ પૂરી હતી. પોતાના મનમાં ઉત્પન્ન થતી ઝેરી, કાળી, વસમી, ઘાતકી, ક્રૂર, ગમે તેવી દયાહીન વાસનાઓ બર લાવવા એ જે કંઈ થઈ શકે તે કરે. પોતે પોતાનું જનાનખાનું વિસ્તારેલું, એમાં સ્ત્રીઓ ઉપર જુદાજુદા પ્રકારના અત્યાચારો કરે. નોકર નોકરડીને સામાં ઊભાં રાખી માર મરાવે: સોટી, ચાબખા, હંટર થકી વાંસે સોળ પડાવે, પોતે જુએ, ને આમ પોતાનો હવસ પૂરો કરે. એમાં જ રાતદિવસ રચ્યોપચ્યો રહે. એને આવું જોવામાં જ રસ, એ જ એની ભૂખ. એનો જ એને આનંદ અને રોજ ને રોજ નવીનવી રસમો અજમાવે. નગ્નાવસ્થાથી માંડી મારફાડ ઉપરાંત ડામ દેવાની ક્રિયાઓ પણ થતી રહે. એ બધો મસાલો આપણા બીભત્સ રસનો પૂરો પોષક. એવું એ નાટક. ઘૃણા ઊપજે તે કેવી, કે કમકમાં આવે. અને બીભત્સ રસમાંથી અશ્લિલતામાં સરી પડતાં કેટલી વાર? એવું આ બહુ પંકાએલું, બહુ વગોવાએલું, બહુ ચર્ચાએલું નાટક હું તો આખું જોઈ ન શક્યો. આ કાઉન્ટનું નામ ડોનાશિયો આલ્ફાન્સો. પણ પોતાને 'માર્કવિસ દ સાદ' કહેવડાવે. દુનિયામાં જાતજાતની ખોપરીઓ પાકે છે એનો આ એક જાણીતો દાખલો છે. અથવા આ પેલા જમતી વખતે જીવતા માણસને બાળીને એની રોશનીમાં જમનારા બાદશાહ નીરોનો અવતાર હશે? કોણ જાણે!

શિકાગો ન્યૂયૉર્ક કે પારી(સ)ની નાઈટ ક્લબોની જેમ એ દિશામાં પણ પ્રખ્યાત છે. જુગાર, દારૂ, લોહીનો વેપાર, અફીણથી માંડી મારિજુઆનાનાં બંધાણ; ઇટાલિયન, ઇન્ડિયન, ચિનાઈ, અરબ્બી, જાપાનીઝ, મેક્સિકન અને નિગ્રો અડ્ડાઓની અલાયદી જિંદગી, પોતપોતાની જાતભાત પ્રમાણે પોતપોતાની દિશામાં ઉસ્તાદ. પરંતુ એ સૌમાં સૌથી વધારે તેજી ખૂનરેજીમાં ભારોભાર માનનાર, સ્વમાનનો વિચિત્ર પણ ઊંચો ખયાલ ધરાવનાર તો નિગ્રો અડ્ડો. એમને ચમકાવ્યા કે ઉશ્કેર્યા તો કોઈની મજાલ નહિ કે ત્યાંથી છટકી શકે. જેટલી ગોરાને કાળી ચામડીની સૂગ, એથી વધારે કાળાઓને ગોરી ચામડીની સૂગ. એ બે વચ્ચે મેળ સાંધવા કંઈક પ્રયત્ન થઈ રહ્યા છે; ભણતર, નોકરી, ધર્મ વગેરેમાં ખાસ ધ્યાન અપાતું રહે છે, પણ રંગભેદની આડખીલી નીકળી નીકળતી નથી. કાળા-ધોળાનાં લગ્નો થાય છે, વારતહેવારો ઊજવાય છે, પણ એ વર્ષોજૂનો કે સૈકાજૂનો ભેદ નીકળતો નથી.

ફ્રૅર્લી રિચમંડ અને હું એક વાર એક રેસ્ટોરાંમાં બેઠા હતા ત્યાં અમારા ટેબલ પર નિગ્રો જો આવીને બેઠો. એણે આવતાં વાર જ કહ્યું: 'આઈ ઍમ જો; યૂ?' અને અમે અમારાં નામ કહ્યાં. જોનું અંગ્રેજી સારું. એનું નામ જો નિસ્બેટ. ડૉ. જો નિસ્બેટ. ડૉક્ટર સાંભળી અમે એને એની ડાક્ટરી વિષે પૂછ્યું, તો કહે આજે રાતે નાટક છે, એમાં તમે આવજો. આ બે ટિકિટો. અમને એકાએક ટિકિટો આપવાનું કારણ પૂછ્યું તો એ કહે કે તમે મને કૉફી પાઈ, ટોસ્ટ ખવડાવ્યો, તો હું બે ટિકિટો તમને ન આપું? સ્વીકારો. અમે હજી બિલ તો આપ્યું નથી, પણ આપ્યું ત્યારે ત્રણે જણાનાં બિલ ચૂકવ્યાં. પણ ડૉક્ટર જો નિસ્બેટની ટિકિટો માટે મનમાં શંકા થયા કરતી હતી. છૂટા પડતી વખતે અમને એણે ફરીફરીને પેલી ટિકિટો વાપરવા કહ્યું. અને અમે એને વચન આપી છૂટા પડ્યા.

મોલિયેરના મૉક ડૉક્ટર, કે બનાવટી ડાક્ટર, કે ઊંટવૈદિયા ડાક્ટર કે કેક ડાક્ટરનાં વિવિધ સ્વરૂપો તો આપણે ઘણાંએ જોયાં હશે; ડાક્ટરો સંબંધી જાતજાતની મજાકો પણ સાંભળી હશે, વાંચી હશે; પણ એ ડાક્ટરનું એક નવું સ્વરૂપ અમારી જ હૉટેલની રંગભૂમિ ઉપર જોવા મળશે એવી તો અમને જરા પણ આશા નહોતી. આ હૉટેલની બહાર આ શોમાં જવાનું હોત તો અમે બીકના માર્યા ન પણ જાત. પરંતુ અહીં અમે સલામત હતા. પવનના તોફાનથી મુક્ત હતા. વળી હૉટેલના સ્ટેજ પર કાંઈ ખાસ એક જ નાટક તો થતું નથી. ચવચવના મુરબ્બા જેવો ખીચડો થાય. એકાદ નૃત્ય. એકાદ કસરત. કોક જાદુગરના ખેલ. કદીક ટુચકો, એવા જાતભાતના શંભુમેળા પણ ઝપાટાબંધ, બહાદુરી અને વૈવિધ્યથી રજૂ કરવામાં આવે. મોટા ભાગનાં નૃત્યો: વિવિધ પ્રકારનાં નૃત્યો, દેશદેશાવરનાં નૃત્યો; પણ એ પ્રમાણિત કે સાચાં એ કહેવું મુશ્કેલ.

એ નાનકડા થીએટરમાં જમી-ખાઈ નવને શુમારે અમે ગોઠવાયા. એક પણ જગ્યા ખાલી રહી નહોતી. બધું જ ભરચક. અમને જે યાદ છે,—અને પછી તો અમે બિત્રણ વાર એ પ્રયોગ જોયો,—એમાંથી બને એટલું અહીં રજૂ કરીએ છીએ. અલબત્ત, એ ટુચકા ટુકડો ભજવાતો જોઈને અમે જે હસ્યા છીએ! એની ગમ્મત તો એ ભજવાતું જુઓ ત્યારે આવે. પણ જે છે તે અહીં રજૂ કરવામાં અમને મઝા પડે છે.

ફારસ જ. આ ભવાઈ, તમાસાના ઘાટ જ. પણ એવા ચીલઝડપથી સંવાદ કરે કે ભલભલા ખુસાં જેવાં ફોડમડાં ખડખડ હસતાં થઈ જાય. અમને કોઈ કે કહ્યું કે ડાકટરનો આ ફારસ સુજનજૂના છે. કેટલાં યે વર્ષોથી ચાલ્યો આવે છે. ગામશહેર-દેશકાળ પ્રમાણે એમાં ફરક પડે, પણ આ બે પાત્રો—એક ડાકટર, તે આપણો જો નિરબેટ, અને બીજો દરદી, તે ફી ફૈધમ, જેવા દાખલ થાય કે લોકોનો હસવાના રોગ ઊભરે. પહેલાં તો ફી ફૈધમ આવે, ત્યાં તરત એક નર્સ પ્રવેશે—

નર્સ : 'પધારો, કેમ છો?'

દરદી : 'માંદો જ તો, નહિ તો અહીં કોણ ચોખા મૂકવા આવે? આ ડાકટર જો નિરબેટનું દવાખાનું છે, ખરું ને?'

નર્સ : 'હા, હું એમની નર્સ છું.'

દરદી : ઓય મા. આ તે કેવાક ડાકટર! ડાકટર જાતે જ માંદા છે, ને એને નર્સ રાખવી પડે છે, એ મારી શી દવા કરશે?

નર્સ : હું એની નર્સ—એટલે આ દવાખાનું સંભાળનારી નર્સ.

દરદી : ઓ આઈ સી. ડાકટરની સંભાળ નથી લેવી પડતી, દવાખાનાની સંભાળ લેવી પડે છે, એમ? તો તો સારું. મારા ગામમાં તો અમારે ડાકટરની સંભાળ લેવી પડે છે.

નર્સ : એમ? કેમ કંઈ મગજના ખસેલા છે?

દરદી : અરે ના રે ના, ખાસ્સા હોશિયાર છે. જોતજોતાંમાં રોજના એકાદ બેને તો મારી જ નાખે છે. પછી અમારે એને એટલે કે ડાકટરને બચાવવામાં વખત ગાળવો પડે છે.

નર્સ : અહીં એવું નથી થતું. કેમ કે અહીં કોઈ દરદી જ આવતા નથી.

દરદી : તો તો હું ચાલ્યો.

નર્સ : અરે હોય? હમણાં ડાકટર આવશે. એ હમણાં ઘણા કામમાં છે.

દરદી : તમે કહો છો ને, કે કોઈ દરદી જ આવતા નથી? તો—

નર્સ : એટલે જ તો એ સારામાં સારી દવા બનાવી શકે છે. બને ત્યાં સુધી એ જાતે બનાવેલી દવા જ વાપરે છે. પેટંટ દવાઓમાં એમને શ્રદ્ધા જ નથી. દરદી : મને પણ નથી.

નર્સ : એટલે તમે જરા બેસો. તમારું દરદ એ તમને જોતાંવારમાં જ દૂર કરશે. કૃપા કરી આ ખુરશી લ્યો.

દરદી : એ તો લઈશ. અહીંથી ઘેર જતી વખતે લેતો જઈશ. થેંક યુ. ડાકટર સાહેબના મેળાપનો સમય શો છે?

નર્સ : બારથી ત્રણ. ત્રણથી છ. છથી નવ. અને નવથી બાર.

દરદી : એને આંક ફેરકમાં જ રસ લાગે છે. ઘોડાની રેસમાં પણ જતા લાગે છે.

નર્સ : ક્યાંથી જાય? સવારથી સાંજ. અને સાંજથી સવાર ઘડિયાળના ચકરડા પ્રમાણે તો એમના મેળાપના સમય છે.

દરદી : એ ક્યાં મળે છે? અંદર કે બહાર!

નર્સ : હમણાં બહાર આવશે, જરા ધીરજ રાખો. [અંદરથી અવાજ-અરે તું તો ડાકટર છે કે કસાઈ!- ઓ બાપ રે!]

દરદી : એ કોનો અવાજ? દરદીઓ તો અહીં આવતા નથી. ચાલો હું તો ભાગ્યો; નહિ તો મારે પણ આવી બૂમો પાડવાના વખત આવશે.

નર્સ : કેમ, ગા તમે ગાભરુ! આ તો ડાકટરનો પોતાનો અવાજ હતો.

દરદી : તો ત્યાં દરદી ડાકટરને તપાસે છે કે ડાકટર દરદીને!



બિલ વાઈમૉફ અને આન એલ્રિડ્રિયે હિન્દુ વિધિ પ્રમાણે કરેલાં લગ્ન વખતે. હોમ કર્યા બાદ

નર્સ : ડાકટર જાતે આવી બૂમો પાડે છે, જાણી જોઈને; બહારના દરદી ઉપર વટ પાડવા.

દરદી : મને વટ પડી ગયો; એટલે હું હવે ઘરની જ વાટ પકડીશ.

નર્સ : કેમ?— દરદી : હું કશુંક ભૂલી ગયો છું.

નર્સ : શું ભૂલી ગયા છો?

દરદી : કે મારે ઘરમાં જ રહેવું જોઈતું હતું. હું જાઉં છું.

ડૉ. જો : (પ્રવેશી) ક્યાં જાઓ છો? તમે કોણ છો?

દરદી : હું દરદી છું, તમે કોણ છો?

ડૉ. જો : હું ડાકટર છું. તમને કોણે મારે ત્યાં મોકલ્યા?

દરદી : પેથાભાઈએ—

ડૉ. જો : પેથાભાઈ એ? એણે મને હજી મારી ફી પણ નથી મોકલી.

દરદી : એ બીજા. આ દુનિયામાં પેથાભાઈઓની ખોટ જ ક્યાં છે? આ પેથાભાઈ તો પરણેલા છે. સુખી ઘરસંસાર છે. ત્રણ તો સંતાન છે. એક છોકરો અને એક છોકરી. ડૉ. જો : તો બે સંતાન થયાં.

દરદી : ત્રીજું તો હમણાં જ જન્મ્યું છે, એટલામાં શી ખબર પડે!

ડૉ. : ઓ! અમારું મેડિકલ વિજ્ઞાન તો એ હવે પહેલેથી કહી શકે છે.

દરદી : પેથાભાઈએ મેડિકલ વિજ્ઞાનની મદદ જ લીધેલી નહિ. છોકરાં જીવતાં નહોતાં. એટલે દયાશંકર રામજાની, લાંચરુશ્વત આપી, કોઈનું બાળક અદલાબદલીમાં લીધું એટલે હજી એ છોકરો કે છોકરી એની જાણ નથી થઈ. વિજ્ઞાન કરતાં આ ગોઠવણ વધારે ઝટપટી છે.

ડૉ. જો : આગલાં બે સંતાન?

દરદી : મોટાં થઈને મરી ગયાં. આનું હવે જોઈએ.

ડૉ. જો : જો એ પેથાભાઈ જુદા હોય તો જુદી વાત! પણ જો પેલા

મને ફી નહિ આપનાર પેથાભાઈ હોય તો આ બાળક પણ જીવશે નહિ.

દરદી : હું હમણાં જ જઈને એની ખબર કાઢીશ. અને ફી ન આપી હોય તો મોકલવા કહીશ. તમે પરણેલા છો ડાક્ટર?

ડૉ. જો : હા રે; નહિ જેવો.

દરદી : નહિ જેવા ? એટલે ?

ડૉ. જો : હું છૂટાછેડાવાળી, એટલે કે છંડાએલી વહુને પરણ્યો છું. એ વહુ અગૌના વરની બીજી વારની વહુ હતી. અને અગૌનો વર એ મારો ભાઈ હોવાથી એ મારી એક વારની ભાભી થાય. પરંતુ મારો ભાઈ સાવકી માનો દીકરો હોવાથી એ મારી એક વારની સાવકી ભાભી થાય.

દરદી : સમજ્યો.

ડૉ. જો : પણ—હું એ મારી અગૌની સાવકી ભાભીની નાની બહેનના પ્રેમમાં હતો, પણ ગોઠવણપ્રથાથી મને પરણાવવામાં આવ્યો, એટલે એનો હું કાયદેસરનો ધણી.

દરદી : હજી એમાં કંઈ તમારે ઉમેરવાનું છે?

ડૉ. જો : હા; સવાલ તમે પૂછ્યો હતો, એટલે તમને રસ હોય તો કહું કે મારી અગૌની ભાભી અને હવે કાયદેસરની વહુની નાની બહેન, તે આ નર્સ જ.

દરદી : હજી કુવારાં જ છે?

ડૉ. જો : હા, કોઈ ધણીની શોધમાં તો નથી જ.

દરદી : મને હવે મારા દરદમાં જ રસ છે.

ડૉ. જો : હું તપાસવા તૈયાર છું, તમને શાનું દર્દ છે?

દરદી : જમ્યા પછી તરત ભૂખ નથી લાગતી, પણ પીધા પછી તરત પીવાનું મન થાય છે.

ડૉ. જો : સાદું જળપાન કે જલદ મદ્યપાન?

દરદી : સાદું જળ હું કદી પીતો જ નથી.

ડૉ. જો : સામાન્ય રીતે તમે શું ખાઓ છો?

દરદી : પાંચે પકવાન, બધાં જ ફરસાણ, દૂધ દહીંની બધી જ વાની, ફ્લાહારમાં પીતાં ઓછું પડ્યું હોય તો પછી દરાખરાની.

ડૉ. : ઊંઊં: વિટેમિન્સની જ ખામી. ઠીક; કસરતમાં શું કરો છો?

દરદી : ઘોડેસવારી, મોટે ભાગે મધરાતે.

ડૉ. : કેમ મધરાતે?

દરદી : ઘોડાવાળો દિવસના બહુ પૈસા માગે છે.

ડૉ. : તો રાતે અરધા લેતો હશે.

દરદી : રાતે મફત. તબેલામાં એ નથી હોતો ત્યારે હું જ ઘોડો છોડી, પલાણી ઊપડી જાઉં છું.

ડૉ. : બીજી કોઈ ફરિયાદ છે?

દરદી : મારો પડોશી ઘણો ગમાર છે.

ડૉ. : ના, પડોશીની નહિ; તમારા શરીરમાં કંઈ?

દરદી : પગની નીચે એક ફોલ્લી થઈ છે.

ડૉ. : સરસ!

દરદી : શું સરસ? એવે ઠેકાણે ફોલ્લી થાય તે સરસ?

ડૉ. : તમારા સિવાય બીજો એ ફોલ્લી પર પગ નહિ મૂકી શકે. અને તમે તમારી ફોલ્લી સાચવી શકો. ટૂંકમાં લોહીમાં બગાડ.

દરદી : હવે મારે શું કરવું?

ડૉ. : કપડાં કાઢો, તો છાતી તપાસું.

દરદી : ભૂંગળાને એ શું કરો છો?

ડૉ. : તમારી છાતીનો રોગ એને ન લાગે માટે એની ઉપર બખ્તર પહેરાવું છું. બરાબર ટટ્ટાર બેસો. શ્વાસ લો.

દરદી : લીધો.

ડૉ. : કાઢો.

દરદી : કાઢ્યો.

ડૉ. : જીભ કાઢો.

દરદી : લ્યો.

ડૉ. : હજી બહાર કાઢો.

દરદી : શું કરું? જીભ પાછળથી શરીરમાં ચોંટાડેલી છે, હવે વધારે નહિ નીકળે.

ડૉ. : પ્રયત્ન કરો—હજી-હજી-હજી! હં. રાત્રે ઊંઘ આવે છે?

દરદી : કદી નહિ. રાતે તો ખૂબ ચાલું છું.

ડૉ. : સમજ્યો. તમને ઊંઘમાં ચાલવાની ટેવ છે.

દરદી : જી ના. હું રાતના પગીનું કામ કરું છું શેઠિયાના બંગલાની રખવાળી કરું છું.

ડૉ. : હવે ડગલો પહેરી લ્યો.

દરદી : ન પહેરું તો?

ડૉ. : ઘણાં રોગમાં એકનો વધારો થશે; શરદીનો.

દરદી : ઠીક, તો તમે રોગ પારખ્યો?

ડૉ. : હાસ્તો, એમાં શી વાર લાગે?

દરદી : તો હવે દવા?—કે ઉપાય?

ડૉ. : એક જ છે. તમારે ચશ્માં પહેરવાં પડશે. નંબર હું લખી આપું છું. નર્સ!

નર્સ : જી.

ડૉ. : અંદરથી કાગળ લાવો.

દરદી : મારે કેટલી ફી આપવાની છે?

ડૉ. : પાંચપાંચની ચાર નોટ : કુલ્લે વીસ રૂપિયા.

દરદી : વીસ?! એટલા બધા? કેમ?

ડૉ. : મેં સલાહ આપી, તપાસ્યું, એના.

દરદી : આ બબ્બે રૂપિયાની બે નોટ છે.

ડૉ. : એ તો બહુ ઓછું કહેવાય.

દરદી : હવે હું તમને સલાહ આપું છું. મારી સલાહ માનશો તો બંને નોટ મળશે, નહિ તો એક.

ડૉ. : તમે તો કોઈ ભારે કંજૂસ, જંગલી, નઠોર, ભોટ, અણઘડ....

દરદી : હવે એક પણ શબ્દ વધારે બોલશો તો એક જ નોટ મળશે.

ડૉ. : તમે તો—

દરદી : બોલ્યા ને? તો રામરામ-આવજો. (જાય છે.)

નર્સ : (આવીને) સાહેબ! આ નોટપેપર.

ડૉક્ટર પૅડમાંથી કાગળ લઈ ફાડતા રહે છે અને પરદો પડે છે.

બીજા પણ ટુચકાઓ જોયા, પણ આ મજેનો હતો, ગમે ત્યાં ગમે તે વખતે, ગમે તે રીતે થઈ શકે એવો. અમે બહાર નીકળ્યા ત્યારે નર્સ પોતાનાં કપડાં બદલીને અમને સત્કારવા આગળ આવી. ડૉ. જો પણ સાથે જ હતા. નર્સનો પાઠ કરનાર તે આન એલ્ડ્રિચ-હવે મિસિસ.

ટિકિટનું રહસ્ય ત્યારે સ્પષ્ટ થયું. પછી તો અમે બધાં બારમાં ગરમ કૉફી પીવા ગયાં. (ચાલુ)

શ્રી ઉમાશંકર જોશી અખિલ ગુજરાત નિબંધસ્પર્ધા

શ્રી ઉમાશંકર જોશીને ૧૯૬૮માં ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક મળ્યું. તે પ્રસંગને અનુલક્ષી ચારુતર વિદ્યામંડળે ઉપર્યુક્ત નિબંધસ્પર્ધા શરૂ કરી છે. જેમાં ગુજરાતની ઉચ્ચ શિક્ષણ આપતી બધી કૉલેજોના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

ચાલુ સાલે નીચેનામાંથી ગમે તે 'એક' વિષય અંગે નિબંધ લખવાનો રહેશે : (૧) નવલિકાકાર ઉમાશંકર જોશી, (૨) ગુજરાતી નવલકથાનાં પ્રથમ સો વર્ષ; (૩) છાત્રાલયજીવન; (૪) અંગ્રેજી સાહિત્ય સાથેના સંપર્કનો ગુજરાતી ભાષાસાહિત્ય ઉપર પ્રભાવ.

પ્રથમ પારિતોષિક રૂા. ૧૦૧નું તથા દ્વિતીય રૂા. ૮૧નું રહેશે. બાકીની રકમ નિર્ણાયકોના સૂચન મુજબ અપાશે.

નિબંધ વધુમાં વધુ ૪૦૦૦ શબ્દો સુધી. છેલ્લી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૭૦. વિશેષ માહિતી માટે લખો : માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, પો. બો. નંબર-૨૨, વલ્લભવિદ્યાનગર (જિ. ખેડા).

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૫૧૧ સ્વેચ્છાએ સ્વીકારેલો આપદ્ધર્મ

હાજી-સ્મારક માટેની અપીલ મિત્રો અને વિદ્વાનોને હાથોહાથ તેમજ ઘણા પત્રો લખીને ટપાલથી પહોંચાડી. હાજીના ગયા બાદ પંદરેક દિવસે હું એ પત્રિકાઓ લઈને મુંબાઈ ગયો. જોકે મારા જીવનમાં જીવંત રસ લેનારી બે વ્યક્તિઓ—રણજિતરામ અને હવે હાજીના જવાથી ત્યાં મારું સ્થાન બહુ રહ્યું ન હતું.

મુંબાઈ પહોંચીને તરત ખોજા મહોલ્લામાં હાજીના મોટા પુત્ર ગુલામહુસેન પાસે જઈ મારો શોક તથા આશ્વાસન દર્શાવ્યાં. તેણે હાજીની છેવટની અવસ્થાની કરુણ વાતો કહી તેમજ અન્ય વિદ્વાનોને પણ પોતાના સ્વાર્થ પૂરતી સગવડો મેળવવામાં જ રસ હતો એ કહ્યું. કોઈ હાજીની મુસીબતો દૂર કરી શકયા નહિ તેનો ખેદ દર્શાવ્યો. મેં સ્મારક-ગ્રંથનો વિચાર જણાવ્યો ત્યારે એમણે કહ્યું કે અહીં મુંબાઈમાં કોઈએ એવી હિલચાલ કરી નથી, પણ તમને જોઈશે તે મદદ હું જરૂર આપીશ. મેં કુટુંબના ફોટોગ્રાફો તથા પરંપરાની હકીકતો માગી તે તેમણે મેળવી આપવા વચન આપ્યું. સાથે જણાવ્યું કે તે રોજ સવારે તેમની કબર ઉપર ફૂલ ચડાવવા જાય છે, એટલે બીજી સવારે મેં તેની સાથે જવા ઠરાવ્યું. મકાન છોડતાં હું મારાં આંસુ રોકી શક્યો નહિ.

ત્યાંથી નીકળી શહેરમાં કેટલાક મિત્રોને મળ્યો. લગભગ દરેક જણે મેં ઉપાડેલા કામમાં સહાય કરવાનો ઉત્સાહ બતાવ્યો, પણ તત્કાલ કોઈ લેખ કે કવિતા આપી શક્યું નહિ.

બીજે દિવસે સવારમાં ફૂલ લઈને ગુલામહુસેન પાસે પહોંચ્યો. તે મારી રાહ જોતા હતા. વિક્ટોરિયા ભાડે કરી અમે મઝગાંવ ખોજા કબ્રસ્તાનમાં ગયા. ત્યાં એક નાના ઝાડ પાસેની કબર તેમણે મને બતાવી. અંતરની વેદના સાથે મેં તે પર ફૂલ અર્પ્યાં. પછી ગુલામહુસેને કાંઈક જપ કરી પોતાનાં ફૂલ મૂક્યાં. અહીં પણ મારું હૈયું હાથ રહી શક્યું નહિ. સલામ! મારા પ્યારા મહેરબાન મિત્ર! બેહિશ્તમાં વિરાજેલા તારા આત્માને અંતિમ સલામ!

તેમના સ્મારક-ગ્રંથ માટે કોઈની પાસે ફાળા કે સહાય સારુ હાથ નહિ લંબાવતાં વધુ જુસ્સાથી ધંધાનું કામ કરવા મેં નિરધાર કર્યો. એક-બે મિત્રોએ દિલસોજીથી પોતાના વડીલો અને વહાલાંઓની તસ્વીરોનું કામ સોંપ્યું. હવે મુંબાઈમાં મારી ભલામણ કરનાર મુરબ્બી મિત્ર જોકે રહ્યો ન હતો, પણ સહાનુભૂતિ બતાવનારા ઘણા મળ્યા. મારે પણ જોવું હતું, કોણ ક્યાં સુધી સાથ આપે છે. પણ મને એક નિરાંત હતી કે કામકાજનો દોર સંભાળી રાખનાર બચુભાઈ રાવત જેવા સાથી મળી ગયા છે એટલે આ કામની આર્થિક અને વ્યવહારુ બાજુ તો હું વેઠી શકીશ.

૫૧૨ મૂંઝવણો અને કસોટી

અમદાવાદ આવ્યો ત્યારે બચુભાઈ રાવત સસ્તું સાહિત્યની કામગીરીમાંથી મુક્ત થઈ ગયા હતા. તેમને સહાયક સંચાલક બનાવી હું ચારે તરફ ઝડપથી પત્રવ્યવહાર કરવા લાગ્યો, અને ઉત્તરો પણ સંતોષકારક મળતા રહ્યા. બચુભાઈ નિયમિતપણે ટપાલ સમયે આવી નિર્ણયો લઈ ગ્રંથયોજનાનું સ્વરૂપ ઘડતા. એમણે થોડી હિંમત બતાવી કે ગ્રંથ માટે બેપાંચ અંગત મિત્રોના તો અભ્યાસપૂર્ણ, ભાવનાયુક્ત લેખો મળશે. ભાઈ દેશળજી પરમારે રાજહંસ નામની લાંબી કરુણ પ્રશસ્તિ શરૂ કરી દીધી હતી. ગૌરીશંકર જોશી (ધૂમકેતુ)એ કાવ્ય અને વાર્તા



બચુભાઈના હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'માં ધૂમકેતુએ લખેલા પ્રભાવક 'દક્ષ-યજ્ઞ-ભંગ' સાથે સ્મારકગ્રંથમાં લેવા માટે કરેલું રુદ્રરૂપ શિવનું ચિત્ર.

મોકલવાનું વચન આપ્યું. એ ઉપરાંત તેમણે બચુભાઈના હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'માં 'દક્ષ-યજ્ઞ-ભંગ' લખ્યો હતો તે મને બહુ જ પ્રભાવોત્પાદક લાગેલો. તે પણ આ ગ્રંથમાં લેવા મેં જાતે તેનો પ્રસંગ ચિત્રમાં ઉપાડ્યો. 'વીસમી સદી'ના ચિત્રકારો, ધુરંધર, ગોરક્ષકર, જોગળેકર, પુરુષોત્તમ આદિએ પણ હું માગું તે સેવા આપવા સ્વીકાર્યું હતું. સમરાવ તો મારા હાથમાં જ હતા. ત્રિભુવન પટેલે ગમે તેટલાં ચિત્રો કરી આપવા તૈયારી બતાવી. પણ લેખકો પાસેથી ધારેલી મુદતમાં જવાબ કે લેખ મળતા નહિ તેથી અધીરાઈ વધતી જતી હતી.

બીજી બાજુ છાપકામને અંગે અમારો કશો જ અનુભવ ન હતો. બચુભાઈ પાસે પ્રુફરીડિંગનું સારું જ્ઞાન અને અનુભવ હતાં, જોડણીની શુદ્ધિ તેમને સહજ હતી, પણ લખાણ પ્રમાણે ઊતરનારાં પાનાં અને ફૉર્મની ગણતરી, કાગળના હિસાબો, મુદ્રણના ભાવ વગેરે અમારે શીખ-

વાનાં હતાં. પણ તેમની નિષ્ઠા અજબ હતી. તેમણે રોજેરોજ કાગળો અને છાપકામના જાણકારોને મળવા માંડ્યું. તેમાં ડાયમંડ જ્યૂબિલી પ્રિન્ટિંગ પ્રેસના માલિક શ્રી પોપટલાલ પરીખ જોડે મૈત્રીગાંઠ બાંધી, અને તેમનું માર્ગદર્શન મેળવતા રહી કાગળની જાત, ગ્રંથનું કદ વગેરેની યોજના તૈયાર કરી. પણ પ્રકટ કરવા યોગ્ય તમામ લેખો આવી જાય નહિ ત્યાં સુધી તેની યોગ્યાયોગ્યતા અને ઔચિત્ય પ્રમાણેના ક્રમ તથા વિભાગ છેવટનાં નક્કી થઈ શકે નહિ અને છાપખાનામાં કામ અપાય નહિ. આ માટે અમે રોજ મળીને ચર્ચા કરતા. બીજી બાજુ મેં ફોટોગ્રાફો, ચિત્રો, સુશોભનો આદિની તૈયારી આદરી દીધી. આમ એકબે માસ તો કાંઈ પણ નક્કર કામ ઉતાર્યા વિના અમે કાઢ્યા. મારે મારો ઘરખર્ચ નિભાવવાનો હતો, બચુભાઇનો દરમાયો પણ સાચવવાનો હતો અને કાગળની ખરીદી અને છપાઈનાં બિલો વગેરેની રકમો ભેગી કરવાની હતી.

જીવણલાલ અમરશીએ વચન આપેલું કે બધી સામગ્રી તૈયાર થયે તે વિચાર કરશે. પણ અમારો નિરધાર તો કામ કલાપૂર્ણ કરવાનો હતો અને બચુભાઈ જેવી વ્યક્તિને કામ સોંપ્યા પછી વેપારી રીતે કામમાં થીગડથાગડ કરવાથી તો અમને બંનેની હીણપત લાગે એવો ભય પણ હતો એટલે નિશ્ચય કર્યો કે પોતાના કાંડા ઉપર ઘા લઇને પણ ધાર્યું કામ કરવું.

આમ અનેક ચિંતાઓ લઇને અમદાવાદમાં હું મારો વ્યવહાર સંભાળી રહ્યો હતો ત્યાં ઘરધણીએ સતામણી શરૂ કરી કે 'તમારે ત્યાં ઘણા મહેમાનો આવે જાય છે અને ખર્ચ પણ ઠીક રાખો છો, માટે ભાડું વધારી આપો'. આમ રોજની તેમની ટોકણી થવા લાગી તેથી મારા કામ અને ધ્યેયમાં વિક્ષેપ થવા લાગ્યો; ને ઘરમાં પણ એની જ કડાકૂટ થયા કરતી. તત્કાલ મને જોઇએ એવું મકાન પણ ક્યાં શોધવું? અહીં ઘરને ગોઠવી તેને સ્થિર કરી દીધા પછી મેં એને લગતા વિચારો વિસારી દીધા હતા તેના પ્રશ્નો હવે ઊઠવા લાગ્યા. વળી રાષ્ટ્રજીવનમાં પણ નવી ચેતના અને જાગૃતિ આવી ગઈ હતી તેનાથી અળગા રહેવાય તેમ ન હતું.

૫૧૩ અસહકારનો જુવાળ

ગાંધીજીએ જાહેર કરેલા અસહકારના આંદોલનથી શહેર અને ગામડાંમાંથી શાળાઓ ને વિદ્યાર્થીઓએ સરકારી સહાય-સંબંધો ઝડપથી છોડવા માંડ્યા હતા. તેમાંયે તિલક મહારાજના અવસાન (૧ ઑગસ્ટ ૧૯૨૦) પછી ગાંધીજીએ એક વર્ષમાં સ્વરાજ મેળવવા વકીલો, સરકારી અમલદારો તથા ધારાસભ્યોને તેમની વકાલત, હોદ્દા તથા ધારાસભાઓ છોડવા હાકલ કરી અને દેશની ગરીબાઈ હઠાવવા ખાદી અપનાવી લેવાનું એલાન આપ્યું હતું. ઠેરઠેર શાળાઓ અને સંસ્થાઓ ઊભી થઈ ગઈ હતી. ને વિદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર તથા હોળીઓ થતી અને વિદેશી વસ્ત્રોમાં નીકળનાર નરનારીઓ પ્રતિ જાહેર કટાક્ષો થતા, અને તેઓ પણ સંક્ષોભ અનુભવતાં.

મેં મૂગામૂગા મારાં વસ્ત્રો ખાદીપૂર્ણ કરી નાખ્યાં હતાં, પણ કળાના પ્રતીક તરીકે હાથવણાટની કાશ્મીરી ભરતવાળી ટોપી અપનાવી હતી. બચુભાઇએ તો ટોપીથી ચંપલ સુધી શુદ્ધ ગાંધી સંપ્રદાયને અપનાવી લીધો હતો. પણ અમારા પરમ મિત્ર ચિત્રકાર રવિશંકર પંડિત હજી અડગ રહ્યા હતા. તેમના એક ભાઇ પોલીસ ઑફિસર હતા, અને તેમના મનમાં કશાને માટે અનુરાગ થયો ન હતો; એટલે તે તો હમેશાં કેછાંવાળી ઊંચી કાળી ગોળ ટોપી અને હાફકોટ પહેરી મારે ત્યાં આવતા. કળા વિષે તેમની ખરી દિલ્લગી હતી. ચિત્રની સૂક્ષ્મતાઓ તે સમજતા અને કાલ્પનિક ચિત્રવિષયો કરી શકતા.

એક વખત બચુભાઇને અને તેમને સ્વદેશી, ખાદી અને અસહકાર વિષે ખૂબ જામી ગઈ. બચુભાઈમાં પુણ્યપ્રકોપ ઊપડ્યો અને તેમની કાળી ટોપી ઊંચકી જમીન પર ફેંકી બોલ્યા: 'આને હવે સળગાવી દો!'

પંડિતે હસતાં હસતાં કહ્યું: 'ભલે, સળગાવી દો.' ને ખરેખર બ
દીવાસળીનું બાક્સ મંગાવી દીવાસળી સળગાવીને ટોપીને ચાંપ
છતાં ભાઈ પંડિતે તેમને જરા પણ રોક્યા નહિ અને હસતા
અને બીજે દિવસે એવી જ કાળી નવી ટોપી ખરીદીને પહેરી લાવ્ય
છતાં આજ સુધી અમારા પરસ્પરના સંબંધોમાં કદી વિક્ષેપ આવ

૫૧૪ રહેઠાણ ફેરવ્યું

હું હાલના રહેઠાણથી હવે ખૂબ કાયર થયો હતો. મારા
બરાબર સામે અનાજ દળવાની એક ઘંટી હતી તેનું એન્જિન
દિવસ અવાજ કરતું, એટલું જ નહિ પણ છાપરા પરના તેના
માંથી ગળું બાળે તેવો ધુમાડો નીકળતો તેથી રસ્તા પરની બારી
અમારે બંધ જ રાખવી પડતી. ઘર જાહેર રસ્તા ઉપર હોવાથી મુલ
ઓ, મિત્રો, મહેમાનો રોજેરોજ આવી ચડતા. પાણી, વાસણ
વગેરે માટે અમારે નીચે જવું પડતું અને બીમારી હોય ત્યારે
ચડઊતર થકવનારી બનતી. તેમાં હવે ઘરધણી રાયજીએ ભાડું વધા
ટોકણીમાં વેગ આણ્યો. મારી શાંતિ અને સ્વસ્થતામાં અક
આવવા માંડી. ઘરધણીના સુપુત્રો તથા તેમની પત્નીઓ અમાર
ઘણી સલુકાઈ અને સહાનુભૂતિ બતાવતાં, પણ ડોસાજી આગળ
કાંઈ ઊપજતું નહિ. એ જૂના સ્વભાવના માણસ જુવાન પુત્રોને
તરણાને તોલ કરી નાખતા. છતાં આજે હું રાયજીની એ ટોકણીને
ર્વાદ માનું છું, કારણ કે તેને લીધે જ હું માગ શોધવા પ્રયત્નશીલ

મારા સહવાસમાં આવી ગએલા મિત્રો-સંબંધીઓને હું ભા
વીસરતો અને તેઓ પણ કંઈક લાગણી સાથે મને ક્વચિત્ મળી
તે પૈકી મારા કલામંદિરમાં મારી પાસે વર્ષેક દિવસ ચિત્રકળાના
પામેલા મારા જૂના વિદ્યાર્થી ભાઈ સૅમ્સન બેન્જામીન એક દિવસ
મળવા આવ્યા અને વાતમાં વાત નીકળતાં મારી ઘર સંબંધી મું
જાણી કે એકદમ તેણે કહ્યું: 'નજીકમાં જ મારા એક જાણીતા ગૃહ
એક પોળમાંનું મકાન ખાલી થવાનું છે. જો કોઇને અપાયું નહિ હો
તમારે માટે નક્કી કરી આપીશ.'

એ ભાઈએ ખરા મનથી તપાસ કરી, બીજે જ દિવસે મને અને
પત્નીને સાથે લઈ જઈ, રાયપુરમાં ભાઈશંકર સૉલિસિટરની હવેલ
ખાંચામાં આવેલી નાનીસરખી બાકૂઆની પોળમાં સામે છેડે સીધુ
દેખાતું આખું ખાલી મકાન બતાવ્યું. મકાન જૂનું હતું, પણ અંદર
ટાંકું, ઓટલા પાસે સુવાંગ સંડાસ અને આગળ નાના ચોકઠાવાળું
મને તે એકદમ પસંદ પડી ગયું એટલે ભાઈ સૅમ્સન પોળમાં જ ર
તેના વૃદ્ધ માલિક બાપાલાલભાઈ પટેલ પાસે મને લઈ ગયા અને
'કાકા, આ મારા ગુરુજી છે અને તેમને તમારે મકાન આપવું પડ
તેમણે કહ્યું: 'ભઈ શામ, તું કોઇને લાવે પછી મારે પૂછવાનું શું હો
મકાન બારવરસે હમણાં ખાલી થયું છે એટલે ચૂનો ધોળાવી આપું,
આવો.' અને મને કહે: 'જુઓ ભાઈ, શામ આવ્યો છે એટલે તમે ખુશ
ઘર રાખો, પણ માસિક ભાડું રૂ. ૩૦ અગાઉથી આપજો' મારાં પત્
તો દાદરાની ચડઊતર વિના પાણીછાણીની સગવડ, અંદર ચોક, ન
અગાશી ને બહાર ચોકઠામાં આડોશપાડોશ મળશે એ બધાંથી
સંતોષ થયો, અને પહેલી તારીખે રહેવા આવીએ તે પહેલાં ધોળાવી રા
વાની બાપાલાલભાઈની ખાતરી સાથે રજા લીધી. બીજે દિવસે જ એ
ના શામ સાથે માગેલું ભાડું મોકલી ચડતા ભાડાની પહોંચ મંગાવી લી
અને આઠેક દિવસમાં સામાનની લારીઓ ભરાવી ત્યાં પહોંચાડી દી

બાપાલાલ ડોસા, તેમનાં પત્ની તથા પુત્રોની સલુકાઈ ઘણી હત
તેઓ બાજુમાં જ અડોઅડ મકાનમાં રહેતા, પણ મારો આવાસ સ્વત
અને અલગ હતો. અમારું પાછલું બારણું તેડેની મહાલક્ષ્મીની પોળ
પડતું, તે બંધ રહેતું પણ તેના ઓટલા પર નાની (અનુ. પૃ. ૪૦

વારતા
3

વૈતાળ પચ્ચાસી

મૂંઝવણ

વિનોદ ભટ્ટ

અને—મડાને ઝાડ પરથી નીચે ઉતારી, ખાંધે નાખી રાજા વિક્રમે મૂગા મૂગા ચાલવા માંડ્યું એટલે મડાએ આ વારતા કહી:

કોઈ એક નગરમાં એક રાજા રાજ્ય કરતો હતો. તેનું સાચું નામ શું હતું તેની તો ખબર નથી, પણ રાજ્યમાં મોટા અને સારા હોદ્દાઓ પર તે પોતાનાં અંગત સગાંઓને જ મૂકતો, આથી તેની આ 'મામકાઃ' નીતિને કારણે 'મામકેશ્વર' તરીકે તેની કીર્તિ ચોમેર ફેલાઈ હતી.

રાજાને પોતાની એક પટરાણીના ભાઈ પટ્ટસાળા પર ખૂબ જ મહેરબાની હોવાને કારણે રાજાએ તેને વસૂલાતી અધિકારી તરીકે મૂક્યો હતો. આ સાળાધિકારી લોકો પાસેથી મોટીમોટી રકમોની લાંચ ખાય છે એવી ફરિયાદો રાજાના કાને આવ્યા કરતી. પણ જ્યારે એવી ફરિયાદોએ માઝા મૂકી ત્યારે રાજાએ આ પટ્ટસાળાને રેવન્યુ ક્લેક્ટરના હોદ્દા પરથી ઉતારી એક સાધારણ હોદ્દા પર મૂકી દીધો.

એવામાં રાજા મામકેશ્વરનો જન્મદિવસ આવતો હતો. રાજાનો એ જન્મદિન પ્રજાનો ઉત્સવદિન ગણાતો, જેમાં રાજાની એક ભવ્ય સવારી પણ નીકળતી. એ દિવસે વહેલી સવારે સાળાસાહેબ રાજા પાસે પહોંચી ગયા ને તેના ચરણમાં ભેટોનો ઢગલો કરી ગળગળા સાદે બોલ્યા:

'જીજાજી, ઘણા સમયથી આપણે નિરાંતે વાતો કરી શક્યા નથી. આજે સવારી વખતે તમારી સાથે જ રહેવાની મારી ઇચ્છા છે.'

'ભલે ભલે.' જન્મદિવસની ખુશાલીના ઉમંગમાં રાજાએ અનુમતિ આપી. અને સવારીમાં રાજાની જોડાજોડ જ સાળાસાહેબ ગોઠવાઈ ગયા.

રાજાની સવારી નીકળી. રસ્તા પર લોકોની ઠઠ જામી છે. હવેલીઓ પર માણસો માતાં નથી. આવા ભવ્ય સ્વાગતથી રાજા પ્રસન્ન છે. સાળાસાહેબ જીજાજી સાથે વાતો કરતા કરતા મોટી હવેલીઓ તરફ હાથ લાંબા કરીને રાજાના ઠાઠ ને રૈયતના પ્રેમ બાબત પોતાની ખુશી વ્યક્ત કરે છે. રાજા હવેલીઓ સામે ઊંચી આંખે જોતા મલકે છે. અમુક હવેલીઓના કલાત્મક ઝરૂખા તરફ આંગળી ચીંધીને સાળાસાહેબ રાજાનું ધ્યાન એ તરફ દોરે છે. આમ રાજાની સવારી પૂરી થાય છે.

બીજા દિવસે સવારના પહોરમાં જ સાળાસાહેબના ઘેર હવેલીવાળા શેઠિયાઓની લાઈન લાગી ગઈ. સાળાસાહેબને હાથ જોડતાં હવેલીવાળા શેઠિયાઓ પૂછવા લાગ્યા: 'ગઈ કાલે સવારી વખતે અમારી હવેલીઓ તરફ હાથ લાંબા કરીને રાજરાજેશ્વર સાથે આપ શી વાત કરતા હતા?'

શેઠિયાઓના આ પ્રશ્નથી મનમાં મલકાતા સાળાશ્રી બોલ્યા: 'ખાસ કોઈ વાત નથી એ તો જીજાજી એમ પૂછતા'તા કે આ મોટીમોટી હવેલીવાળા શેઠિયાઓ કરવેરા બરાબર ચૂકવે છે કે નહિ? અને જો ચૂકવતા હોય તો પછી આટલી મોટી હવેલીઓ આ લોકો પાસે રહી જ કેમ શકી છે? આમ થશે તો સમાજવાદ કેવી રીતે આવી શકશે! તમે એની બરાબર તપાસ કરો, અને જરૂર જણાય તો આ શેઠિયાઓની મિલ્કતની આકારણી ફરીથી કરો. એટલે મારા માથે તો એક મોટી ગંભીર જવાબદારી આવી પડી છે. નાછૂટકે મારે આ કડવી ફરજ બજાવવી પડશે'.

શેઠિયાઓ તો ગભરાઈ ગયા અને પરસેવે રેબઝેબ થઈ ગયા. મિલ્કતની ફરીથી આકારણી નહિ કરવા દેવા બદલ શેઠિયાઓએ સાળાશ્રીના ચરણમાં ધનના ઢગલા કરી દીધા. આ વાત જ્યારે રાજાના કાને આવી ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગયો, કેમ કે આવી કોઈ જ વાત પટ્ટસાળા સાથે તેને થઈ જ નહોતી. તેણે તત્કાળ સાળાની બદલી રણવાસમાં કરી નાખી, કેમ કે એ એવી જગ્યા છે કે જ્યાંથી કોઈ લાંચ ખાઈ જ શકે નહિ.

આમ અંતઃપુર જેવી જગ્યાએ બદલી થવા છતાં સાળાશ્રીના ચહેરા પર લેશમાત્ર રંજ નથી. એ તો મનમાં મલક્યા જ કરે છે. એવામાં એક દિવસ એક રાણીએ જરા મોટેથી ખાંસી ખાધી. પટ્ટસાળાજી એ વખતે એ રાણીના આવાસ પાસે ઊભા હતા. એમણે તરત ખિસ્સામાંથી ડાયરી કાઢી અને તેમાં એ રાણીનું નામ ટપકાવી લીધું. પેલી રાણીની દાસી આ જોઈ ગઈ અને તેણે જઈને રાણીને આ વાત કરી. રાણીએ આથી સાળાશ્રીને ખાનગીમાં બોલાવીને આનું કારણ પૂછતાં સાળાશ્રીએ ઠાવકાઈથી જવાબ દીધો: 'જુઓ બહેન, જીજાજીએ મને અહીં એક ખાસ કામ માટે મૂક્યો છે. હમણાં એમને અહીં રોગચાળો શરૂ થતો હોવાની શંકા ઊભી થઈ છે. રાણીઓની આટઆટલી કાળજી લેવા છતાં જો કોઈ રોગિષ્ઠ થતી હોય તો દોષ તેનો હોવો જોઇએ. એટલે જે રાણી બહુ ખાંસી કરતી હોય કે બહુ ઓડકાર ખાતી હોય તેને અણમાનીતી માટેના એકદંડિયા મહેલે મોકલી દેવાની છે. અને નોંધ રાખવાનું મને સૂચવ્યું છે.'

રાણીએ તો આ સાંભળીને ખોળા પાથરવા માંડયા અને પોતાનું નામ છેકી નાખવા માટે પોતાની પાસેના દાગીના અને ઝવેરાત સાળાસાહેબના ચરણે ધરી દીધા. આમ ઘણી રાણીઓને સાળાસાહેબે ખંખેરવા માંડી.

આ વાત જેવી રાજાના કાને પહોંચી કે એ તો ક્રોધથી ધૂંઆફૂંઆ થઈ ગયો. આ પટ્ટસાળાએ તો એના નાકમાં દમ આણી દીધો હતો. હવે તો ગમે તેમ કરીને પણ તેને આ લાંચની ખો ભુલાવવાનો એણે મનોમન નિર્ણય કરી લીધો અને જ્યાં લાંચ ખાઈ જ ન શકાય એવી કઈ જગ્યા હોઈ શકે એના વિચારમાં તે ખોવાઈ ગયો. અને લાંબા વિચારને અંતે રાજાએ એ પટ્ટસાળાને દરિયા પાસેના એક ટાપુ પર મૂક્યો, જ્યાં બેઠાંબેઠાં તેણે બસ દરિયાનાં મોજાં જ ગણ્યા કરવાનાં હતાં.

'હવે બચ્ચો ક્યાંથી લાંચ ખાય છે, જોઉં તો ખરો!' એમ બબડી રાજાએ મૂછો મરડી.

અને સાળાસાહેબને દરિયાનાં મોજાં ગણવાની નોકરી મળી, પણ એના મોં પર તો ચિંતાની રેખા સરખી યે દેખાતી નથી.

થોડા દિવસ બાદ દરિયામાં દૂરથી એક મોટું વહાણ આવતું દેખાયું. સાળાજીએ મોટેથી બૂમ પાડતાં તેને કહ્યું: 'એ—વહાણ ત્યાં જ રોકજો.'

'કેમ?' વહાણવાળાએ પૂછ્યું.

'મહારાજા મામકેશ્વરજીની આજ્ઞાથી મારે અહીંનાં મોજાં ગણવાનાં છે. જ્યાં સુધી હું મોજાં ગણી ન લઉં ત્યાં સુધી તમારે વહાણ છે ત્યાં જ સ્થિર ઊભું રાખવાનું છે. જરા હાલવાચાલવાનું પણ નથી.'

વહાણવાળો મૂંઝાયો. આ મોજાં ગણવાની કામગીરીનો અંત ક્યારે આવે? અને દરિયામાં તો વહાણ કેટલો વખત સ્થિર રોકી શકાય? ત્યાં સુધી પોતાના માલનું શું? એટલે વહાણમાં બેઠેલા શાહ સોદાગરે સાળાજીને દેશદેશાવરથી આણેલી મોંઘી મોંઘી ચીજોની ભેટો મોકલીને પોતાનું વહાણ આગળ લીધું.

આમ દરિયા ખેડી દેશ આવતા શાહ સોદાગરો પાસેથી તો ઊલટી સાળાસાહેબે કિસમકિસમની મોંઘી બક્ષિશો મેળવવા માંડી.

રાજાએ આ વાત જ્યારે જાણી ત્યારે તેની મતિ તદ્દન જ મૂંઝાઈ ગઈ. આ પટ્ટસાળાનું શું કરવું એ જ એને સમજાતું નહોતું.

વારતાને આટલેથી અટકાવતાં વેતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ, આ પટ્ટસાળાને હવે ક્યાં મૂકવો જોઇએ?'

'ઍન્ટી-કરપ્શન બ્રાન્ચમાં.' વિક્રમે જવાબ આપ્યો.

—અને મડું ઊડીને ઝાડ પર લટકી ગયું. (ચાલુ)

એસ. કે. પોટ્ટેક્કાટ્ટની મલયાલમ વાર્તા

જેમાં છ-છ પેટીઓ સાથે મુસાફરી કરતો હાથીદાંતનો વેપારી બોખું બેડોળ હસી જાય છે

સિદ્દીકી

અનુવાદક • કમલ જસાપરા

મારા આફ્રિકાના પ્રવાસ દરમિયાન થએલા કેટલાક રસપ્રદ અનુભવોમાંની આ એક વાત છે.

દક્ષિણ રૂહોડેશિયામાં આવેલા બુલાવાયો શહેરમાંથી પોર્ટુગીઝ પૂર્વ આફ્રિકામાં આવેલા બાયરામાં પાછા ફરતી વેળા ટ્રેઇનમાં મિસ્ટર સિદ્દીકી જોડે સૌપ્રથમ ઓળખાણ થઈ. રસ્તામાં ડુંગરાળ પ્રદેશમાં આવેલા રેલવે સ્ટેશનમાંથી એક ઠીંગણો માણસ, એક હબસી હમાલ પાસે પેટીઓ ઊંચકાવી, મારા કંપાર્ટમેન્ટમાં આવી ચડયો. પહેલી નજરે જોતાં જ એ ભારતનો નાગરિક હોવાનું જણાઈ આવ્યું.

દૂર પરદેશમાં લાંબી મુસાફરી દરમિયાન સહયાત્રી તરીકે એક ભારતવાસી મળી જાય એ અત્યંત આનંદદાયક ઘટના ગણાય. અહીં અધવચ્ચે ગાડીમાં ચડનારા ભારતીયોમાં મોટા ભાગે અંગ્રેજી ભાષાનું પૂરતું જ્ઞાન ન ધરાવતા ગુજરાતી વેપારીઓ હોય છે. કાગળપેન્સિલ લઈ એક ખૂણામાં બેસી રહી હિસાબમાં રચ્યાપચ્યા રહેતા તેઓ સહયાત્રીઓ સાથે વાતચીત કરવાનું ઓછું પસંદ કરે છે. પણ આ આગંતુકની વાત કંઈક નિરાળી લાગતી હતી. કિંમતી સૂટમાં સજ્જ થઈ, માથે હૅટ પહેરી કોઈ ગાયનની ધૂન સીટીમાં વગાડતાંવગાડતાં ચપળતાપૂર્વક એ ગાડીમાં ચડયો. મને જોતાંવેંત જ સલામ ભરી, સ્મિત વેર્યું. એના મોંમાં ગણ્યાગાંઠયા દાંત જ બાકી રહ્યા હતા. સઘળી પેટીઓ ઉપરના પાટિયા પર મુકાવી મારી બાજુમાં આસન જમાવ્યું.

'ઓહ! શું ગરમી પડે છે!' ગળામાંથી ટાઈ છોડી, કોટ કાઢી ખીંટી પર ટાંગી, પાટલૂનના ખિસ્સામાંથી સિગારેટની ડબ્બી કાઢી મારી સમક્ષ ધરતાં એ બોલ્યો. મેં એમાંથી એક ખેંચી લીધી અને એણે બીજી એક.

'તમે ક્યાં જાઓ છો?' માચીસમાંથી કાંડી કાઢી પેટાવીને મારી સિગારેટ સળગાવતાં એણે હિંદીમાં વાતચીત શરૂ કરી.

'હું બાયરા તરફ જાઉં છું.'

'બાયરા જાઓ છો? વેરી ગુડ! હું પણ ત્યાં જ જાઉં છું. સ્ટેશને પહોંચતાં મારે સહેજ દોડવું પડયું. મને ડર હતો કે હું ગાડી ચૂકી જઈશ. આ પેટીઓ લઇને મુસાફરી કરવામાં આ જ તકલીફ છે.'

એણે ઉપર પેટીઓ તરફ નજર કરી. બધી યે આવી ગઈ છે કે નહિ એની ખાતરી કરવા આંગળી ચીંધી ગણવા માંડયું. મેં પણ મારી દૃષ્ટિ ઉપર ખસેડી. વિવિધ રંગની નાનામોટા કદની છ પેટીઓ. ત્રણેક ઊંચી જાતનું ચામડું મઢેલી, બે પતરાની ને એક ફાઈબરની બનેલી હતી.

આ કોઈ પેટીઓનો વેપારી હશે કે શું?

'સલૂનનું બાર બંધ થઈ ગયું કે?' સહેજ હસીને એણે પૂછયું. એ હસવામાં એની કુરૂપતા છતી થઈ ગઈ. રહ્યાસહ્યા વાંકાચૂંકા દાંત અવાળુમાંથી ડોકિયાં કરતા હતા. ને એથી એના મોંની ઉપરનો દેખાવ વધારે બિહામણો લાગતો હતો. હમણાં-જ બહાર ધસી પડશે એવી લાગતી દેડકા જેવી આંખો, અને એની વચ્ચે પરેશાની ભોગવતું નાક! એ નાક તથા ચગદાઈ ગએલા હોઠની વચ્ચે એણે મૂછનો એક ટુકડો ઉગાડયો હતો.

'બાર ખુલ્લું હશે કે કેમ?' સહેજ બેચેન બની એણે ફરી પૂછયું.

'સાડા દસ થયા એટલે બંધ થઈ ગયું હશે,' મેં ઘડિયાળમાં જોઈ કહ્યું.

'આજનો દિવસ જ ખરાબ હતો.' નિરાશ થઈ આત્મગત બોલતો હોય એમ એ બબડ્યો, 'હવે તો કાલ સવારે બાયરા પહોંચીશ ત્યારે જ કાંઈક પીવા મળશે.'

'બાયરામાં શું કરો છો? વેપાર?' અચાનક એણે મને સવાલ કર્યો.

'હું વેપારી નથી; આફ્રિકા જોવા માટે નીકળેલો સામાન્ય માણસ છું.'

'ફક્ત જોવા માટે જ?' 'હા'.

'આ તો ખરેખર અદ્ભુત સમાચાર કહેવાય! ભારતમાંથી આફ્રિકા જોવા આવનાર કોઇને મેં ભાળ્યા હોય તો આજે જ! ત્યારે હું એમ પૂછું કે પોર્ટુગીઝ આફ્રિકાના આ ડુંગરોની વચ્ચે તમારે શું જોવાનું છે? ખરેખર કાંઈક જોવું હોય તો ચાલો મારા જોહાનિસબર્ગમાં.'

'તમે શું ત્યાં રહો છો?'

'એ તો મારું રહેઠાણ તેમજ મારી પ્રવૃત્તિઓનું મથક છે.'

'શાનો ધંધો કરો છો?'

'હું તો કેટલા યે ધંધા કરું છું. ખાસ કરીને તો કાપડનું બિઝનેસ. ફક્ત જોહાનિસબર્ગમાં નહિ પણ ઈસ્ટ આફ્રિકાનાં કેટલાં યે શહેરોમાં, મારી દુકાનો છે. આ બધી દુકાનોનો વહીવટ કેવોક ચાલે છે એ જોવા માટે હું નીકળી પડયો છું.'

'ત્યારે તો બાયરામાં પણ તમારી પેઢી હશે.'

'હાલ તો નથી. બાયરા તો હું આરામ માટે જઈ રહ્યો છું. સાથે થોડોક મોજશોખ પણ. તમે સાંભળ્યું જ હશે કે બાયરામાં બીઅર પાણી કરતાં યે સસ્તું મળે છે. વળી ત્યાંની સરસ ગોરી છોકરીઓના હાથમાં હાથ ભેળવી કોઈ જાતના સંકોચ કે ભય વિના ગલીગલીમાં ફરી શકો છો.' આટલું કહી એ પોતાનું કરવત જેવું મોં ખોલી ખડખડાટ હસી પડયો.

'વારુ મિસ્ટર! તમારું નામ?' મેં પૂછયું. 'સિદ્દીકી.'

'તો સિદ્દીકીસાહેબ! તમે બાયરામાં થોડી મઝા માણવા જાઓ છો, નહિ!' મેં પણ એની વાતમાં રસ ઉમેર્યો.

'મઝા! મઝાની સાથે થોડું બિઝનેસ પણ. તો લો એક ખાનગી વાત. અત્યંત ખાનગી છે, હોં! ફક્ત તમને જ કહું છું. આજકાલ કાપડના વેપારમાં જોઇએ તેવું માર્જિન રહેવું નથી, એટલે મારો ઇરાદો બાયરામાં હાથીદાંતનો જથ્થાબંધ વેપાર શરૂ કરવાનો છે.'

સિદ્દીકીએ બીજી એક સિગારેટ સળગાવી.

હાથીદાંતના ધંધાર્થે નીકળેલા એ કુબેરને પેટીઓનો વેપારી ગણવાની મૂર્ખાઈ કરવા બદલ હું મનોમન પસ્તાયો.

'હાથીદાંતના ધંધામાં કદી પણ નુકસાની સંભવી શકે જ નહિ. ન કદી એ સડે કે ન કદી એના ભાવ ગગડે. ભરોસો કરવો હોય તો સોનાને બદલે હાથીદાંતનો જ કરવો.' બારીમાંથી બહાર ડોકું કાઢી નજર કરી.

'ખરેખર?' મેં વાતને વળ આપ્યો.

ગાડી ઊભી રહી. કોઈ સ્ટેશન હતું. પ્લૅટફૉર્મ પર ટહેલતા મુસાફરોને જોતાંજોતાં 'છોટુભાઈ! છોટુભાઈ!' કહેતો સિદ્દીકી કૂદીને ઊભો થઈ ગયો.

'બાયરામાં હું જે મિત્રને મળવા જઈ રહ્યો હતો એ તો અહીં જ છે! હવે તો હું અહીં જ ઊતરી જઈશ. તમે મારી પેટીઓ બારી વાટે આપવા જેટલી મદદ કરશો?'

સિદ્દીકી ઝડપથી બહાર નીકળ્યો. એક એક કરીને હું પેટીઓ બહાર આપવા લાગ્યો. પેટીઓ વજનમાં તદ્દન હળવી લાગવાથી મને આશ્ચર્ય થયું. એ બધી ખાલી હશે કે શું? માત્ર એક જ સહેજ વજનદાર લાગી.

'થેંક યુ, વેરી મચ! ગુડ બાય!' આટલું કહી, એક હબસી હમાલ પાસે પેટીઓ ઊંચકાવી સિદ્દીકી દોડી ગયો. મેં મારી પથારીમાં લંબાવ્યું.

બીજા દિવસે સવારના ગાડી બાયરા સ્ટેશને પહોંચી. હું મારી સૂટ-કેસ લઈ પ્લૅટફૉર્મ પર ઊતર્યો ત્યાં-મેં આશ્ચર્ય જોયું એમ જ કહેવું જોઇએ–સિદ્દીકી તથા એની પાછળ છ પેટીઓ સાથે ઉતાવળથી ગાડીમાંથી બહાર નીકળતા હબસી પૉર્ટરને જોયો.

પછી તો બાયરામાં બે વાર મેં એને જોયો. પોર્ટની બાજુમાં આવેલ પૅલેસ્ટિયન બીયર શૉપમાં બેસી એ બીયર પીતો હતો ત્યાં હું જઈ ચઢ્યો. મોંમાં રહેલી કરવત-દંતાવલિનું પ્રદર્શન કરી ખડખડાટ હસતાં એણે મારું અભિવાદન કર્યું; અને એક બાટલીનો ઑર્ડર આપ્યો.

મેં એને રોક્યો : 'રહેવા દો, મારે પીવો નથી. આ તો સહેજ તમને જોયા એટલે આવ્યો. કેમ ચાલે છે, તમારો હાથીદાંતનો વેપાર?'

નિરાશામાં માથું ધુણાવતાં એ બોલ્યો : 'અહીંના ખૂની સિંધી વેપારીઓ સાથે હરીફાઈમાં ફાવવું કપરું કાર્ય છે. હાથીદાંતનો વેપાર એ લોકોના હાથમાં છે.'

'તો તમે એ માંડી વાળ્યું?' મેં સહાનુભૂતિ દર્શાવી.

'હજુ ચોક્કસ કાંઈ જ કહેવાય નહિ. વારુ, તમારે ન પીવો હોય તો આપણે છૂટા પડીશું. ફરી મળીશું.'

અને થોડા દિવસ પસાર થઈ ગયા.

બાયરાથી બ્લાન્ટયર જતી ટ્રેઇનમાં હું ચડ્યો અને ગાડી વિલ્લે મશાદો સ્ટેશને પહોંચી ત્યારે સાંજ પડી ચૂકી હતી. ત્યાં ગાડી ઊપડવાની અણીએ કોઇને દોડીને આવતાં જોયો. ધ્યાનથી જોતાં જણાયું કે એ તો આપણો સિદ્દીકી. પાછળ પાછળ માથે, ખભે તથા હાથમાં અર્ધો ડઝન પેટીઓ ઊંચકી ખેંચાતો હબસી પોર્ટર પણ હતો જ.

તમામ પેટીઓ ગાડીમાં, કૉરીડોરમાં ઉતારી સહેજ ખંચકાઇને સિદ્દીકી ત્યાં ઊભો રહ્યો. થોડી વારે એણે મારા કંપાર્ટમેન્ટમાં નજર નાખી. મને જોતાં જ એ આશ્ચર્યચકિત બનવાને બદલે સહેજ ખસિયાણો પડી ગયો. 'વાહ! તમે પણ આ ગાડીમાં જ છો ને!' કહેતાં એ મારા ડબ્બામાં આવ્યો. પછી તો મારી આજુબાજુમાં બેઠેલા તમામ પેસેંજરોનાં મોં એણે ધારીધારીને જોઈ લીધાં.

'સેકંડ ક્લાસની ટિકિટ ન મળી.' નિરાશાભાવે દાઢી ખંજવાળતાં એ બોલ્યો, 'કહે છે કે બિલકુલ જગ્યા નથી, ને આવતી કાલે ન્યાસાલૅંડ પહોંચ્યા વિના ચાલે તેમ નથી. ન છૂટકે થર્ડ ક્લાસની ટિકિટ કપાવી.'

અમારી આગળનો ડબ્બો થર્ડ ક્લાસ હતો. ન્યાસાલૅંડ રેલવેનો ત્રીજો વર્ગ એટલે હબસીઓને ચડવા માટે રખાએલો, જનાવરોનો તબેલો! પાણી તથા અજવાળા વિનાનું ગંદું ઘોલકું. અંદરની દુર્ગંધ માથું ફાડી નાખે એવી. આવી જગ્યામાં સિદ્દીકી જેવો સદ્‌ગૃહસ્થ રાત ગાળવાનો છે એ સાંભળતાં જ હું ઠંડોગાર થઈ ગયો. તાકીદનું કામ હોય ત્યાં માનવીએ બધું યે સહન કરવું જ પડે ને!

'મારી પેટીઓમાંથી એકાદ બે અહીં મૂકવા જેટલી જગ્યા હશે કે?' સિદ્દીકીએ આજીજીભર્યા સ્વરમાં પૂછ્યું.

મારા ડબ્બામાં બધી બર્થ પર મુસાફરો હતા. ઉપરાંત ચારે બાજુ પેટી, પટારા, બિસ્તરા, થેલાઓ જેવો સામાન ખડકાઈ ગયો હતો.

'બે-ત્રણ મૂકી શકાશે એવું લાગે છે.' સામાનની વચ્ચે દેખાતી મોકળાશ જોઈ એણે પોતાનો મત જાહેર કર્યો.

'તમારાથી બની શકતું હોય તો કોશિશ કરી જુઓ.' મેં સંમતિ આપી.

એણે પોતાની ચામડાની બે સૂટકેસો બીજો સામાન આમતેમ ખસેડી જગ્યા કરી, ગોઠવી દીધી. બાકી રહેલી પેટીઓ સાથે રાહ જોતો એ કૉરીડોરમાં જ ઊભો રહ્યો.

ટ્રેઇન આગળ વધવા માંડી. બાજુના ત્રીજા વર્ગમાં હબસી તથા હબસણોનો ગાવાનો, ઠઠ્ઠામશ્કરીનો તથા બાળકોના રડવાનો શોરબકોર મચી રહ્યો હતો. વચ્ચેવચ્ચે, કબર ખોદતી વેળા આવતી ગંધ જેવી જ કોઈ દુર્ગંધ અમારા ડબ્બામાં આવી જતી.

બે કલાક વીતી ગયા. મેં કૉરીડોરમાં નજર કરી તો સિદ્દીકી ત્યાં ન હતો. ભાઈસાહેબ તો કૉરીડોરમાં આવેલા દરવાજામાં થઇને ત્રીજા વર્ગમાં પ્રવેશી, આરામથી એક બાંકડા ઉપર બેઠા હતા. બાજુમાં જ એક સફેદ હબસણ બેઠી હતી! સિદ્દીકીને આરામદાયક બેઠક મળવાથી મારા મનને કાંઈક શાંતિ વળી.

ટ્રેઇનમાંના હબસી નોકરે આવીને અમારી પથારી કરી મચ્છરદાની બાંધી સૂવા માટેની તૈયારીઓ કરી, બારણું બંધ કરી એ જતો રહ્યો. હું મારા ઉપરના બર્થમાં લંબાવી, એક માસિક વાંચવા લાગ્યો.

મારા કંપાર્ટમેન્ટમાં સહયાત્રિકોમાં બે જણ ઓછાબોલા હિંદી વેપારીઓ હતા. ત્રીજો જણ માડાગાસ્કરવાળો એક ગોરો હબસી હતો. મોટા સાહેબની જેમ વસ્ત્રપરિધાન કરી, એકધારી બડાશ મારતો બોલકણો ગોરો હબસી! માડાગાસ્કરમાં પોતાની મોટી એસ્ટેટ હોવાનું તથા સહેલ કરવા માટે આફ્રિકામાં આવ્યો હોવાનું એણે મને જણાવ્યું હતું.

આ ગૃહસ્થ ખાઉધરો જ હતો. તળેલી મુરઘી, બાફેલી માછલી, પાંઉ, બીયરની બાટલીઓ એક ટોપલામાં ભરીને સાથે લઈ આવ્યો હતો. વારંવાર તે ચાખી ચાખીને એ સમય પસાર કરતો હતો. વચ્ચે વચ્ચે અમને પણ એ ખાણામાં ભાગ લેવાનું કહેતો, પરંતુ એની માછલીની ગંધથી મેં રાતે વાળુ કરવાનું પણ માંડી વાળ્યું.

બાજુમાંના કંપાર્ટમેંટમાંથી ગાયન તથા ઠિઠિયાઠોરીનો કોલાહલ સંભળાતાં જ મેં કાન સરવા કર્યા. ઘોંઘાટ હબસીઓનો ન હતો. પણ અમારી પાછળના ડબ્બામાંથી એ આવતો હતો. ખૂબ ઢીંચેલ, પોર્ટુગીઝ પ્રવાસીઓ મસ્તી કરતા હોવાનું મારી સમજમાં આવી ગયું. એમાંથી બે જણને તો પહેલેથી જ ઢીંચીને કૉરીડોરમાં કવાયત કરતા મેં જોયા હતા.

પેલા માડાગાસ્કરવાસી મહાન પુરુષે નાસ્તાના ટોપલામાંની તમામ વાનગીઓ પેટમાં પધરાવી, બીઅરની બાટલીઓ ખાલી કરી આખરે બર્થ પર ઝંપલાવ્યું. થોડી વારે કોઈ અમારું બારણું ઠોકતું સંભળાયું. પેલા પોર્ટુગીઝ દારૂડિયાઓની જ એ ધમાલ લાગી. હું ગુપચુપ પડી રહ્યો.

પણ બારણું ઠોકવાનો અવાજ ગતિ પકડતો ગયો. માડાગાસ્કરવાસીને આ ખળભળાટ ગમ્યો ન હોય એમ લાગ્યું. 'કોણ છે આ હરામખોર!' કહેતો એ ધીમેથી નીચે ઊતર્યો. બારણું ખોલીને મોં બહાર કાઢ્યું તો બહારથી એક મુક્કો પડ્યો. હાથેથી મોં તથા નાક દાબીને કણસતાં કણસતાં એ ફરી પાછો પોતાની ઉપરની બર્થમાં ચડી ગયો.

કૉરીડોરમાં કવાયત કરતા પોર્ટુગીઝોમાંના એકે માડાગાસ્કરવાસીનું નાક છૂંદી નાખ્યું હતું. જે કંપાર્ટમેન્ટ નજરે ચડે તેનું બારણું ઠોકવું અને બારણું ઉઘાડનાર હતભાગીના નાકને લક્ષ્યબિંદુ બનાવી મુક્કો લગાવી પલાયન થઈ જવું. સમય પસાર કરવાની એમણે આ રમત આદરી હતી.

કંપાર્ટમેંટનું બારણું ઉઘાડું જોઈ, એ ઠીક ન લાગતાં મેં નીચે ઊતરી એને બંધ કર્યું અને બત્તી બુઝાવી મેં મારી બર્થ પર ફરી લંબાવ્યું. પેલો માડાગાસ્કરવાસી થૂ...થૂ કરતો થૂકતો હતો. લોહી હોવું જોઈએ. વચ્ચે વચ્ચે એના ઊંહકારા પણ સંભળાતા હતા.

પંદર મિનિટ બાદ ફરી પાછું બારણું ખખડ્યું. હું ગુપચુપ પડી રહ્યો. પેલો માડાગાસ્કરવાસી મડદાની જેમ સૂઈ રહ્યો.

ફરી પાછું કોઈ બારણું ઠોકવા લાગ્યું. બારણું હચમચતું હતું કે શું! હું શાંત રહ્યો. પરંતુ અવાજ વધતો ચાલ્યો. આનો કોઈ ઇલાજ નહિ કરવામાં આવે તો રાતે નિરાંતે ઊંઘી શકાશે નહિ એમ મને થયું.

મેં બત્તી કરી. ધીમેથી નીચે ઊતરી માડાગાસ્કરવાળાના ટોપલામાંથી બીયરની એક ખાલી બાટલી જમણા હાથમાં ઝાલી બારણાની બાજુમાં

જઈ ભરાયાં અને બીજા હાથેથી હળવે રહીને બારણાની સ્ટૉપર ખોલી નાખી. મુષ્ટિપ્રહાર માટે ઊભેલા પોર્ટુગીઝ યુવાને ઊલટો પોતાને મારવા માટે હાથમાં બીઅરની બાટલી સાથે કોઈ નવા માણસને ઊભેલો જોયો કે એકદમ નાઠો પણ માર્ગમાં પેલી પેટીઓ અડફટમાં આવતાં એ ગોથું ખાઈ 'ધબાક' અવાજ સાથે પડી ગયો. ત્યાર પછી એ બારણાડોકું અમારી બાજુ ફરક્યો જ નહિ. અને અમે શાંતિથી સૂતા.

રાતના એક વાગ્યો હોવો જોઈએ. ગાડી ડુંગરાળ પ્રદેશમાં આવેલા કોઈ સ્ટેશને અચાનક ઊભી રહી. મેઇલ કદી યે આ સ્ટેશને ઊભો નથી રહેતો. કોઈ કે સાંકળ ખેંચી હતી. હોહા સાંભળી હું જાગી ગયો. અમારા કંપાર્ટમેન્ટ પાસે શોર મચ્યો હતો.

બર્થ પરથી નીચે ઊતરી બારી ઉઘાડી મેં બહાર જોયું. ટ્રેઇનનો ગોરો ગાર્ડ, કંડક્ટર તથા કેટલાક જિજ્ઞાસુ હબસીઓની વચ્ચેથી એક માણસ ઊંચા સાદે બોલી રહ્યો હતો.

'ગાડીમાં બીજા વર્ગમાં મુસાફરી કરતા બે પોર્ટુગીઝોએ મને મારી-મારીને અધમૂઓ કરી નાખ્યો છે. મારું પૈસાનું પાકીટ પણ તેઓ લઈ ગયા. હું બ્રિટિશ રાજ્યનો વેપારી છું. બ્રિટિશ કાઉન્સિલને તાર કરી મારી કેફિયત રજૂ કર્યા વિના હું ટ્રેઇન આગળ વધવા નહિ દઉં.'

એ અવાજ સિદ્દીકીનો હતો. અંગ્રેજી અને પોર્ટુગીઝ મિશ્રિત એક ભાષામાં હિંમત અને ગંભીરતાપૂર્વક એ જાણે ભાષણ કરતો હતો.

'કોણે તમને પજવ્યા!' ગાર્ડે પૂછ્યું.

'બે પોર્ટુગીઝ યુવાનોએ.'

'બંને ક્યાં ગયા?'

'ક્યાંય ગયા નથી. આ ગાડીના બીજા વર્ગમાં ક્યાંક ભરાઈ બેઠા હશે.'

'તમને વાગ્યું કે?'

'હજી પૂછો છો કે મને વાગ્યું? અરે! જોતા નથી, મારીમારીને મારાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં છે. તે જુઓ આ મારું સ્વેટર.'

ફાટી ગયેલું સ્વેટર બતાવી સિદ્દીકી કર્કશ અવાજે બોલ્યો: 'તમારા પોર્ટુગીઝ રાજ્યમાં અમારી સલામતી નથી. બ્રિટિશ કાઉન્સિલને રિપોર્ટ કર્યા વિના હું જંપીશ નહિ.'

સિદ્દીકી વટનો માર્યો ત્યાં જ ઊભો રહ્યો.

ગાર્ડ મુંઝાઈ ગયો. પોર્ટુગીઝ સરહદમાં રહી એક બ્રિટિશ નાગરિકને હેરાન કર્યો એ એક ગંભીર ગુનો થયો હોવાનું એને લાગ્યું. આ અંગે પૂરતી તપાસ કરી ઘટતું કરવાની બાંહેધરી આપતાં ગાર્ડે સિદ્દીકીને ટ્રેઇનમાં ચડવા વિનંતી કરી. પણ એ ટસના મસ ન થયો.

'મારી પાંચ છ પેટીઓ ટ્રેઇનમાં ક્યાંક પડી હશે એ મને બહાર ઉતારી આપો એટલે મારે મન ઘણું થયું કહેવાય. મારે હવે ટ્રેઇનમાં નહિ પણ હૉસ્પિટલમાં જવું છે. આ બધાયના તમારે જવાબ આપવો પડશે. યાદ રાખજો.' સિદ્દીકીએ ગાર્ડને ચેતવણી આપી.

ગાર્ડના આશ્વાસન તથા સિદ્દીકીની હઠ વચ્ચે થોડી વાર રકઝક ચાલી. છેવટે, ત્યાર પછીના મોટા સ્ટેશને, એક અતિગંભીર ગુનાની તપાસ માટે હાજર રહેવા માટે ત્યાંના પોલીસ કમિશનરને ટેલિફોન કર્યા બાદ જ સિદ્દીકીએ ટ્રેઇનમાં ચઢવાનું સ્વીકાર્યું.

ત્યાર પછીના સ્ટેશને પોલીસ કમિશનર આવ્યો. અપરાધી મનાતા બે પોર્ટુગીઝ યુવાનોને ખોળી કાઢી કમિશનર સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

'તમને હેરાન કરનારા આ જ હતા કે?'

'હા, આ બંને.' સિદ્દીકીએ સરોષ એમની તરફ આંગળી ચીંધી.

'તમે ક્યાં હતા?'

'મને બીજા વર્ગની ટિકિટ ન મળી, એટલે હું ત્રીજા વર્ગમાં મુસાફરી કરતો હતો.' 'આ બંને ત્યાં શા માટે આવ્યા?'

'આ પ્રશ્ન તેઓને જ પૂછો. હું બાંકડા પર સૂતો હતો ત્યાં આ બંનેએ એકદમ ઝડપથી આવી, મને નીચે પટક્યો અને સોએક જેટલા ડોંસા માર્યા. પછી તો મારું ખમીસ તથા સ્વેટર ફાડી નાખ્યાં. સ્વેટરમાં રાખેલું મારું પાકીટ પણ લઈ લીધું. છેલ્લે મને એક લાત મારી ગાતા ગાતા રફુચક્કર થઈ ગયા.'

પોલીસ કમિશનરે પોર્ટુગીઝ યુવાનો તરફ મોં ફેરવીને પૂછ્યું: 'આ બધું તમે કર્યું હતું કે?' પેલા બંને એકમેકની સામે બાઘાની જેમ જોઈ રહ્યા. તેઓએ આવું કાંઈ કર્યું હતું કે નહિ એની એમને ખુદને જાણ નહોતી. તેઓના મગજમાં તેમજ આંખોમાં હજુયે દારૂની અસર જણાતી હતી.

'આ ઇંડિયન અમને બીઅરની બાટલી લઈ મારવા આવ્યો એટલે અમે એને માર્યો.' બંનેમાંથી એકે સિદ્દીકી તરફ આંગળી ચીંધી, નરમ અવાજે કહ્યું.

'શું? હું બીઅરની બાટલી લઈને મારવા ગયો કે? જુઠ્ઠું. મારી પાસે તો તપકીરની ડબ્બી સુધ્ધાં નથી. લો, આ એકઠા થએલાઓમાંથી કોઈને પણ પૂછી જુઓ. શાંત બેઠેલા મને નીચે પટકીને કોણે માર્યો!' સિદ્દીકી સહેજ ધ્રૂજીને બોલ્યો.

બીઅરની બાટલીની વાત સાંભળી હું હસવું ખાળી ન શક્યો. તેઓએ ભેગા મળીને સિદ્દીકીને માર્યાનું કારણ મને હવે સ્પષ્ટ થતું લાગ્યું.

'તમારા પાકીટમાં કેટલા પૈસા હતા!' કમિશનરે પૂછ્યું

'બાર પાઉંડ તથા વીસ એસ્કેડોઝ* હતા. મારું પાકીટ પણ તેઓ આંચકી ગયા. ચાનો એક કપ પીવા જેટલા પૈસા પણ મારી પાસે રહ્યા નથી.' સિદ્દીકી રોષપૂર્વક બોલ્યો.

કમિશનરે ત્યાં એકઠા થએલા પૅસેન્જરોમાંથી કેટલાકની જુબાની લીધી. એ બંને યુવાનોએ હદ ઉપરાંત ધાંધલ મચાવ્યાની કેફિયત કેટલાકે નોંધાવી. કમિશનરે પેલા બંને સામે જોઈ પૂછ્યું: 'તમારે આને અત્યારે બાર પાઉન્ડ ને વીસ એસ્કેડોઝ આપવા છે કે જેલમાં જવું છે?'

બનેએ પહેલી શરત મંજૂર રાખી મૂંગામૂંગા બાર પાઉન્ડ તથા પરચૂરણ ગણી આપ્યું. કમિશનરે એ રકમ સિદ્દીકી સમક્ષ ધરી, પણ એણે એ પૈસા લેવાનો ઇન્કાર કર્યો. 'મને બેશુમાર માર્યો તેનું શું?'

કમિશનરે સમજાવી-પટાવી સિદ્દીકી પાસે એ રકમ સ્વીકારાવી.

'પરંતુ મારા ફાડી નાખેલા સ્વેટરની કિંમત તો મને મળવી જ જોઈશે' સિદ્દીકીએ સ્વેટરનું ગંચળું વાળી પેલા પર ઘા કર્યો.

કમિશનરે વચ્ચે પડી પેલાઓ પાસેથી સ્વેટરની કિંમત પેટે એક પાઉન્ડ સિદ્દીકીને અપાવ્યો.

આમ મામલાની પતાવટ થતાં, ટ્રેઇન આગળ વધી. થોડી વાર થઈ કે કોઈ મારા કંપાર્ટમેન્ટનું બારણું ખખડાવતું હોવાનું લાગ્યું. 'કોણ છે?' મેં પૂછ્યું.

'એ તો હું સિદ્દીકી.'

મેં બારણું ખોલ્યું કે ખડખડાટ હસતો સિદ્દીકી મને ભેટી પડ્યો.

'કેમ શી વાત છે? પૈસા પાછા મળ્યાનો આનંદ છે કે શું?' મેં પૂછ્યું.

'આ તો જે પૈસા ગુમાવ્યા નહોતા એ મળ્યાનો આનંદ છે!' સિદ્દીકી ગેલમાં આવી બોલવા લાગ્યો: 'તમારે સાંભળવું છે? મારા પાકીટ સિવાય મારો એક એસ્કેડોઝ સુધ્ધાં ગયો નથી. પાકીટ ગયું નથી; મેં બહાર ઘા કર્યો હતો. શું થયું હશે, કહો? હું ત્રીજા વર્ગમાં ગોરી હબસણની બાજુમાં બેઠો હતો. પેલા બે પોર્ટુગીઝોએ આ જોયું કે અદેખાઈ અને ગુસ્સાથી સમસમી ઊઠ્યા. તેઓએ મને ત્યાંથી ખસી જવાનું કહ્યું. હું માન્યો નહિ એટલે તેઓએ મને નીચે નાખ્યો અને એક ડોંસો મારીને ચાલતા થયા. બસ આટલો જ બનાવ. પછી તો મેં ભેજું લડાવ્યું. પાકીટમાંથી પૈસા કાઢી બૂટમાં છુપાવી દીધા અને પાકીટને બહાર ઘા કર્યો. કદાચ પોલીસ મારી જડતી (અનુ. પૃ. ૩૮૪)

* પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રિકાનું ચલણી નાણું.

'કુમારમાં' મૂળથી જ લેખોનું વૈવિધ્ય ઘણું બહોળું રહ્યું છે. તેની પ્રતીતિ કરાવતો પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો એક લેખ 'ઍક્વા ટિન્ટ પદ્ધતિનાં ચિત્રોની છાપ કાઢવાની કલાકારની રીત' આ નીચે ઉતાર્યો છે.

પચ્ચીસ વર્ષ પહેલાં કુમાર

ઑક્ટોબર ૧૯૪૫ અંક ૨૬૨

એચિંગ, ડ્રાઈ પૉઈન્ટ, ઍક્વા ટિન્ટ આદિ પદ્ધતિઓમાં કલાકાર સ્વહસ્તે પોતાની કૃતિ પતરા ઉપર કોરી કાઢે છે. ચિત્રકાર પીછી કે કલમથી જે ચિત્ર આલેખે તેમાં તો એ એક જ કૃતિ તૈયાર થાય છે; પણ આ રીતે જસત કે ત્રાંબાના પતરા ઉપર તે પોતાની કૃતિ કોરી કાઢે છે તેનો લાભ એ છે કે પતરા ઉપર શાહી લગાડીને તે પર કાગળ દબાવવાથી વધારે નકલો ઉતારી શકાય છે; અને તેમાં પણ કલાકારની ખુદની જ કૃતિ મળતી હોવાથી તેનાં મૂલ્ય ને મહત્તા મૂળ કૃતિ જેવાં જ ગણાય છે.

'એચિંગ' અને 'ડ્રાઈ પૉઈન્ટ'માં રેખાત્મક ચિત્ર જ મળી શકે છે; જ્યારે ઍક્વા ટિન્ટમાં જલરંગી (વૉટર કલર) ચિત્રની માફક ચડઊતરના વિવિધ 'ટોન' (પલટા) દર્શાવી શકાય છે.

'એચિંગ' ને 'ડ્રાઈ પૉઈન્ટ' કરતાં આ પદ્ધતિ સામાન્ય રીતે જરા અટપટી ને મુશ્કેલ મનાય છે, પણ તેને વિશદ કરતો આલેખ સામે દર્શાવ્યો છે.

પહેલાં તો પોતાનું ચિત્ર એક કાગળ ઉપર બ્લૅક ઍન્ડ વ્હાઈટ વૉશ' માં આલેખવું. કાગળ મધ્યમ ભૂખરા રંગના ઠીક પડશે; ને શરૂઆતના શિખાઉએ છાયાપ્રકાશના બહુ મુલાયમ કે અટપટા 'ટોન' ન નાખતાં તરત તરી આવે એવી ચોક્કસ કક્ષાઓના જ નાખવા પોસ્ટરોમાં નાખીએ છીએ તેમ. શરૂમાં ત્રણ કક્ષાના ટોન બસ થઈ પડશે : કાળો, સફેદ ને વચલો ભૂખરો. આ માટે ટૅમ્પેરા રંગ વાપરવો સારો.



અંધ ગાયક (એચિંગ) કલાકાર : સ્વ. મેન્દ્રનાથ ચક્રવર્તી

ચિત્ર તૈયાર થઈ ગયા પછી ૨૦ કે ૩૦ ગેજનું ચિત્રના માપનું જસતનું પતરું લેવું. ને તેને ઍમૉનિયાના પોતા વડે, કે જરા 'વ્હાઈટિંગ'માં પાણી મેળવીને, અથવા કાંકરી વિનાના પોચા કોલસા તથા પાણી વડે ખૂબ ઘસીને સાફ કરી તેની સપાટી દપણ-લીસી કરી નાખવી.


હવે બેએક ફૂટ ઊંચા ને એકાદ ફૂટ પહોળા લાકડાના ખોખાની આગલી ખુલ્લી બાજુ ઉપર કપડાનો એક પડદો જડી દઈને પાઉડર છાંટવાનું સાધન તૈયાર કરવું. પાઉડર એટલે રાળ અથવા બેરજાની બારીક ભૂકી. તે અતિશય બારીક (આંખોમાં અંજાય એવી) ન હોવી જોઈએ. જુદાજુદા ચિત્રકારો માટે તેના જુદાજુદા કરકરા કણ પસંદ કરવામાં આવે છે. ખોખામાં એ પાઉડર ઉપરાંત લાકડાના બે નાના ટુકડા મૂકવા, જેના પર પેલી પતરાની પ્લેટ મૂકી શકાય.

આ પછી ખોખાનો પરદો ઢાળી દઈને તેની નીચેથી એક ધમણનું નાળચું અંદર નાખી હવા ધમવી, જેથી પાઉડર ઊડીને આખા ખોખામાં ફેલાઈ જશે. પછી તરત પરદો ઊંચો કરીને પતરાની પ્લેટને, સાફ કરેલી બાજુ ચત્તી રહે એ રીતે, ખોખામાં પેલા લાકડાના ટુકડા ઉપર મૂકી દેવી ને પરદો ઢાંકી દેવો. જો ચિત્રની ઝીલી છાપ વધારે ખરબચડી ઘેરી કે જાડી જોઈતી હોય તો ધમણ ધમી રહીને તરત જ પ્લેટ અંદર મૂકી દેવી; પણ જો મુલાયમ પલટા લેવા હોય તો અરધીક મિનિટ રાહ જોઈને રાળના જાડા કરકરા કણને નીચે શમી જવા દીધા બાદ પ્લેટ મૂકવી.


આ રીતે પ્લેટને ખોખામાં એકાદ મિનિટ રહેવા દેવાથી તેના પર રાળના કણનું એક આછું પડ પથરાઈ જશે. પછી, તેની સપાટીને જરા પણ ન અડાય એ રીતે કાળજીથી પ્લેટને ઉઠાવી લઈ તેને ગૅસના બર્નર સ્ટવની ધીમી આંચ ઉપર ફેરવતા જઈને નીચેથી એકસરખી ગરમી આપવી, જેથી સપાટી પરના રાળના કણ ગરમ થઈને તેમાંથી આછી ધુમાડી નીકળવા માંડશે. એનો અર્થ એ કે રાળ પીગળીને તેના કણોનું વાર્નિશ જેવું પડ એ પ્લેટ ઉપર બંધાઈ ગયું. આ પછી પ્લેટને ઠંડી પાડી તેની પાછળ શેલાક વાર્નિશનો એક હાથ મારી દેવો, તેથી એ ભાગ કોરાય નહિ.

કેટલાક ખોખાને બદલે રાળની ભૂકીની પોટલી પર ધીમી થાપટ મારીને પણ પ્લેટ પર ભૂકીનું પડ પાથરે છે; પરંતુ એમાં ફાવટ જોઈએ.

હવે, મૂળ ચિત્રમાં જેટલા સફેદ ભાગ હોય તેટલા જ ભાગ એક પારદર્શક કાગળ પર ટ્રેસ કરી લઈ, તેને ઉલટાવીને, કાર્બનની મદદથી પતરાની પ્લેટ પર અવળા ઉતારવા; અને એટલા ભાગમાં-એટલે કે છાપમાં આપણને જે જે ભાગ સફેદ જોઈતા હોય તેટલા ભાગમાં ઍસ્ફાલ્ટમ વાર્નિશ (જે બહુ ઝડપથી સુકાઈ જાય છે) પીંછી વડે ભરી દેવો.



ઉપર: પ્રહ્લાદઘાટ-કાશી (ડ્રાઈ પૉઈન્ટ) ◁ કલાકાર: સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી ▷ નીચે: કિનારાની સૃષ્ટિ (ઍક્વા ટિન્ટ)



પછી, ચિનાઈ માટીની. કે તેજનબથી ન ખવાય એવી બીજી કોઈ છીછરી રકાબીમાં, એક ભાગ નાઇટ્રિક ઍસિડ ને પાંચ ભાગ પાણીનું મિશ્રણ તૈયાર કરવું (રકાબીમાં પાણી પહેલું નાખીને પછી તેમાં તેજાબ રેડવો) અને તેમાં પ્લેટ ચત્તી ડુબાવી દેવી. એક મિનિટ બાદ તેને બહાર કાઢી ચોખ્ખા પાણીમાં સારી પેઠે ખંખોળી, કપડાથી સાફ કરી, સ્ટવ પર આછી ગરમી આપી સૂકવી નાખવી.

હવે મૂળ ચિત્રમાંનો વચલો 'ટોન' જેટલા ભાગમાં હોય તેટલો ભાગ પેલા કાગળ ઉપર ટ્રેસ કરી તેની અવળી છાપ ફરીથી પ્લેટ પર એટલી ચોકસાઈથી ઉતારવી, કે સફેદ ગાળાવાળા ભાગની કિનારો સાથે તે બરોબર બંધ બેસે. આ પછી તે ભાગ પર વાર્નિશ ભરી દઈ તેજાબમાં પ્લેટને ડુબાડવી અને ત્રણ મિનિટ રહેવા દેવી. ત્યાર બાદ પ્લેટને કાઢી લઈ અગાઉની માફક સાફ કરી નાખવી. હવે છેલ્લો કાળો ભાગ ટ્રેસિંગ દ્વારા

પ્લેટ પર ચોકસાઈથી ઉતારી, તેમાં વાર્નિશ પૂરી તેજાબમાં મૂકવી અને આ વખતે પાંચ મિનિટ રાખવી. એ પૂરી થયે પ્લેટ બહાર કાઢી લઈ ફરી પ્લેટને સારી પેઠે પાણીથી ધોઈ, લૂછીને સૂકવી નાખવી. આમ, ત્રણ 'એચિંગ' (કોરણીની ક્રિયાઓ) થઈ રહ્યા બાદ પ્લેટ ઉપરના વાર્નિશને પેટ્રોલ, આલ્કોહોલ કે મેથિલેટેડ સ્પિરિટ વડે અને રાળના કણને ટર્પેન્ટાઈન વડે ઘસીને સાફ કરી નાખો, એટલે પ્લેટ છાપ લેવા માટે તૈયાર થઈ.

એક્વા ટિન્ટ પ્લેટની છાપ પણ એચિંગ વગેરેની માફક દાબ-પ્રેસથી જ લેવાય છે. કોરાએલી પ્લેટ પર, છાપવાની જાડી શાહી લગાડીને પછી હળવે હાથે શાહીને લૂછી લેશો, એટલે કોરાએલા ભાગમાં તેની ઊંડાઈના પ્રમાણમાં શાહી ભરાઈ રહેશે. પછી તેના પર પોચો કાગળ મૂકી દાબપ્રેસમાં દબાવશો એટલે છાપ નીકળશે. ઉપર દર્શાવ્યા મુજબ એક પછી એક ત્રણ હપ્તેથી કોરાએલા સૌથી ઊંડા ભાગમાં વધુ શાહી ભરાઈ રહેલી હોવાથી તેની છાપ ઘેરી મળશે, છીછરા ભાગમાં ઓછી શાહી હોવાને લીધે ત્યાં મધ્યમ છાપ પડશે અને નહિ કોરાએલા ભાગ પરથી શાહી લુછાઈ ગએલી હોઈને તે ભાગ સફેદ રહેશે. અને, રાળના કણ તમે જેવા ખરબચડા કે મુલાયમ રાખ્યા હશે તે મુજબનો 'ટોન' છાપ પકડશે.

ઉપર જે રીતે ત્રણ ટોન ઉતારવાની ક્રિયા સમજાવી તે જ રીતે કેટલાક કલાકારો પોતાનાં ચિત્રોમાં જરૂર પ્રમાણે પાંચ-છ-સાત ટોન નાખીને મુલાયમ પલટા લાવે છે. કેટલાક કલાકારોની હથોટી તો આ એક્વા ટિન્ટ ઉપર એવી જામેલી હોય છે કે તેઓ પોતાનાં વૉટરકલર રંગચિત્રોની નકલો પણ આ પદ્ધતિથી ઉતારે છે, અને એક રંગ પર બીજા રંગની છાપ દાબીને જરૂરી રંગમિશ્રણો લાવે છે.

એક્વા ટિન્ટની આ કોરણી (એચિંગ)ના જુદાજુદા 'ટોન'ના પલટાનું પ્રમાણ નજર આગળ રહે તે માટે, પતરાની એક લાંબી પટ્ટીની 'માર્ગદર્શિની' બનાવો. પટ્ટી પર, ઉપર જણાવ્યા મુજબ રાળનું પડ પાથરી, તેને ગરમ કરી, એક છેડેથી તેનો થોડોથોડો ભાગ ક્રમશઃ એક મિનિટ બે મિનિટ, ત્રણ મિનિટ, એમ કોરતા જવું. આ રીતે દરેક જુદીજુદી કક્ષાના કોરેલા ભાગવાળી એ પટ્ટીની પ્રૂફ કાઢી રાખી હોય તો તેમાંના પલટા ઉપરથી, પોતાના ચિત્રોમાંના જુદાજુદા 'ટોન' કેટલીકેટલી મિનિટની કોરણી માગશે તે તરત નક્કી કરી લઈ શકાય.

ત્રાંબાના પતરાને કોરવા માટે 'આયર્ન પરક્લોરાઈડ' નામનો તેજાબ વાપરવો, અને રકાબીમાં લાકડાના બે ટુકડા મૂકી, તળિયાથી ૦૧ ઈંચ અધ્ધર રહે એ રીતે પ્લેટને એ તેજાબમાં ઊંધી મૂકવી.



પહેલા જ હપ્તાથી વિદ્યાર્થીઓમાં આકર્ષણ જમાવી રહેલી
શ્રી મુકુંદરાય મહેતાની લેખમાળા : 'અભ્યાસ કેમ કરવો?' — **૨]**

બુદ્ધિ અને મહેનત બંને હોય છે —છતાં વધારે માર્ક શા કારણે નથી મળતા?

વિદ્યાર્થી ઘણી વાર બુદ્ધિમાન ને પૂરતો મહેનતુ હોય છતાં એ વધારે માર્ક નથી મેળવી શકતો. આમ બનવાનાં મુખ્ય ત્રણ કારણો છે: ૧) એના અક્ષર સારા નથી હોતા, ૨) એની જોડણી ખોટી હોય છે અને ૩) એની યાદશક્તિ નબળી હોય છે.

સારા અક્ષર એ કુદરતી બક્ષિશ છે ને કોઈ પણ વાચકને માટે એ એક મહાન આકર્ષણ છે. યાદ રાખો કે પરીક્ષક પણ છેવટે માણસ છે. તમે કેવળ તમારા પોતાના જ પેપરનો વિચાર કરતા હો છો, પણ એમની સામે તો એકીસાથે ૩૫૦થી ૪૦૦ પેપરનો ઢગલો પડ્યો હોય છે. એકના એક સવાલો અને એકના એક જવાબો વાંચીવાંચીને એ થાકી જાય એ સ્વાભાવિક છે. એકના એક પ્રકારની ભૂલો ઉપર છેકા મારીને એ કંટાળી જાય છે. એમાંયે જો તમારા અક્ષર ખરાબ, ન ઊકલે એવા હોય તો?

તમારા અક્ષર રૂપાળા ભલે ન હોય, પણ એ સહેલાઈથી ને સ્પષ્ટરીતે વાંચી શકાય એવા તો હોવા જ જોઈએ. લખતી વખતે જ કાળજી રાખીને અક્ષરો એવા પાડો કે એમાં છેકછાક તો કરવી જ ન પડે. વળી, અક્ષર બહુ ઝીણા પણ ન હોવા જોઈએ. બહુ ઝીણા અક્ષરો વાંચતાં પરીક્ષકો કંટાળે છે. માટે મધ્યમ કદના અક્ષરે ઉત્તરો લખવાનો આગ્રહ રાખો.

તમારો જવાબ ખરો છે કે ખોટો એ જુદી વાત છે, પણ પરીક્ષકની નજર પડતાંની સાથે એ એને સમજાઈ જવો જોઈએ. આના મહાવરા માટે નજર સામે તમારી કોઈ માનીતી છાપેલી ચોપડી રાખો. અને તેમાંથી તમને ખૂબ ગમતા હોય એવા ફકરા પસંદ કરીને સમય કાઢી તે અવારનવાર એકથી વધુ વાર લખ્યે રાખો. આપણી પરીક્ષા લેખિત હોય છે એટલે આપણે આપણી લેખનશક્તિ ઉપર જીતવાનું છે.

સારા અક્ષર માટે એક જ રસ્તો છે અને તે એ કે દરરોજ ઓછામાં ઓછો અર્ધોએક કલાક લખવામાં આપવો. જે સવાલ-જવાબ તમે તૈયાર કર્યા હોય તેને ફરીફરીને લખો. આપણી જૂની કહેવત યાદ રાખો કે 'પઢતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય.'

તમારી તૈયારી ગમે તેટલી સારી હોવા છતાં તમારા હાથમાં જો લખવાની સ્ફૂર્તિ નહિ હોય તો પેપર પૂરું નહિ થાય. પરીક્ષાની તૈયારીમાં જેટલી જરૂર વાંચવાની છે તેટલી જ જરૂર લેખનની છે.

જ્યારે છાપખાનાં ન હતાં ત્યારે પણ પુસ્તકો તો હતાં જ. એ પુસ્તકો લહિયાઓએ હાથે લખેલાં હતાં. પુસ્તકો, દસ્તાવેજો, ખતપત્રો, સરકારી અરજીઓ વગેરે લખી આપનારો લહિયાઓનો એક ખાસ વર્ગ હતો : આપણે અહીં ઘણા પ્રાચીન સમયની વાત નથી કરતા, પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં ઘણાં પુસ્તકોની હસ્તલિખિત પ્રતો આજે પણ મોજૂદ છે. કોઈ પણ સારા સંગ્રહસ્થાનમાં અથવા પુસ્તકાલયમાં તમે એ જોઈ શકો છો. સુંદર અક્ષરે છટાબંધ લખવાની કલા આજે દિવસેદિવસે નાશ પામતી જાય છે, પણ મધ્યકાલીન ગુજરાતી સમાજમાં સુંદર અક્ષરો અને મરોડદાર લખાવટ માટે કેટલું ઊંચું સ્થાન હતું તેનો ખયાલ આવે એટલા ખાતર એક દાખલો લઈએ, છોકરી પરણવા બેસે છે ત્યારે ગવાતા એક ગીતમાં સખીઓ એને પૂછે છે કે, 'બેન, તને આ યુવકનો પરિચય કઈ રીતે થયો ને તને એના માટે માન શાથી થયું?' પેલી છોકરી જવાબ આપે છે કે—

'નિશાળે ભણતેલા દીઠા કે અક્ષરે મારાં મન મોહ્યાં રે.'

આ ઉદાહરણ તમને કે તમારા મિત્રોને હસાવવા ખાતર નથી આપ્યું. અક્ષર સારા એટલે બધું સારું—એમ પણ ન માની લેવાય, એ સહુ જ કોઈ જાણે છે. મહાન લેખકો, લોકપ્રિય કવિઓ ને નામાંકિત રાજપુરુષોના અક્ષરો પણ સામાન્ય હોઈ શકે છે, ને ત્રણ ટ્રાયલે એક પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીના અક્ષર ઘણા સુંદર હોઈ શકે છે. આમ છતાં, તમને બિચાર સારી રમતો રમતાં આવડતી હોય, અથવા સારું ગાતાં આવડતું હોય તો ભણતર પૂરું થયા પછી પણ એટલી નાનકડી સિદ્ધિ જેમ અનેક રીતે ઉપયોગી નીવડે છે એ જ રીતે સુંદર અક્ષરો લખવાની શક્તિ એ પણ તમારા જીવનની એક નાનકડી મૂડી છે અને એનું વ્યાજ કોઈ ને કોઈ રીતે મળ્યા જ કરવાનું છે એમ માનજો. જવાબ ખોટો હશે ને અક્ષર સારા હશે તો પરીક્ષક માર્ક મૂકશે એ માન્યતા મૂર્ખાઈભરી છે, પણ પરીક્ષકની થોડીઘણી સહાનુભૂતિ તો તમે જરૂર મેળવી શકશો.

કોઈ પણ ભાષાની લખાવટમાં સારા અક્ષરની સાથે સાથે વિચારોની મુદ્દાસરની રજૂઆત, દોષરહિત વાક્યરચના ને વિશુદ્ધ જોડણીનું મહત્ત્વ પણ જેવુંતેવું નથી. પરીક્ષામાં પ્રશ્નનો જવાબ લખવા એકદમ મંડી ન પડો. એ રીતે ગણતરી વગરની ઘસડપટ્ટી કરવાનો કોઈ અર્થ નથી. તમે શું લખવા માગો છો તેનો પહેલો વિચાર કરો. તમારા વિચારોને મુદ્દાસર ગોઠવો. કયો મુદ્દો પહેલો, કયો બીજો, કયો ત્રીજો ને કયો છેલ્લો રાખવાથી જવાબ દીપી નીકળશે તેનો અડસટ્ટો મનમાં કાઢી લેવો જોઈએ. જ્યાં જ્યાં નવો મુદ્દો કે નવી વાત શરૂ થાય ત્યાં નવો ફકરો પાડો. ઇતિહાસ, નાગરિકશાસ્ત્ર, ભૂગોળ કે વિજ્ઞાનના વિષયોમાં જવાબ લખતી વખતે એક પણ મુદ્દો તમારા મગજમાંથી ચસકવો નહિ જોઈએ. કેટલાક વિષયો હકીકતપ્રધાન હોય છે ને એને તપાસતી વખતે પરીક્ષકો મુદ્દા ગણીને માર્ક મૂકે છે. ભાષાનું મહત્ત્વ એવા વિષયોમાં ઓછું હોય છે. તમારો વિચાર સચોટરીતે મુદ્દાસર વ્યક્ત થાય એ વધુ જરૂરી છે.

પરીક્ષામાં આપણે ઉતાવળથી લખવાનો આગ્રહ રાખવો જ પડે છે, કેમ કે ફક્ત ત્રણ જ કલાકમાં આખું પેપર પૂરું કરવાનું હોય છે. માટે જ મારું સૂચન છે કે સંયુક્ત કે મિશ્ર વાક્યો કરતાં સાદાં વાક્યો લખવામાં જોખમ ઓછું છે. વાક્ય એમાં રહેલા ભાવ પ્રમાણે વિધિવાક્ય કે નિવેદક હોઈ શકે. એમાં પ્રશ્નાર્થ, આજ્ઞાર્થ કે આશ્ચર્યનો ભાવ પણ રહેલો હોય. વાક્યનો જેવો ભાવ (મૂડ) હોય તે પ્રમાણે વિરામચિહ્નો ન મૂકીએ તો અર્થ બરાબર સમજાતો નથી ને કેટલીક વાર તો અર્થનો અનર્થ પણ થઈ જાય છે.

એવું જ જોડણીનું છે. ગુજરાતી ભાષાની જોડણીમાં વર્ષો સુધી અરાજકતા અને અનિયમિતતા રહ્યાં હતાં. એક જ શબ્દની જોડણી જુદાજુદા લેખકો જુદીજુદી રીતે કરતા હતા, પણ હવે આ ચલાવી લેવાય તેમ નથી. ગુજરાતી ભાષાની જોડણી હવે ગુજરાત વિદ્યાપીઠના જોડણીકોશ અનુસાર સર્વમાન્ય થએલી છે અને આપણે સૌએ એના નિયમોને માન આપીને ચાલવાનું છે.

અશુદ્ધ જોડણી પર કાબૂ મેળવવાનું કામ જોકે સહેલું નથી. એ ઘણી મહેનત માગી લેનાર કામ છે. પણ જેમજેમ મહાવરો વધતો જશે તેમતેમ ભૂલો આપોઆપ ઓછી થતી જશે. દરેક ભાષાને એના પોતાના

જોડણીના નિયમો હોય છે. આપણે જેટલી ભાષાઓનો અભ્યાસ કરવાનો હોય તે દરેકના સામાન્ય નિયમોનું ભાન આપણને હોવું જોઇએ. મોટા શબ્દકોશની તમારે અત્યારે જરૂર નથી. નાનકડો ખિસ્સાકોશ હોય તો ય તે બહુ છે. તમારી પાસે વ્યાકરણ પણ હોય છે. જોડણી, સંધિ, સમાસ ને વાક્યરચનાના સામાન્ય નિયમો દરેકમાં આપેલા હોય છે. એ નિયમો ગોખવા માટે નથી, પણ સમજવા ને અમલમાં મૂકવા માટે છે. જ્યારે ભૂલ થાય અથવા શંકા પડે ત્યારે જોડણીકોશમાં આપેલો નિયમ અને એનું ઉદાહરણ જોઇ લેવાં જોઇએ અને આપણી ભૂલ શાથી થઈ તેનો ખયાલ કરી લેવો જોઇએ. આ રીતે એકની એક ભૂલ બેત્રણ વાર સુધરશે તો એનો નિયમ પાકે પાયે મગજમાં ઠસી જશે ને પછી એ નિયમ લાગુ પડે તેવો કોઈ પણ શબ્દ લખતી વખતે તમારી ભૂલ નહિ થાય.

તમારે ગુજરાતીની સાથેસાથે હિંદી અને અંગ્રેજીનો અભ્યાસ પણ કરવાનો છે ને તે ઉપરાંત, સંભવ છે કે, સંસ્કૃત અથવા ફારસી પણ હોય. આ બધી ભાષાઓના વ્યાકરણના નિયમો જુદા હોય છે. એક ભાષાનો નિયમ આપણે બીજી ભાષાને લાગુ ન પાડી શકીએ. જાતિ, વચન અને વિભક્તિની બાબતમાં દરેકમાં થોડોથોડો ફેર છે. આપણે અંગ્રેજીની વાત બાજુ પર રાખીએ, કારણ કે એ પરદેશી ભાષા હોવાથી એનું વ્યાકરણ જ અલગ છે. ગુજરાતી અને હિંદી બંનેની ઉત્પત્તિ સંસ્કૃતમાંથી થએલી છે. આમ છતાં, હિંદી અને ગુજરાતીના વ્યાકરણના નિયમોમાં થોડોથોડો ફેર છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. સંસ્કૃતમાં એવી મૂંઝવણનો કોઈ સવાલ જ નથી. સંસ્કૃત ભાષામાં શબ્દોની જોડણી તેમ જ સંધિ અને સમાસના નિયમો એવા સજ્જડ છે કે એમાં મીનમેખ થઈ શકતી નથી. જાતિ, વચન અને વિભક્તિની બાબતમાં પણ સંસ્કૃત નિયમો સર્વમાન્ય અને સર્વત્ર સરખા છે. એવું જ અંગ્રેજીનું છે. સંસ્કૃત ભાષા એ આખા ભારતની ભાષા હતી તો અંગ્રેજી એ વિશ્વભાષા છે. આપણને એ ન આવડે ને ભૂલ કરીએ તે જુદી વાત છે, પણ એમાં મૂંઝવણો કે મતભેદને કોઈ સ્થાન જ નથી. બંને દુનિયાની મહાન ભાષાઓ હોવાથી અને બંનેનું ખેડાણ સૈકાઓ સુધી દુનિયાના મહાનમાં મહાન લેખકોએ અને કવિઓએ કરેલું હોવાથી એના નિયમો નેશનલ હાઇવે જેવા થઈ ગયા છે. જોડણી અને વ્યાકરણની ખરી મુશ્કેલી પ્રાદેશિક ભાષાઓમાં છે. ગુજરાતીની ઉત્પત્તિ ભલે સંસ્કૃતમાંથી થઈ હોય, પણ ગુજરાતી ભાષાનું જે સ્વરૂપ આજે સિદ્ધ થયું છે તેમાં સંસ્કૃત ઉપરાંત બીજા ઘણા પ્રવાહો ભળેલા છે, અને એટલે જ સારામાં સારા લેખકો પણ ગુજરાતી લખતી વખતે ભૂલો કરી બેસે છે. આપણે બને ત્યાં સુધી ચલણી શબ્દો વાપરવા અને રૂઢિપ્રયોગો કે કહેવતોનો ઉપયોગ પણ જે રીતે અત્યારે થતો હોય તે રીતે કરવો. અતિ સંસ્કૃતમયતાથી દૂર રહેવું ને બહુ ગામડિયા શબ્દ પણ પરીક્ષામાં ન વાપરવા. તળ ગુજરાતની શિષ્ટમાન્ય ભાષાનો જ ઉપયોગ કરવો, એથી ભૂલ થવાનો સંભવ ઘણો ઘટી જશે.

3] ઊંઘ આરામ અને અભ્યાસના સમયનું પત્રક

વાંચેલું યાદ નથી રહેતું એવી ફરિયાદ પણ વિદ્યાર્થીઓ કરતા હોય છે. યાદશક્તિનો પહેલો નિયમ રસ (interest) અથવા રુચિ છે. જે વિષયમાં આપણને રસ છે, જે વિષયની વાતો વાંચવી કે સાંભળવી આપણને બહુ જ ગમે છે; તે યાદ રહેતાં વાર નથી લાગતી. જે વિષય નથી ગમતો તેના મુદ્દા યાદ રાખવા મુશ્કેલ પડે છે. એક વ્યક્તિને બધા વિષયોમાં સરખો રસ ન હોઈ શકે અને પરીક્ષામાં તો ગમતા અને અણગમતા બધા જ વિષયો તૈયાર કરવાના હોય છે. જેમાં રસ નથી પડતો એવા વિષયો માટે નિશ્ચયશક્તિ (will-power–સંકલ્પ બળ) વાપરીને રુચિ કેળવવી પડશે. કંટાળ્યે નહિ ચાલે. અમુક વિષય તૈયાર કર્યા સિવાય છૂટકો જ નથી, તે નહિ તૈયાર કરીએ તો નુકસાન થશે એવો ખયાલ વારંવાર કરવાથી આપોઆપ રુચિ કેળવાશે. રુચિ એટલે કે liking એ કુદરતી તત્ત્વ છે, natural છે, એ સિદ્ધાંતની સામે કંઈ કહેવાનું ન હોય, પણ કામ પૂરતો તો રસ કેળવી શકાય છે.

તમે જ્યારે થાકેલા, કંટાળેલા કે ઉદાસ હો તે વખતે વાંચવાનો આગ્રહ ન રાખો. એ રીતે વાંચેલું યાદ નહિ રહે. એવું લાગે ત્યારે કાં તો આરામ કરવો, અથવા બહાર ફરવા જવું, અથવા મિત્રો સાથે મનગમતી વાતો કરવી, બે-ચાર ગીતો ગાવાં અથવા સાંભળવાં. જ્ઞાનતંતુઓ ઉપર જુલમ કરવાનો કોઈ અર્થ નથી. આરામની જરૂર જેમ માણસના શરીરને છે તેમ મનને પણ છે. થાકેલા શરીર પાસેથી થોડુંક કામ લઈ શકાય પણ થાકેલા જ્ઞાનતંતુઓ પર જોરતલબી કરવાથી આપણી ઇચ્છા હોવા છતાં કંઈ જ કામ થઈ શકતું નથી. બગાસાં, આળસ કે ઝોકાં આવતાં હોય, શરીર અને મગજ દુખતાં હોય ને કશું ય ચેન ન પડતું હોય તો સારામાં સારો રસ્તો એ છે કે એકાદ કલાકની ઊંઘ ખેંચી કાઢો. તે પછી ઠંડા પાણીથી હાથ, પગ, આંખો, મોં જરા ધોઈ નાખો, આંખો પર ઠંડું પાણી છાંટો, એકાદ કપ ચા પીઓ. હવે તમે કામ પર ચડશો તો ઓછામાં ઓછા ત્રણ કલાક સુધી એકધારુ કામ કરી શકશો, અને જે કંઈ કરશો તે સારું જ થશે. એ રીતે વાંચેલું તરત યાદ રહી જાય છે.

પરીક્ષાની ગમે તેવી તૈયારીની વચ્ચે પણ રોજ સાંજે દોઢબે કલાકનું મનોરંજન મળવું જોઈએ. સાથે એકાદ બે મિત્રો હોય તો વધુ સારું. આ દરમિયાન જે વાતો થાય તેમાં પરીક્ષા સિવાયના વિષયો હોય તે ઇચ્છનીય છે. એ બે કલાક દરમિયાન શાળા કે કૉલજના ગ્રાઉન્ડ ઉપર જઇને રમતો રમો એ સૌથી સારી વાત છે. તમે કોઈ ક્લબના સભ્ય હો ને ત્યાંના ગ્રાઉન્ડનો તેમજ રમતગમતનાં સાધનોનો લાભ મળતો હોય તો ત્યાં પણ જઈ શકાય. ગમે તેમ, પણ જ્યાં સુધી તમે શાળા અથવા કૉલેજના વિદ્યાર્થી છો ત્યાં સુધી દરરોજ સાંજના પાંચથી સાત અથવા સાડા પાંચથી સાડા સાત સુધીનો આ પ્રકારનો રમતગમતનો અને ફરવાહરવાનો કાર્યક્રમ તો રાખવો જ જોઇએ. એ રીતે ગાળેલો સમય નકામો નથી જતો, પરંતુ એ પણ તમારા રોજિંદા કાર્યક્રમનું એક મહત્ત્વનું અંગ છે; ને બાકીના બાવીસ કલાક સુધારવા હોય તો એ બે કલાક એ રીતે ગાળવાની જરૂર છે એમ માનીને આગળ ચાલો.

હાથમાં લીધેલો વિષય બરાબર સમજાય ને એના મહત્ત્વના મુદ્દાઓ મગજમાં ઠસી જાય તે માટે સવારે વહેલા ઊઠીને વાંચવાની ટેવ પાડવી આવશ્યક છે. રાત્રે મોડામાં મોડા બાર વાગ્યે ઊંઘી જવાની અને સવારે પાંચ વાગ્યે ઊઠવાની ટેવ પાડો. ભણતર પૂરું થયા પછી પણ આ ટેવ તમને ખૂબ જ ઉપયોગી નીવડશે. દાતણપાણીથી પરવાર્યા પછી થોડીક ચાહ કે કૉફી પીને તરત જ કામ શરૂ કરો તો સવારના સાડા પાંચ અથવા છ વાગ્યે તમારો સ્વાધ્યાય શરૂ થઈ શકે. બરાબર નવ વાગ્યા સુધી તમે એકધારું વાંચી શકો છો અથવા લખી શકો છો. આળસ, ઝોકું કે બગાસાં આવવાનો હવે સંભવ નથી, કેમ કે તમે પૂરતી નિદ્રા લીધી છે એટલે શરીર શાન્ત છે ને મન પ્રફુલ્લ છે. નાહવા-ધોવાનો કાર્યક્રમ તે પછી રાખો. દરરોજ સવારે વહેલા ઊઠીને ત્રણ કલાકનો અભ્યાસ થઈ શકે તો આત્મવિશ્વાસ કેળવી શકાય, આપણે બીજાથી પાછળ છીએ એવું ન લાગે, ને પરીક્ષા નજીક આવે ત્યારે વધારે ધમાધમી કરવી ન પડે. આ સમયે તમે જે વાંચશો કે લખશો તે યાદ રાખતાં મુશ્કેલી નહિ પડે. તે પછી તો

તમારે જમવાનું પરવારવાનું ને શાળા કે કૉલેજમાં પહોંચી જવાનું રહેશે.

શાળા કે કૉલેજમાંથી પાછા આવીએ ત્યારે મન આનંદમાં હોય છે. આ વખતે સ્વાદે પ્રીસ્થિડ ભર્યાને ને અવરજવરની, આથડામણનો થાક તો લાગેલો જ હોય છે. હવે તમારું દફતર એક બાજુ મૂકી દો, હાથ-પગ, મોં ધોઈને થોડો નાસ્તો કરો; ને પછી જો બની શકે તો એકાદ પીરિયડ જેટલી નાનકડી ઊંઘ ખેંચી કાઢો. ઊંઘ ન આવે તો પથારીમાં આંખો મીંચીને સૂઈ જાઓ. થાકેલા મન અને શરીરને જે તાત્કાલિક થોડા આરામની જરૂર છે તે એનાથી પૂરી થાય છે. ને પછી ઉપર જણાવ્યું તેમ બહાર ફરવા જવાનો દોઢ કે બે કલાકનો કાર્યક્રમ અમલમાં મૂકો. એટલો સમય ન આપી શકાય તો ઓછામાં ઓછો એક કલાક તો એ માટે કાઢવો જ જોઈએ. ફરીને પાછા આવ્યા પછી જમો અને પછી અભ્યાસ પર બેસી જાઓ. રાત્રિનો અભ્યાસ જો શાળામાં હો તો સાડા આઠથી દસ અથવા અગિયાર સુધી ને કૉલેજમાં હો તો નવથી સાડા અગિયાર અથવા બાર સુધી ચલાવી શકાય. અને એટલો અભ્યાસ જો નિયમ સાચવીને કરી શકાય તો એ કંઈ ઓછો નથી. વચ્ચે નાનીસરખી ઊંઘ લીધી છે અને બહાર ફરીને આવ્યા છો એટલે રાત્રિનો અભ્યાસ પણ સરસ રીતે થઈ શકશે. બગાસાં, આળસ કે ઝોકાં હવે નહિ આવે. રાતના જમણમાં ભારે ખોરાક ન લેવો.

આજે જુદીજુદી શાળાઓ અને કૉલેજો જુદાજુદા સમયે ચાલતી હોય છે. બધા વિદ્યાર્થીઓ માટે શાળા-કૉલેજ જવાનો કે આવવાનો સમય સરખો નથી. ઉપર જે કાર્યક્રમની રૂપરેખા આપી છે તેને તમે માત્ર માર્ગદર્શનની રૂપરેખા (guiding line) સમજીને તમારા સંજોગો પ્રમાણે એમાં ફેરફાર કરી લેજો. દરેક વિદ્યાર્થીના સમય અને સંજોગો જુદા હોય છે અને દરેકના માટે કંઈ જુદાં પુસ્તકો લખાતાં નથી. પણ વિદ્યાર્થીજીવનના અને અભ્યાસના સામાન્ય નિયમો સમજી લીધા પછી દરેક વિદ્યાર્થી પોતાનું ટાઈમટેબલ નક્કી કરી શકે છે.

તમારી શાળા કે કૉલેજનો સમય સવારનો હોય તો સવારના સાડા પાંચથી બપોરના બાર-સાડા બાર સુધીનો સમય એમાં જ જવાનો. પણ એવું હોય ત્યારે બપોરની એકાદ કલાકની ઊંઘને જરૂરી માનજો ને તે પછીના સમયની વહેંચણી તમારી અનુકૂળતા પ્રમાણે કરજો. બપોરની ઊંઘ એ ખરાબ જ ટેવ છે એમ ન માનતા. યાદ રાખો કે આળસ એ ખરાબ વસ્તુ છે. સમયનો દુરુપયોગ એ, અલબત્ત, નિંદનીય છે; પણ શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે જરૂર પૂરતો આરામ લઈએ તો એ કંઈ ખરાબ ટેવ નથી. જે લોકો સવારે સાડા પાંચે ઊઠીને સાડા બાર સુધી કામમાં રોકાએલા રહે છે તેમને આરામ જરૂરી છે.

કેટલાક વિદ્યાર્થીઓ રાત્રે ઘણા વહેલા સૂઈ જાય છે અને રાતના ત્રણ વાગ્યે ઊઠીને વાંચવા બેસે છે. આ અંગે અહીં એટલું જ કહેવાનું છે કે એ માર્ગે લેવા જેવા નથી. બહુ વહેલા ઊઠનાર વિદ્યાર્થીઓની ઊંઘ પૂરી થતી નથી એટલે વાંચવા બેસે છે ત્યારે શરીર અને મગજ બંને દુખતાં હોય છે. એ રીતે જે અભ્યાસ થાય છે તેમાં બહુ બરકત આવતી નથી ને રાતના સાડા આઠથી અગિયાર સુધીનો અભ્યાસ ગુમાવવો પડે છે. બહુ વહેલા સૂવું અને બહુ વહેલા ઊઠવું બંને અકુદરતી વસ્તુઓ છે. તમે એસ. એસ. સી.માં, ઈન્ટરમાં કે સીનિયરમાં હો તો યે બારથી પાંચ સુધીની ઊંઘને ફરજિયાત માનજો અને દિવસના ભાગમાં જ્યારે અનુકૂળતા મળે ત્યારે થોડીક ઊંઘ ખેંચી કાઢજો. આપણે શરીર અને મન બંને પાસેથી કામ લેવા માગીએ છીએ, અને જો કામ લેવું હોય તો એને આરામ પણ આપવો પડશે.

હું માનું છું કે ઊંઘ, આરામ અને અભ્યાસના સમયોની આટલી ચર્ચા તમારા માર્ગદર્શન માટે પૂરતી છે: એને અક્ષરશઃ વળગી રહેવાની જરૂર નથી. પણ મૂળ વાતને ધ્યાનમાં રાખીને તમે તમારું ટાઇમટેબલ બનાવી લેજો. (ચાલુ)

અનુસંધાન] જીવનપથનાં સ્મૃતિચિત્રો [પૃ. ૪૬૬થી

ઓરડી જેવું કરેલું હતું તેમાં લાકડાં, કોલસા વગેરે સારી પેઠે સંઘરાતાં. સામે, પડોશમાં જ, રણછોડભાઈ ભટ્ટનું ઘર હતું. એ સંસ્કારી યુવક સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ આદિનું સાહિત્ય ગુજરાતીમાં સફળ હાથે ઉતારનાર અને 'શ્રી ભક્ત' માસિકના તંત્રી)ના મિત્ર હતા અને હાલ મિલમાં નોકરી કરતા હતા. તેમના વૃદ્ધ પિતાશ્રી હરિલાલ ભટ્ટ નિવૃત્ત હોઈ ઓટલે બેસી સૌની ખબર રાખતા. રણછોડભાઈનાં પત્ની ધનલક્ષ્મીબહેન તો મારાં પત્નીનાં સમવયી સહિયર બની ગયાં. તેમનું લાડકું બાળક બાબુ—બળકુમાર, હૈ, તેજસ્વી અભ્યાસ સાથે વકીલ તથા ધારાસભ્ય અને રાજકીય આગેવાન થઈ, આજે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના મંત્રી તરીકે જાણીતા છે. એ પોળના મકાનમાં હું વસ્તુતઃ અમદાવાદનું ખરું જીવન પામ્યો. મારા કેટલાયે જ્ઞાતિજનો નજીકમાં જ રહેતા. રાયપુર ચકલાની બજારમાં ઘરવપરાશની બધી ચીજો મળતી ને મોસમનું અનાજ તથા ગોળ વગેરે વરસભર માટે ભરી લેવાનાં ગાડાં પોળને નાકે જ છૂટતાં તેની ખરીદી રણછોડભાઈના પિતાશ્રી હરિલાલ ભટ્ટ અમારા માટે પણ કરી આપતા. તેમના જીવનભરના વ્યવહાર-અનુભવનો લાભ અમને છેવટ સુધી મળતો રહ્યો.

૫૧૫ બાઉઆની પોળનું જીવન

આ બાઉઆ પોળ મારા જીવનને સ્થિર કરવામાં અનેક રીતે અનુકૂળ થઈ. મેં ત્યાં પૂરાં બાર વર્ષ વીતાવ્યાં અને અમદાવાદના અનેક તાણાવાણાવાળા જીવનમાં સંધાયો. ત્યાં નિવાસ હોવાથી 'કુમાર' કાર્યાલય પણ તેની નજીકમાં જ સ્થપાયું. પોળમાં રહેતાં ઘણાં કુટુંબો જોડે પરિચય થયો તેમ જણાયું કે અહીં લડવાડ-વઢવાડ થતી ન હતી. એકબે ઘરમાં બે પત્નીઓના સંસાર મહાલતા પતિરાજોની ધમાધમી, અલબત્ત, કોઈ વાર જણાતી. એક પતિરાજ તો ઘણી વાર એકાદ પત્નીને બહાર ઓટલા પર કાઢી, આખી રાત બારણાં બંધ રાખી સવારે જ તેને ઘરમાં લેતા. જોકે અમારી તરફ તો બધા જ પડોશીઓ મમતા ને આદર બતાવતાં.

મને મોટી નીરાંત તો એ થઈ કે મારા પુત્રોને ભણવાની 'નવી ગુજરાતી શાળા' બાજુમાં દોલતખાનામાં જ્યાં હતી ત્યાં, બાઉઆ પોળની પડખે જ આવેલા દ્વારકાનાથજીના મંદિરના ચોગાનમાં થઈને ટૂંકે રસ્તે તરત પહોંચી શકાતું. હરિલાલ ડોસા સવારસાંજ મારા ઘરની સામેના ઓટલે બેઠા જ હોય. મારું ઘર શોધતા આવનારને તરત બતાવે. તેમને ઘણી વાર લાગતું કે મારું 'ઘરભાડું અગાઉ બાર રૂપિયા હતું તેનું અઢીગણું કરી નાખ્યું', પણ મને તો ઘરમાં જે જરૂરી તે બધી સગવડ મળી ગઈ હોવાથી ખૂબ સંતોષ હતો. બારણામાં દાખલ થનારને તુરત જ ડાબી બાજુનો દાદરો મેડા પર પહોંચવા મળતો. ત્યાં મારો મળવા-બેસવાનો મોટો ખંડ હતો. તેની પૂર્વ બાજુએ, તકિયા જેટલી ઊંચાઇએ ચાર મોટી બારીઓ સવારમાં પ્રકાશ અને તડકો આપતી. ઉત્તરની પ્રવેશ બાજુની બારીઓમાંથી સામે આખી પોળ દેખાતી ને દૂરથી આવનારની સહજમાં જાણ થઈ જતી. ભોંયતળિયે ચોક નાનો હતો, પણ પ્રવેશનું બારણું બંધ હોય ત્યારે પણ આકાશમાંથી પ્રકાશ ને હવા આવ્યા કરતાં. તેની પછી રસોડું ને કોઠાર અને તેના ઉપર બે ખંડ તથા ત્રીજા માળે ઊંચું મોટું અતરિયું—એમાં અમારો સર્વ સામાન વહેંચાઇને ગોઠવાઈ ગયો.

ઉપરના મારા મુખ્ય ખંડમાંથી પડખે થઇને અંદરના ઉપલા ખંડમાં જવાતું, ત્યાં હીંચકો બાંધ્યો. એ ખંડમાંથી નીચે કોઠારની ઓસરીમાં પડતી બીજી સીડી હતી, જેની બહાર ચોકની પરસાળ અને રસોડું હતાં. ઉપલા હીંચકાવાળા ખંડની પાછળ એક ઊંચે નાની બારીવાળો નાનો ખંડ હતો, જેમાં વસ્ત્રો, કિમતી વસ્તુઓ વગેરેની પેટીઓ રહેતી. અમદાવાદની પોળોનાં મોટા ભાગનાં મકાનોની રચના આ જ રીતે સ્વયંસંપૂર્ણ રહેતી, જેમાં મુખ્ય પ્રવેશદ્વાર બંધ થવા છતાં હવાઉજાસની મોકળાશ સાથે સલામતી અને સ્વકેન્દ્રીય સ્વસ્થતા મળી રહેતાં. (ચાલુ)

'વર્ષો થયાં હું તારુણ્ય વિષે વિચારતો આવ્યો છું. ઘરની બારીએ ઊભાંઊભાં શાળાએ જતાં આવતાં કિશોર-કિશોરીઓને રસપૂર્વક બારીકાઈથી નિહાળ્યાં છે, તેમની સાથે પરિચય સાધ્યો છે અને તેમની જિંદગીના વિવિધ પ્રશ્નોની થોડીઘણી જાણકારી પણ મેળવી છે.'

આવા શબ્દોમાં પ્રસ્તાવ કરીને

આપણા તરુણવર્ગના જીવનના વિકાસ સાથે થતા શારીરિક તેમજ માનસિક ફેરફારો, તેના પ્રશ્નો અને ગ્રંથિઓ અંગે નિખાલસ તથા તલસ્પર્શી વિચારણા

રજૂ કરતી

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની નવી લેખમાળા

તારુણ્યની તકલીફો

૧ શરીરનાં વૃદ્ધિ ને વિકાસ

ઉગતા છોડનું કદી નિરીક્ષણ કર્યું છે? માટી ચીરીને ફૂટેલાં કૂમળાં બે પાન પ્રતિ આપણે કેવા ભાવથી નિહાળીએ છીએ! ધરતી, પાણી અને પ્રકાશમાંથી પોષણ પામી વધતો છોડ જ્યારે વાતાવરણ ભરી દે એવડો મોટો થાય છે ત્યારે આપણું મન હરખાઈ ઊઠે છે.

આ જ રીતે ચંદ્રની વધતી કળાની જેમ વધતું નવજાત શિશુ પણ વીસ વર્ષના ગાળા બાદ આપણી કાંધ સમાણું થાય છે ત્યારે તે 'કેટલો મોટો થયો!' આવા સાનંદાશ્ચર્ય ઉદ્ગાર સહસા નીકળી પડે છે.

આમ, આપણા શરીરની જે વૃદ્ધિ થાય છે તે એકલી સ્થૂળ વૃદ્ધિ નહિ; તેની સાથે વિકાસ પણ થાય છે. કદમાં વધારો એ 'વૃદ્ધિ' છે, કોષનાં વિભાજનો થવાથી એ વૃદ્ધિ થાય છે આકૃતિમાં વધારો કે ફેરફાર એ 'વિકાસ' છે. સમસ્ત કુદરતમાં આ તફાવત દૃશ્યમાન થાય છે. ઇયળમાંથી કોશેટાની રૂપાંતર-અવસ્થા બાદ એમાંથી તદ્દન જુદા જ જીવ—પતંગિયાનો જન્મ થાય છે. દેડકાના બચ્ચાની ઝીણકી માછલી જેવી અવસ્થામાંથી તેના દેડકા જેવા શરીરનો વિકાસ થાય છે. પાણીમાંથી શ્વાસ લેતી તેની પ્રથમાવસ્થામાંથી પલટાઇને હવામાંથી શ્વાસ લેતી તદ્દન જુદી જ અવસ્થામાં તે વિકસે છે. ઇયળમાંથી ફૂલેફૂલે ફરફરતા પતંગિયાનો અને પાણીમાં પાંગરતી પૂંછડીવાળી કુમળી અવસ્થામાંથી જમીન ઉપર ઠેકડા મારતા દેડકાનો વિકાસ થાય છે! આ ફેરફાર એવા તો અદ્ભુત છે કે આ ઇયળમાંથી જ પતંગિયાનું રૂપાંતર થશે એની કલ્પના પણ આવતી નથી.

આ રીતે બાળક પણ શિશુ અવસ્થામાંથી વૃદ્ધિ પામી તારુણ્યમાં પ્રવેશી જ્યારે પુખ્ત વયનો થાય છે ત્યારે તેનો વિકાસ પણ આવો અદ્ભુત લાગે છે. [illegible] 'વૃદ્ધિ'માં શરીર જાડું અને મોટું થાય. મંદબુદ્ધિ બાળક 'વિકાસ' પામ્યા વગરની 'વૃદ્ધિ' પામતું હોય છે. સામાન્યતઃ વૃદ્ધિ અને વિકાસ સાથોસાથ જ થાય છે. અને ભલે જુદા પાડી ન શકાય પણ પારખી તો શકાય છે. જડસુ માણસ શરીરે લાંબો-પહોળો હોવા સાથે કમઅક્કલ હોય છે, તો નાનકડા દેખાતા માણસો બુદ્ધિશાળી નથી હોતા? શારીરિક વૃદ્ધિ અને કદથી ટોળામાંથી વ્યક્તિ ભલે જુદી તરી આવતી હોય પણ એકલા કદનું તો કંઈ મહત્ત્વ જ નથી. માણસને પ્રતિષ્ઠા અપાવનાર તો બુદ્ધિ છે. વસ્તુતઃ વૃદ્ધિની સાથોસાથ વિકાસ અભિપ્રેત છે. આ અનુભવવા આપણે મનુજની ગર્ભસ્થ અવસ્થાથી વિચારવું જોઇશે.

સ્ત્રીના બીજકોષ અને પુરુષના શુક્રકોષના સંમિલન અને એકરૂપ થવાથી ગર્ભાધાન થાય છે. આ બન્ને કોષ જીવંત તો હતા જ, પણ તેમનામાં આપમેળે વધવાની-વિકાસ પામવાની ને નવીન રૂપ ધારણ કરવાની શક્તિ નહતી. એ બે પ્રજનન કોષોના સંમિલનથી જ વૃદ્ધિ ને વિકાસની તેમનામાં સુપ્ત અને અવ્યક્ત રહેલી શક્તિઓ પ્રગટ થાય છે. બીજકોષમાં શુક્રકોષ પ્રવેશવાથી શુક્રકોષનો બીજક બીજકોષના બીજક સાથે ભળી જઇને એક જીવકોષ બને છે. આમ, બીજકોષ ફલિત થાય છે ને ગર્ભાધાન થાય છે. બીજકોષ ફલિત થયા બાદ ત્રણચાર દિવસે માતાના લોહીમાંથી પોષણ મેળવી મોટા બનેલા જીવકોષમાં તેનું વિભાજન થાય છે. પછી તો એમાં ક્રમિક વિકાસ ચાલુ રહી $\frac{૧}{૫૦૦૦૦}$ ઔંસ વજનના એ જીવરસમાંથી બે કરોડગણા વધારે વજનવાળો, હાડકાં માંસપેશીઓ લોહીની નળીઓ તથા નાડીઓયુક્ત માનવદેહ ઘડાય છે.

બીજકોષનું મૂળ કદ ૦.૨ મિલિમીટર હોય છે, જે ફલિત થયાના બે અઠવાડિયાં બાદ કદમાં વધીને ૦.૯ મિલિમીટર બને છે, અને એવી વૃદ્ધિ થતી જઈ બીજા માસના અંતે મુરઘીના ઈંડા જેવડો સવા ઇંચના કદનો બને છે. ત્રણ માસના અંતે એ ગર્ભ ત્રણ ઇંચ લાંબો ને ત્રણ ઔંસ વજનનો બને છે. ચાર માસના અંતે તેની લંબાઈ સાડા છ ઇંચની બની મોં અને નાકના ઘાટ ઘડાઈ જાય છે, ગર્ભની જાતિ સહેલાઈથી જાણી શકાય છે અને અંગોનું હલનચલન શરૂ થવા માંડે છે. પાંચમા માસના અંતે ગર્ભ નવ-દસ ઇંચ લાંબો ને વજનમાં એક રતલનો બને છે. ગર્ભનું હલનચલન હવે માતા પણ અનુભવે છે. છ માસના અંતે ગર્ભની લંબાઈ બાર ઇંચની બને છે અને વજન બે રતલ થાય છે. હવે ગર્ભનાં વજન અને લંબાઈમાં ઝડપી વધારો થવા માંડે છે. સાતમા માસમાં ગર્ભનું વજન ત્રણ રતલનું હોય છે. ચૌદ ઇંચ લંબાઇનો એ ગર્ભ હવે કૃશ થઈ ગએલા નાના સરખા વૃદ્ધ જેવો દેખાય છે. આઠ માસના અંતે ગર્ભ સોળ-સત્તર ઇંચ લાંબો અને વજનમાં ચાર-સાડાચાર રતલનો હોય છે. નવમા માસમાં વિકાસ મંદ પડે છે, લંબાઈમાં માત્ર એકાદ ઇંચનો જ વધારો થાય છે અને વજન પાંચ રતલ સુધી થાય છે. દસમા માસમાં ગર્ભનું વજન છ થી સાત રતલ અને લંબાઈ અઢારથી વીસ ઇંચની હોય છે.

માનવીની આ કદવૃદ્ધિ આશ્ચર્ય અને અદ્ભુતતાભરી છે. ગર્ભાધાન સમયે જે માનવદેહ ૦.૦૦૮ ઇંચના વ્યાસના ગોળા જેવડો હોય છે તે જન્મ્યા બાદ વીસ-પચીસ વર્ષની વયે ૬૫ ઇંચની ઊંચાઇનો બને છે અને ૦.૬ મિલિગ્રામ વજનનો ગર્ભ જન્મ સમયે ૭થી ૧૦ રતલનો બની પુખ્ત વયે ૧૨૦થી ૧૪૦ રતલ થાય છે. એટલે કે ગર્ભવાસના નવ માસમાં ગર્ભનું વજન પચાસથી સાઠ લાખગણું વધે છે જ્યારે પછીની જિંદગીમાત્ર પંદરથી વીસગણું જ!

પણ શરીરની વૃદ્ધિ એ કંઈ માત્ર ઊંચાઈ ને વજનનો જ વધારો નથી, પણ તેમાં સાથોસાથ મગજની ખીલવણી તથા શરીરનાં અન્ય અંગોનો યે ક્રમિક ને માપસર વિકાસ થતો રહે છે. શરીરના જીવંત કોષોમાં સતત ફેરફાર થયા કરે છે. જિંદગી એ જ ફેરફારોની પ્રક્રિયા છે. વૃદ્ધિ એ શરીરની મુખ્ય મૂળ પ્રકૃતિ છે. બાળક મન, શરીર અને વ્યક્તિત્વ ત્રણેમાં એકીસાથે વૃદ્ધિ પામે છે.

મનની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. એને કોઈ મગજ ને જ્ઞાનતંતુનું સાધન ગણે છે, જે સંસ્કારો એકત્ર કરે છે, સંઘરે છે અને તેને પ્રદર્શિત થવા દે છે; તો કોઈ વળી તેને શરીર અને મગજ કરતાં જુદું ગણે છે અને તેનો વિકાસ આપમેળે થતો હોવાનું કહે છે. મનથી વિચાર, નિર્ણય અને તર્ક થાય છે. મનના જ કારણે સ્વભાવ, મત અને વર્તન ઘડાય છે, જેના લીધે માણસ અન્ય સર્વથી જુદો પડે છે.

બાળક ઘર, શાળા અને સમાજની પ્રબળ અસરો નીચે ઊછરે છે. સાથેસાથે વૃદ્ધિનાં બળો તેના ઉપર અસર કરતાં હોય છે અને તેના

સ્વભાવનું દરેકેદરેક પાસું વિકાસ પામે છે. આ બધાંથી તેનું વ્યક્તિત્વ ઘડાય છે. મોટું થવા સાથે તેનામાં નવી શક્તિઓ અને રસવૃત્તિઓ વિકાસ પામે છે, જેથી વિકાસના દરેક તબક્કે તે નવી જ વ્યક્તિ બને છે. આવી પક્વતા એ નૈસર્ગિક પ્રક્રિયા છે. એ પ્રક્રિયા હેઠળ કોઈ પણ પ્રયાસ કે કોઇની ય તાલીમ વિના તે શિશુઅવસ્થામાંથી બાલ્યાવસ્થામાં, તેમાંથી તારુણ્યમાં અને તારુણ્યવયમાંથી પુખ્ત વયમાં વૃદ્ધિ પામે છે.

વિકાસની વ્યાખ્યા સહેલી નથી. કદના માપને વૃદ્ધિ કહીએ તો ક્રિયાના માપને વિકાસ કહી શકાય. જ્ઞાનતંતુ અને માંસપેશીઓનો અંકુશ, હોશિયારી અને ચારિત્ર્યની પ્રાપ્તિ એ વિકાસ છે. શરીરની વૃદ્ધિની સાથે જ વ્યક્તિત્વનો વિકાસ સંકળાએલો છે. કોષના વિભાજનથી શરીરની વૃદ્ધિ થાય છે, જ્યારે શરીરના બંધારણ અને વ્યાપારોની વૃદ્ધિગત થતી પક્વતા એ વિકાસ છે. બીજકોષ ફલિત થાય ત્યારથી શરૂ થતી આ પ્રક્રિયા પુખ્ત વયે પહોંચતાં સુધી ચાલુ રહે છે. આમ આ બન્ને ક્રિયાઓ ગાઢ સંકળાએલી હોવા છતાં ય અભિન્ન તો નથી જ.

કુદરતી ચયાપચયની ક્રિયાના કારણે શરીરની વૃદ્ધિ થતી રહે છે. જ્યાં સુધી કોષોને યોગ્ય પોષણ મળી રહે અને બીજી બાબતોમાં તે કાર્યશીલ રહે ત્યાં સુધી તેની વૃદ્ધિ થાય છે. શરીરમાં કોષોના વિભાજનથી પોચા ભાગોની વૃદ્ધિ થાય છે અને હાડકાંની વૃદ્ધિથી શરીરની ઊંચાઈ વધે છે.

શરીરમાં બે વિરોધી પ્રક્રિયા થતી રહે છે: એક બાજુએ કોષોનું સતત પ્રજનન થતું રહે છે અને માંસપેશીઓનાં કદ વધે છે, તો બીજી બાજુએ વપરાએલા કોષોનો સતત નાશ થતો રહીને પેશીઓમાંથી તે દૂર થતા રહે છે. યુવાવસ્થા સુધી આ નાશ કરતાં વૃદ્ધિ વિશેષ થતી રહે છે. પછી સવિશેષ વૃદ્ધિ બંધ થઇને આપણી જિંદગીના મોટા ભાગમાં વૃદ્ધિ અને નાશ સરખા પ્રમાણમાં થાય છે. અંતે વૃદ્ધાવસ્થામાં આ સમતુલા બદલાય છે અને ક્ષીણતાનું પ્રમાણ વધતું જાય છે. આ કારણે વૃ માણસોની કેટલીક પેશીઓ, અવયવો અને ઊંચાઇમાં સંકોચ પ્રવેશે છે

આપણે સામાન્યરીતે બાર-તેર વર્ષની ઉંમર સુધીના ગાળાને બાલ્યવસ્થા લેખીએ છીએ, પણ વ્યક્તિનાં વૃદ્ધિ અને વિકાસ એકવીસ વર્ષની વય પર્યંત ચાલુ રહેતાં હોવાથી જિંદગીના એ કાળને ઉંમરની ગણતરીની દૃષ્ટિએ નીચે મુજબ લેખવામાં આવે છે:

નવજાત શિશુ: જિંદગીની શરૂના ત્રીજા અઠવાડિયા સુધી.

શિશુકાળ: બે અઠવાડિયાથી બે વર્ષ સુધીનો ગાળો.

બાલ્યાવસ્થા: બેથી પાંચ વર્ષ સુધી 'આગલો કાળ' અને છ થી દસ વર્ષ સુધી 'પાછલો કાળ.'

તરુણાવસ્થા: અગિયારથી પંદર વર્ષ સુધી 'શરૂનો' કાળ, પંદરથી એકવીસ વર્ષ સુધીનો 'અંતિમ' કાળ.

જન્મથી તે પુખ્ત વય સુધીના વૃદ્ધિના કાળમાં પણ વૃદ્ધિ એકસરખી થતી નથી. અમુક તબક્કાઓમાં તે થાય છે. જિંદગીનું પહેલું વર્ષ એ સમધારણ વૃદ્ધિનો પ્રથમ કાળ છે. બીજો કાળ પાંચથી સાત વર્ષ સુધીનો આવે છે, જેમાં બાળક ઝડપથી વધે છે. તે ઊંચું થાય છે, પાતળું દેખાય છે અને આશ્ચર્યજનક ઝડપે વિકસે છે.

જિંદગીના બીજા દાયકાની શરૂઆતમાં કિશોર ને કન્યાના શરીરમાં જાતીય પકવતાનાં પગરણ મંડાય છે. આ છે તારુણ્યનો શરૂનો કાળ કે યૌવનારંભ. આ અવસ્થામાં દેહમાં થતા શારીરિક ફેરફારોની અસર લાગણી, બુદ્ધિ અને આત્માને આવરી લઈ સમગ્ર વ્યક્તિત્વ ઉપર થાય છે.

હવે આપણે બાલ્યાવસ્થામાંથી તારુણ્યમાં પ્રવેશતાં સુધીની અવસ્થાનાં વિવિધ પાસાંઓનું અવલોકન કરીશું. (ચાલુ)

અનુસંધાન] ઈંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ [પૃષ્ઠ ૪૦૯થી

પોતાને સમયે લે છે. લંચ પણ સૌ પોતપોતાની કૉલેજ કે યુનિવર્સિટીમાં લે. પણ રાત્રે ડિનર વખતે તો બધાએ એકસાથે અહીં જ પંગતમાં બેસવાનું. બે પંગત પડે: એક સાંજે છ વાગ્યે અને બીજી સાડા સાતે. સામાન્ય રીતે કોણ કઈ પંગતમાં બેસશે તે નક્કી જ હોય. એમાં કોઈ કારણસર ફેરફાર કરવો હોય તો સવારે બ્રેકફાસ્ટ વખતે જણાવી દેવાનું. સાંજની પંગતમાં જમવાનું બધું વિધિસર. પહેલાં આપણે ત્યાં બ્રાહ્મણ બોર્ડિંગોમાં મુગટા પહેરીને જમવા બેસવું ફરજિયાત હતું, તેમ અહીં બધાએ જમતી વખતે ગાઉન (પ્રોફેસરોનો ઝભ્ભો) પહેરવો જ જોઇએ. મારા જેવા મહેમાન માટે ખાસ વધારાના ગાઉન રાખ્યા હોય.

ભોજનના સમય પહેલાં વિદ્યાર્થીઓ ડાઇનિંગ હૉલમાં ભેગા થઈ પોતપોતાની બેઠકે ગોઠવાઈ જાય. શિક્ષકો ગાઉન પહેરીને ઉપર કૉમન રૂમમાં એકઠા થાય. સમય થાય એટલે નીચેથી વેઇટર આવીને ખબર આપે કે પીરસવાનું તૈયાર છે, એટલે પહેલાં ચીફ વૉર્ડન, પછી મહેમાન (એટલે હું), પછી ડેપ્યુટી વૉર્ડન અને પછી બીજા શિક્ષકો એમ, જાણે ડિગ્રી લેવા જતા હોઈએ તેમ, ગાઉન પહેરી સરઘસાકારે ડાઇનિંગ હૉલમાં દાખલ થઈએ. બધા વિદ્યાર્થીઓ ઊભા થાય. શિક્ષકો પોતાની બેઠકે પહોંચી જાય એટલે ચીફ વૉર્ડન પ્રાર્થનાના રૂપમાં 'બેનેડિક્ટો બેનેડિકશન' કે એવા બે શબ્દો બોલે, પછી બધા બેઠક પર ગોઠવાય અને પીરસવાનું શરૂ થાય.

ભોજન પૂરું થયા પછી પણ જ્યારે બધાએ (૧૫૦ જણાએ) જમી લીધું છે એમ વૉર્ડનને ખબર પડે એટલે તે ઊભા થાય. તેની સાથે જ બધા ઊભા થાય. વળી ગ્રેઈસ બોલાય. (વૉર્ડન પેલા બે શબ્દો, બેનેડિક્ટો બેનેડિકશન જેવા, બોલે તે speaking the grace કહેવાય) અને પછી શિક્ષકો સરઘસાકારે ઉપરના રૂમમાં જાય. આ ભોજન વેળાનો વિધિ.

આમ તો આપણી આશ્રમની શાળાઓમાં જેમ બધા સાથે બેસી ગયા પછી પ્રાર્થના થાય કે 'ૐ સહના વવતુ' બોલાય અને પછી જ ભોજન શરૂ થાય છે તેના જેવો જ આ રિવાજ ગણાય. અને દોઢસો જણને એક પંગતે બેસાડીને વ્યવસ્થિત જમાડવા હોય અને મેળો ઊભો ન કરવો હોય તો આવી કોઈક રીત વાપરવી જ પડે. પાછું ભોજન વખતનો આ વિધિ સોમ, મંગળ, ગુરુ અને શુક્ર એમ ચાર દિવસ જ હોય છે. છતાં બુધવારે જ્યારે આવો વિધિ નથી હોતો ત્યારે પણ બધા વ્યવસ્થિત, સમયસર, સાથે જ જમવા બેસે છે અને સાથે જ ઊઠે છે, કારણ કે એવી ટેવ જ પડી જાય છે!

—લિ. કાકાના આશિષ

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્‌લાદભાઈ ચુ. વૈદ્ય

૩

વહાલાં બાળકો, યૉર્ક, તા. ૧૫-૩-૧૯૭૦

ઐતિહાસિક યૉર્ક શહેર વિષે મેં આગળના પત્રમાં લખ્યું છે. આ શહેરની કોઈ ઔદ્યોગિક અગત્ય નથી તેથી અહીં યુનિવર્સિટી નહોતી. ઠેઠ ૧૯૬૩માં યૉર્ક યુનિવર્સિટીની સ્થાપના થઈ. સાતસોથી યે વધુ વર્ષો-જૂની કેમ્બ્રિજ ને ઑક્સફર્ડ યુનિવર્સિટીઓની સરખામણીમાં આ યુનિવર્સિટી કેટલી નાની? યૉર્ક શહેર પાસેના હેસ્લિંગ્ટન ગામની નીચાણવાળી જમીનમાં ૧૮૩ એકરના વિસ્તારમાં આ યુનિવર્સિટી ફેલાશે. 'યૉર્ક પાસેના હેસ્લિંગ્ટન ગામ'માં એ તો 'અમદાવાદ પાસેના નવરંગપુરા ગામમાં' એવું હવે થઈ ગયું છે—હેસ્લિંગ્ટન યૉર્કનું પરું થઈ ગયું છે.

ભેજવાળી જમીનનું સઘળું પાણી વચ્ચે ઊંડાણવાળા ભાગમાં એકઠું કરી એક વાંકાચૂકા આકારનું સરોવર બનાવ્યું છે અને એ સરોવરની ચારે બાજુ યુનિવર્સિટીની કૉલેજો અને પ્રયોગશાળા બાંધેલાં છે. એટલે એક સ્થાનેથી બીજે જવું હોય તો અચૂક કાં તો સરોવરને કિનારે ચાલવાનું થાય અથવા તો સરોવર ઉપરના પુલ ઓળંગવાના થાય. આને કારણે આખા વાતાવરણમાં એક નૈસર્ગિક આભા ઊભી થાય છે. વળી આ વિશાળ સરોવરમાં જાતજાતનાં જળચર પંખી રહે છે. સરોવરમાં થતાં નાનાં માછલાં તેમનો ખોરાક છે. આ માછલાંને પૂરતી હવા મળી રહે તે માટે સરોવરમાં મોટા ફુવારા ગોઠવ્યા છે. એક ફુવારાનું પાણી તો ખાસું પચાસ ફૂટ ઊંચે ઊડીને પડે છે. આથી શિયાળામાં સરોવરની આખી સપાટી થીજી જતી નથી અને ફુવારા આસપાસ તો પ્રવાહી પાણી જ રહે છે.

આ યુનિવર્સિટી ૮ કૉલેજોમાં વિકસાવવાની નેમ છે. તેમાંની ત્રણ કૉલેજો શરૂ થઈ ગઈ છે. આ કૉલેજો આપણી કૉલેજો કરતાં જુદી. આખી યુનિવર્સિટીના ત્રણ હજાર વિદ્યાર્થીઓનું સમૂહજીવન ગોઠવી શકાય તે માટે તેમને ૮ કૉલેજોમાં વહેંચી દીધા. તે જ પ્રમાણે યુનિવર્સિટીના બધા જ શિક્ષકોને પણ આ કૉલેજોમાં વહેંચી દેવાના. દરેક કૉલેજ પોતાનું આગવું સમૂહજીવન વિકસાવે. શિક્ષણ આખી યુનિવર્સિટીમાં એકસાથે જ થાય. દરેક કૉલેજનો પોતાના શિક્ષકોનો કૉમન રૂમ, વિદ્યાર્થીઓનું યુનિયન, હોસ્ટેલ (પણ એનું નામ હોસ્ટેલ પાડેલું નહિ; હૉસ્ટેલ એ કૉલેજનો એક ભાગ: 400 students resident in this college એમ જ કહેવાય). ટૂંકમાં કૉલેજ એટલે સમૂહજીવન અને યુનિવર્સિટી એટલે શિક્ષણ.

ગણિત વિભાગના શિક્ષકો વાનબ્રુગ કૉલેજ અને ગૂડરિક કૉલેજમાં વહેંચાએલા. વિભાગની ઑફિસ વાનબ્રુગ કૉલેજમાં અને મારે બેસવાનો રૂમ ગૂડરિક કૉલેજમાં, એટલે રોજ ટપાલ જોવાને બહાને સરોવર ઉપરના પુલ ઉપરથી પસાર થવાનો લ્હાવો મળે.

આ યુનિવર્સિટી નવી જ સ્થપાઈ છે, એટલે એમણે પોતાની ડિગ્રીની નવી જ વ્યવસ્થા વિચારી છે: બી.એ. થયા પછી અહીં એમ.એ.ની ડિગ્રી નથી. બી.એ. કે બી.એસસી. પછી બી.ફિલ. (બૅચેલર ઑવ ફિલૉસૉફી)ના એક વર્ષના કોર્સવાળી ડિગ્રી મળે. પછી એક વર્ષ સંશોધન કરે એટલે એમ.ફિલ (માસ્ટર ઑવ ફિલૉસૉફી)ની ડિગ્રી મળે, અને પછી પીએચ.ડી. જેવી ડી. ફિલ. (ડૉક્ટર ઑવ ફિલૉસૉફી)ની ડિગ્રી આવે. બી.એ. કે બી.એસસી. કરી લીધા પછી આમ તો વિદ્યાર્થી સીધો એમ.ફિલ.ના બે વર્ષના કોર્સમાં દાખલ થાય. એ ગાળામાં પહેલા વર્ષે દરમિયાન વિદ્યાર્થીને જો એમ લાગે કે સંશોધનમાં કૈં ગજ વાગે એવું નથી તો વર્ષ દરમિયાન ચાલેલા કોર્સની પરીક્ષા આપી દે અને બી.ફિલ. લઈને ચાલતી પકડે. સંશોધન થઈ શકે એવું લાગે તો જ બીજા વર્ષે સંશોધન પૂરું કરી એમ.ફિલ. લે. એટલે જેને સંશોધનમાં રસ નથી તે તો બી.એ. કે બી.એસસી. પછી એમ.એ. કે એમ.એસસી.નાં બે વર્ષ બગાડવાને બદલે એક વર્ષમાં ડિગ્રી લઈ નોકરીભેગો થઈ શકે. વિચાર તો સારો છે. પણ આમાં એક શરત છે: આ લોકોનું બી.એ. અથવા બી.એસસી. બહુ ભારે હોય છે. લગભગ આપણા એમ.એ. કે એમ.એસસી જેટલું; એટલે બી.એ. પછી એક વર્ષે બી.ફિલ. લઈને ચાલતો થાય તેને નોકરી મળે જ. આપણે તો એમ.એ. પછી એક વર્ષે કોઈ ડિગ્રી આપવી જોઈએ.

—લિ. કાકાના આશિષ

૪

યૉર્ક, તા. ૧૫-૩-૧૯૭૦

વહાલાં બાળકો,

હું ગયા રવિવારે યૉર્ક પહોંચ્યો અને આવતી કાલે ન્યૂ કૅસલ જવા ઊપડીશ. અહીંની બે વાત જાણવા જેવી છે: એક તો દુકાનમાં પોસ્ટ ઑફિસ; બીજી: નિશાળમાં દુકાન!

મારે આ કાગળ લખવા માટે ઍર લેટર લેવા હતા, એટલે પૂછતો પૂછતો હોટેલ નજીક પોસ્ટ ઑફિસે ગયો. બતાવેલે સ્થળે જઈને કોઈને પૂછ્યું તો કહે: 'આ પોસ્ટ ઑફિસ'. ઉપર પાટિયું પણ વાંચ્યું: 'પોસ્ટ ઑફિસ'. પણ અંદર જતાં મન માને નહિ, કારણ કે બારીના કાચમાંથી શો રૂમની જેમ ગોઠવેલાં બર્થ-ડે કાર્ડ, નાહવા-ધોવાના સાબુનાં ખોખાં, પેન્સિલ, રબર અને એવું બધું દેખાય. હિંમત કરીને અંદર ગયો તો સામા ખૂણામાં એક ટેબલ ઉપર કાચની બારી જેવું મૂકીને પોસ્ટ ઑફિસ બનાવેલી. પરચૂરણ માલ વેચતી દુકાનમાં આમ પોસ્ટ ઑફિસ આવેલી હતી! આ તો શાના જેવું થયું? આપણા શારદાનગરની પોસ્ટ ઑફિસ નારણભાઈની દુકાનમાં હોય અને નારણભાઈ પોસ્ટ-માસ્ટર હોય એવું! આ પોસ્ટ ઑફિસ જોઈ ત્યારે યાદ આવ્યું કે ધૃતિબહેનના શીનફીલ્ડ ગામમાં પણ આવી જ પોસ્ટ ઑફિસ હશે, કારણ કે તેમને રવિવારે પણ કવર-પત્તાં મળી રહે છે. નારણભાઇની દુકાન તો રવિવારે ઉઘાડી જ હોય ને? આ દુકાન પોસ્ટ ઑફિસે મની ઑર્ડર થાય ને પાસબુકમાં પૈસા ઉપાડ-મૂક પણ થાય. આપણી શારદાનગરની પોસ્ટ ઑફિસમાં થતું બધું જ કામ આ દુકાન-પોસ્ટ ઑફિસમાં પણ થાય!

અહીંની શાળાની પણ એક નવીનતા છે: ૧ થી ૪ ધોરણની પ્રાથમિક નિશાળમાં વિદ્યાર્થીઓ પોતાનો વર્ગ શણગારે. એ તો આપણે ત્યાં પણ રિવાજ છે; પણ અહીં દરેક વર્ગમાં એક દુકાન ગોઠવેલી હોય. છોકરાઓ પોતાને ઘેરથી સાબુનાં, ને ડેટનાં, ને એવાં ખાલી ખોખાં લઈ આવે, તેલની ખાલી બાટલીઓ લઈ આવે, તેમાંથી કાગળનાં સંત્રાં-સફરજન બનાવે, ને પછી એ બધું વર્ગના એક ખૂણામાં દુકાનની જેમ ગોઠવે. દાદીમા કહે છે એમ 'હાટડી' માંડે. પણ એમાં આમ બધું ખાલી ખોખાં!

છે ને આ બધા જબરા દુકાનદાર! દુકાનમાં પોસ્ટ ઑફિસ અને શાળાના વર્ગમાં દુકાન!!

—લિ. કાકાના આશિષ

૫

ન્યૂ કૅસલ અપૉન ટાઈન, તા. ૨૧-૩-૧૯૭૦

વહાલાં બાળકો,

અત્યાર સુધી બધે હોટેલોમાં રહ્યો છું. પણ અહીં ન્યૂ કૅસલમાં હોસ્ટેલમાં ગેસ્ટ રૂમમાં ઉતારો છે: યુનિવર્સિટીના હૅન્ડરસન હૉલમાં ૨૧૭મી રૂમમાં. આ હૉલમાં ૩૦૦ વિદ્યાર્થીઓ રહે છે. ઉપરાંત ૧૨ થી ૧૫ પ્રોફેસરો પણ રહે છે. ખાવાનું તો અહીં હોટેલો કરતાં પણ વધુ સારું મળે છે. એકસાથે લગભગ ૧૫૦ માણસો જમવા બેસી શકે એવો મોટો ડાઇનિંગ હૉલ છે. તેમાં સામસામાં ૧૬ જણ બેસી શકે તેવાં ત્રણ ટેબલની એક હાર, એવી ત્રણ ત્રણ હાર કરેલી છે. બ્રેકફાસ્ટ તો સૌ પોત-

(અનુસંધાન સામે પૃષ્ઠ ૪૦૮)

શતરંજના કોયડા-૧૦ .... સુરેશ મોદી

V. KALANDADSE & V. NEIDSE



White to play and Win

સ્થિતિ: 3b3r/1P6/4b3/8/K6k/7N/8/6B1.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

ઉકેલ મોકલવાનું સરનામું:

Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay-71AS.

ઉકેલ મોકલવાની છેલ્લી તા.: ૩૦-૧૧-૧૯૭૦.

પરદેશમાં વસતા વાચકો માટે: ૩૧-૧૨-૧૯૭૦.

કોયડા નં. ૭ (જુલાઈ ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ: 5B2/3r4/2r5/Q3pN2/5k2/6NP/1b2P2K/8.

કોયડો: સફેદે રમવાનું ને ત્રણ ચાલમાં મહાત કરવાનું.

ચાવીની ચાલ: 1 N-Q6!.

ધમકી: 2 Q-Q2 mate અને 2 B-R6 mate. બન્ને ધમકી ત્રણને બદલે બે જ ચાલમાં મહાત કરવાની છે જેને Short mate threats કહે છે. ૧ ગુણ

વિકલ્પો:

a) 1..., KR×N; 2 B-R6ch, R×B; 3 Q-Q 2 mate. ૨ ગુણ.

b) 1..., QR×N; 2 Q-Q2ch, R×Q; 3 B-R6 mate ૨ ગુણ.

c) 1..., K-N4; 2 Q-Q2ch, K-any; 3 Q-R6 mate ૧ ગુણ

d) 1..., K-K6; 2. B-R6ch, K-B7; 3 N/6-K4 mate. If 2..., K-Q5- 3 N/3-B5 mate ૧. ગુણ

મધ્યવર્તી વિચાર: આપણે અગાઉ એવા કોયડા જોયા છે જેમાં ઊંટ અને હાથી એકબીજાની આડે આવે છે. અહીં બે હાથી એકબીજાની આડે આવે છે.

મૂળ સ્થિતિમાં કાળાનો KR (તેના Q2 ઉપર છે તે), Q7 ઉપરનો કાબૂ ધરાવે છે અને તેથી Q-Q2 mate શક્ય નથી. તેમ તેનો QR ((QB3 ઉપરનો) BR6 mate અટકાવે છે.

જે ખાના ઉપર આ બન્ને હાથીની રક્ષણની લાઈન મળે છે તે ખાના ઉપર સફેદ એક મહોરું રમે છે અને પરિણામે 2 Q-Q2 અને 2 B-R6 mateની ધમકી ઊભી થાય છે. હવે કાળો તે મહોરા ને KRથી મારે તો તે QRના R3 ઉપરના કાબૂની આડે આવે. સફેદ હવે 2 B-R6 રમે એટલે તે ઊંટને QRથી મારી શકે નહિ અને તેથી KRથી મારવો પડે. પરિણામે કાળાનો Q7 ઉપરનો કાબૂ જતો રહે અને 3 Q-Q2 mate શક્ય બને. તેવી જ રીતે કાળો તેના QRથી ઘોડાને મારે તો KRના Q7 ઉપરના કાબૂની આડે તે આવી જાય છે એટલે હવે 2 Q-Q2ch પછી વજીરને તે હાથીથી મારવો પડે છે પરિણામે R3 ઉપર કાબૂ રહેતો નથી અને 3B-R6 mate શક્ય બને છે.

હાથી અને ઊંટ વચ્ચેની Interference બે ચાલના કોયડામાં બતાવી શકાય છે, પણ બે હાથી કે બે ઊંટ વચ્ચેની Interference બતાવવા ઓછામાં ઓછી ત્રણ ચાલની જરૂર રહે છે તે ઉપરના લખાણથી સમજી શકાશે. આ કોયડાના મધ્યવર્તી વિચારને Plachutta Theme તરીકે ઓળખવામાં આવે છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ

(૧) જયતિલક નાયક, સચપુર (૨) ભદ્રભાઈ ચાવડા, વિરમગામ (૩) દિલીપ આહલપારા, ભાવનગર (૪) એમ. ટી. સોલંકી, અમદાવાદ (૫) ગોપાલ તેરૈયા, અમરેલી (૬) મહેન્દ્ર મહેતા, ભૂજ (૭) બિપિન પટેલ, અમદાવાદ (૮) ડૉ. ઇન્દ્રવદન મોદી, ભાવનગર અને (૯) અક્ષયકુમાર વૈદ્ય, ભૂજ દરેકના ૧૦ ગુણ. (૧૦) કલ્યાણભાઈ મુલિયા, વિરમગામ (૧૧) નવીનચંદ્ર મહેતા, મોરબી (૧૨) ભરતકુમાર મહેતા, મોરબી (૧૩) ભૂપેન્દ્ર ભાટિયા, મુંબાઈ (૧૪) લક્ષ્મણ હરિરામ, અમદાવાદ (૧૫) નટવરલાલ સોંદેરિયા, અમદાવાદ (૧૬) સુમન દોશી, કાલાવડ (૧૭) ગિરીશ માંકડ, અમદાવાદ અને (૧૮) કિરણ શાહ, નડિયાદ. દરેકના ૯ ગુણ. (૧૯) અવિનાશ પટવર્ધન, અમરેલી (૨૦) અનીલ પટવર્ધન, અમરેલી અને (૨૧) કિશોરચંદ્ર ગાંધી, કાલાવડ ત્રણેના ૮ તથા (૨૨) રાજેન્દ્ર શાહ, મુંબાઈ ૭ અને (૨૩) નંદુભાઈ ખમાર, કડી તથા મહેન્દ્રકુમાર તળાજિયા, ભાવનગર બન્નેના ૦.



કલાકાર માધવરાવ સાતવળેકરે આલેખેલી
પોતાના પિતા **તપસ્વી વેદમૂર્તિ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકર**ની તસવીર





નિખાર



સુપ્રભાતમ

વરાવ સાતવળેકરનાં ચાર ચિત્રો. ઝીણી
ી વિગતો છાંડી માત્ર રંગના પલટા લપે-
થી જ ચિત્રમાં યોગ્ય ઊંડાણ અને
એ જેમ એમની એક લાક્ષણિકતા છે
સંયોજનોનું વૈવિધ્ય પણ એમની કલા-
નું દ્યોતક બની રહે છે.

ીં મથાળે 'ફૂલદાન'ના અચેતન સૌંદર્યથી
ી 'નિખાર'માંની એકાગ્રતા, 'સુપ્રભા-
ના પાત્રના જેટલી જ પ્રમાણભારવાળી
લ સંયોજના અને 'વાચન'માંની અ-
અંગછટા મનહર અને મુગ્ધકર છે.



પં. ભાતખંડેજીના મતાનુસાર દસ થાટમાં રાગોની વહેંચણી

સાકુરામ ન્યામતરાય ચોધ

અસલ છ મુખ્ય રાગ, એ દરેકની છ રાણીઓ મળીને છત્રીસ રાગિણીઓ તથા તેમના પુત્ર, પૌત્રાદિ વગેરેનો રાગવિસ્તાર વર્ણવવામાં આવ્યો છે. આ છ રાગોના ભૈરવ, શ્રી, માલકૌંસ, હિંડોલ, મેઘ અને દીપક જેવાં નામ હતાં. કોઈ ગ્રંથમાં વળી નામફેર પણ હશે, પરંતુ આજના વિજ્ઞાનયુગમાં આવી દંતકથા જેવી વ્યવસ્થા વજૂદવાળી ગણાય નહિ. બહુ તો આપણે જેમ થાટ અને રાગોની જનક પધ્ધતિ અપનાવી છે તેવી આ પણ રાગરાગિણીના સ્વરોના સંવાદીપણા પર આધારિત કોઈ એક વર્ગીકરણ-પધ્ધતિ હશે એમ માનવું વધુ સુસંગત થઈ પડશે.

રાગમાં શાંત, શૃંગાર, કરુણ, વીર, રૌદ્ર વગેરે જેવા રસોનું નિરૂપણ કરી શકાય છે. તેવી દંતકથાઓ પણ પ્રચલિત છે. એક ઉક્તિ છે કે

ભૈરવસે કોલ્હુ ચલે, સિરિસે સુખી હરી જાય;
દીપકસે જ્યોતિ જલે, મેઘસે બરખા આય.

આના સમર્થનમાં આગ્રા ઘરાણાના ગાયકો એક કથા કહે છે. તેમના એક પૂર્વજ હાજી સુજાનખાં અકબરના દરબારમાં અતિ પ્રતિષ્ઠિત ગાયક હતા. કેટલાક ગાયકોથી એમની આ પ્રતિષ્ઠા સહી શકાઈ નહિ. તેથી તેમણે બાદશાહને હાજી સુજાનખાંને દીપક રાગ ગાવાનો આગ્રહ કરવા સૂચવ્યું. દીપક રાગના ગાન વિષે કહેવાય છે કે જો એ કસમયે ગવાય તો ગાયકના અંગમાં આગ ઊઠે ને કદાચ એનું મૃત્યુ થાય. બાદશાહે સુજાનખાંને કસમયે દીપક ગાવાનો અત્યાગ્રહ કર્યો. લાચાર સુજાનખાંએ દીવા તૈયાર કરાવ્યા અને ઠંડા જળમાં બેસી દીપક ગાયો અને પેલા તમામ દીવા પ્રકટી ઊઠયા. બાદશાહે ખુશ થઈ તેમને 'દીપકજ્યોતિ'નો ખિતાબ આપ્યો અને એક ગામ પણ ઇનામમાં આપ્યું.

મૂળ તો આ બધી દંતકથા જ છે. તાનસેનની બાબતમાં પણ આવી જ કથાઓ પ્રચલિત છે. પણ એ બધીના સાર એટલો ખરો કે દરેક રાગને પોતાની નિરાળી લાક્ષણિકતા હોય છે. ભૈરવ, રામકલી, બિભાસ જેવા સવારના રાગોમાં કોમલ ગંભીર ભાવો તથા પ્રાર્થનાને અનુરૂપ સ્વરોનું આયોજન હોય છે; તો બપોરના સારંગ આદિ રાગોમાં શુદ્ધ ઋષભ તથા પંચમના પ્રાબલ્યથી અને ગાંધાર તથા ધૈવતના અભાવ તેમજ કોમલ સ્વરોના વર્જ્યપણાથી જરા સ્થિર અને તેજ અસર નિપજાવવાનો પ્રયત્ન થાય છે. બાકી રાગ દ્વારા રસનિષ્પત્તિ તો દરેક ગાયકની પોતાની કુશળતા ઉપર જ અવલંબે છે જેમાં રાગરૂપને બહેલાવવાની તે અદ્‌ભુત શક્તિનો પરિચય થાય છે. ખાંસાહેબ રહિમતખાં ભૂલોકના ગંધર્વ કહેવાતા અને તેમને સાંભળતાં અનેક શ્રોતાઓ ભાન ભૂલી જતા એવું ઘણા આજે પણ કહે છે. મરહૂમ ઉસ્તાદ અબ્દુલ કરીમખાં પૂરિયા, માલકૌંસ કે ભૈરવી ગાતા ત્યારે રેડિયો ઉપર પણ સમયનું બંધન ઢીલું કરી દેવાતું અને તેમની 'જમુનાકે તીર'ની ભૈરવીની ચીજ સાંભળી હજારો શ્રોતાઓ સમયનું ભાન ભૂલી જતા એ એક હકીકત છે. માટે રાગગાનથી રસ ભાવ ઉત્કટ પ્રમાણમાં પ્રકટે છે એ ખરું છે. ખાસ કરીને ધ્રુપદગાનથી શાંત, કરુણ અને વીર રસનો તો જરૂર અનુભવ થાય છે.

પ્રચલિત દસ થાટપદ્ધતિ

હવે આપણે પંડિત ભાતખંડેજીએ જે દસ મુખ્ય થાટોમાં રાગોની વહેંચણી કરી છે તેનો થોડો વિચાર કરીએ.

'રાગોના પૂર્વરાગ' તથા 'ઉત્તર રાગ' જેવા બે વિભાગ કરવામાં આવ્યા છે. તેમાં બપોરના બાર વાગ્યાથી રાત્રિના બાર સુધી ગવાતા રાગોને 'પૂર્વ રાગ' કહે છે. અને રાત્રિના બારથી બીજા દિવસના મધ્યાહ્ન સુધી ગવાતા રાગો 'ઉત્તર રાગ' કહેવાય છે. પૂર્વ રાગોમાં બહુધા શુદ્ધ મધ્યમ ઝળકે છે તેમજ તેમના વાદી સ્વરો રાગના પૂર્વાંગ એટલે ષડ્‌જથી પંચમ સુધીના અંગમાં આવતા હોવાથી આ રાગોને 'પૂર્વાંગવાદી' રાગો કહે છે. આનાથી ઊલટું 'ઉત્તર રાગો'માં પંચમથી તારષડ્‌જ સુધીના સ્વરોનું વાદીત્વ વિશેષ જોવા મળે છે, ને આ રાગોમાં તીવ્ર મધ્યમ વધુ પ્રમાણમાં ચમકે છે. એ રીતે પણ રાગોના બે વિભાગ પાડી શકાય. એક, જેમાં 'શુદ્ધ મધ્યમ' લેવાતો હોય તેવા; અને બીજા, જેમાં 'તીવ્ર મધ્યમ' લેવાતો હોય તેવા. સામાન્ય રીતે જેમાં શુદ્ધ મધ્યમ લેવાતો હોય તે રાગો દિન-ગેય હોય છે, જ્યારે તીવ્ર મધ્યમનો પ્રયોગ રાત્રિ-ગેય રાગોમાં જોવામાં આવે છે.

પૂર્વ રાગોનું બીજું એક મુખ્ય લક્ષણ એ છે કે એ પૂર્વાંગમાં જલ્દીથી ઓળખાય છે, મતલબ કે એ રાગો આરોહમાં સવિશેષ પ્રકટ થાય છે. સારંગ, ભીમપલાસી, મુલતાની, પૂર્વી, યમન વગેરે પૂર્વ રાગોનાં પ્રસિદ્ધ ઉદાહરણો છે. ઉત્તર રાગો ઉત્તરાંગમાં વધુ સ્પષ્ટ થતા હોઈ તેમને તેમના અવરોહમાં ઓળખી કાઢવા ઘણા સહેલા છે. વસંત, સોહિણી, પરજ, ભટિયાર, લલિત, ભૈરવ વગેરે પ્રસિદ્ધ ઉત્તર રાગો છે જે પોતાના ઉત્તરાંગમાં સવિશેષ ખૂલે છે.

આ ઉપરાંત, થાટોમાં સમાવવા માટે રાગોના સ્વરાનુરૂપ ત્રણ વિભાગો કરવામાં આવ્યા છે: ૧) જેમાં ઋષભ તથા ધૈવત સ્વરો કોમળ હોય તેવા રાગો, ૨) જેમાં ઋષભ, ગાંધાર અને ધૈવત શુદ્ધ હોય તેવા રાગો તથા ૩) જેમાં ગાંધાર, નિષાદ કોમળ હોય તેવા રાગો.

હવે આ વિભાગોમાં 'શુદ્ધ મધ્યમ' તથા 'તીવ્ર મધ્યમ'ની અદલાબદલી કરીને અનેક નવાંનવાં પ્રાતર્ગેય તથા સાયંગેય કે રાત્રિગેય રાગરૂપોની રચના થએલી છે. જેમ કે ભૈરવમાં ઋષભ ધૈવત સ્વરો કોમળ છે જ્યારે પૂર્વીમાં પણ તે જ સ્વરો કોમળ છે, પરંતુ ભૈરવ પ્રાતર્ગેય છે તેથી તેમાં શુદ્ધ મધ્યમ 'જીવસ્વર' છે, જ્યારે પૂર્વી રાગ સાયંગેય છે જેથી તીવ્ર મધ્યમ 'જીવસ્વર' તરીકે લેવાય છે. તેવી જ રીતે બિલાવલ દિનગેય હોઈ તેમાં બધા જ શુદ્ધ સ્વરો છે જ્યારે યમન તેનું જ સાયંગેય સ્વરૂપ હોઈ તેમાં શુદ્ધ મધ્યમને સ્થાને તીવ્ર મધ્યમ લેવાય છે. જ્યારે બીજા બધા જ સ્વરો શુદ્ધ રહે છે.

આ જ રીતે બીજા રાગોમાં પણ દેખાશે. ગાયકો આ બધા રાગોને એકબીજાના 'જવાબ' તરીકે ગણે છે. અને તેથી આવા રાગોના સંયોગીકરણથી કેટલાક મિશ્ર રાગોની રચના થએલી છે: જેવા કે 'યમની બિલાવલ' 'દેવગિરિ' વગેરે, જેમાં સવારમાં પણ યમન જેવા રાગોની છાયા બતાવી બિલાવલના સંમિશ્રણથી રાગનું પ્રાતર્ગેયત્વ સ્થાપવામાં આવે છે.

આ તમામ રાગોમાં પ્રયુક્ત થતા સ્વરોના બહુલત્વ અલ્પત્વ ઉપરથી એક 'રાગચક્ર'નું નિર્માણ કરેલું છે. તેની વધુ ચર્ચા આપણે આગળ કરીશું.

પં. ભાતખંડેજીએ આ રાગોને નીચેના દસ થાટોમાં સમાવ્યા છે:

થાટનું નામ	સ્વરો
(૧) કલ્યાણ	સા રે ગ મં પ ધ નિ
(૨) બિલાવલ કે શંકરાભરણ	સા રે ગ મ પ ધ નિ
(૩) ખમાજ	સા રે ગ મ પ ધ નિ
(૪) ભૈરવ	સા રે ગ મ પ ધ નિ
(૫) પૂર્વી	સા રે ગ મં પ ધ નિ
(૬) મારવા	સા રે ગ મં પ ધ નિ

(અનુસંધાન પૃષ્ઠ ૩૯૦)

સાહિત્યસંપર્ક

કવિતાવિચાર*

(અવલોકન : ધીરુભાઈ પરીખ)

આ પણી સાક્ષર પેઢીના પ્રમુખ સર્જક-વિવેચક નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાના કવિતા-વિષયક વિચારોને વ્યક્ત કરતા લેખો-પત્રો-ચર્ચાપત્રોનું દોહન આ બૃહદ સંપાદનમાં સંગૃહીત થયુંછે. આમાંનું ઘણુંખરું લખાણ 'મનોમુકુર : ૧–૨–૩–૪'માં પ્રકટ થઈ ગએલું જ છે; પરંતુ આજે જ્યારે કવિતા તરફની અભિરુચિ વિશેષ ખીલવા લાગી છે એ તબક્કે એક કવિના કવિતાવિષયક વિચારોને આમ એકત્રિત કરીને મૂકતું સંપાદન સવિશેષ આવકાર્ય બની રહે છે.

સાતસો એકાવન પૃષ્ઠના આ સંગ્રહમાં કુલ એકતાળીસ લેખો મુકાએલા છે. કવિતાનાં વિવિધ અંગો વિષે અહીં નરસિંહરાવના વિચારો પ્રગટ થાય છે. છંદ, પ્રેરણા, કાવ્યની શરીરઘટના, કવિતા ને સંગીત, અસત્ય ભાવારોપણ (પૅથેટિક ફેલસી), અસંભવદોષ આદિ તાત્ત્વિક ચર્ચાની સાથે 'શૈવલિનીનું પુરસ્કરણ', 'વસંતવિજય', 'ફૂલડાં કટોરી', 'કવિતાપ્રવેશ' આદિ લેખોમાં અવલોકન નિમિત્તે કવિતા વિષેના એમના વિચારો વિશદતાથી વ્યક્ત થયા છે. અહીં મુખ્યત્વે નરસિંહરાવના જ કવિતાવિચારનો હેતુ સ્પષ્ટ છે ત્યારે 'નર્મદ કવિ' કે 'રમણભાઈ કવિ' જેવા લેખોને સ્થાન ન મળ્યું હોત તોપણ વાંધો નહોતો.

વળી, નરસિંહરાવના છૂટક છૂટક છપાએલા કેટલાક લેખો આ ગ્રંથમાં પ્રથમ જ વાર સંગૃહીત થયા છે એ આ ગ્રંથની મહત્તાને વધારી આપે છે. ૧૧, ૧૨, ૨૪, ૨૬, ૩૧થી ૩૮, ૪૦ અને ૪૧ ક્રમના લેખો આની પ્રતીતિ કરાવે છે. આ ઉપરાંત ચોથા અને પાંચમા ક્રમમાં મુકાએલા બે પત્રો પણ આ ગ્રંથમાં પ્રથમ જ વાર પ્રગટ થાય છે. આ બન્ને પત્રોમાં આ કાવ્યવિદના ગદ્યકાવ્ય વિષે મનનીય વિચારો લાઘવથી પ્રકટ થએલા છે. આજે ગદ્યકાવ્યનો પ્રશ્ન ચગડોળે ચડેલો છે ત્યારે આજથી લગભગ ૭૦ વર્ષ પર લખાએલા આ બે પત્રોમાં આપણા સાક્ષરે એ વિષે શા વિચારો પ્રકટ કર્યા હતા તે જરૂર વિચારી જવા જેવા તો છે જ.

એકંદરે આ લેખો સ્વ. નરસિંહરાવની સ્થિર વિવેચનદષ્ટિ, મૌલિક વિચારસરણી, સ્પષ્ટ ને નીડર વક્તવ્ય, સૂક્ષ્મ સૂઝ અને ઊંડા અભ્યાસની પ્રતીતિ કરાવી આપે છે. પોતાના વિચારોને વિશદતાથી વ્યક્ત કરવાની એમની સ્પષ્ટ શૈલી શાસ્ત્રીય ઢાંચામાં ઢળેલી છે. આમ છતાં ય નવી કવિતાના એ આરંભકાળમાં જ કવિતા જેવા ગંભીર વિષય પર આટલી વિવિધતાથી છણાવટ કરવામાં એમની નિષ્ઠા અને કાવ્યપ્રીતિનાં જ દર્શન થાય છે. કોઈ પણ મુદ્દા પર મત પ્રદર્શિત કરતાં પહેલાં તે અંગેનો પૂરો અભ્યાસ કરી લેવાની એમની સાક્ષરીય દષ્ટિ અભ્યાસી વિવેચન માટે પ્રેરણાદાયી છે.

કવિતા જેવા ગંભીર વિષયની વિચારણાના લેખસંગ્રહનું પ્રકાશન કરી પ્રકાશકોએ પણ એ દિશામાં અનુકરણીય ઉદાહરણ પૂરું પાડયું છે. પિતૃતર્પણનો એમનો આ આદર્શ પ્રશંસનીયછે.

(* સં. ભૃગુરાય અંજારિયા. પ્ર૦ આર. આર. શેઠની કંપની મુંબઈ-૨, મૂલ્ય રૂા. ૧૦).

ઉર્દૂ કવિતાનો આસ્વાદ

(ફતેહ બી. વૈદ્ય)

હમણાં અચાનક ઉર્દૂની ચારપાંચ પંક્તિઓ યાદ આવી ગઈ ને સાથેસાથે 'કુમાર' પણ યાદ આવ્યું. હમણાં મારા દુર્ભાગ્યે 'કુમાર' જોવાનું પણ નથી બની શકયું. કોઇને થશે. આ તે કેવો વ્યવસાયી હશે, જેને 'કુમાર' જોવાનો વખત પણ ન મળે! 'અદમ'ની એક પંક્તિ યાદ આવે છે:

જહને-ફિતરત મેં થી જીતની નાકુશૂદા ઉલ્ઝને
એક મર્કઝ પર સિમટ આઈ તો ઈન્સાં બન ગઈ.

પ્રકૃતિના દિમાગની એ બધી વણઉકલી ગૂંચો ભેગી કરીને માનવી બન્યો હોય એમ નથી લાગતું?

પેલી પંક્તિઓ નીચે રજૂ કરું છું, સાંભળેલી પંક્તિઓ છે એટલે કવિઓનાં નામ તથા રચનામાં કયાંક કસૂર જણાય તો દરગુજર ચાહું છું.

મામૂર-એ-ફના કી કોતાહિયાં તો દેખો
એક મૌત કા ભી દિન હૈ દો દિનકી જિન્દગી મેં.

મામૂર-એ-ફના = અસાર સંસાર (નાશવંત), કોતાહિ = સંકીર્ણતા. (કવિ સીમાન)

બઝમ-એ-તરબ મેં હયાત બટતી થી
ઉમ્મીદવારો મેં મૌત ભી નજર આઈ.

બઝમ-એ-તરબ = ખુશીની મહેફીલ (કવિ અજ્ઞાત)

હર બાર યાસ લાઈ હમેં રાહે રાસ્ત પર,
હર બાર એક ઉમ્મીદને હમેં ભટકા કે રખ દિયા.

યાસ = નિરાશા. (કવિ અજ્ઞાત)

હસરતેં થીં ઉસકી જગહ ખ્વાબીદાહ
'મીર' કા કફન ખોલ કે દેખા.

ખ્વાબીદાહ = સ્વપ્નસ્થ. (કવિ મીર તકી મીર)

અર્જ઼-સમા કહાં તેરી વુસુઅતકો પા સકે
મેરા હી દિલ હૈ વહ કિ જહાં તૂ સમા સકે.

અર્જ઼-સમા = આકાશ અને પૃથ્વી, વુસુઅત = વિશાળતા. (કવિ મીર દર્દ મીર)

મુદ્રણ-આયોજન પણ અંદરના વસ્તુ જેટલાં જ ઉત્કૃષ્ટ હોત તો કેટલું સારું થાત!

તૃપ્તિ: શ્રી પિનાકિન્ દવેની વીસ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, પૃ. ૧૯૬, પાકું પૂઠું, રૂ. ૪.

ભાષાંતરનિધિ

બળવંત ભવન કૃષ્ણનગર ભાવનગર

સાધ્ય અને સાધન: આલ્ડસ હક્સલી-ના 'ધી એન્ડ્ઝ ઍન્ડ મીન્સ'ના નટવરલાલ પ્ર. બુચે કરેલા આ અનુવાદનો મોટો ભાગ 'ધ્યેય અને માર્ગ' એ શીર્ષક તળે 'કોડિયું' માસિકમાં હપ્તે હપ્તે છપાયો ત્યારથી એ ગ્રંથ-સ્વરૂપ પામવાની આકાંક્ષા જગાડી ગયો હતો. પશ્ચિમના એક પ્રખર વિદ્વાનના વિચારો આપણી ભાષામાં લાવવાનો આ પ્રયત્ન ઉપકારક ગણાશે. પૃ. ૩૭૨, પાકું પૂઠું, રૂ. ૬.

આધુનિક ભારતમાં જ્ઞાતિ, ને બીજા લેખો: ભારતમાં જ્ઞાતિપ્રથા વિષેના એમ. એન. શ્રીનિવાસના પુસ્તકનો પુરુષોત્તમ છ. શાહે કરેલો અનુવાદ. મૂળ લેખકના વિચારોમાં સમાજશાસ્ત્રનો શાસ્ત્રીય આડંબર ઓછો છે અને અનુવાદકની ભાષામાં પારિભાષિક શબ્દોની ગૂંચ ઓછી છે, તેથી પુસ્તકની લોકભોગ્યતાની માત્રા વધી છે. પૃ. ૨૯૨, કાચું, રૂ. ૬.

નવભારત સાહિત્ય મંદિર

૧૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨

અમૃતભીની આંખલડી: શ્રી હરિલાલ ઉપાધ્યાયની નવલકથા; પાકું પૂઠું, રૂ. ૧૧.

શેષ-અશેષ: શ્રી દિનકર જોશીની નવલકથા; પૃ. ૧૩૨, પાકું પૂઠું, રૂ. ૫.

ભૂતકાળ: પ્રિયકાંત પરીખની અઢાર ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; પૃ. ૧૦૮, પાકું પૂઠું, રૂ. ૬.

તરફડાટ: દિનકર જોષીનો ત્રીજો વાર્તા-સંગ્રહ; પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૫.૫૦.

અશોક પ્રકાશન

૧૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ–૨

શ્વેત રાત્રિ, શ્યામ સિતારા: રસિક મહેતાની ઐતિહાસિક નવલકથાની બીજી આવૃત્તિ; પૃ. ૪૮૦, પાકું પૂઠું, રૂ. ૧૨.

નક્ષત્રોની નીલકુંજમાં (ભાગ ૧ ને ૨): રસિક મહેતાની બે ભાગમાં વહેંચાયેલી નવલકથા; ભાગ. ૧: પૃ. ૩૮૪, રૂ. ૧૦; ભાગ ૨: પૃ. ૪૫૬, રૂ. ૧૧. બંનેનું પાકું પૂઠું.

અને પ્યારો મારો દેશ: બાળકોને ભારતના ઇતિહાસ, ભૂગોળ, તહેવારો, સંત-પરંપરા આદિની પાયાની સમજ આપતા યોગેન્દ્રકુમાર લલ્લાના પુસ્તકનો વિમળા સેતલવડે કરેલો અનુવાદ; પૃ. ૧૪૮, કાચું પૂઠું, રૂ. ૩.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



ન્યાયમૂર્તિ શ્રી નરેન્દ્રભાઈ નથવાણી

નરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ નથવાણી. કેશોદ (સૌરાષ્ટ્ર)ના નીડર અને નિષ્ઠાવાન નાગરિક. જન્મ: તા. ૩-૧-૧૯૧૩ કંપાલા (યુગાન્ડા)માં. મુંબાઈની વિલ્સન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા પછી ઈ. ૧૯૩૨માં કાયદાનો અભ્યાસ છોડી ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લઈ એક વર્ષ નાસિકમાં જેલ ભોગવી. ૧૯૩૫ અને ૧૯૩૬ બંને વર્ષના કાયદાના પરીક્ષાઓમાં સર્વોચ્ચ રહેવા બદલ જજ સ્પેન્સર પ્રાઇઝ અને ૩૦૦૦ રૂ.ની મંગળદાસ નથુભાઇ સ્કૉલરશિપ પામ્યા. ડૉ. કનૈયાલાલ મુનશી અને પછી શ્રી પુરુષોત્તમ ત્રિકમલાલની ચેમ્બરમાં જોડાઇ વકાલતનો આરંભ. ૧૯૩૯માં વકાલત છોડી રાજકોટની લડત અને ૧૯૪૨માં 'હિંદ છોડો'ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ૧૯૪૭માં જૂનાગઢની આરઝી હકૂમતમાં કાયદાપ્રધાન બની સફળ કાર્ય કર્યું. ૧૯૫૦માં સ્ટેટ કાઉન્સિલની પ્રોવિઝનલ પાર્લમેન્ટમાં. ૧૯૫૨ અને ૧૯૫૭માં લોકસભામાં ચૂંટાયા અને અનેક સમિતિઓમાં કામ કર્યું. હાલ મુંબાઇની હાઇકૉર્ટમાં જજ.

૧ તમારા જીવન પર સંગીન અસર કોની કોની?

ઉ. એક મારા પિતાશ્રીની. તેમની માનસિક શક્તિઓ તેમ જ તેમના વર્તન અને વિચારોના પ્રતાપે અભ્યાસવૃત્તિ, નિર્ભયતા અને ચારિત્ર્ય કેળવવા પ્રેરાયો. બીજી, સ્વામી આનંદની. તેમની પાસેથી શીખવા એ મળ્યું કે દરેક વ્યક્તિને પોતાની નિરાળી જિંદગી પ્રમાણે વર્તવાની છૂટ હોવી જોઈએ; અને ગમે તેટલી મહાન વ્યક્તિની પણ આંખમાં આંખ મેળવીને જોવાની ને ના કહેવાની શાંત તાકાત હોવી જોઈએ.

૨ અદલ ઇન્સાફ એટલે શું?

ઉ. એ એક આદર્શ વસ્તુ હોઈ તેની વ્યાખ્યા કરવી મુશ્કેલ. સામાજિક પરિસ્થિતિ પ્રમાણે એ વિષેના ખયાલો બદલાતા રહે છે.

૩ આપે કયા ઉત્તમ ન્યાયાધીશો જોએલા?

ઉ. બુદ્ધિમત્તામાં, ને મુદ્દાસર પણ ટૂંકા ને સચોટ ચુકાદા આપનાર તરીકે મુંબાઈ હાઈકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સર જૉહન બોમન્ટ મોખરે આવે. જોકે આદર્શ ન્યાયાધીશ તરીકે તો સર નસરવાનજી એન્જિનીઅરને ગણું. તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી, સ્વભાવ શાંત, ન્યાય માટેની ધગશ ઉત્કટ અને નાના કે મોટા ધારાશાસ્ત્રીઓ પ્રત્યેનું વર્તન સદા સમભાવી.

૪ –અને શ્રેષ્ઠ ધારાશાસ્ત્રીઓ?

ઉ. (૧) કેસની હકીકતને યોગ્ય રૂપરંગ આપવાની રચનાત્મક શક્તિ (કન્સ્ટ્રક્ટિવ ઍડવોકેસી), ને તેની વિશદ રજૂઆત તથા સૂક્ષ્મ બુદ્ધિમત્તામાં શ્રી કનૈયાલાલ મુનશી; (૨) પોતાના વ્યવસાય પ્રત્યેની અનન્ય નિષ્ઠા ને તેની ઊંચામાં ઊંચી પ્રણાલિકાઓના પાલન માટે જેમનું ચારિત્ર્ય રાષ્ટ્રીય સંપત્તિ ગણાય છે, અને કેસની સીધી, સચોટ, જુસ્સાદાર રજૂઆત કરવામાં જે અનન્ય લેખાય છે, તે આપણા ભૂતપૂર્વ ઍટર્ની જનરલ શ્રી મોતીલાલ સેતલવડ. (૩) જેના વિષે કેવળ વાંચ્યું છે તેમાં, ધારાશાસ્ત્રીનું જીવન ઉચ્ચતાની કેટલી હદે જઈ શકે તેનું ઉજ્જ્વલ દૃષ્ટાંત પૂરું પાડનાર ૧૯મી સદીમાં ફ્રાન્સમાં થઈ ગએલા માલહેર્બ્સ. (જુઓ આ અંકમાં 'માધુકરી')

૫ તમે યાદગાર લેખો એવો તમારો કેસ કયો?

ઉ. ૧૯૪૪માં મુંબાઈ હાઈકોર્ટમાં જસ્ટિસ ભગવતી આગળ ચાલેલા એક દીવાની કેસમાં પ્રતિવાદી પક્ષે હું જુનિયર ઍડવોકેટ હતો. બે પક્ષો વચ્ચે થએલા પત્રવહેવારના લગભગ ૫૦-૬૦ કાગળોના અર્થ કરવા પર કેસનો આધાર હતો. ટ્રાયલ કોર્ટે ચુકાદો અમારા અસીલના લાભમાં આપ્યો. અપીલમાં હાઈકોર્ટે ચુકાદો ફેરવી વાદીના લાભમાં આપ્યો. પણ પ્રિવી કાઉન્સિલે અપીલમાં ફરી અમારી તરફેણમાં આપ્યો. આમ દસ્તાવેજી પુરાવામાં પણ, તેનો અર્થ ઘટાવવામાં, કેવા જુદા મત હોઈ શકે છે એનું મને ભાન થયું. બીજો મત હોઈ શકે ને કોઈનો નિર્ણય બીજી બાજુને સાંભળ્યા પહેલાં ન કરવો એ નમ્રતાનો પાઠ હું શીખ્યો.

૬ તમે અનુભવેલી જીવનની ધન્ય પળો!

ઉ. પાર્લમેન્ટના સભ્ય કે હાઈકોર્ટ જજ થવા કરતાં યે પિતાની ઝંખનાને સંતોષ આપવા ૧૯૩૬માં કાયદાની છેલ્લી પરીક્ષામાં સર્વોચ્ચ પદ પ્રાપ્ત થવા પ્રસંગ; પણ અફસોસ કે પરિણામ પહેલ ૧૫ દિવસે જ પિતા ગત થએલા. બીજી પળ આરઝી લડત વેળા સૌરાષ્ટ્રમાં કુતિયાણા નવાબની ફોજ સામે કરેલા બંદૂકમારા વખતે.

૭ આપનો ખાસ શોખ? **ઉ.** પ્રવૃત્તિમય જીવનની સાથોસાથ આધ્યાત્મિક જીવનનો.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન અને કવનનો પરિચય

[૨૭] —— કરાવનાર·જલન માતરી



મહેન્દ્ર 'સમીર'

જેમની ગઝલોમાં બુલબુલનું રુદન છે, પીંખાઈ ગએલા માળા અંગેની વેદના છે, સ્વમાનની ફોરમ છે, શાયરના મઝારની વ્યાખ્યા છે, જીવનમાં કો'ક દી જો સનમ અવસર બનીને આવે તો બે પળ માટે દુનિયાને નવીન આંખે જોવાની ખેવના છે, એવા શ્રી મહેન્દ્ર-કુમાર જીવનલાલ જોષીને દોઢેક દાયકાથી ગુજરાતની ગઝલસાહિત્યરસિક જનતા મહેન્દ્ર 'સમીર'ના નામથી ઓળખે છે.

જન્મ: તા. ૧૪-૮-૧૯૩૧; વતન: જલાલપુર (માંડવા-સૌરાષ્ટ્ર); અભ્યાસ એમ. એ.; ૧૯૫૩માં ગઝલક્ષેત્રે પ્રવેશ કરી સતત સર્જન કરતા રહ્યા છે. એમનો ગઝલસંગ્રહ 'ફૂલ અને ફોરમ' ૧૯૬૦માં પ્રકટ થયો હતો. ભુજ (કચ્છ)માં દેના બૅંકના બ્રાન્ચ મૅનેજર તરીકે આ નવજવાન શાયર સેવા આપી રહ્યા છે.

ગઝલો ઉપરાંત ગીતો, છંદોબદ્ધ કાવ્યો અને અન્ય પ્રકીર્ણ સાહિત્ય પણ તેમણે સર્જ્યું છે. મહાકવિ ગાલિબની જયંતી વખતે આકાશવાણીના વેસ્ટર્ન ઝોનમાંથી ગાલિબનાં જીવન-કવન વિષે જે ગુજરાતી વાર્તાલાપ યોજાયો હતો તેમાં તેઓ પણ હતા. ભાવનગર સાહિત્ય સભા અને ભાવનગર કાવ્ય સભાના મંત્રીપદે રહી ચૂકયા છે. સંખ્યાબંધ મુશાયરાઓમાં એક દાયકા સુધી સતત ભાગ લઈ ઉચ્ચ ગઝલના સર્જનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

હાથ-કંકણને આરસીની જરૂર ભલે ન હોય પણ દૃષ્ટિની જરૂર ખરી જ. વસ્તુત: એ જ કે જેની પાસે દૃષ્ટિ અને શૅર સમજવાની તાકાત છે એવી વ્યક્તિઓ શ્રી 'સમીર'ને આગલી હરોળના શાયરોમાં સ્થાન આપે છે અને એટલા માટે તો શિષ્ટ સામયિકો—અખંડ આનંદ, નવનીત, મિલાપ, વેણુ, મંજરી ઇત્યાદિમાં તેમની ગઝલો દોઢ દાયકાથી પ્રસિદ્ધ થતી રહી છે.

દુનિયાને શાણપણની જરૂરિયાત જણાય ત્યારે શાયરના મઝારને લૂંટી લેવાની શિખામણ આપતા, રસ્તાની ધૂળ જેણે કદી જોઈ પણ નથી એના હાથમાં કાફલાનું માર્ગદર્શન જોઈને છાનું રુદન કરી રહેલા આ નવયુવાન શાયરના કાવ્યરસનો લહાવો લઈએ:

સ્વમાની થઇ ને ડૂબ્યો છું, ન મોજાંઓ મને ઠેલો;
રજ છે એમની, શોધી જશે આવી કિનારાઓ.

બે પળને કાજ નીરખું દુનિયા નવીન આંખે,
જીવનમાં કો'ક દી તો અવસર બનીને આવો.

ગણીને સાંજ ના રોકીશ કાફલો રહબર!
સમયને મન તો કોઈ સાંજ કે સવાર નથી.

ખેલાવ નાવને હવે મઝધારે નાખુદા!
કરગરતી જિંદગી તો કિનારે રહી ગઈ.
આહો-રુદન અમારાં છુપાયાં ન રાતથી,
ઝાકળ રૂપે નિશાની સવારે રહી ગઈ.

મેળાપ તો થવાનો કયારેક બેવફાનો,
આવે છે લઈ સફરને રસ્તો કબરની પાસે.

રજકણ નથી હું કિન્તુ છું ગુલ તણી નિશાની,
ગુલઝાર કૈંક અહીંઆં વેરાન થઈ ગયા છે.
લૂંટી જનાર જોબન ફૂલોતણું હતા જે,
ગુલશનના એ જ આખર મહેમાન થઈ ગયા છે.

અમારી એ લાચારી છે આજ કિન્તુ
તમારી એ કાલે બુલન્દી ગણાશે;

ખુમારીના પર્દામાં પોષ્યું છે જેને
ખરીદો તો પ્યારું પતન વેચવું છે.
ભરો પાછો દરબાર ખંડેર માંહે
હજી કૈંક બાકી છે લીલામ કાજે,
અમારાથી જેનાં જીવન પાંગર્યાં છે
કહો એને આવે કફન વેચવું છે.
આ લજ્જાનો ચિલ્મન, આ આંખોની સુર્ખી
આ કાજળની રેખા, આ આંસુની ધારા;
નથી જીરવાતી આ ઓઝલની દુનિયા
આ શર્મો-હયાનું ગવન વેચવું છે.

સફરમાં કાફલો મંઝિલ ગણી બેસે ન એ બીકે,
અમે પોઢી ગયા કિન્તુ સિતારા રાતભર જાગ્યા!
નિછાવર મોત આખર એ જ મોટપ પર કરી બેઠા,
અમારી લાશ લઈ સાગર કિનારા રાતભર જાગ્યા!

કરી'તી પ્રતીક્ષા અનિમેષ નયને,
જીવનભર જે અવસર નીરખવાની ખાતર;
અરેરે! અભાગી જીવનમાં જો અવસર,
નીરખવાનો આવ્યો નયન ખોઈ બેઠા!

શ્વાસ છેલ્લા છે વિજોગણ રાતના,
ચાંદના વાવડ નથી કોને ખબર,
આ તારકો લઇને જનાઝો રાતના
કોણ જાણે કયાં ઊભી કરશે કબર!

એવી યે કૈંક રાતો વીતાવવી પડી છે
ઝબકી ગઇ છે પાંપણ પળપળ મળી મળીને;
આહો-રૂદન અમારાં બાંધો નનામી સાથે,
પામી છે જિંદગી એ ભાથું રળીરળીને.

ઝુલ્મો-સિતમની કરવી ફરિયાદ કેવી રીતે,
આપી જબાન કિન્તુ લીધી પુકાર લૂંટી;

દુનિયા! તને જરૂરત લાગે જો શાણપણની,
શાયરનો કોઇ ત્યારે લેજે મઝાર લૂંટી;

તારા વિરહમાં જ્યારે આંસુ સર્યાં ચમનમાં
ફૂલોએ એને લીધાં, માની તુષાર લૂંટી;

જો યાદ ગઈ મરી તો થઇ દિલ મહીં કબર,
ના સાચવી શક્યા તો અમે ખોઈ પણ નથી.
એના જ હાથમાં છે હવે કાફલો 'સમીર'
રસ્તાની ધૂળ જેણે કદી જોઈ પણ નથી.

મંઝિલની એક ધૂન હતી તે ય પણ ગઈ,
ના કાફલાનું નામ છે તારા ગયા પછી.
ગઇ દર્દમંદ આંખ તણી રોશની ગઈ,
કે નીંદ પણ હરામ છે તારા ગયા પછી.

ડંખી જશે મહેક ગુલોની તો શું થશે?
હૈયા કને ન હામ છે તારા ગયા પછી.

રૂપને પાષાણમાં ઢાળી બનાવ્યો તાજ, પણ
પ્રેમની નિર્દોષ ભોળી સાદગીનું શું થયું?

સૌ જહન્નમમાં જનારા આમ કાં ચાલ્યા બધા!
કોક તો પૂછો ખુદાને બંદગીનું શું થયું?

મોત આવી એ રીતે ભેટયું જીવનને હે 'સમીર'
જેમ ભેટે મયકદા માંહે સુરાહી જામને.
બુદબુદા લાખો સપાટી પર ગયા ડૂબી છતાં,
નાદ સાગરનો બન્યા ભૂલી જઈ અન્જામને.

વિધવાના ભાલ પરના કુંકુમને એ જ ભીતિ
બે વેણ ઓશિયાળાં કંકણ તો નહિ જ બોલે!
હે રૂપ! સાચવીને લજ્જાને રાખજે તું
છે પંથ આ ફનાનો દર્પણ તો નહિ જ બોલે!

ચમનની આબરૂ ખાતર વદનને લે ઢાંકી,
ભ્રમરને ફૂલની થોડી ખબર તો રહેવા દે;
પછી જ તલને વદન પર બનાવ્યો બ્રહ્માએ,
કહ્યું જ એમણે થોડી કસર તો રહેવા દે!

કયાં યે અનુભવો ન અમોને નવા મળ્યા,
જે કૈં મળ્યું અમોને અમારા ગુના મળ્યા.

કલાવાર્તા

મહારાષ્ટ્ર રાજ્યના કલાસંચાલક
માધવરાવ સાતવળેકર
(પરિચય: જયંત સિદ્ધપુરા)

હમણાં જ થોડા સમય પર મહારાષ્ટ્રના પ્રસિદ્ધ ચિત્રકાર માધવરાવ સાતવળેકરની રાજ્યના કલાસંચાલક તરીકે નિમણૂક થઈ. વેદમહર્ષિ પંડિત શ્રીપાદ સાતવળેકરના તેઓ પુત્ર છે. અન્ય સંસ્કારો સાથે કલાનો વારસો પણ એમને પિતા પાસેથી મળ્યો અને ઔંધના રાજા સ્વ. બાળાસાહેબ પંત-પ્રતિનિધિની કલાયુક્ત સંસ્થાના શિક્ષણ તથા ઔંધના સંગ્રહના અભ્યાસથી એ કલાસંસ્કારને વધુ ઓપ મળ્યો.



ઔંધમાં મૅટ્રિક થઈ તેઓ મુંબાઇની જાણીતી કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં જોડાયા જ્યાં એમની શક્તિ જોઈ નિયામક કૅપ્ટન સૉલૉમને એમને સીધા ઍડવાન્સ પેઇન્ટિંગના વર્ગમાં દાખલ કર્યા. ઈ. ૧૯૩૫માં એમણે ચિત્રકળાનો ડિપ્લોમા મેળવ્યો અને 'મ્યૂરલ પેઇન્ટિંગ' (ભીંતચિત્રો)ના અભ્યાસમાં સફળતા મેળવી 'મેયો મેડલ' જીત્યા. આ જ ચંદ્રક એમના પિતાએ પણ અગાઉ બે વાર મેળવ્યો હતો.

કલાના આ અભ્યાસકાળ દરમિયાન પણ સીમલા અને બૉમ્બે આર્ટ સોસાઍટીનાં ચિત્રપ્રદર્શનોમાં એમણે ઈનામો મેળવ્યાં હતાં. ૧૯૩૭માં યુરોપ જઈ ઇટાલીમાં ફ્લૉરેન્સમાં પ્રો. બસ્તિયાની પાસે એમણે 'લાઇફ સ્ટડી'નો વધુ અભ્યાસ કર્યો. યુનિવર્સિટી ઑવ લંડનની ફાઇન આર્ટ શાખાની સ્લેડ સ્કૂલ ઑવ પેઇન્ટિંગમાં પણ એમણે બે વર્ષ તાલીમ લીધી. ફ્રાંસમાં પણ કલાનો અભ્યાસ વધાર્યો અને પછી બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં વતનમાં પાછા આવી એમણે એક વર્ષ સુધી દેશનો વિસ્તૃત પ્રવાસ કરી મબલખ કલાનોંધો ઉતારી.


ઈ. ૧૯૪૫માં મુંબાઈની તાજમહાલ હૉટેલમાં બૅરિસ્ટર જયકરને હાથે એમનું પહેલું પ્રદર્શન ખુલ્લું મુકાયું તે પછી અત્યાર સુધીમાં એમનાં વીસ જેટલાં પ્રદર્શનો થઈ ચૂક્યાં છે.

ઈ. ૧૯૪૯માં ત્યારના પૂર્વ આફ્રિકાના ભારતીય હાઇ કમિશનર શ્રી આપ્પાસાહેબ પંતના નિમંત્રણથી તેઓ ત્યાં ગયા અને ત્યાંનું આકર્ષણ એવું તો લાગ્યું કે ધાર્યા પ્રમાણે ત્રણેક માસને બદલે લગભગ તેર માસ સુધી તેઓ ત્યાં રોકાઈ રહ્યા. આ દરમિયાન પોતાની કૃતિઓનાં છ જેટલાં પ્રદર્શનો યોજવા ઉપરાંત કીનિયા, યુગાન્ડા, ટાંગાન્યિકા અને ઝાંઝીબાર વગેરે પ્રદેશોમાં પોતાની કલાની ઓળખ આપવાની સાથે યુગાન્ડાના રાજા હિઝ હાઇનેસ કબાકાની છબિ પણ એમણે આલેખી. ઈ. ૧૯૫૦માં ભારત પાછા ફરીને એમણે ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન્, લોકસભાના સ્પીકર શ્રી માવળંકર, સિક્કિમના મહારાજા અને જનરલ રાજેન્દ્રસિંહજી વગેરે પ્રખ્યાત વ્યક્તિઓની તૈલરંગી તસવીરો કરી. કુમાઉં ને ડોગરા રેજિમેન્ટ માટે ભારત-ચીન અને ભારત-પાકિસ્તાનની લડાઈનાં પણ અનેક ચિત્રો એમણે કર્યા. અલબત્ત, એમનો પ્રિય વિષય તો તસવીરાલેખનનો જ રહ્યો છે. આ અંકમાં એમની એ કળાના નમૂનારૂપ એમણે કરેલી પોતાના પિતાની તસવીર આપી છે. આ વિષયમાં એમની હથોટી અજોડ છે. કલાના વર્તમાન પ્રવાહોમાં તણાયા વિના એમણે આગવી વાસ્તવલક્ષી શૈલીમાં જ કામ કર્યું છે.

ઈ. ૧૯૫૪માં શ્રી આર. એ. બિારકરના સહકારથી એમણે 'ઇન્ડિયન આર્ટ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી. સરકારે પણ આ કલાસંસ્થાને માન્યતા આપી. આમ, કલાશિક્ષણમાં પણ એમણે સક્રિય ભાગ લઈ અવારનવાર સરકારી તેમજ ખાનગી સમિતિઓમાં રહી કલાશિક્ષણનો વિકાસ સાધવા અનેક કાર્યો કર્યા છે, જેમાં 'ફેડરેશન ઑવ આર્ટ ઇન્સ્ટિટ્યૂટ'ના અધ્યક્ષ અને 'બૉમ્બે આર્ટ સોસાએટી'ના ચૅરમૅન તરીકેની એમની કામગીરી નોંધપાત્ર રહી છે. દિલ્હીની લલિતકલા અકાદમીની તથા ગુજરાત, મહારાષ્ટ્ર, ઓરિસ્સા વગેરે રાજ્યોની ચિત્રકલા-સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પણ એમણે સેવાઓ આપી છે; 'ઑઇલ પેઇન્ટિંગ : ટેક્નિક ઍન્ડ પ્રૅક્ટિસ' તથા 'વૉટ'સ વૉટ ઈન આર્ટ : હિસ્ટરી ઑવ આર્ટ ઍન્ડ ઇટ્સ ઍપ્રિસીએશન' નામે બે અભ્યસનીય પુસ્તકો પણ લખ્યાં છે.

મહારાષ્ટ્રમાં બંધ થએલા રાજ્ય-કલાપ્રદર્શનને એમણે સફળતાપૂર્વક ફરી ચાલુ કર્યું છે. કલાના વિદ્યાર્થીને અભ્યાસ બાદ બેકાર રહેવું ન પડે એવો કોઈ ફેરફાર ચાલુ અભ્યાસક્રમમાં કરવાનું પણ એમણે વિચાર્યું છે. ધીરેધીરે નાશ પામતાં જતાં અજંતાનાં ભીંતચિત્રોની જાળવણી માટે પણ તેઓ એટલા જ ચિંતિત છે. રાષ્ટ્રના ચિત્રકારો અને કુશળ કારીગરોની વિષયવાર એક જંત્રી (ડિરેક્ટરી) પ્રસિદ્ધ કરવાની તથા મહારાષ્ટ્રના નામાંકિત ચિત્રકારોની સચિત્રપરિચય પુસ્તિકાઓ પ્રકટ કરવાની પણ એમની ખ્વાહેશ છે. ભારતીય ચિત્રકળાની પરંપરા જાળવીને એનો વધુ વિકાસ સાધવાની તથા સામાન્ય પ્રજાને પણ તેનો પરિચય અને રસાસ્વાદ આપવાની એમની મહેચ્છા છે. આ રીતે ખાનગી ચિત્રશાળાઓના પ્રશ્નો પ્રત્યે સહાનુભૂતિ દાખવી એમની મુશ્કેલીઓ હલ કરવા પ્રતિ પણ તેઓ રસપૂર્વક સજાગ રહી કામ કરે છે. મહારાષ્ટ્રના કલાક્ષેત્રના વિકાસમાં એમની કામગીરી ઘણી યશસ્વી બની રહેવાની આશા રાખવી સર્વથા ઉચિત ગણાશે.

યંત્ર પર કોરતાં પાછળ 'વેસ્ટેજ' બની ગએલી પટ્ટીઓ અને નેતરની વાળેલી લાંબી ચીપોનો સુંદર ઉપયોગ કરી સર્જેલી વંદનાબહેન પારેખની બે રચના (જુઓ : પછીના પાને)






પાંદડાં કે અનનાસ જેવી ગાંઠો, ગરમાળાની શિંગ કે વેલની ખરબચડી ડાંખળીઓ, ખજૂરીના પાનપંખા કે વજ ચોંટેલી ડાળીઓ—બધું જ સૂકું—ને છતાં તેની તાજગીભરી સુંદર રચનાઓ.

સૂકાં ફૂલનું સૌન્દર્ય

કોઈને થશે કે સુકાએલી વસ્તુઓમાં પણ સૌન્દર્ય! પણ એ તો પેલા ફકીરના જેવી વાત છે, જેણે નૂરજહાંને જોઇને પ્રશ્ન કરેલો કે આમાં જહાંગીરે એવું તે શું મોટું રૂપ જોયું? અને તેના ઉત્તરમાં જહાંગીરે કહેલું કે 'બાબા, જહાંગીર કે ચશ્મોંસે દેખો.' આ વાત દૃષ્ટિની છે. રસવૃત્તિની કેળવણીની આ બાબત છે.

સૌન્દર્ય કેવળ સુષ્ઠુસુષ્ઠુ વસ્તુઓમાં જ હોય એવું નથી. મીઠાશ માત્ર શીરા-શરબતમાં જ હોય ને ખૂબ ચાવીને ખવાતી સૂકી ભાખરીમાં ન હોય એવું નથી. એક નેવું વર્ષની વૃદ્ધાના કરચલીઓ પડેલા ચહેરાને કાકાસાહેબ કાલેલકરે ખારેકના સૌન્દર્ય સાથે સરખાવ્યો છે. કલામાં આધુનિકતાના અગ્રચારીઓએ યથાર્થ દર્શનના અભખે પડી ગએલા રાજમાર્ગને બદલે અડાબીડ જંગલ વચ્ચે રસળતી જતી કેડીઓનું સૌન્દર્ય શોધ્યું છે. સપ્રમાણ ગોઠવેલાં ફૂડાં-ક્યારાવાળા બગીચા કરતાં ખરબચડા ખડકો વચ્ચે વળ લઈને વહેતા ઝરણ ને વાંકાચૂંકી ડાળીઓવાળાં વૃક્ષોથી રચેલા જાપાની બગીચાનું સૌન્દર્ય અનોખું હોય છે. અને આજે તો જાપાની ઘરના નાનકડા વાડામાં ઑકળી પાડેલા રેતવિસ્તારમાં ક્યાંક રુક્ષ પથ્થર ગોઠવીને રચાતા અવકાશ-શિલ્પનું સૌન્દર્ય પણ એ પ્રજા માણે છે.

એટલે અમદાવાદના સંસ્કારકેન્દ્રમાં વંદનાબહેન પારેખે સૂકાં ફૂલોનું (લોકોને નવી નવાઈનું લાગેલું) પ્રદર્શન ગોઠવ્યું છે એ ખબર આનંદોલ્કંઠિત કરનારા હતા. એ જ માસના 'કુમાર'માં જાપાની ફૂલદાન-કળા 'ઇકેબાના' પરનો લેખ જેમણે માણ્યો હશે તે આ સાથે આપેલા એ પ્રદર્શનમાંના થોડા નમૂના પણ માણશે.




રસ્તે પડી હોય તો પગમાં અટવાય એવી વાંકવળાંકા લેતી ડાંખળીઓ, લાંબા ઘાસની સળીઓ, સુકાએલાં પાન ને તૂંબડાનું ફૂલદાન. સૂકાં...નું સૌન્દર્ય


અમદાવાદના જાણીતા ચમનલાલ ગિરધરદાસ પારેખ કુટુંબનાં કુલવધૂ વંદનાબહેનના આ 'નવતર' પહેલા પ્રદર્શન પાછળ એમની લગનીપૂર્વકની લાંબા કાળની સૌન્દર્યસાધના છે. એની શરૂઆત ઈ. ૧૯૬૭માં મુંબાઇમાં ઓહારા સ્કૂલના ભારતીય ચૅપ્ટરવાળાં શ્રીમતી માયા દેસાઈ અને શ્રીમતી નિર્મલા લુકમણી પાસે લીધેલી 'ઇકેબાના'ની તાલીમથી થઈ. ત્યાંનાં ઇકેબાના-પ્રદર્શનોમાં એમણે ભાગ પણ લીધેલો. પણ અમદાવાદમાં એમણે જે કેવળ નિજી પ્રદર્શન કરવા ધાર્યું તે તાજાં ફૂલોથી નહિ પણ સૂકાં ફૂલોના સૌન્દર્યાયોજનના દ્વારા 'ઇકેબાના'નો પરિચય કરાવવાના અભિનવ ઈરાદાથી.

એમાં એમણે ગોઠવેલાં ચાળીસેક ફૂલદાનોમાં ઉપયોગમાં લીધેલી સોએક જેટલી કિસમ કિસમની સૂકી વસ્તુઓની લાંબી યાદીમાંથી થોડીક જોઈએ: તુલસીની સૂકી ડાંખળીઓ અને માંજર, લીમડા તેમજ અન્ય વૃક્ષોની ડાંખળીઓ, વડવાઇઓ, વિવિધ જાતનાં ઝાડનાં સૂકાં મૂળિયાં, સાવરણી માટે વપરાતાં પીંછીવાળાં સૂકાં ઘાસ, બાવળ તેમજ અન્ય

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૮)

અમેરિકાનાં સાઇકેડેલિક પોસ્ટરો








△ 'રશિયન બર્ડ હાઉસ'—કલાકાર: ઑસાન્ડો મૅકબિથ. બળવાન રેખાઓ અને અજબ રંગાવટવાળું શોભન આલેખન. ડાબી બાજુ મથાળે: 'વિન્ડો'—ભૌમિતિક આકારો અને રંગ-છાયા વડે કલાકાર ડલાઉડ સેવનસને પેદા કરેલો ત્રીજા પરિમાણનો ભ્રમ.

◁ 'કૅન્ડલ'—પ્રકાશના બે અંતિમ સ્રોત-મીણબત્તી અને સૂર્ય વચ્ચે પ્રસરેલું ધૂમ્રસેરનું લયમધુર કાવ્ય.

શોભન અને આકર્ષણ અર્થે અમેરિકામાં ને એને વાદેવાદે બીજા દેશોમાં છેલ્લાં થોડાં વર્ષોથી પોસ્ટરોનો જે શોખ વધ્યો છે તેમાં 'પૉપ', 'ઑપ' અને ત્યાર બાદ 'સાઇકેડેલિક' નામે ઓળખાતી ચોટ, આવેગ અને ભડકરંગભરી આલેખનાએ એક અજબ રસ પેદા કર્યો છે. આ પોસ્ટરો એટલે ધંધાદારી જાહેરાતો નહિ પણ વિવિધ શૈલીનાં આલેખનોની, મૂળના જ કદના કાગળ પર ઉતારેલી, મોટી અનેકરંગી છાપ. ભૌમિતિક આકારો, ફૂલપાન કે અક્ષરાલેખન વગેરેની જે અવનવી રજૂઆત તેમાં થતી રહી છે તેની અંદર રંગ અને રેખાની અટપટી ચાતુરી વધુ પ્રમાણમાં જોવા મળે છે.

અમેરિકાનાં આવાં કેટલાંક સાઇકેડેલિક પોસ્ટરોનું એક સરસ પ્રદર્શન ભારતનાં કેટલાંક અગ્રગણ્ય શહેરોમાં 'યુસિસ' (યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફરમેશન સર્વિસ) દ્વારા રજૂ થઈ રહ્યું છે. તે હમણાં અમદાવાદમાં આવી ગયું. એ પોસ્ટરોનું પોતાનું તો એક આગવું આકર્ષણ છે જ, પરંતુ એથી યે વધુ તો એની રજૂઆત પ્રભાવશાળી છે. આ બધાં પોસ્ટરો એક અંધારા ખંડમાં મૂકી તે પર પારજાંબલી (અલ્ટ્રાવાયોલેટ) કિરણોનો પ્રકાશ પાડવામાં આવે છે અને એ પ્રકાશમાં પોસ્ટરોના ફ્લ્યુઓરેસન્ટ રંગો કોઈ અજબ ચળકાટથી ઝગમગી ઊઠે છે. એ રંગભભકનો ખયાલ અહીં આપેલી એની ચાર એકરંગી છાપ પરથી તો ન જ આવી શકે, પણ એ આલેખનમાં રેખા અને આકારોના કેવા પ્રયોગો થયા છે તેનો અંદાજ મળી શકશે. આ અંકના પૂઠા પર પણ એમાંની જ એક કૃતિ -'ઑપ આઈ' આપી છે. એકબીજીને કાપીને ચોખૂણી ભાત સરજતી વર્તુલાકાર રેખાઓની વચ્ચે ચાતુરીથી કરેલી રંગપૂરણી આંખને જકડી લે તેવી છે. એના કલાકાર છે પૅટ ફ્રિન્સે.

પ્રદર્શનમાં બીજી પણ મૌલિકતા હતી: એક તો પ્રદર્શનના સમય દરમિયાન રેલાતા સંગીતના સૂર સાથે એક કોરા પટ પર આપમેળે થતા રહેતા આછાઘેરા રંગઝબકાર; અને બીજી, પ્રવેશદ્વાર નજીક જ રાખેલા, દર્પણના ટુકડા જડી બનાવેલા એક પાસાદાર ગોળાના ફરવા સાથે, તેના પરથી પરાવર્તિત થતા પ્રકાશનાં, સમગ્ર ખંડમાં ફરતાં રહેતાં ચાંદરણાં. આવી જ રીતે એક પોસ્ટરને સ્થિર ન રાખતાં ધીરે ધીરે ગોળ ફરતું રાખેલું; જ્યારે બીજાં બેએક પોસ્ટર પર સ્થિર નહિ પણ ઝબક ઝબક થતો પ્રકાશ પાડવામાં આવેલો જેથી એ પોસ્ટરોમાંની આકૃતિમાં ગતિશીલતાનો ભ્રમ ઊપજતો લાગે. આમ, હતી તો માત્ર આડત્રીસ જ કૃતિઓ, પણ અંધારાખંડમાં ઝળકતી રંગભભક અને સામાન્યત: આપણે હજી જે જોવાને ઓછા ટેવાયા છીએ એવી અવનવી એ કૃતિઓ એક નવતર અનુભૂતિ કરાવી ગઈ. એનું આકર્ષણ આપણા કલાકારોને પણ અચૂક નવી પ્રેરણા આપી રહેશે. □



કૃતિનું નામ છે 'યુ હૅવ જસ્ટ કમ્પ્લીટેડ યૉર ફર્સ્ટ લેસન ઇન રીડિંગ સાઇકેડેલિક પોસ્ટર્સ.' જરા ધ્યાનથી જુઓ. એનાં એ નામના અક્ષરોની જ ચાતુરીભરી રચના છે એમાં. રંગપલટા અને સમગ્ર આકાર દ્વારા એમાં એક આગવો ભ્રમ પેદા કર્યો છે. કલાકાર: બ્રેવાકોઆ

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૬થી)

થળો,-કાંટાવાળાં વૃક્ષોના સૂકા ગળાયા, નાનાવિધ થોર-કૅક્ટસ, કેળ- યુકેલિપ્ટસ જેવાં ઝાડની સૂકી છાલ,ગરમાળાની સૂકી શિંગો, ગુલમહોર અને બીજાં ઝાડની સૂકી ડાળીઓ, જારનાં ડૂંડાં, મકાઇના દોડા અને કપાસનાં કાલાં, ચણોઠીઓ,વગેરે જેવી અનેક નૈસર્ગિક સૂકવણી ઉપરાંત નાળિયેરનાં છીલતાં, રંદો મારતાં નીકળેલાં લાકડાનાં છોલનાં ગૂંચળાં, ટિન-લોખંડના ચવિત્રા આકારના અણિયાળા ટુકડા, પ્લાસ્ટિકનાં પૉપી ફ્લાવર જેવી અનુષંગી વસ્તુઓ પણ વાપરેલી. વચ્ચે વચ્ચે ક્યાંક તાજાં ગુલાબ, કૅના, કૉટન, ફર્ન વગેરેનો પણ છંટકાવ કરેલો.

એ બધું ગોઠવવા માટે એમણે ઉપયોગમાં લીધેલાં ફૂલદાનનું વૈવિધ્ય પણ મનોહર હતું. આ બધાં વર્ષો દરમ્યાન પોતે શૉખથી એકઠાં કરેલાં ધાતુ-માટીનાં નાનાંમોટાં દેશી તેમજ જાપાની ફૂલદાન અને નેતરની ગૂંથેલી ફૂલડાલીઓ ઉપરાંત, પોલા વાંસના ટુકડા, નાળિયેરની કાચલી, તૂંબડી ને દેશી નળિયાં જેવી સાદી વસ્તુઓમાંથી જાતિદેખરેખ નીચે બનાવડાવેલાં ફૂલદાન પણ હતાં.

અને આ બધી સામગ્રી કાંઈ આડી રાતમાં આડેધડ એકઠી કરેલી ન હતી. છેલ્લાં બેએક વર્ષથી એની તૈયારી ચાલતી હતી. કોઈને કલ્પનામાં પણ ન આવે એવી ખૂણે પડેલી, નકામી ને ખરબચડી ચીજોમાં એમની આંખ સૌન્દર્ય પારખી લેતી અને એકઠી કરતી રહેતી.

આટલા પરિચય પછી આ સાથેનાં ચિત્રો પોતે જ પોતાની સૌન્દર્યકથા ભલે કહે. એનો ખરો આસ્વાદ તો રંગીન ચિત્રો જ આપી શકે, કેમ કે લગભગ એકસરખા રંગની લાગતી સૂકી વસ્તુઓના નાજુક રંગભેદ આ સાદાં ચિત્રોમાં ઊપસી ન શકે. છતાં આકૃતિસૌન્દર્ય એમાંથી પકડી શકાશે. કિસમકિસમનાં નાનાંમોટાં વળિયલ-અણિયાળાં ઘાટ-રૂપને એકબીજાને પડછે ઇકેબાના-પ્રબોધેલી ઊંચીપહોળી સંયોજનાઓમાં નાનાવિધ રીતે યોજવામાં એમણે દાખવેલી દૃષ્ટિ પાછળ એમની સૌન્દર્યસાધના સાર્થ થતી લાગશે. છેક ગામગામડાને ખૂણે પડેલા રસિકો પણ એવી રચનાઓ જાતે કરવાનો આનંદ માણવો હશે તો તેમ કરી શકશે.



જોધપુરના કિલ્લામાંના એક ભીંતચિત્રમાં સવારીનું દશ્ય. સુદઢ રેખામાં ઊંડાણભર્યું ગતિશીલ સુંદર સંયોજન.

રાજસ્થાનનાં ભીંતચિત્રો

લેખક-આલેખક
વાસુદેવ સ્માર્ત

રાજસ્થાની રાજવીઓએ વિકસાવેલી લલિતકળાઓમાં ચિત્રકળાનું સ્થાન વિશિષ્ટ છે. 'રાજસ્થાની' તરીકે ઓળખાતી એ ચિત્રશૈલીનાં મૂળ આમ તો ઘણાં ઊંડાં છે, પણ પંદરમી સદીમાં મહારાણા કુંભાએ વિવિધ કળાઓને આપેલા પ્રોત્સાહનથી સંગીત, સાહિત્ય, સ્થાપત્ય અને ખાસ કરીને ચિત્રકળાનો સવિશેષ વિકાસ થયો. કુંભા રાણાના ચિતોડના મહેલમાંનાં આજે લગભગ નષ્ટ થઈ ગએલાં ભીંતચિત્રો આની સાક્ષી પૂરે છે. બારીકાઈથી જોતાં એમાં જૈન શૈલીની અસર દેખાય છે:

આમ તો આખું રાજસ્થાન રંગ અને રેખાથી સમૃદ્ધ છે. પટચિત્રો અને પ્રતચિત્રોની સમૃદ્ધિ ઉપરાંત ત્યાંના રાજપ્રાસાદો, કિલ્લાઓ, મંદિરો ને ખાનગી આવાસોથી માંડી ઝૂંપડાંની ગારે લીંપી ભીંતો યે અલંકૃત ચિત્રાલેખનોથી ખચિત છે. જયપુર અને તેની નજીક આમેર તથા ગલતા, જોધપુર, ઉદયપુર, બિકાનેર, બૂંદી, નાગોર વગેરેનાં સંગ્રહસ્થાનો અને અંગત ચિત્રસંગ્રહોમાં રાજસ્થાનનો મુગ્ધકર અખૂટ કલાભંડાર હજી યે જળવાએલો પડ્યો છે.


રાજસ્થાનના રાજપ્રાસાદો, હવેલી-મંદિરો ને કિલ્લાની દીવાલો પર જોવા મળતો રંગરેખાનો મુક્ત વિહાર અદ્ભુત છે. ત્યાંનાં પટચિત્રો ને પિછવાઈઓમાં ઊતરેલી કળાનું પણ એક આગવું આકર્ષણ છે. આમાંની ઘણી કૃતિઓ નિજી સંગ્રહોમાં કે રાજપ્રાસાદો વગેરેમાં હોઈ સૌકોઈને માટે જોવી દુર્લભ છે, પણ સરળતાથી જોઈ શકાતાં ભીંતચિત્રોમાં ખૂબ જ બારીકાઈથી કરેલું ચિત્રકામ પણ આશ્ચર્યજનક છે.

લગભગ પંદરમી સદીથી રાજસ્થાની કળાનો આગવો વિકાસ આરંભાયો અને તેમાં રાગમાળા, બાર માસા, ઋતુભેદ, નાયિકાભેદ, કૃષ્ણલીલા, ભાગવત, રામાયણ, મહાભારત વગેરેનાં સંખ્યાબંધ સુંદર ચિત્રો થયાં. મુઘલ સલ્તનતમાં અકબરના સ્થિર રાજ્યકાળમાં સર્વત્ર સ્થપાએલી શાંતિ અને સાંસ્કૃતિક વિકાસના પ્રભાવે ચિત્રકલા વધુ ખીલી અને વિસ્તરી. સોળમી સદીના મધ્યથી સત્તરમી સદીના મધ્ય સુધી જયપુર-બિકાનેરની ચિત્રકળા પર મુઘલ ચિત્રશૈલીનો પૂરો પ્રભાવ હતો. જોધપુરમાં વસ્ત્રપરિધાનને બાદ કરતાં રાજસજ્જા ને અલંકરણમાં મુઘલ અસર સ્પષ્ટ દેખાય છે. વાદળછાયા આકાશની રંગબેરંગી લીલા આ કાળની રાજસ્થાની ચિત્રકળામાં અદ્ભુતપણે વ્યક્ત થઈ છે. જોકે મેવાડ ત્યારે આ કલાશૈલીનું એક મુખ્ય કેન્દ્ર હતું, પણ જોધપુર, કિશનગઢ, બિકાનેર વગેરે સ્થળોમાં થએલું કલાસર્જન પણ કંઈ કમ નથી.

જયપુરના પોથીખાનામાં રાસના ઉત્કૃષ્ટ ચિત્રમાં સંગીત-ધૂન મચાવતી બે સુંદર ચિત્રપટ્ટીઓ ખાસ ધ્યાન ખેંચે છે. પશ્ચિમ ભારતની ચિત્રકળાના એ સર્વોત્તમ નમૂના કહી શકાય એટલી એ સુંદર છે. એનું લયબદ્ધ રેખાંકન, હલકા રંગની છાયા અને પાત્રસંયોજન અદ્ભુત છે. જયપુરથી થોડે દૂર પુંડરિકજીની હવેલીમાં પણ એક ઓરડાની ભીંત પર ઘણું બારીક અને ભાવયુક્ત ચિત્રકામ છે. (અનુ. અંતિમ પૃષ્ઠ પર)



જોધપુર અને બિકાનેરની વચ્ચે આવેલા નાગોરમાં મબલખ ભીંતચિત્રો છે, જેમાંની રૂપલાવણ્યભરી નારી આકૃતિઓ સવિશેષ ધ્યાન ખેંચે છે. ઉપર પહેલી બે આકૃતિઓ ત્યાંની છે. ત્રીજી ચામરધારિણી જયપુર નજીક ગલતા નામના એક સ્થાને ટકી રહેલાં થોડાં સુંદર ભીંતચિત્રોમાંની છે.





ઉદયપુરની સુંદરતા તો જગવિખ્યાત છે. એનાં અનેક આકર્ષણોમાં ત્યાંનાં ભીંતચિત્રોનું પણ આગવું સ્થાન છે. ત્યાંના કૃષ્ણવિલાસ મહેલનાં ભીંતચિત્રોમાંથી બેનાં રેખાંકનો અહીં આપ્યાં છે. ડાબી બાજુ છે રાજસવારીના હાથી. તેમાં મદનિયાથી માંડી પુખ્ત હાથી સુધીનાં વૈવિધ્ય ને છટા તથા એમના સાજ અને મહાવતો વચ્ચેનો ભેદ જુઓ. હાથીનું આલેખન તો ભારત જેવું અને જેટલું કદાચ બીજે ક્યાંય નથી. ઉપર: શાહી રમત 'ચૌગાન' (પોલો)નું દૃશ્ય. સાદી છતાં બળવાન અને ગતિશીલ રેખા તથા ગીચ છતાં સ્પષ્ટ એવા સંયોજનથી એ મર્દાનગીભરી રમતના વાતાવરણ અને જોમને વ્યક્ત કરવામાં એના ચિત્રકાર પૂર્ણપણે સફળ રહ્યા છે.

જયપુર પાસે પુંડરિકજીની હવેલીમાં ઘણાં ભીંતચિત્રો છે. એમાંનું એક સુંદર ચિત્રસંયોજન


સંખ્યાબંધ પાત્રોની લાક્ષણિક અને વિવિધ છટા, ચિત્રકારે જોએલા-માણેલા જીવનની ભરપૂરતાને વ્યક્ત કરી શકતી એની આલેખનશક્તિની દ્યોતક છે.



અનુસંધાન] **રાજસ્થાનનાં ભીંતચિત્રો** [શરૂના પૃષ્ઠથી

જયપુર નજીક જ આમેર અને ગલતામાં પણ કેટલાંક સુંદર ભીંતચિત્રો છે. જોધપુરના જૂના કિલ્લામાં પણ જે ચિત્રો છે તેમાં સુદૃઢ રેખા અને ચટકીલા રંગો સાથે તેમાંનાં પાત્રોનાં વસ્ત્રપરિધાન તથા પૃષ્ઠભૂમિ પરના અલંકરણમાં મુઘલ શૈલીની સ્પષ્ટ છાપ જોવા મળે છે. ઉદયપુરના મર્દાના મહેલનાં ભીંતચિત્રોમાં પણ ઉત્કૃષ્ટ પરંપરા જળવાઈ છે.

જોધપુર અને બિકાનેરની વચ્ચે આવેલા નાગોરના મહેલોનાં ને કિલ્લાનાં મબલખ ભીંતચિત્રો પણ અદ્‌ભુત છે. ડૉ. હરમન ગમ્મટ્સે એનો પ્રથમ પરિચય આપેલો. ત્યાર બાદ કુંવર સંગ્રામસિંહે એના પર વધુ પ્રકાશ પાડ્યો. એમનું કહેવું છે કે આ ચિત્રો બિકાનેરની ચિત્રશૈલીની એક ઉપશાખાનાં છે. એનાં રૂપ અને ભાવલાવણ્ય મુઘલ કલાથી પ્રભાવિત છે. રાજસ્થાની કલાની એક અલ્પકાલીન પરંતુ મહત્ત્વની શૈલીનું આ આલેખન છે. એમાં મુઘલ પરિધાનમાં ઊડતી પરીઓ, રાસલીલા તથા પૌરાણિક કથાવસ્તુ સાથે અનેક સુંદર નારી આકૃતિઓ છે. પણ મુઘલ પ્રભાવ છતાં યે તેનો વિકાસ એક રાજસ્થાનિક શૈલી તરીકે લેખી શકાય તેટલો આગવો છે. □









વિવિધસાધન રંગોળી

ભારતીય જીવનમાં ઘરનું સ્થાન કેવળ 'વસવાટ' કરતાં સવિશેષ રહ્યું છે અને એમાં ઓતપ્રોત રહેતી ગૃહિણીને મન દેવમંદિર જેટલું જ એનું મહત્ત્વ છે. આથી જ એના પ્રવેશદ્વારને શોભાવવા એ સદા પ્રયત્નશીલ રહેતી આવી છે. દિવસો સુધી ને મોડી રાતે, આંખો તાણી તાણી અને એકાગ્ર મને, મોતી-ભૂંગળી પરોવીને કે હીરભરત ભરીને કે દોરા ગૂંથીને તે બારણે બાંધવા તોરણો બનાવે છે. વારતહેવારે ત્યાં આસોપાલવ ને ફૂલગોટા પણ લટકાવે છે. રોજ સવારે ઉંબરે કંકુનો સાથિયો કરી ફૂલ ચડાવી એની પૂજા કરે છે. પ્રસંગોપાત્ત ને દિવાળી જેવા દિવસોમાં તો રોજ એ જેવી આવડે એવી, રંગોળી પૂરવાનો આગ્રહ રાખે છે. બંગાળની અલ્પના, દક્ષિણ ભારતની પુષ્પગોઠવણી ને મહારાષ્ટ્રની રંગોળી પછી 'સાથિયા પૂરવા'ને નામે ઓળખાતી ગુજરાતી રંગોળીનો વિકાસ છેલ્લાં વર્ષોમાં ઠીકઠીક આગળ વધ્યો છે. અને કાગળમાં કોરેલી ભાતવાળી 'સ્ટેન્સિલો' પર રંગ ભભરાવીને કે પતરાંનાં બીબાંમાં કાણાં પાડી કોરેલી ભાતમાંથી રંગ ઠપકારીને 'છાપાં પાડવા'ને બદલે હવે તેલરંગોમાં પણ શોભન આલેખનો થવા માંડ્યાં છે. પોળ શેરીઓમાં ને વિવિધ સંસ્થાઓ કે સ્ત્રીમંડળો દ્વારા વિસ્તૃત પાયે રંગોળીની હરીફાઈઓ યોજાવા લાગી છે, જેને પરિણામે આલેખનાના વૈવિધ્ય ઉપરાંત હવે એમાં રંગથી આગળ વધીને અવનવા પદાર્થોનો વપરાશ પણ વધતો થયો છે. સ્ત્રીઓની કલાદૃષ્ટિને મળેલો આ એક ચાતુર્યઓપ છે. એના એક સુભગ દૃષ્ટાંત રૂપે મુંબાઈનાં નિરંજનાબહેન પંડ્યાએ કરેલી એવી રંગોળીના થોડા નમૂના આપ્યા છે, જેમાં એમણે 'રંગ વાપર્યા વિના' રંગ પૂર્યા છે!

મથાળેથી ડાબી બાજુથી: ૧) મસાલાની રંગોળી: હળદળ વડે પીળા ને રાઈથી કથ્થાઈ રંગની રચેલી સુંદર રચના; ૨) રાઈ મીઠું ને હળદળ ઉપરાંત વચ્ચે ત્રિકોણાકારમાં બોરિયાં મરચાંનો ઉપયોગ; ૩) પથ્થરની કાળી, સફેદ, રાખોડી તેમજ સેળભેળ રંગની ઝીણી કપચીઓથી કરેલી રંગોળી; ૪) પ્લાસ્ટિકની ઝીણી કતરણ અને નકામા કટકાઓનો સુંદર ઉપયોગ કરીને યોજેલી રંગોળી.

ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર (અનુસંધાન પૃષ્ઠ ૩૭૮થી) ચિત્તવૃત્તિ કદાપિ સ્વસ્થ નહોતી. કુટુંબીઓ તરફથી પણ એમને સંતોષ પ્રાપ્ત થયો નહોતો. પત્નીની ઉંમર ૨૨ વર્ષની થઈ ત્યાં સુધી કોઈ સંતાન નહિ થવાથી એમનું દામ્પત્યજીવન અશાંત રહેતું હતું; પરંતુ પ્રથમ પુત્ર નારાયણચંદ્રનો જન્મ થતાં પત્નીના મનને કંઈક શાતા વળી હતી ત્યાર બાદ તો એમને ત્યાં હેમલતા, કુમુદિની, વિનોદિની અને શરદકુમારી એમ ચાર પુત્રીઓ પણ જન્મી હતી. પરંતુ એમની પ્રકૃતિ સ્વાર્થ કરતાં પરમાર્થમાં વધારે રાચતી હોવાથી પરિવાર કરતાં પરની એમણે વધારે સેવા કરેલી. આને કારણે પોતાનાં કુટુંબીજનોનું ભાવભર્યું વર્તન નહિ જોતાં વિદ્યાસાગરને અંતે સંસાર પ્રત્યે વિરતિ જન્મી હતી. પરિણામે મનોશાંતિ માટે એમણે સંસારત્યાગ કરી એકાંતવાસ સ્વીકાર્યો હતો. સ્વાર્થ અને સુખના ભોગે પરહિતનાં કાર્યોમાં પરમ શાંતિ પામવાની પોતાની પ્યાસ કુટુંબીઓ નહોતા સમજી શક્યા એ વાતનો રંજ વિદ્યાસાગરને છેક સુધી રહેલો. આમ છતાં ય એઓ પોતાના પરિવાર પ્રત્યેનું કોઈ કર્તવ્ય ચૂક્યા નહોતા એ વાતનો એમને આત્મસંતોષ પણ હતો.

આચાર, વિચાર અને પહેરવેશમાં સંપૂર્ણ બંગાળી એવા વિદ્યાસાગરનું વ્યક્તિત્વ આર્યત્વની ઝળહળતી જ્યોત જેવું હતું. 'તો નિર્ભીત બલિષ્ઠતા, સત્યાચરણ, લોકહિતૈષીપણું દઢ પ્રતિજ્ઞા અને આત્મશ્રદ્ધાની બાબતમાં તે, યુરોપીય મહાપુરુષોની સાથે સરખાવી શકાય તેવા હતા માતા-પિતાની એઓ દેવની જેમ પૂજા કરતા. માતાનું મૃત્યુ થયું ત્યારે તે કલકત્તા હતા. તેના સમાચાર મળતાં ને એ વયે પણ બાળકની માફક રોઈ પડયા. મૃત્યુ સમયે માતાની અંતિમ સેવા ન થઈ શકી એ વિચારથી તે હલબલી ઊઠયા. કાશીમાં ગંગાતીરે માતૃશ્રાદ્ધ કરી એક વર્ષ સુધી તેમણે સર્વ સાંસારિક સુખ ત્યાગ્યાં. જોડા, છત્રી અને કોમળ શય્યાનો ત્યાગ કર્યો. જાતે રાંધી એક જ વખત માત્ર નિયમિત ભોજન લેતા. માતૃશોકમાં એમણે લાંબો એકાંતવાસ કરેલો.

કુટુંબવત્સલ પણ એવા જ. કુટુંબની મુશ્કેલીના પ્રસંગોએ ઘણી વાર એમની આંખોએ આંસુ સારેલાં. ગુરુભક્ત પણ જબરા. એક સાચા જ્ઞાનપિપાસુને છાજે તેવી અટલ એમની ગુરુભક્તિ હતી. આબાલવૃદ્ધ સૌ પ્રત્યે એઓ સમુચિત સ્નેહભાવ રાખતા. પરિણામે એ સહુના સ્નેહનું ભાજન બની શક્યા હતા. વહીવટકાર તરીકે એ મનુષ્યની શક્તિના સાચા પારખુ હતા. કોઈ પણ સ્થાન માટે યોગ્ય વ્યક્તિની પસંદગી એ આસાનીથી કરી લેતા. અને આવી પસંદગી માટે એમને કદી પસ્તાવું પડયું નહોતું. એમની પ્રામાણિકતાની ભાવના પણ અત્યુચ્ચ હતી. તેને માટે એક જ ઉદાહરણ પૂરતું છે. કોઈ એક બાબતમાં વિદ્યાસાગર પાસે સરકારના રૂપિયા ચાર હજાર નવસો અગિયાર અને સવા-પાંચ આના લહેણા હતા. જો કે આ રકમ સરકારી ચોપડે પણ બાકી બતાવાઈ નહોતી. છતાં વિદ્યાસાગરે તે વ્યાજ સહિત ભરપાઈ કરી દીધી હતી.

આવા મહામનીષી માનવની ભારત તેમજ ભારત બહાર પણ સારી કદર થઈ હતી. ઈ. સ. ૧૮૬૪ના જાન્યુઆરીની ૧લી તારીખે જર્મનીના લાઈપઝિક નગરમાં મળેલી દુનિયાભરના વિદ્વાનોની સભાએ વિદ્યાસાગરને સન્માનચિહ્નથી નવાજ્યા હતા અને એ વિષે જર્મન ભાષામાં એક પ્રશંસાપત્ર લખીને પણ એમના પર પાઠવવામાં આવ્યો હતો. અંગ્રેજ સરકારે પણ એમને સંસ્કારપ્રિય હિંદુ સંપ્રદાયના અધિનાયક તરીકે બિરદાવ્યા હતા. ઈ. સ. ૧૮૭૭ના જાન્યુઆરીની પહેલી તારીખે જ્યારે મહારાણી વિક્ટોરિયાએ 'કૈસરે હિંદ'નો ઇલકાબ ધારણ કર્યો ત્યારે એમને બંગાળના ગવર્નરની સહીથી નીચેનું પ્રશંસાપત્ર પાઠવેલું:

To Pandit Ishvarchandra Vidyasagar

in recognition of bis earnestness as leader of the widow-marriage movement, and positions as leader of the more advanced portion of the Indian community.' અને ઈ. સ. ૧૮૮૦ની ૧લી જાન્યુઆરીએ સરકારે એમને સી. આઈ. ઈ. (કમ્પેનિયન ઑવ ધી ઇન્ડિયન એમ્પાયર)નો માનભર્યો ખિતાબ આપ્યો હતો.

કેટલાંક વર્ષ પહેલાં ગાડીમાંથી પડી જવાને કારણે એમને લિવર ઉપર કારમી ઈજા થઈ હતી. ઘડપણની અશક્તિમાં તેણે જોર કર્યું. તાવ આવવા લાગ્યો. ડૉક્ટરો ને વૈદ્યોએ મન મૂકીને સારવાર કરી. એમના ઘર પાસેની સડકો પર જતાંઆવતા વાહનોના અવાજ ન થાય તે માટે સૂકું ઘાસ પાથરી રખાતું. પરંતુ જીવનદીપ બુઝાઈ જવા આવ્યો હતો. વિ. સં. ૧૯૪૮ના શ્રાવણ સુદિ ૧૩. તદનુસાર ઇ. ૧૮૯૧ની ૨૯મી જુલાઈએ રાત્રે ૨-૧૮ વાગ્યે એ કરુણાસાગર મહામના વિદ્યાપુરુષનો આત્મા અમર ધામ તરફ ચાલી નીકળ્યો. બંગાળમાં તો ઘેર ઘેર હાહાકાર મચી ગયો. કલકત્તાના વિદ્યાર્થીવર્ગે પોતાને પિતૃહીન થએલા માની પગરખાંનો ત્યાગ કરી સૂતક પાળ્યું. ભારતભરમાં શોકની જાણે કાલિમા છવાઈ ગઈ.

વિદ્યાર્થી તરીકે અભ્યાસનિષ્ઠ, પરિશ્રમી અને વિનયશીલ; માતૃ-પિતૃભક્ત અને કુટુંબવત્સલ પરિવારપુરુષ; નિર્ભય, ન્યાયપ્રિય અને નિખાલસ વ્યાવહારિક વ્યક્તિ; અડગ, દક્ષ અને સમભાવી વહીવટકર્તા; સુંદર, સરળ અને સુમધુર અર્વાચીન બંગ ભાષાના આદ્ય ઘડવૈયા; આત્મનિર્ભર અને અવિચલ પ્રકૃતિને લઇને ગમે તેવા ઝંઝાવાતોની સામે ઝૂકી પડવાને બદલે અડીખમ ઊભા રહેનાર જીવનવીર; પરમાર્થમાં જ પરમોચ્ચ આત્માનંદ પામનાર સંસાર સુધારક અને લોકહિતચિંતક; માનવતાપ્રેમી મહાપુરુષ અને દઢ ચારિત્ર્યનિષ્ઠ નરરત્ન ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની જીવનલીલાના સંકેલાવા સાથે બંગીય ભારતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક ઉજ્જ્વલ પ્રકરણનો અંત આવ્યો. એમની એક સંવત્સરીએ કવિવર રવીન્દ્રનાથે એમને આપેલી અંજલીમાં જાણે આપણા સમાજના સનાતન સ્વભાવનું આલેખન કરીને એ મહામાનવનો આદર્શ આપણી આગળ મૂક્યો છે. □


ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની દોઢસોમી જયંતી પ્રસંગે બંગાળી ભાષામાં 'કરુણાસાગર વિદ્યાસાગર' નામે એક દળદાર ગ્રંથ બહાર પડયો છે, જેમાંથી આ લેખ સાથેનાં કેટલાંક ચિત્રો લેવામાં આવ્યાં છે. સવા આઠસો પાનાંના એ ગ્રંથમાં વિદ્યાસાગરના ચરિત ઉપરાંત હકીકતોના પ્રમાણની એક વિસ્તૃત યાદી તેમજ વિગતવાર સૂચિ પણ આપેલી છે. બંગાળના ઘડવૈયાઓમાંના એક મહાપુરુષ આ પુણ્યશ્લોક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કેવા કરુણાના સાગર હતા એનાં અસંખ્ય દૃષ્ટાંતો ગ્રંથને પાને પાને જોવા મળે છે. વસ્તુત: આને વિદ્યાસાગરના ચરિતનો સર્વસંગ્રહ કહી શકાય, એટલું જ નહિ પણ એમના જીવનને કેન્દ્રમાં રાખીને તે સમયના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સાહિત્યિક તેમજ ભાષાકીય બાબતોનો પણ આ ગ્રંથ સારસર્વસ્વ જાણે બની ગયો છે.

કરુણાસાગર વિદ્યાસાગર (બંગાળી): ઇ. સ. ૧૮૨૦–'૯૧: લે. ઇન્દ્રજિત, પ્ર. આનંદ પબ્લિશર્સ પ્રા. લિ., ડિસેમ્બર, ૧૯૬૯, કિં. રૂા. ૩૦.

વહાણકથા-૩૪

જહાજાતમાં યંત્ર સંચાલિત લોખંડી જહાજો-ના પ્રવેશ પછી તો યુરોપ અમેરિકાના વહાણ-વટામાં એક ક્રાંતિ જ આવી અને અનેક પ્ર-કારનાં જહાજો બનતાં દરિયાઈ કામગીરીનાં ઘણાં નવાં ક્ષેત્રો ખૂલ્યાં. આ પછીનાં જહાજોને મુખ્ય ત્રણ પ્રકારમાં વહેંચી શકાય.

૧ કૅરિંગ શિપ્સ-વાહક જહાજો. જેમાં પ્રવાસીઓ, ટપાલ, માલસામાન વગેરેની હેરફેર કરતાં નાનાંમોટાં લાઇનર્સ, મચ્છીમારી કરતાં ફિશિંગ શિપ્સ, અમુક ખાસ પ્રકારનો જ માલ લઇ જતાં રેફ્રિજરેટર્સ, માત્ર ખનિજ તેલ લઇ જતાં ટૅન્કર્સ, કૉલીઅર્સ, કૉસ્ટર્સ, ટ્રેડર્સ વગેરે ઘણા પ્રકારોના જહાજો તેમાં આવી જાય છે.



ઉપર આ સદીના આરંભકાળનું એક વિખ્યાત 'કૅરિંગ (સફરી) શિપ'. 'મોરેટાનિયા'. ઇ.૧૯૦૭ માં તરતું મુકાયા પછી બે દાયકા સુધી એ સૌથી વધુ ઝડપી જહાજ ગણાતું હતું.


૨ સર્વિસિંગ શિપ્સ-બંદરમાં એકઠો થતો કાંપ કાઢનાર ડ્રેજર્સ,મોટાં જહાજોને બંદર-માં દોરી લાવનાર પાઇલૉટ વેસલ્સ, પાણી પર જામેલો બરફ તોડી માર્ગ કાઢનાર આઇસ બ્રેકર્સ, ઑસ્પિટલ શિપ્સ વગેરે જેવાં હેરફેર સિવાયની અમુક નિશ્ચિત કામગીરી માટેનાં ખાસ જહાજો.



એક લાક્ષણિક ડ્રેજર અહીં ઉપર આપ્યું છે. એમાંનું નીચે એક લાક્ષણિક યુદ્ધ જહાજ.

૩ યુદ્ધ જહાજો-આના વિના તો કોઇ પણ દેશની જહાજાત અધૂરી જ ગણાય. આમાં ક્રૂઝર, ડિસ્ટ્રોયર, માઇનલેઅર્સ અને માઇન સ્વીપર્સ, ફ્રિગેટ્સ, એરક્રાફ્ટ કૅરીઅર્સ, સબ-મરીન અને કૉસ્ટલ ક્રાફ્ટ્સ વગેરે અનેક પ્રકારો છે. એમની કામગીરી વિષે આપણે હવે જોઇશું.





ન હો અશુભ ભાવ કોઈ સમયે ય કો'ની પ્રતિ;
બૂરાઈ કરનારની ય પ્રતિ શુદ્ધ સદ્ભાવ હો :
બૂરાઈ કરવા સમર્થ કદી કોઇ યે શું કહો,
ભલાઈ ભગવાનની દિવસરાત જ્યાં ફૂરતી.

—પૂજાલાલ

વિદ્યા-ઉપાસક વિજયવલ્લભસૂરીશ્વરજી

'અલ્પ ઉન્નતિથી મને સંતોષ નથી. આ વિદ્યાલય જૈન સમાજ માટે શિક્ષણનાં વધુ કાર્યો કરે એ મારી ઇચ્છા છે. જૈન-શાસનનો ધ્વજ વિશ્વમાં ફરકાવવા ધન શિક્ષણપ્રચારમાં ખર્ચો. મારી એ અંતરભાવના તમે ઓળખી નથી શક્યા. મને એનું દુઃખ છે.' શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં યોજાએલા એક સંમેલનમાં આચાય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ આ ઉદ્ગારો કાઢ્યા હતા.

સંયમ, વૈરાગ્ય, અહિંસા અને કરુણાના વારસાને દીપાવનાર, સ્વ-પર-કલ્યાણ-ધર્મમાર્ગના પુણ્યપ્રવાસી એ આચાર્યશ્રીનો જન્મ વિદ્યાધામ વડોદરામાં દીપચંદભાઈને ત્યાં ઇચ્છાબાઈની કૂખે વિ.સં. ૧૯૨૭ના કાર્તિક શુક્લ બીજના થયો હતો. નામ રખાયું હતું છગનલાલ.

દસ-બાર વર્ષની વયે એમણે ધર્માનુરાગી માતપિતાનું છત્ર ખોયું, પણ માતાના અંતિમ શબ્દો 'શાશ્વત ધર્મધન મેળવવામાં ને અન્ય જીવોનું કલ્યાણ કરવામાં-જીવન ખર્ચજે' એમના હૃદયમાં કોતરાઈ ગયા. વાણિયો ભણીને વાણોતર થાય, પણ તેજસ્વી બુદ્ધિવાળા, શાણા, પરગજુ છગને તો માતાની આજ્ઞાનું પાલન કરવાની ભાવનાથી લગ્ન સુધ્ધાંનો વિચાર ન કર્યો ને એમનું હૃદય વૈરાગ્ય ઝંખી રહ્યું. ત્યાં એક પ્રેરક પ્રસંગ આવ્યો. ૧૫ વર્ષની વયે એમણે વડોદરામાં શ્રી આત્માનંદજી મહારાજની ધર્મવાણી સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો. છગનનાં અંતરદ્વાર ખૂલી ગયાં. માતાના અંતિમ શબ્દો યાદ આવ્યા ને મહારાજ પાસે જઈ દીક્ષા આપવા વિનંતી કરી. દીક્ષાર્થીમાં ભક્તિ, શક્તિ ને બુદ્ધિનો સંગમ જોઈ મહારાજે એમને વડીલ બંધુની આજ્ઞા મેળવી લેવા કહ્યું. છગને ઘેરે વાત કરી, પણ અનુમતિ ન મળી. પણ ધર્માભ્યાસ ને દેવસેવામાં સમય વિતાવી પોતાનો વૈરાગ્ય દૃઢ હોવાની પ્રતીતિ કરાવી અંતે એમણે તે અનુમતિ મેળવી; અને શ્રી મહારાજે રાધનપુર મુકામે એમને દીક્ષા દઈને મુનિ વલ્લભવિજય નામ આપી પોતાના પ્રશિષ્ય શ્રી હર્ષવિજયજીના શિષ્ય બનાવ્યા; ને પછી, પોતાના શિલ્પ પર સ્નેહ-મમતાથી ટાંકણું ફેરવતા શિલ્પી પેઠે દાદાગુરુએ એમનું ઘડતર કરવા માંડ્યું. અને એમણે પણ ન્યાય, વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ, ધર્મશાસ્ત્રો આદિનો ઊંડો અભ્યાસ કર્યો. ગુરુ શ્રી હર્ષવિજયજી અવારનવાર અ-સ્વસ્થ રહેતા ને ગુરુભક્ત મુનિ વલ્લભવિજય-ની સેવા પણ અજોડ હતી. ગુરુના નિર્વાણ પછી એમણે એમની સ્મૃતિમાં જ્ઞાનભંડારની સ્થાપના કરાવી ઠેર ઠેર જ્ઞાનપરબડીઓ સ્થાપી. આમ, ઠેક-ઠેકાણે સરસ્વતી-મંદિરોની સ્થાપના દ્વારા સમાજને તેજસ્વી બનાવવાનું ગુણકાર્ય હાથમાં લીધું. દાદાગુરુના નિર્વાણ પછી મુનિ વલ્લભવિજયે એમની સ્મૃતિમાં આત્મસંવત, સમાધિમંદિર, જૈન સભા, જૈન વિદ્યાલય અને જૈનપત્રિકા શરૂ કરવાનો સંકલ્પ કર્યો, જે ક્રમેક્રમે યથાસમયે પૂર્ણ કર્યા. આજે અંબાલામાં 'આત્માનંદ કૉલેજ' હજી યે ચાલે છે. દાદાગુરુ-એ પંજાબમાં જન્મી ગુજરાતને ગૌરવ આપ્યું.



પૌત્રશિષ્યે ગુજરાતમાં જન્મી પંજાબમાં પરિમલ પ્રસાર્યું.

શરૂઆતથી જ ચાતુર્માસ પંજાબમાં ગાળવાનું આવતાં તેમણે ત્યાં જૈન ધર્મનો પ્રસાર કરી એની વિકાસ-ઇમારત ચણવા માંડી, ઉપરાંત વિશાળ ભાવનાથી જૈનેતર લોકોને પણ તેઓ આકર્ષી શક્યા. તેઓ કહેતા: 'ન હું જૈન છું ન બૌદ્ધ, ન હિંદુ ન મુસ્લિમ, ન શૈવ ન વૈષ્ણવ. હું તો પરમાત્માને શોધતો એક યાત્રી છું.' ભારત-ભાગલા સમયે ફેલાએલા કોમી આતશનો હિંમત, હૃદયબળ, મક્કમતા ને પુરુષાર્થથી, ૭૫ વર્ષની વૃદ્ધ વયે પણ સામનો કરી અહિંસાધર્મની તાકાત ને તેજસ્વિતામાં શ્રદ્ધા દાખવી રહ્યા. લોકો એમને પાકિસ્તાન તજી ભારત જવા વિનંતી કરતા પણ જૈન સંઘ,દાદાગુરુની સમાધિ વગેરે સ્થાનોની ચિંતા કરતાં કહેતા: 'જીવ્યો સંઘ સાથે, ને મરીશ પણ સંઘ સાથે.' લોકોને ચિંતા થઈ. એમને લેવા છેક ગુજરાનવાલા સુધી અગિયાર ટ્રકો પહોંચી અને અશ્રુભીની આંખે, સમાધિ-મંદિરનાં છેલ્લાં દર્શન કરી ભારે પગલે પ્રયાણ કર્યું.

ભારત આવ્યા પછી ધીમે ધીમે સઘળું થાળે પડયું ત્યારે તેમણે જોયું કે જૈન સમાજ અભ્યાસમાં પછાત છે, એની આંતરસ્થિતિ બેહાલ ને નબળી છે. નાનીનાની બાબતોને કલહસ્વરૂપ આપી નિર્બળ બની રહ્યો છે. રોગ પરખાયો ને ઉપચાર શરૂ થયો. સમાજનાં બાળકોને દરેક પ્રકારનું વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવાની વ્યવસ્થા, કલહ-મતભેદ દૂર કરી સંગઠન ને સંપની ભાવના અને સમાજને ટકાવી રાખવા ગરીબ-મધ્યમવર્ગના ઉત્કર્ષ માટે રચનાત્મક કાર્યો.—એ ત્રણ સૂત્રો ઘડી એને અમલમાં મૂક્યાં. તેઓ કહેતા: 'નવી પદ્ધતિની ઉચ્ચ કેળવણી લઈ ધર્મના સંસ્કાર સાથે સમાજનું હિત હૃદયે ધરી કાર્ય કરે તેવો યુવકસમૂહ તૈયાર કરવો જોઈશે.' જૈન સમાજમાં ઘર કરી ગએલાં દુષણો સામે તેઓ પોતાના જે પ્રગતિશીલ વિચારો રજૂ કરતા તે ઘણા જૂનવાણી લોકોને ન રૂચ્યા ને એમનો વિરોધ કરવામાં આવ્યો. ગંદા આક્ષેપોભર્યાં ચોપાનિયાં છપાયાં, પણ એ તો નિશ્ચલ જ રહ્યા. યુગના એંધાણ પ્રમાણે એમણે પણ ખાદી અપનાવી હતી અને વિદેશી ખાંડનો ત્યાગ કર્યો હતો; એટલું જ નહિ, ગરીબ-મધ્યમ વર્ગના ઉત્કર્ષાર્થે પાંચ લાખનું ભંડોળ ન થાય ત્યાં સુધી દૂધનો પણ ત્યાગ કર્યો હતો—ને ભંડોળ છલકાઈ ગયું હતું. અગાઉ ગુજરાનવાલામાં ગુરુકૂળની સ્થાપના સમયે પણ એમણે ગોળ-ખાંડનો ત્યાગ કરેલો.

મુંબાઈ વરકાણા, સાદડી વગેરે સ્થળોએ વિદ્યાલયો, ગુજરાનવાલા (હવે પાકિસ્તાન)માં જૈન ગુરુકુળ, પંજાબમાં ઠેરઠેર હાઈસ્કૂલો ને કૉલેજો, રાજસ્થાનમાં કૉલેજ વગેરે મળી લગભગ ૧૭-૧૮ વિદ્યાલયોની સ્થાપના એમના વિદ્યાપ્રેમની ઝાંખી કરાવે છે. આ ઉપરાંત, પ્રકાશન સંસ્થા, વાચનાલયો, પુસ્તકાલયો, ઉદ્યોગગૃહો, શ્રાવિકાશ્રમો, ઔષધાલયો, વનિતાઆશ્રમ વગેરે એમની સમાજસેવાનાં સાક્ષી છે.

'રાષ્ટ્રની આબાદી માટે એકતા જરૂરી છે. આપણે બધાં એક છીએ. યુવાનોને નાસ્તિક ને વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહેવાથી અર્થ ન સરે; એક જ સમાજનાં એ બે અવિભાજ્ય અંગો છે...ભૂખ્યાને જમાડવા એ ખરું, પણ એમને પગભર કરવા એ જ ખરું વાત્સલ્ય છે...સેવા, સ્વાવલંબન, સંગઠન ને શિક્ષણ એ ઉન્નતિના પાયા છે...મારી પાસે ઘણું કામ છે. ઉન્નતિ એ મારું ધ્યેય છે ને અંતિમ પળ સુધી રહેશે. અને ૧૯૫૪ની ૨૨મી સપ્ટેમ્બરે એ પુષ્પ ખરી પડયું ત્યાં સુધી એમનું ધ્યેય એ રહ્યું, જે આજે પણ કર્તવ્ય પરાયણતા ને અનુકરણીય પ્રેરણા પાઠ આપે છે.

આ નવા વર્ષની સુદ બીજે એમના જન્મની શતાબ્દી ઊજવાઈ રહી છે. એ પ્રસંગે આ મહાપુરુષની સ્મૃતિમાં એક મોટું શિક્ષણ ટ્રસ્ટ પણ સ્થપાયું છે. જ્ઞાનપ્રસાર અને સંકુચિત ભાવનાઓ ત્યજી વિશાળદૃષ્ટિ અપનાવવાનો એમના આગ્રહને જૈન કે જૈનેતર કોઈ પણ અનુસરી શકે.

નીડર ધારાશાસ્ત્રી માલહેર્બ્સે

ખુદ ફરિયાદી જ ન્યાય આપવા બેસી જાય એવી દુઃસહ સામાજિક પરિસ્થિતિમાં પોતાને જે સત્ય લાગે તેને ખાતર આરોપીની તરફેણમાં ઊભા રહેવું એ અશક્ય કાર્ય છે, ને એમાં પણ, પરિણામ શું આવશે એની પહેલેથી જ ખાત્રી હોય ત્યારે તો જોખમ વધી જાય છે. પણ આશરે બસો વર્ષ પહેલાં એક એવો વિરલ માનવી થઈ ગયો, જેણે ધારાશાસ્ત્રી પણ જીવનની એ ઉચ્ચતાને આંબી શકે છે એનું દૃષ્ટાંત પૂરું પાડયું.

ફ્રાંસના રાજા લૂઈ ૧૬મા સામે બંડ કરીને રાજ્ય હાથ કરી બેઠેલા ઉદ્દંડ બળવાખોરો તેનો ન્યાય તોળવા બેઠા ત્યારે એનો બચાવ કરવા કોઈ ધારાશાસ્ત્રી ઊભો ન થયો, કેમ કે એમાં રહેલું જોખમ ઉઘાડું હતું. એવે વખતે એક વકીલ સત્યને પક્ષે ઊભો થયો. એ હતો માલહેર્બ્સ.

પોતાને જે સત્ય લાગ્યું એનું જિંદગીના જોખમે પણ રક્ષણ કરવા તૈયાર થએલા એ માલહેર્બ્સે ન્યાયના માર્ગમાં કોઈ પણ પ્રકારનો અવરોધ સાંખી ન લેતા. સત્ય એ જ ન્યાય એવું માનતા માલહેર્બ્સને બબ્બે વખત દરબારી સલાહકાર તરીકે નીમવામાં આવ્યા ને એ બંને વખત સિદ્ધાંત ને સત્ય ખાતર મક્કમતાથી તેણે એ દબદબાભરી પદવીને નકારી. આમ છતાં જે રાજાની એ પદવીને એમણે તિલાંજલી આપી હતી એ જ રાજા લૂઈ ૧૬માનો બચાવ કરવા તેઓ તૈયાર થયા હતા. ન્યાયાસન ઉપર કદી ન્યાયાધીશ ન હોય એવી વ્યક્તિઓ બેઠી હતી. રાજા ઉપર આરોપ મૂકનારા જ ખુદ ન્યાયાધીશ બની બેઠા હતા.

માલહેર્બ્સ અદ્‌ભુત માનવી હતા. વ્યવસાયે ધારાશાસ્ત્રી હોવા છતાં વિજ્ઞાનમાં એમને અભિરુચિ હતી, ને સાહિત્યના પણ તેઓ રસિક હતા. ધારાશાસ્ત્રીઓ પર કશાં જ દબાણ કે બંધનનો તે સખ્ત વિરોધ કરતા. પોતાનાં ધર્માદાનોને લીધે તે દેશભરમાં ખ્યાત હતા. ધાર્મિક સ્વતંત્રતા અને પૂર્વગ્રહ કે પક્ષપાત વગરના કરવેરામાં તે માનતા. તેમના અભિપ્રાયોને જો અવગણવામાં ન આવ્યા હોત તો કદાચ એ ક્રાંતિનાં ભય અને દુઃખદ પરિણામો નિવારી શકાયાં હોત. પણ એમની માન્યતાઓની અવગણના થઇ ને બળવો ફાટી નીકળ્યો.

લૂઈ ૧૬મા સામે કામ ચાલ્યું ત્યારે માલહેર્બ્સ સ્વિટ્ઝર્લેન્ડના સલામત પ્રદેશમાં સાહિત્ય અને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસમાં લીન હતા. એમનું વય ત્યારે ૭૪ વર્ષનું હતું. છતાં રાજાના બચાવમાં ઊભા રહેવામાં ભલભલા વકીલો પણ એક યા બીજા નિમિત્તે નકાર ભણવા લાગ્યા ત્યારે ત્યાં જઇને માલહેર્બ્સે કહ્યું: 'બબ્બે વખત મને રાજાના દરબારમાં મારી સેવાઓ આપવા બોલાવવામાં આવ્યો; ને ત્યારે એ ગૌરવની વાત ગણાતી. આજે જ્યારે મારા એ જ માલિકની સેવા કરવાની તક મળી છે ત્યારે એમાં રહેલાં જોખમને કારણે એનું ગૌરવ વિશેષ નથી થઈ જતું?'

ગઈ કાલ સુધી જે ફ્રાંસનો રાજા હતો તે આજે ફ્રાંસના દુર્ભાગ્ય માટે જવાબદાર વ્યક્તિ તરીકે આરોપીના પિંજરામાં ઊભો હતો; જેમને ન્યાયના અર્થની પણ ખબર ન હતી તેવા-આરોપનામું ઘડનારાઓ જ-ન્યાય કરવા બેઠા હતા; અને પ્રેક્ષકો તરીકે હતી ગાંડીતૂર પ્રજા, — જાણે પથ્થરયુગની બર્બર પ્રજા! અને આ બધાની વચ્ચે ઊભા હતા માલહેર્બ્સ, એ જ નિત્યની અદાથી, એ જ ગૌરવથી, અને લૂઈ ૧૬માને એ જ ખિતાબો સાથે માનભરી રીતે સંબોધતા.

અને એ સાંભળી ન્યાયપંચના મહાનુભાવોનીભ્રમરો તંગ થઈ. રાજાને અપાએલા સર્વ ખિતાબ-ઇલકાબો તો એક વિશેષ ધારો પસાર કરી ક્યારાનાયે પાછા ખેંચી લેવાયા હતા, છતાં માલહેર્બ્સે એને એ જ ઇલકાબો સાથે સંબોધે એ ન્યાયાસને બિરાજેલા એ મહાનુભાવોથી કેમ સહન થાય! ન્યાયપંચના પ્રમુખે પૂછયું: 'જે ઇલકાબો પાછા ખેંચી લેવાયા છે એ ઇલકાબો સાથે તમે આરોપી લૂઈ કૅપેટને કયા અધિકારથી સંબોધો છો?'

'કયા અધિકારથી?' માલહેર્બ્સે ગર્જના કરી: 'તમારા પ્રત્યેના મારા

તિરસ્કારે, મારા અસ્તિત્વે મને એ અધિકાર આપ્યો છે.'

એના આ શબ્દોથી, આ ગૌરવથી પરિણામ નજર સમક્ષ ખડું થઈ ગયું. અને શરૂઆત થઈ અંતથી. એની પુત્રી, એના જમાઈ અને એનાં પૌત્ર-પૌત્રીઓને એની નજર સમક્ષ જ વધેરી નખાયાં. પોતાના માલિકના પડખે ઊભા રહેવાની આ સજા થશે એ તે સૌ જાણતા હતા અને એ માટે તૈયાર જ હતાં.. અને અંતે તેઓ પણ હસ્તે મુખે, પોતાના સત્ય ને સિદ્ધાંતને ખાતર મૃત્યુના આલિંગનમાં સમાઈ ગયા.

શી એ હિંમત, એ વીરતા, શુભ સલાહોથી પોતાના માલિકને ચેતવણી આપતી એ વિદ્વત્તા, એ સિદ્ધાંત ને સત્યપ્રેમ અને માલિક પ્રત્યેની એ જ શુભનિષ્ઠા! મરીને અમર થઈ ગયો એ ધારાશાસ્ત્રી.



સ્વામી વિવેકાનંદ શિલા-સ્મારક

અહોરાત્ર પૂર્વમાંથી બંગાળાના ઉપસાગરનાં, પશ્ચિમેથી અરબી સમુદ્રનાં અને દક્ષિણેથી હિંદી મહાસાગરનાં જલ જેનાં ચરણ પખાળે છે એ ભારતદેશના દક્ષિણતમ ભૂભાગમાં આવેલા એક શિલાખંડ પર ઈ. ૧૮૯૩માં પરિવ્રાજક સ્વામી વિવેકાનંદે ઉત્તરાભિમુખ ધ્યાનમાં બેસી સામે વિસ્તરેલા વિશાળ ભારતની પ્રજામાં ધર્મજાગૃતિ આણવા અર્થે જાત સમર્પી દેવાનો અને પશ્ચિમના દેશોમાં ભારતની વેદાંતગરિમાનો પરિચય આપવાનો નિર્ધાર કર્યો હતો. ત્યાર પછી 'વિવેકાનંદ શિલા' તરીકે ખ્યાત એ ખડક પર સ્વામીજીની સ્મૃતિમાં રચાએલા એક સુંદર સ્મારકનું ગયા સપ્ટેમ્બરની બીજી તારીખે રાષ્ટ્રપતિ શ્રી ગિરિએ ઉદ્ઘાટન કર્યું.

આ શિલા પર ધ્યાન ધરીને લીધેલા નિર્ણય બાદ આગળ જતાં સ્વામી વિવેકાનંદ એક મહાન સુધારક ને ધર્મસંચાલક, ભારતની આધ્યાત્મિકતાના રક્ષક, દેશના ઘડવૈયા અને દુનિયાભરના મહાન તત્ત્વચિંતકોમાંના એક તરીકે જગતખ્યાત બન્યા હોઈ ભગવાન બુદ્ધના જીવનમાં જે સ્થાન બોધિવૃક્ષનું છે એ જ સ્થાન 'શ્રીપાદ મારી' નામના આ ખડકનું એમના જીવનમાં ગણી શકાય. મૂળ તો એ ભારતની તળભૂમિનો જ એક ભાગ. અગાઉ ત્યાં કન્યાકુમારીનું મંદિર હતું. આગળ જતાં સમુદ્રજળે આ ખડકને જરા જુદો પાડી દીધો અને કન્યાકુમારીનું મંદિર તળભૂમિ પર રચાયું; પણ છતાં ખડક પરનાં માતાજીનાં ચરણને કારણે એ 'શ્રીપાદ મારી' નામે ઓળખાતો. એ ચરણચિહ્નોને સેન્ટ ઝેવિયરનાં ચરણ પણ કહેવાયાં ને થોડા વખત પર એવો પણ એક મત ઊઠ્યો કે ઈસ્વી સન પૂર્વેની ત્રીજી સદીમાં સીલોન જઈ રહેલા એક જૈન સંઘના મુનિઓએ ત્યાં 'શ્રીપાદ'નું સ્થાનક સ્થાપ્યું હતું. અસલ હકીકત જે હોય તે, પણ સ્વામી વિવેકાનંદના આગમન પછી વખત જતાં આ ત્રણેક એકરનો ખડક 'વિવેકાનંદ રૉક' નામે જ જાણીતો રહ્યો છે.

ઈ. ૧૯૬૨માં સ્વામીજીની જન્મશતાબ્દી વખતે અહીં એમની એક ભવ્ય પ્રતિમા સ્થાપવાનો વિચાર રજૂ થયો. આગળ જતાં ત્યાં માત્ર પ્રતિમા મૂકવાને બદલે વધુ સુંદર સ્મારક રચવાની યોજના વિચારાઈ, પણ એના જંગી ખર્ચને પહોંચી વળવું એકલા રામકૃષ્ણ મિશન માટે અશક્ય હોઈ સમગ્ર દેશમાં વ્યાપક એવી એક યોજના દ્વારા ખર્ચનો પ્રશ્ન ઉકેલાયો અને પરિણામે ભારતીય સ્થાપત્યના એક અદ્યતન અને સુંદર દૃષ્ટાંતરૂપ આ સ્મારક રચાયું. શુદ્ધ ભારતીય સ્થાપત્યપરંપરાના પુરસ્કર્તા દેવકોટ્ટાઈના સ્વામીનાથન આચાર્યે એની રચના કરી છે. તે તમીળ અને સંસ્કૃત સિવાય બીજી કોઈ ભાષા પણ જાણતા નથી.

અહીંના હવામાનની સામે ટકી શકે એ સારુ સ્મારકનું મોટાભાગનું કામ ગ્રેનાઈટ પથ્થરોનું જ કરવામાં આવ્યું છે અને તે પણ આ બેટથી દૂર તળભૂમિ પર. ત્યાંથી આ કાર્ય માટે જ ખાસ રોકેલાં બે જહાજો દ્વારા ઘડાએલા પથ્થરો અહીં પહોંચાડવામાં આવતા હતા. દેવીનાં ચરણ અને સિંહાસન જે ભાગ પર છે તેના પર પણ એક સુંદર મંડપ બનાવવામાં આવ્યો છે. બેલૂરમાં રામકૃષ્ણ મંદિર પર જેવું શિખર છે તેવું જ શિખર આ સ્મારકમાં રાખી તેની નીચે લગભગ આઠ ફૂટ ઊંચી પરિવ્રાજક વિવેકાનંદની એક ભવ્ય કાંસ્ય પ્રતિમા પધરાવેલી છે, જે મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટના એન. એલ. સોનાવડેકરે તૈયાર કરેલી છે. મંડપમાં ધર્મગ્રંથોમાંથી અવતરણો અને સ્વામીજીનાં વચનો



આજથી દોઢ બે સૈકા પહેલાં ઇંગ્લંડના કલાકાર બંધુ બેલડી ડૅનિયલ બ્રધર્સે આલેખેલું કન્યાકુમારીનું દૃશ્ય

કોતરેલાં છે તથા એમના જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગો પણ આલેખેલા છે. અજંટા, ચોળ, દ્રવિડ વગેરે ભારતીય સ્થાપત્યશૈલીમાંથી પ્રેરણા લઈ રચેલા આ ભવ્ય સ્મારકની યાત્રાએ હમણાં બેએક માસના ઉત્સવ દરમિયાન રોજના છ થી આઠ હજાર યાત્રીઓની અવરજવરનો અંદાજ હોઈ ભીડ ટાળવા હાલ દરેક પ્રાંતવાસીઓને આવવા માટે અમુક અમુક દિવસો નિશ્ચિત કરવામાં આવ્યા છે. આ સૌના ઉતારા માટે કન્યાકુમારીમાં માધવપુરમ્ નામે એક નાની વસાહત ઊભી કરી છે જે ભવિષ્યમાં વિવેકાનંદ મિશનના રૂપમાં ફેરવાઈ જશે. આ પ્રસંગે અહીં સ્વામીજીના જીવનનું દર્શન કરાવતું એક પ્રદર્શન પણ યોજાયું છે.

દિવાળીનું 'મેરાયું': એક શબ્દકથા

'આજ દિવાળી, કાલ દિવાળી, દિવાળીનું મેરાયું;
ઘરમાં છે પણ બોલતી નથી, તેલ છે પણ પૂરતી નથી;
દિવાળીનું મેરાયું.'

દિવાળીની—ને ક્યાંક દેવદિવાળીની પણ—રાત્રે છોકરા-છોકરીઓનાં સમૂહ હાથમાં મેરાયાં લઈ આમ ગાતાં નીકળે છે અને ઘેર ઘેર તેમાં તેલ પુરાવતાં, અમાવાસ્યાની રાત્રિના અંધકાર-દૈત્યનો નાશ કરવા ફરે છે. દેવદિવાળીની રાત્રે શરૂની બે લીટીઓ આ પ્રમાણે હોય છે: 'દેવદિવાળી, સેવસુંવાળી, દેવદિવાળીનું મેરાયું.'

આ 'મેરાયું' એટલે સંઘેસા કે શેરડીના સાંઠાના, મૂળિયાં તરફના હાથેકના ટુકડા ઉપર. કોપરાની વાટકી કે તેના જેવા આકારનું માટીનું કોડિયું ચોંટાડી, સાંઠાના એ છેડાને ચીરી, તેમાં કાપડના ટુકડાની દિવેટ ભરાવીને માટી વડે છાંદીને તૈયાર કરેલી નાનકડી મશાલ.

જૈન સંપ્રદાય પ્રમાણે ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામી દિવાળીની રાત્રે નિર્વાણ પામ્યા. જગતમાંથી એક દીવડો અદૃશ્ય થયો ને સર્વત્ર અંધકાર છવાયો ત્યારે એમના અંતિમ દર્શને માનવો જ નહિ, દેવદેવીઓ પણ હાથમાં પ્રકાશ રેલાવતાં રત્નો લઈ આવ્યાં ને એ રાત્રિ ઝગમગી રહી. સૌને મોંએ એક જ વાક્ય હતું: **जिन प्रति मत्कृतमिद मे आरात्रिकोत्तारणम्**: (ઇન્દ્રિયને જીતનારા જૈન પ્રત્યે આ મારું આરતીનું ઉતરાણ છે.) એ વાક્યમાંનો **मे आरात्रिके** શબ્દ સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં 'મે આરાઈ' થયો, અને એ ઉપરથી 'મેરાયું' શબ્દ આવ્યો. એના પર્યાયવાચી મેરિયું, મેરેયું (ને મેરમેરાયું, મેરમેરેયું) શબ્દો ગુજરાતીમાં આજે પ્રચલિત છે. તેમાં લોકજીભે બને છે તેમ, શરૂના બે શબ્દોનું પુનરાવર્તન જોડાઈને તે-રસળતો બન્યો છે. ('ગુજરાત મિત્ર'માંના શ્રી હીરાલાલ ર. કાપડિયાના લેખમાંથી તારવીને.)

ટિકિટસંગ્રહ

ગયા માસ સપ્ટેમ્બરમાં ભારતના ત્રણ વ્યક્તિવિશેષના માનમાં ખાસ ટપાલ ટિકિટો બહાર પડી. એક વિદ્વાન શિક્ષણશાસ્ત્રી ને દેશભક્ત વી.એસ. શ્રીનિવાસ શાસ્ત્રીના માનમાં, બીજી દેશભક્ત યતીન્દ્રનાથ મુખર્જીના માનમાં અને ત્રીજી આ અંકમાં જેમનું વિસ્તૃત ચરિત્ર પ્રકટ થયું છે તે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે. આ ઉપરાંત, આ મહિનામાં આવતી મહર્ષિ વાલ્મીકિની જન્મજયંતી નિમિત્તે પણ એક ખાસ ટિકિટ બહાર પડી છે. એમાં મહર્ષિ વાલ્મીકિની છબિ સાથે એમની અમર કૃતિ રામાયણનાં ત્રણ મુખ્ય પાત્રો રામ-લક્ષ્મણ-જાનકીનું આલેખન પણ છે. એક વધુ ટિકિટ કલકત્તાના પૉર્ટ કમિશનર્સની શતાબ્દી પ્રસંગે પણ બહાર પડી છે, જેમાં ડ્રેજર અને પાઇલોટ જહાજ તથા ક્રેઈનના આલેખન સાથે ડાબી બાજુ પશ્ચાદ્ભૂમાં હુગલી પરના હાવડા બ્રિજ દ્વારા કલકત્તાનું સૂચન કર્યું છે જ્યારે જમણી બાજુ નીચે આ કમિશનર્સની સંજ્ઞા દર્શાવી છે. આવતા માસમાં સંત નામદેવની ૭૦૦મી જન્મતિથિ નિમિત્તે અને ડિસેમ્બર માસમાં જગતખ્યાત સંગીતકાર બિથોવનના માનમાં પણ ભારત ખાસ ટિકિટો બહાર પાડશે. ઉપરાંત, જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિવર્સિટીની તથા ઇંડિયન રેડ ક્રૉસ સોસાયટીની સ્થાપનાની અર્ધશતાબ્દી પ્રસંગે અને ગર્લ ગાઈડ મૂવમેન્ટની હીરક જયંતી નિમિત્તે પણ ખાસ ટિકિટો બહાર પડશે. એક ટિકિટ સ્વ. જમનાલાલ બજાજના માનમાં બહાર પડવાની છે. બે ખાસ ટિકિટો 'નૅશનલ ફિલાટેલિક એક્ઝિબિશન' પ્રસંગે પણ બહાર પડશે. આવું જ એક પ્રદર્શન-'લંડન ઇન્ટરનૅશનલ સ્ટૅમ્પ એક્ઝિબિશન' હમણાં યોજાયું તે પ્રસંગની ટિકિટો અગાઉ જુલાઈ માસના અંકમાં આપેલી. અહીં બાજુમાં એ વખતે બહાર પડેલા 'ફર્સ્ટ ડે કવર'ની છાપ છે: જેમાં 'પેની બ્લૅક' પરનું રાણી વિક્ટોરિયાના અને તેની બાજુમાં આજનાં રાણી ઇલિઝાબેથના મ્હોરાની છાપ છે. (કવર મોકલનાર: રમણિકલાલ સોલંકી, લંડન)














આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં

તા. ૪, ૧૮૫૭: મેધાવી વિદ્વાન,સંસ્કૃતના પ્રખર પંડિત, હિંદી વિપ્લવવાદના આદિકાળમાં તેના પુરસ્કર્તા પહેલા ગુજરાતી ઉદ્દામવાદી શ્યામજી કૃષ્ણ વર્માનો કચ્છ માંડવીના એક ગરીબ કુટુંબમાં જન્મ.



ઑક્સફર્ડના પ્રથમ હિંદી ગ્રૅજ્યુએટ. પછી રતલામ, ઉદેપુર ને જૂનાગઢ રાજ્યના દીવાન. અજમેરમાં વકાલત અને રૂના જીનનો ઉદ્યોગ કરી સારું કમાઇને ઇંગ્લંડમાં કાયમી વસવાટ કર્યો ને ત્યાં 'ઈંડિયન હોમરૂલ સોસાએટી' તથા 'ઇંડિયા હાઉસ'ની સ્થાપના કરી. 'ઈંડિયન સોશ્યોલૉજિસ્ટ' નામે એક પત્ર દ્વારા હિંદ પરના બ્રિટિશ રાજ સામે જબરો પ્રતિકાર ગજાવ્યો. પરિણામે ઈંગ્લંડમાંથી હદપાર થવું પડે તેવી સ્થિતિ આવતાં પારી(સ) ચાલ્યા જઈ ત્યાંથી એમણે પોતાનું કાર્ય જારી રાખ્યું ને પછી પહેલા વિશ્વયુદ્ધનાં પગરણ પારખી એમણે જીનિવામાં સ્થળાંતર કર્યું. ત્યાં સ્વિસ સરકારના દબાણથી 'સોશ્યોલૉજિસ્ટ' બંધ કરવું પડ્યું. ૧૯૨૦માં એ ફરી ચાલુ કર્યુ ને '૨૩માં બંધ કરી પોતાની પ્રવૃત્તિઓમાં સૌનો સાથ છૂટી જતાં પોતાની આર્થિક બાજુ પર લક્ષ આપવા માંડ્યું. ૧૯૩૦માં ૩૧મી માર્ચે જીનિવામાં જ એમનું અવસાન થયું.

તા. ૧૦, ૧૯૧૩: આટલાંટિક અને પૅસિફિક મહાસાગરને જોડતી પનામા નહેરનું કામ પૂરું થયું. સુએઝનું કામ કરનાર ફ્રેંચ ઈજનેર લેસેપ્સે જ આ સાહસ હાથ ધર્યું હતું પણ એ અજાણ્યા ભેજવાળા પ્રદેશમાં ફેલાતા તાવને કારણે એકાદ માઈલનું કામ થતાંમાં તો પાંચ હજાર માણસો માર્યા ગયા ને લખલૂટ ખર્ચને કારણે આ કામ ઉપાડનાર કંપની તારાજ થઈ ગઈ. પણ જાપાનની વધતી જતી તાકાત સામે પોતાની પશ્ચિમ કંઠારને સલામત બનાવવા અમેરિકાને આ નહેરની વધુ ને વધુ અગત્ય જણાવા લાગી. બીજી બાજુ હિંદુસ્તાનમાં ડૉ. રોનાલ્ડ રૉસે મૅલેરિયાના મચ્છરની શોધ કરી એ જીવલેણ તાવ સામે પ્રતિકારના માર્ગ શોધ્યો એટલે પ્રથમ નહેરની આસપાસના વિસ્તારને રહેવા લાયક બનાવી અમેરિકાનાં સંયુક્ત રાજ્યોએ એ સાહસ હાથ ધર્યું. આ વિસ્તારમાંની ઘણી ટેકરીઓ કોરીને નહેર બાંધવી વધુ મુશ્કેલ હોઈ નહેરના પાણીની સપાટી જ અધ્ધર લેવાની રીત વિચારાઈ અને એ રીતે નહેરમાં પ્રવેશતી આગબોટને દરિયાની સપાટીથી લગભગ ૮૫ ફૂટ ઊંચે ચડાવી ટેકરીઓ પાર કરી તેને નીચે લાવી સામે પાર પહોંચાડવાની એક અજબ ઈજનેરી યુક્તિ અજમાવી આ નહેરનું કામ પાર પાડ્યું.






તા. ૨૪, ૧૮૮૧: જગવિખ્યાત કલાકાર પાબ્લો પિકાસોનો જન્મ. સ્પેઈનના માલાગાના એક ચિત્રશિક્ષકનો એ પુત્ર. બચપણથી જ એની કલાપ્રતિભા ખીલેલી હોઈ ચૌદ વર્ષની વયે તો એણે નિજી ચિત્રોનું પ્રદર્શન યોજેલું. ઈ. ૧૯૦૦માં પારી(સ)ની એક સફર પછી 'ઇમ્પ્રેશનિસ્ટ' શૈલી અપનાવી. 'આર્ટ જૅવ્રેન' નામે એક સામયિક પણ પ્રકટ કરવા માંડ્યું. ૧૯૦૪માં પારી(સ)માં સ્થિર થઈ આજ સુધીમાં એણે મબલખ કૃતિઓ સર્જી છે. બહુધા બ્લ્યૂરંગની ઝાંયવાળા એ આરંભનાં વિષાદમય પાત્રોવાળાં ચિત્રો અને એ પછીનાં ગુલાબી રંગના વધુ પ્રમાણવાળાં વિવસ્ત્ર પાત્રો, ખેલાડીઓ, વિદૂષકો વગેરે આલેખ્યાં. આ બંને કાળ એની કળાના 'બ્લ્યૂ' અને 'પિંક' પીરિયડ તરીકે ઓળખાય છે. 'ક્યુબિઝમ' અપનાવીને તો એણે યુરોપની કળાને એક નવો જ વળાંક આપ્યો. ૧૯૩૮માં એ પણ છોડી એણે નિજી રીતે જ કામ કરવા માંડ્યું. લેખન અને કાવ્ય ઉપરાંત કલાભિવ્યક્તિના લગભગ બધા જ પ્રકારોમાં એણે પોતાની સર્જકપ્રતિભાનો પરિચય આપ્યો છે. અભિવ્યક્તિની પોતાની અવનવી શૈલી અપનાવ્યા અગાઉ એણે આલેખનાને કેટલી ઘૂંટી હતી એનો ખયાલ આપેલી એની એક કૃતિ 'કબૂતર' પરથી આવશે.

તા. ૨૫, ૧૯૨૨: વર્ષોની લડત પછી આયર્લૅન્ડ સ્વતંત્ર થયું.

તા. ૨૯, ૧૫૦૪: વાસ્કો દ ગામાએ બીજી વારની હિંદની સફર વખતે કાલિકટ બંદર જતી ૮૦૦ માનવીઓની કતલ કરી.

તા. ૩૧. ૧૮૧૫: સર હમ્ફ્રી ડેવીએ ખાણિયાઓ માટે અભય દીવો શોધ્યો.



પ્રો. હંફ્રી ડેવીએ બનાવેલો પ્રથમ અભય દીવો

અગાઉ કોલસાની ખાણમાં વપરાતા મીણબત્તી કે તેલના ખુલ્લી જ્યોતવાળા દીવાના સંસર્ગથી ખાણમાં પેદા થતો જ્વલનશીલ વાયુ ધડાકા સાથે સળગી ઊઠતો ને જાનમાલની મોટી ખુવારી થતી. ઇંગ્લંડના રૉયલ ઇન્સ્ટિટ્યૂટના પ્રો. ડેવીએ બનાવેલા અભય દીવામાં એમણે જ્યોતની આસપાસ તારની જાળી મૂકી, જે અંદરની જ્યોતને દીવાની બહાર ફેલાતી અટકાવીને બહારના વાયુ સાથે એનો સીધો સંપર્ક થતો રોકે છે. છતાં એ વાયુ જાળીમાં થઈ દીવામાં પ્રવેશે તો દીવો ફટફટ અવાજ સાથે બળવા લાગી એની હાજરીની જાણ પણ કરી દે એ એનો બીજો લાભ.

(ઑક્ટોબર ૧૯૭૦) :

અંધેરા ક્યા ? ઉજાલા ક્યા ? ન યે અપને, ન વો અપને;
તેરે કામ આયેંગે પ્યારે, તેરે અરમાં, તેરે સપને,

'શેડ્યુલ કાસ્ટ કમિશન (પરિગણિત જાતિ આયોગ)ના કામ અંગે અમે દેશમાં ફરતા હતા ત્યારે અમારા એક સાથીની પેટી રસ્તામાં ખો-વાઈ ગઈ. એમનો તો મિજાજ ગયો. બધા ઉપર નારાજ થઈ ગયા. છેવટે મારી પાસે આવીને ઊંચા સાદે આખો કિસ્સો કહી સંભળાવ્યો. મેં એમને શાંતિથી કહ્યું: 'આપની પેટી ગુમ થઈ એ બહુ દિલગીરીની વાત છે, પણ મને એ સમ-જાતું નથી કે પેટીની સાથે આપનો મિજાજ પણ આપ કેમ ખોઈ બેઠા છો ?' આ સાંભળીને બધા સાથી હસી પડ્યા, ને એમને ય ખોવા-એલો મિજાજ પાછો મળી ગયો...અને કોશિશ કરતાં પેટી પણ મળી ગઈ.

જીવનમાં હારજીતના પ્રસંગો તો આવે છે. કેટલીક વાર માણસ પોતાની માલમિલકત કે વગવસીલો ને સંબંધો ખોઈ બેસે છે. પણ એની છેવટની પૂંજી તો એનો મિજાજ છે. જ્યાં સુધી માણસે પોતાનો મિજાજ નથી ખોયો ત્યાં લગી એણે નિરાશ થવાની જરૂર નથી.

કહેવતોના અર્થ: 'મૂછે ચોપડવા તેલ નહિ, ને ડેલીએ દીવા કરો.'—સચોટ રૂપકવાળી આ કહેવત ધન, શક્તિ કે શઊર વિનાનો માણસ ગજા ઉપરવટની હાસ્યાસ્પદ ગુલબાંગો ફેંકે કે અરમાનો ધરાવે તેના પર તીક્ષ્ણ પ્રહાર કરે છે.

અનેકાર્થી શબ્દ: **રાય** = રાજા; ધનવાન માણસ; વિશેષ નામને છેડે વપરાતો માનવાચક શબ્દ; અભિપ્રાય, સલાહ; સંમતિ; સરદાર કે સામંત; ભાટ કે બંદી જન

ગણિતગમ્મત

એકથી શરૂ થતી અનુક્રમે ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨... વગેરે બેકી સંખ્યામાં સંખ્યાઓ લઇને જૂથમાંની સંખ્યાઓના બે ભાગ પાડવા અને પછી જમણી તરફના જૂથમાંની ક્રમિક સંખ્યા-ઓના સરવાળામાંથી ડાબી તરફના જૂથમાંની ક્રમિક સંખ્યાઓનો સરવાળો બાદ કરવાથી હ-મેશ વર્ગ સંખ્યા (વર્ગમૂળ પૂરેપૂરું નીકળી શકે તેવી) આવશે.

$$(૨-૧)=૧^{૨}$$
$$(૩+૪)-(૧+૨)=૨^{૨}$$
$$(૪+૫+૬)-(૧+૨+૩)=૩^{૨}$$
$$(૫+૬+૭+૮)-(૧+૨+૩+૪)=૪^{૨}$$
$$(૬+૭+૮+૯+૧૦)-(૧+૨+૩+૪+૫)=૫^{૨}$$
$$(૭+૮+૯+૧૦+૧૧+૧૨)-(૧+૨+૩+૪+૫+૬)=૬^{૨}$$

—એ પ્રમાણે આગળ ગમે ત્યાં સુધી.

—એમ. એન. ખત્રી

ખાળ-ચોકડીમાં લઘુશંકાએ બેઠા 'પછી' નહિ, પણ તે 'પહેલાં' લોટો પાણી ઢાળવાથી દુર્ગંધ નહિ રહે. એક વાર પેશાબનો ખાર કોરી જમીન પર ચોટી ગયા પછી તેની અસર જલદી જતી નથી. એટલે 'પહેલાં' તો પાણી ઢાળવું જ, અને પછી પણ સાફસૂફી માટે ઢાળવું.

(અનુભૂત) —હરજીવન થાનકી



જૉહાન્ બનવાર્ડ નામના એક ચિત્રકારે ઇ. ૧૮-૪૬માં 'પૅનોરમા ઑાવ ધી મિસિસીપિ' નામે દુનિયાનું એક મોટામાં મોટું ચિત્ર કરેલું. બાર ફૂટ પહોળા અને ૧૫૦૦૦ ફૂટ લાંબા એ ચિત્ર-માં મિસિસીપિની બારસો માઈલની કંઠારનું દૃશ્ય હતું. વીંટો કરીને એ રાખવામાં આવતું. ઇ. ૧૮૯૬ની કૉલ્ડસ્પ્રિંગ હાર્બર (ન્યૂ યૉર્ક)ની આગમાં એ નાશ પામ્યાનું મનાય છે.

સ્વિટ્ઝર્લૅન્ડના એક વિદ્વાને એવી ગણતરી કરી છે કે માનવજાતે આજ સુધી દુનિયામાં ૧૪,૫૦૦ યુદ્ધ કર્યા છે!

કાટખૂણે ઉઘાડેલું ચપ્પુ લાંબી લાકડીને છેડે બાંધી ઊંચી ડાળીએથી ફળફૂલ ઉતારી શકાશે.



ખોટી વાત!

વૉટર્લૂનું યુદ્ધ વૉટર્લૂ મુકામે લડાયું જ ન હતું. જર્મનો તેને 'બેલ એલાયન્સ'નું યુદ્ધ કહે છે, અને ફ્રેન્ચો 'મૅાત-સેઈન્ત ઝચા'નું યુદ્ધ કહે છે. વૉટર્લૂ તો ખરા યુદ્ધક્ષેત્રથી ચાર માઈલ દૂરનું એક ગામડું છે, જ્યાં રહીને સેનાપતિ વેલિંગ્ટન પોતાના ખરીતા મોકલતો. એ ખરા યુદ્ધક્ષેત્રની નજીકમાં બેલ્જિયમની સરકારે ૨૦૦ ફૂટ ઊંચો એક ટેકરો ઊભો કર્યો છે. જેને મથાળે વિજયના પ્રતીક તરીકે, યુદ્ધમાં કબજે કરેલી ફ્રેન્ચ તોપોને ગાળીને ઢાળવામાં આવેલી ૨૮ ટન વજન સિંહની એક મૂર્તિ ઊભી કર-વામાં આવી છે. (જુઓ ઉપરનું ચિત્ર)

મહમદ તઘલખે રૂપાનાણું બંધ કર્યું હતું તેને ફરી ચાલુ કરીને શેરશાહ સૂરીએ 'રૂપિયા'ના નામથી તે ઈ. ૧૫૪૨માં પહેલવહેલું શરૂ કર્યું. ત્યારથી આજ સુધી રૂપાનાણા માટે એ નામ (રૂપિયો) જ ચાલુ રહ્યું છે.

દુનિયાનું સૌથી પહેલુંછાપેલું ન્યુસ પેપર ઈ. ૧૪૫૭માં ન્યુરેનબર્ગ (જર્મની)માં નીકળેલું-પશ્ચિમમાં મુદ્રણકલા દાખલ થયા પછી ૧૯ વર્ષે.

લશ્કર માટે ખાખી પોશાકની પહેલી શરૂ-આત ઈસ્ટ ઇંડિયા કંપનીના વિલિયમ હૉડસન નામના અધિકારીએ હિંદમાંથી કરી.

ન્યૂઝીલૅંડમાં થતાં એક વિશિષ્ટ જાતનાં દેડ-કાંને પાંચ પગ હોય છે!



કલાકણિકા: ઈરાનમાં માલદા નજીક ગૌરમાં ફતેહખાનની મસ્જિદ પરનું આશરે ઇ. ૧૫૨૪ આસપાસનું લખાણ. જીવતા પ્રાણીની આકૃતિઓ આલેખવાના પ્રતિબંધને કારણે ફૂલપાનની વિવિધ ભાત સાથે આ પ્રકારે ધર્મસૂત્રોને કુરાનની આયાતોના સુલેખનની કળામાં ઈસ્લામી જગતમાં જે વિકાસ થયો એવો વિકાસ કદાચ અન્ય કોઈ ભાષાના અક્ષરાલેખનમાં નથી.